


શ્રી સુબોધ જૈન સ્તુતિ.

સંશોધન કરી

છપાવી પ્રસિદ્ધ કરનાર.

કઠોરવાળા, સ્વર્ગવાસી ભાવસાર

વમળચંદ દેવચંદના સ્મરણાર્થે

સી૦ વી૦ ગલીઆરા કઠોર

આવૃત્તિ ૧ લી   પ્રત ૫૦૦

સંવત ૧૯૮૧   સને ૧૯૨૪

કીંમત અમૂલ્ય.

અમદાવાદમા પુસ્તકના પ્રુફ સુધારનાર ને

છપાવનાર [illegible]—

વાડીલાલ ડોકુભાઈ સંઘવી.

[illegible] પોળ

શ્રી રમન પ્રીન્ટીંગ પ્રેસમા ચીમનલાલ ઈશ્વરલાલ

મહેતાએ છાપ્યુ

ઠે ઘીકાટા પાનાભાઇની વાડી—અમદાવાદ

આ પુસ્તક મળવાનુ ઠેકાણુ —

પટેલ માણેકલાલ ભગવાનદાસ.

ખભાત—મહાવીર વિદ્યાલય,

પરામા, નવી ખડકી

પ્રસ્તાવના.

પ્રિય બંધુઓ ! જીવ ધર્મના પ્રતાપેજ સુખી અને અધર્મના પ્રતાપે દુખી થાય છે, એ દરેકને અનુભવ સિદ્ધ છે જીવને હમેશા સુખ પ્રિય છે અને તે સુખ તો દેવ, ગુરૂ અને ધર્મની સ્તુતિ-ભક્તિથીજ પ્રાપ્ત થાય છે, માટે દરેક મનુષ્યે ધર્મપર શ્રદ્ધા રાખી નિત્ય નિયમ કરવા જોઇએ નિત્ય નિયમ કરવાના સાધનરૂપ આ લઘુપુસ્તકની મને અગત્ય જણાઇ તેથી આ પુસ્તક મે બહાર પાડયુ છે

આ પુસ્તકમા મહાન્ ઉપકારી પુરૂષોની સ્તુતિ પોતાના આત્માને ઉપદેશ અને પરોપકારમા જીવન કેમ પસાર કરવુ વિગેરે વિષયો દાખલ કરવામા આવ્યા છે આત્માર્થિ પુરૂષો આ પુસ્તકને પ્રેમપૂર્વક વધાવી લેશે અને પવિત્ર અંત કરણથી હમેશા પાઠ કરવાનો મહાવરો રાખશે તો હુ મ્હારો શ્રમ સફળ થયો સમજીશ

પ્રગટકર્તા.

વિષયાનુક્રમણિકા.

श्री सुबोध जैन स्तुति.

मंगलाचरण.

ॐ ह्रीं श्रीं अर्हं अर्हद्भ्यो नमोनम ॥
ॐ ह्रीं श्रीं अर्हं सिद्धेभ्यो नमोनमः ॥
ॐ ह्रीं श्रीं अर्हं आचार्येभ्यो नमोनमः ॥
ॐ ह्रीं श्रीं अर्हं उपाध्यायेभ्यो नमोनमः ॥
ॐ ह्रीं श्रीं गौतमस्वामि प्रमुख सर्व साधुभ्यो नमो नमः ॥

आनुपूर्वी.

જ્યા ૧ હોય ત્યા નમો અરીહતાણ કહેવું.
જ્યા ૨ હોય ત્યાં નમો સિદ્ધાણું કહેવું.

જ્યા ૩ હોય ત્યા નમો આયરીયાણ કહેવુ
જ્યા ૪ હોય ત્યા નમો ઉવજ્ઝાયાણ કહેવુ
જ્યા ૫ હોય ત્યા નમો લોએમવ્વસાહુણ કહેવુ

ચોપાઇ.

આનુપૂર્વી ગણુજયો જોય, છમાસી તપનુ ફળ હોય, સદેહ નવ આણો લગાર, નીર્મળ મને જપો નવકાર ૧ શુદ્ધ વસ્ત્ર ધરી વીવેક, દીન દીન પ્રત્યે ગણવી એક. એમ આનુ-પૃર્વિ જે ગણે, તે પાચસે સાગરના પાપને હણે ૨

દોહરા.

એક અક્ષર નવકારનો, શુદ્ધ ગણે જે સાર.
તે બાધે શુભ દેવનુ, આયુષ્ય અપરપાર ૧
ઓગણીશલાખ ત્રેસઠહજાર. બસે બાસઠ પળ.
ત્યાહા સુધી તે ભોગવે, નવકાર મત્રનુ ફળ ૨
અશુભ કર્મ કે હરણકુ, મત્ર બડો નવકાર,
વાણી દ્વાદસ અગમે, દેખ લીયો તત્વસાર. ૩

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૧	૨	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

૧

૧	૨	૪	૩	૫
૨	૧	૪	૩	૫
૧	૪	૨	૩	૫
૪	૧	૨	૩	૫
૨	૪	૧	૩	૫
૪	૨	૧	૩	૫

૨

૧	૩	૪	૨	૫
૩	૧	૪	૨	૫
૧	૪	૩	૨	૫
૪	૧	૩	૨	૫
૩	૪	૧	૨	૫
૪	૩	૧	૨	૫

૭

૨	૩	૪	૧	૫
૩	૨	૪	૧	૫
૨	૪	૩	૧	૫
૪	૨	૩	૧	૫
૩	૪	૨	૧	૫
૪	૩	૨	૧	૫

૪

૮

૧	૨	૩	૫	૪
૨	૧	૩	૫	૪
૧	૩	૨	૫	૪
૩	૧	૨	૫	૪
૨	૩	૧	૫	૪
૩	૨	૧	૫	૪

૫

૧	૨	૫	૩	૪
૨	૧	૫	૩	૪
૧	૫	૨	૩	૪
૫	૧	૨	૩	૪
૨	૫	૧	૩	૪
૫	૨	૧	૩	૪

૬

૧	૩	૫	૨	૪
૩	૧	૫	૨	૪
૧	૫	૩	૨	૪
૫	૧	૩	૨	૪
૩	૫	૧	૨	૪
૫	૩	૧	૨	૪

૭

૨	૩	૫	૧	૪
૩	૨	૫	૧	૪
૨	૫	૩	૧	૪
૫	૨	૩	૧	૪
૩	૫	૨	૧	૪
૫	૩	૨	૧	૪

૮

૧	૨	૪	૫	૩
૨	૧	૪	૫	૩
૧	૪	૨	૫	૩
૪	૧	૨	૫	૩
૨	૪	૧	૫	૩
૪	૨	૧	૫	૩

૯

૧	૨	૫	૪	૩
૨	૧	૫	૪	૩
૧	૫	૨	૪	૩
૫	૧	૨	૪	૩
૨	૫	૧	૪	૩
૫	૨	૧	૪	૩

૧૦

૧	૪	૫	૨	૩
૪	૧	૫	૨	૩
૧	૫	૪	૨	૩
૫	૧	૪	૨	૩
૪	૫	૧	૨	૩
૫	૪	૧	૨	૩

૧૧

૨	૪	૫	૧	૩
૪	૨	૫	૧	૩
૨	૫	૪	૧	૩
૫	૨	૪	૧	૩
૪	૫	૨	૧	૩
૫	૪	૨	૧	૩

૧૨

૧	૩	૪	૫	૨
૩	૧	૪	૫	૨
૧	૪	૩	૫	૨
૪	૧	૩	૫	૨
૩	૪	૧	૫	૨
૪	૩	૧	૫	૨

૧૩

૧	૩	૫	૪	૨
૩	૧	૫	૪	૨
૧	૫	૩	૪	૨
૫	૧	૩	૪	૨
૩	૫	૧	૪	૨
૫	૩	૧	૪	૨

૧૪

૧	૪	૫	૩	૨
૪	૧	૫	૩	૨
૧	૫	૪	૩	૨
૫	૧	૪	૩	૨
૪	૫	૧	૩	૨
૫	૪	૧	૩	૨

૧૫

૩	૪	૫	૧	૨
૪	૩	૫	૧	૨
૩	૫	૪	૧	૨
૫	૩	૪	૧	૨
૪	૫	૩	૧	૨
૫	૪	૩	૧	૨

૧૬

૨	૩	૪	૫	૧
૩	૨	૪	૫	૧
૨	૪	૩	૫	૧
૪	૨	૩	૫	૧
૩	૪	૨	૫	૧
૪	૩	૨	૫	૧

૧૭

૨	૩	૫	૪	૧
૩	૨	૫	૪	૧
૨	૫	૩	૪	૧
૫	૨	૩	૪	૧
૩	૫	૨	૪	૧
૫	૩	૨	૪	૧

૧૮

૨	૪	૫	૩	૧
૪	૨	૫	૩	૧
૨	૫	૪	૩	૧
૫	૨	૪	૩	૧
૪	૫	૨	૩	૧
૫	૪	૨	૩	૧

૧૯

૩	૪	૫	૨	૧
૪	૩	૫	૨	૧
૩	૫	૪	૨	૧
૫	૩	૪	૨	૧
૪	૫	૩	૨	૧
૫	૪	૩	૨	૧

૨૦

ॐ असिआउसाय नमः

છંદ સંગ્રહ.

સિદ્ધ પરમાત્માની સ્તુતિ.

(હરીગીત છંદ.)

તુમ્હે તરણુ તારણુ દુઃખ નિવારણુ ભવિક જીવ આરાધન, શ્રી નાભીનંદન જગત વંદન નમો સિદ્ધ નિરંજન ॥૧॥ જગત ભુષણુ વિગત દુષણુ પ્રણવ પ્રાણુ નિરૂપક, ધ્યાન રૂપ અનોપ ઉપમ નમો૦ ॥૨॥ ગગન મંડળ મુક્તિ પદવી સર્વ ઉર્દ્ધ નિવાસન, જ્ઞાન જ્યોતિ અનંત રાજે નમો૦ ॥૩॥ અજ્ઞાન નિદ્રા વિગત વેદન દલિત મોહ નીરાયુષ, નામ ગોત્ર નિરંત-રાય નમો૦ ॥૪॥ વિકટ ક્રોધા માન યોધા માયા લોભ વિસર્જન, રાગ દ્વેષ વિમર્દ અં-કુર નમો૦ ॥૫॥ વિમલ કેવળ જ્ઞાન લોચન

ધ્યાન શુકલ સમીરિત, યોગીના તિગમ્ય રૂપ નમો૦ ॥૬॥ યોગ ને સમો સગણ મુદ્રા પરી પલ્ય કાસન, સર્વ દીસે તેજ રૂપ નમો૦ ॥૭॥ જગત જીનકે દાસ દાસી તાસ આસ નિરાસન, ચ દ્ર રૂપે પરમાન દ રૂપ નમો૦ ॥૮॥ સ્વ સમય સમકીત દ્રષ્ટી જિનકી સોએ યોગી અયોગીક, દેખતામા લીન હોવે નમો૦ ॥૯॥ તિર્થ સિદ્ધા અતિર્થ સિદ્ધા ભેદ પ ચ દસાધિક, સર્વ કર્મ વિમુક્ત ચૈતન નમો૦ ॥૧૦॥ ચ દ્ર સુર્ય દીપ મણીકી જ્યોતિ તે ન ઉલધિત, તે જ્યોતિથી અપરમ જ્યોતિ નમો૦ ॥૧૧॥ એકમાહિ અનેક રાજે અનેકમાહિ એકક, એક અનેકકી નાહિ સ ખ્યા નમો૦ ॥૧૨॥ અજર અમર અલક્ષ અન તર નિરાકાર નિર જન, પરિબ્રહ્મ જ્ઞાન અન ત દર્શન નમો૦ ॥૧૩॥ અતુલ સુખકી લહેરમે પ્રભુ લીન રહે નિરતર, ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન નમો૦

॥૧૪॥ ધ્યાન ધુપ મન પુષ્પ પચેઇદ્રી હુતાશન, ક્ષમા જાપ સતોષ પુજા, પુજો દેવ નિરજન ॥૧૫॥ તુમ્હે મુક્તિ દાતા કર્મ ઘાતા દીન જાણી દયા કરો, સિદ્ધારથ નદન જગત વદન, માહાવીર જીનેશ્વર ॥૧૬॥ ઇતિ ॥

શ્રી પાર્શ્વનાથ સ્વામીનો છદ.

(તોટક વૃતની દેશીમાં)

જય જય જગ નાયક પાર્શ્વજિન, પ્રણતાખિલ માનવ દેવગણ ॥ જીન શાસન મડન સ્વામી જયો, તુમ દરિશન દેખી આનદ ભયો ॥ ૧ ॥ અશ્વસેન કુલાબર ભાનુનિભ, નવ હસ્ત શરીર હરીત પ્રતિભ ॥ ધરણેદ્ર સુસેવિત પાદ યુગ, ભગ ભાસુર કાતિ સદા સુભગ ॥ ૨ ॥ નિજ રૂપ વિનીર્જિત રભપતિ, વદનો દ્યુતી શારદ શોમ તતિ, નયનાબુજ દીસ વિશાળતરા, તિલકુસુમ સન્નીભ

નાસા પ્રવરા ।। ૩ ।। રસનામૃત કદ સમાન સદા, દશનાવળિ અનાર કલિ સુખદા ।। અધરા રૂણુ વિદ્રુમ રગ ઘન, જય પુરૂષાદાણી પાર્શ્વજિન ।। ૪ ।। અતિચારૂ મુકુટ મસ્તક દીપે, કાને કુડળ રવિશશિ જીપે, તુજ મહિમા માહમડળ ગાજે, નિત પચ શબ્દ વાજા વાજે ।। ૫ ।। સુરકીન્નર વિદ્યાધર આવે, નર નારી તોરા ગુણ ગાવે ।। તુજ શેવે ચોશઠ ઇદ્ર સદા, તુજ નામે નાવે કષ્ઠ સદા ।।૬।। જે સેવે તુજને ભાવ ઘણે, નવ નિધિ થાય ઘર તેહ તણે ।। અડવડીઆ તુ આધાર કહ્યો, સમરથ સાહિબ મે આજ લહ્યો ।। ૭।। દુખીયાને સુખદાયક તુ દાખે, અશરણુ ને શરણે તુ રાખે ।। તુજ નામે સકટ વિકટ ટળે, વિછડિયા વ્હાલા આવી મળે ।। ૮ ।। નટવિટ લપટ દુરે નાસે, તુજ નામે ચોર ચરડ ત્રાસે, રણુ રાઉલ જય તુજ નામ થકી, સઘળે આગળ તુજ

સેવ થકી ॥ ૯ ॥ યક્ષ રાક્ષસ કિન્નર સવિ ઉગ્ગા, કરી કેસરી દાવાનળ વહિગા, વધ બંધન ભય સઘળા જાવે, જે એક મને તુજને ધ્યાવે ॥ ૧૦ ॥ ભુત પ્રેત પિશાચ છળી ન શકે, જગદીશ તવાભિધ જાપ થકે ॥ મ્હોટા જોટીગ રહે દુરે, દૈત્યાદિકના તુ મદ ચુરે ॥ ૧૧ ॥ ડાયણિ સાયણિ જાય હટકી, ભગવત ગાય તુજ ભજન થકી ॥ કપટી તુજ નામ લિયા કંપે, દુરજન મુખથી જી જી જંપે ॥ ૧૨ ॥ માની મચ્છરાળા મુહ મોડે, તે પણ આગળથી કર જોડે ॥ દુર મુખ દુષ્ટાદિક તુંહિ દમે, તુજ નામે મ્હોટા મલેચ્છ નમે ॥ ૧૩ ॥ તુજ નામે માને નૃપ સબળા, તુજ જશ ઉજ્વળ જેમ ચંદ્રકળા ॥ તુજ નામે પામે ઋદ્ધિ ઘણી, જય જય જગદીશ્વર ત્રિજગ ધણી ॥ ૧૪ ॥ ચિંતામણી કામ સવી પામે, હયગય રથ પાયક તુજ નામે,

જનપદ ઠકુરાઈ તુ આપે, દુર્જન જનના દારિદ્ર કાપે ॥ ૧૫ ॥ નિર્ધનને તુ ધનવંત કરે, તૂટયો કોઠાર ભંડાર ભરે ॥ ઘર પુત્ર કલત્ર પરિવાર ઘણો, તે સહુ મહિમા તુમ નામ તણો ॥ ૧૬ ॥ મણી માણેક મોતી રત્ન જડયા, સોવન ભુષણ બહુ સુઘડ ઘડયા. વળી પહેરણ નવરંગ વેષ ઘણા, તુજ નામે નવિ રહે કાઇ મણા ॥ ૧૭ ॥ વૈરી વિરૂઆ નવિ તાકિ શકે, વળિ ચોર ચુગલ મનથી ચમકે ॥ છળ છિદ્ર કદા કેહના ન લગે, જીનરાજ સદા તુજ જ્યોતિ જગે ॥ ૧૮ ॥ ઠગ ઠાકુર સવિ થર હર કંપે, પાખંડી પણ કો નવિ ફરકે ॥ લુટારાદિક સહુ નાશી જાયે, મારગ તુજ જપતા જય થાયે ॥ ૧૯ ॥ જડ મુરખ જે મતિ હિન વળી, અજ્ઞાન તિમિર તસ જાય ટળી, તુજ સમરણથી ડાહ્યા થાએ, પંડિત પદ પામી પૂજાએ ॥ ૨૦ ॥ ખસ ખાસી

બંધન પીડા નાસે, દુરબળ મુખ દીનપણુ
ત્રાસે ॥ ગડ ગુમડ કુષ્ઠ જિંદ સબળા, તુજ
જાપે રોગ સમે સઘળા ॥૨૧॥ ગહિલા, ગુંગા
બહિરાંધ જિકે, તુજ ધ્યાને ગત દુઃખ થાય
તિકે ॥ તનુ કાંતિ કળા સુ વિશેષ વધે,
તુજ સમરણથુ નવનિધી સધે ॥ ૨૨ ॥
કરી કેસરી અહિરણ બંધ સયા, જળ જલણ
જળોદર અષ્ટ ભયા ॥ રાગણ પમુહા સવિ જાય
ટળી તુજ નામે પામે રંગ રળી ॥ ૨૩ ॥
ॐ ह्रीं अर्हं શ્રી પાર્શ્વનમો, નમિઊણ જપતા
દુષ્ઠ દમો ॥ ચિંતામણી મંત્રજિકે ધ્યાયે,
તિણઘર દિનદિન દોલત થાયે ॥ ૨૪ ॥ ત્રીક
રણ શુદ્ધે જે આરાધે, તસ જશ કીર્તિ
જગમા વાધે ॥ વળી કામિત કામ સવે સાધે,
સમિહીત ચિંતામણી તુજ લાધે ॥ ૨૫ ॥
મદ મચ્છર મનથી દૂર તજે, ભગવંત ભલી
પરે જેહ ભજે ॥ તસ ઘર કમળા કિલ્લોલ કરે.

વળી રાજ્ય રમણિ બહુ લીલવરે ॥ ૨૬ ॥ ભય વારક તારક તુ ત્રાતા, સજ્જન મન ગતિ મતિનો દાતા ॥ માત તાત સહોદર તુ સ્વામિ, શિવ દાયક નાયક હિત કામી ॥૨૭॥ કરૂણા કર ઠાકુર તુ મ્હારો, નિશિવાસર નામ જપુ ત્હારો ॥ શેવકશુ પરમ કૃપા કરજ્યો, વાલેશર વછિત ફળ દેજ્યો ॥ ૨૮ ॥ જીનરાજ સદા તુ જયકારી, તુજ સુર્ત્તી અતિ મોહન-ગારી ॥ મુગત મેહેલ માહિ તુહી બીરાજે, ત્રિભુવન ઠકુરાઈ તુજ છાજે ॥ ૨૯ ॥ ઇમ ભાવ ભલે જીનવર ગાયો, વામા સુત દેખી બહુ સુખ પાયો ॥ રવિ શશિ મુનિ સવચ્છર રગે, જય દેવ સુરમા સુખ સગે ॥ ૩૦ ॥ જય પુરૂસાદાણી પાર્શ્વ પ્રભો, સકળાર્થ સમિહિત દેહી વિભો ॥ બુધ હર્ષ રૂચિ વિજ્યાય મુદા, તવ લબ્ધિ રૂચિ સુખ થાય સદા ॥ ૩૧ ॥

કળશ (વસંત તીલકા વૃત્તમ)

ઇત્થ સ્તુત સકળ કામિત સિદ્ધિદાતા,
ક્ષા ધીરા જનત પાર્શ્વપ્રભોધિરાજ ॥
વસ્તિ શ્રી હર્ષ રૂચિ પંકજ સુપ્રસાદાત,
ોપ્યેણુ લબ્ધિ રૂચિને તીમુદા પ્રસન્ન

શ્રી પાર્શ્વનાથ સ્વામીનો છંદ.

આપણ ઘર બેઠા લીલ કરો, નિજપુત્ર કલ-
ત્રશુ પ્રેમ ધરો ॥ તુમે દેશ દેશાતર કાંઇ દોડો,
નેત્યપાસ જપો શ્રી જીન રૂડો ॥ ૧ ॥ મનવ-
છેત સઘળા કાજ સરે, શીર ઉપર છત્ર ચામર
ારે, કલમલ આગળ ચાલે ઘોડો ॥નિત્ય૦॥ ૨ ॥
ૂત પ્રેત પિશાચ વળી, સાયણિ ને ડાયણી
ાય ટળી, છળછિદ્ર ન કોઇ લાગે જુડો ॥
નેત્ય૦ ॥ ૩ ॥ એકાતર તાવ સિયોદાહ, ઔ-
ધ વિણુ જાય ક્ષણુ માહ, નવિ દુખે માથુ

પગ ગુડો ॥ નિત્ય૦ ॥ ૪ ॥ કંઠમાળ ગંડ ગુ
બડ સબળા, તસ ઉદર રોગ ટળે સઘળા ॥ પીડા
ન કરે ફિન ગળ ફોડો ॥ નિત્ય૦॥ ૫ ॥ જાગતો
તીર્થંકર પાસ બહુ, એમ જાણે સઘળો જગ
સહુ ॥ તતક્ષણ અશુભ કર્મ તોડો ॥
નિત્ય૦ ॥ ૬ ॥ પાસ વાણારશિપુરી નગરી.
તિહા ઉદયો જિનવર ઉદય કરી ॥ સમય
સુદર કહે કરજોડો ॥ નિત્ય૦ ॥ ૭ ॥

શ્રી શાંતિનાથ સ્વામીનો છંદ.

શારદ માય નમુ શિરનામી, હુ ગુણ ગાઉ
ત્રિભુવનકે સ્વામિ, શાતિ શાતિ જપે
સબ કોઈ, તે ઘેર શાતિ સદા સુખ હોઇ
॥ ૧ ॥ શાતિ જપી જે કીજે કામ, સોહી કામ
હોવે અભિરામ ॥ શાતિ જપી પરદેશ સીધા-
વે, તે કુશળે કમળા લેઈ આવે ॥ ૨ ॥
ગર્ભ થકી પ્રભુ મારિ નિવારી, શાતિજી નામ

હિયો હિતકારી ॥ જે નર શાતિ તણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે ॥ ૩ ॥ જે નરકુ પ્રભુ શાનિ સહાઇ, તે નરકુ ક્યા આરતી નાહી ॥ જો કછુ વાછે સોહી પુરે, દુખ દારિદ્ર મિથ્યા મનિ ચુરે ॥ ૪ ॥ અલખ નિરંજન જયોત પ્રકાશી, ઘટ ઘટ અતરકે પ્રભુ વાસી ॥ સ્વામી સ્વરૂપ કહ્યુ નવિ જાય, કહતા મુજ મન અચરીજ થાય ॥ ૫ ॥ ડાર દીયે સબહી હથિયાર, જીત્યા મોહ તણા દળ સાર ॥ નારી તજી શીવશુ રંગ રાચ્યો, રાજ તજ્યો પણ સહિબ સાચ્યો ॥ ૬ ॥ મહા બગવત કહીજે દેવા, કાયર કુચુ એક હણેવા ॥ રૂદ્ધિ સબળ પ્રભુ પાસ લહીજે, ભિક્ષા આહારી નામ કહીજે ॥ ૭ ॥ નિદક પુજકકુ સમ ભાયક, પણ સેવકકુ હે સુખદાયક ॥ તજી પરિગ્રહ હુવા જગનાયક, નામ અતિથી સર્વે સિદ્ધિ લાયક ॥ ૮ ॥ શત્રુ

મિત્ર સમ ચિત્ત ગણીજે, નામ દેવ અરહિત ભણીજે ॥ સકળ જીવ હિતવત કહીજે, સેવક જાણી માહ પદ દીજે ॥ ૯ ॥ સાયર જેસા હોત ગભીરા, દુષણ એક ન માહે શરીરા, મેરૂ અચળ જિમ અતર જામી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી ॥ ૧૦ ॥ લોક કહે જિનજી સબ દેખે, પણ સુપનાતર કબહુ ન પેખે ॥ રીસ વિના બાવીશ પરીસા, સેના જીતી તે જગદીશા ॥ ૧૧ ॥ માન વિના જગ આણ મનાઇ, માયા વિના શિવશુ લય લાઈ ॥ લોભ વિના ગુણ રાશિ ગ્રહિજે, ભિક્ષુ ભાવે ત્રિગડો સેવિજે ॥ ૧૨ ॥ નિગ્રથપણે શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે ॥ અભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિદારણ ॥ ૧૩ ॥ શ્રીજીનરાજ દયાળ ભણીજે, કર્મ સર્વેકો મૂળ ખણીજે ॥ ચઉવિહ સઘ તિરથ થાપે, લચ્છી ઘણી દેખે નવિ

આપે ॥ ૧૪ ॥ વિનયવંત ભગવંત કહાવે,
નાહી કીસીકુ શિશ નમાવે ॥ અકંચનકો
બીરૂદ ધરાવે, પણ સોવન પદ પંકજ ઠાવે
॥ ૧૫ ॥ રાગ નહિ પણ સેવક તારે, દ્વેષ
નહિ નિગુણા સંગ વારે ॥ તજી આરંભ
નીજ આતમ ધ્યાવે, શિવ રમણીકો સાથ
ચલાવે ॥ ૧૬ ॥ તેરો મહિમા અદભૂત કહી
જે, તેરા ગુણકો પાર ના લીજે ॥ તુ પ્રભુ
સમરથ સાહિબ મેરા, હું મન મોહન સેવક
તેરા ॥ ૧૭ ॥ તુંહે ત્રિલોક તણો પ્રતિપાળ
હુંહે અનાથ ને તુંહે દયાળ ॥ તુ શરણાગત
રાખણ ધીરા, તુ પ્રભુ તારક છે વડ વીરા
॥ ૧૮ ॥ તુહિ સમો વડ ભાગ જ પાયો,
તો મેરો કાજ ચડયોરે સવાયો ॥ કરજોડી પ્રભુ
વીનવુ તમસુ, કરો કૃપા જીનવરજી અમશુ
॥ ૧૯ ॥ જનમ મરણના ભય નિવારો, ભવ
સાગરથી પાર ઉતારો ॥ શ્રી હસ્થિણાપુર

મંડણ સોહે, ત્યાં શ્રી શાંતિ સદા મન મોહે ॥ ૨૦ ॥ પદ્મસાગર ગુરૂરાય પસાયા, શ્રી ગુણ સાગર કહે મન ભાયા ॥ જે નર નારી એક ચિત્ત ગાવે, તે મનવાંછિત નિશ્ચે પાવે ॥૨૧॥

શ્રી ગૌતમ સ્વામીનો છંદ.

વીરજિણેશર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ ॥ જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥ ૧ ॥ ગૌતમ નામે ગિરવર ચઢે, મનવંછિત હેલા સંપડે, ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ ॥ ૨ ॥ જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુકડા ॥ ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ ॥ ૩ ॥ ગૌતમ નામે નિર્મળકાય, ગૌતમ નામે વાધે આય, ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર ॥ ૪ ॥ શાળ દાળ સુરહા

ઘૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ ॥ ઘરસુ-ઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વનીત ॥૫॥ ગૌતમ ઉગ્યો અવિચળ ભાણુ, ગૌતમ નામ જપો જગ જાણુ ॥ મ્હોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણુ ॥ ૬ ॥ ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોચે વંછિત કોડ ॥ મહિયળ માને મ્હોટા રાય, જો તુઠે ગૌતમના પાય ॥૭॥ ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે ॥ ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥ ૮ ॥ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ ॥ કહે લાવણ્ય સમય કરજોડ, ગૌ-તમ તુઠે સંપતિ કોડ ॥ ૯ ॥ ઇતિ ॥

શ્રી સોળ સતિનો છંદ.

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજિએ ॥ પ્રભાતે ઉઠી મંગળિક

ક્રામે, સોળ સતિના નામ લીજીએ એ ॥૧॥ બાળકુમારી જગહિતકારી, બ્રાહ્મી ભરતની બેનડીએ ॥ ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે, સોળ સતિમા જે વડીએ ॥ ૨ ॥ બહુ બળ ભગિની સતીય શિરોમણી, સુદરી નામે ઋ-ષભ સુતાએ ॥ અક સ્વરૂપી ત્રિભુવન માહે, જેહ અનોપમ ગુણ જીતાએ ॥ ૩ ॥ ચદન-બાળા બાળપણેથી, શીયળવતી શુદ્ધ શ્રાવિ-કાએ ॥ અડદના બાકુળા વીર પ્રતિલાભ્યા, કેવળ લહિ વ્રત ભાવિકાએ ॥ ૪ ॥ ઉગ્રસેન ધુયા ધારિણી નદની, રાજેમતિ નેમ વલ્લભા એ ॥ જોવન વેશે કામને જીત્યો, સજમ લેઈ દેવ દુર્લભાએ ॥ ૫ ॥ પચ ભરતારી પાડવ નારી, દ્રુપદતનયા વખાણીએ ॥ એકસો આઠે ચીર પુરાણા, શીયળ મહિમા તસ જાણીએ એ ॥૬॥ દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશ-લ્યા કુળ ચદ્રિકાએ ॥ શીયળ સલુણી રામ

જનેતા પુણ્ય તણી પ્રનાળીકા એ ॥ ૭ ॥
કોસબિક ઠામે સતાનિક નામે, રાજ્ય કરે
રગ રાજીયો એ, તસ ઘર ઘરણી મૃગાવતી
સતી, સુર ભવને જશ ગાજીયો એ ॥ ૮ ॥
સુળશા સાચી શીયળે ન કાચી, રાચી નહી
વિષયારસે એ ॥ મુખડુ જોતા પાપ પલાએ
નામ લેતા મન ઉલ્લસે એ ॥ ૯ ॥ રામ
રઘુવશી તેહની કામિની, જનક સુતા સીતા
સતીએ ॥ જગ સહુ જાણે ધીજ કરતા, અનળ
શીતળ થયો શીયળથી એ ॥૧૦॥ સુરનર વદિત
શીયળ અખંડિત, શીવા શીવ પદ ગામનીએ ॥
જેહને નામે નીર્મળ થઈએ, બલીહારી તસ
નામની એ ॥૧૧ ॥ કાચે તાંતણે ચાલણી બાધી
કુપ થકી જળ કાઢીયુ એ ॥ કલક ઉતારવા
સતીય સુભદ્રા, ચપા બાર ઉઘાડીયું એ
॥ ૧૨ ॥ હસ્તીનાગપુરે પાડુરાયની, કુતા
નામે કામીનીએ ॥ પાડવ માતા દસે દસારની,

જેહન પતીવૃતા પદ્મનીએ ।। ૧૩ ।। શીળવતી નામે શીળવ્રત ધારિણી, ત્રીવેધે તેહને વદીએ એ, નામ જપતા પાતક જાએ, દરીસણે દુરીત નીકદીએ એ ।। ૧૪ ।। નીષીધાનગરી નળહ નરીદની, દમયતી તસ ગેહીની એ ।। સકટ પડતા શીયળ જ રાખ્યુ, ત્રીભુવન કીર્તિ જેહની એ ।। ૧૫ ।। અનગ અજીતા જગ જન પુજીતા પુષ્ફચુળા ને પ્રભાવતી એ ।। વિશ્વ વીખ્યાતા કામને દમતા, સોળમી સતી પદમાવતી એ।।૧૬।। વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદય ગતન ભાખે મુદાએ ।। વ્હાણુ વાતા જે નર ભણશે, તે લેશે સુખ સપદા એ ।। ૧૭ ઇતિ ।।

શ્રી ચિંતામણી પાર્શ્વનાથનો છંદ.

(દોહા)

કલ્પવેલ ચીંતામણી, કામધેનુ ગુણ ખાણ ॥ અલખ અગોચર અગમ ગતી, ચીદાનંદ ભગવાન ॥ ૧ ॥ પરમ જ્યોતિ પરમાત્મા, નીરાકાર કીરતાર, નિર્ભય રૂપ જ્યોતીસરૂ પુરણ બ્રહ્મ અપાર ॥ ૨ ॥ અવીનાશી સાહીબ ધણી, ચીંતામણી શ્રી પાસ ॥ અરજ કરૂ કરજોડ કે, પુરો વંછીત આશ ॥ ૩॥ મન ચીંતીત આશા ફળે, સકળ સીદ્ધવે કામ ॥ ચીંતામણીકો જાપ જપ, ચીંતાહરે એ નામ ॥૪॥ તુમ સમ મેરેકો નહી, ચીંતામણી ભગવાન ચેતનકી એહ વીનતી, દીજે અનુભવ જ્ઞાન ॥૫॥

(ચોપાઇ.)

પ્રાણત દેવલોકથી આયે, જન્મ વણારશી નગરી પાયે ॥ અશ્વસેન કુળ મંડન સ્વામી, ત્રીહુ જગકે પ્રભુ અંતરજામી ॥ ૬ ॥ વામા દેવી માતાકે જાયે, છદન નાગ ફણી મણી

પાએ ॥ શુભ કાયા નવ હાથ વખાણો, નીલ વરણુ તનુ નીર્મળ જાણો ॥ ૭ ॥ માનવ જક્ષ સેવે પ્રભુ પાય, પદ્માવતી દેવી સુખદાય ॥ ઇંદ્ર ચંદ્ર પારસ ગુણુ ગાવે, કલ્પવૃક્ષ ચીંતામણી પાવે ॥ ૮ ॥ નિત સમરો ચીંતામણી સ્વામી, આશા પુરે અંતરજામી ॥ ધન ધન પાર્શ્વ પુરીસાદાણી, તુમ સમ જગમે કો નહી નાણી ॥૯॥ તુમારો નામ સદા સુખકારી, સુખ ઉપજે દુઃખ જાય વીસારી ॥ ચેતનકો મન તુમારે પાસ, મન વંછીત પુરો પ્રભુ આશ ॥ ૧૦ ॥

(દોહા)

ૐ ભગવંત ચીંતામણી, પાર્શ્વ પ્રભુ જીનરાય ॥ નમો નમો તુમ નામસે, રોગ શોગ મીટ જાય ॥૧૧॥ વાત પીત્ત દુરે ટળે, કફ નહી આવે પાસ ॥ ચીંતામણીકે નામસે મીટે

શ્વાસ ઓર ખાસ ॥ ૧૨ ॥ પ્રથમ દૂસરો તીસરો, તાવ ચોથીયો જાય, શૂળ બહોતેર દુરે ગ્હે, દાદર ખાજ ન ગ્હાય ॥૧૩॥ વીસ્ફોટક ગડ ગુમડા, કોઢ અઢારે દુગ ॥ નેત્ર રોગ સબ પરીહરે, કંઠમાળ ચકચુર ॥ ૧૪॥ ચીતામણીકિ જાપસે, રોગ શોગ મીટ જાય, ચેતન પાર્શ્વ નામકો, સમરો મન ચીત લાય ૧૫ ॥

(ચોપાઇ.)

મન શુદ્ધે સમરો ભગવાન, ભયભજન ચિતામણિ ધ્યાન ॥ ભૂત પ્રેત ભય જાવે દુર, જાપ જપે સુખ સપતિ પૂર ॥ ૧૬ ॥ ડાકણુ શાકણુ વ્યતર દેવ, ભય નહી લાગે પારસ સેવ ॥ જળચર થલચર ઉરપર જીવ, ઇનકો ભય નહી સમરો પીવ ॥ ૧૭ ॥ વાઘ સિહકો ભય નહી હોય, સર્પ ગોહ આવે નહિ કોય ॥ વાટ ઘાટમે રક્ષા કરે, ચીતામણી ચીતા સબ

હરે ॥ ૧૮ ॥ ટોણા ટામણુ જાદુ કરે, તુમારો નામ લેતા સબ ડરે ॥ ઠગ ફાસીગર તસ્કર હોય, દ્વેષી દુશ્મન દુષ્ટજ કોય ॥ ૧૯ ॥ ભય સબ ભાગે તુમારે નામ, મન વંછિત પુરો સબ કામ ॥ ભય નીવારણુ પુરે આશ, ચેતન જપ ચિંતામણિ પાસ ॥ ૨૦ ॥

(દોહા.)

ચીંતામણીકિ નામસે, સકળ સીદ્ધવે કામ, રાજ રૂદ્ધી રમણી મળે, સુખ સંપત્તિ બહુ દામ ॥ ૨૧ ॥ હય ગય રથ પાયક મળે, લક્ષ્મીકિ નહિ પાર ॥ પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શીવ દરબાર ॥૨૨॥ ચેતન ચીંતા હરણુકો, જાપ જપો તિન કાળ ॥ કર આ-બિલ ષટ માસકો, ઉપજે મંગળ માળ ॥૨૩॥ પારસ નામ પ્રભાવથી, વાધે બળ બહુ જ્ઞાન ॥ માનવાછિત સુખ ઉપજે, નિત સમરો ભગવાન ॥ ૨૪ ॥ સંવત અઢારા ઉ-

પરે, સાડત્રિશકો પરિમાણ ॥ પોષ શુકલ દિન પંચમી, વાર શનિશ્ચર જાણ ॥ ૨૫ ॥ પઢે ગુણે જો ભાવશું, સુણે સદા ચિત લાય ચેતન સંપતિ બહુ મળે, સમરો મન વચ કાય ॥ ૨૬ ॥

શ્રી મહાવીર સ્વામીનો છંદ.

શ્રી સિદ્ધારથ કુળ શણગાર, ત્રિશલાદેવી સુત જગ આધાર ॥ શોભે સુંદર સોવન વાન, શરણ તમારૂં શ્રી વર્ધમાન ॥ ૧ ॥ તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મન વંછીત મુદા, તુમ નામે લહિયે સનમાન, શરણ૦ ॥ ૨ ॥ દુર્જન દુષ્ટ વૈરી વીરકાળ, તુમ નામે નાસે તત કાળ ॥ તુમ નામે દીન દીન કલ્યાણ, શરણ૦ ॥ ૨ ॥ તુમ નામે નાવે આપદા, ભૂત પ્રેત વ્યંતર નહી કદા ॥ રોગ શોગ ચિંતા

નવી જાણુ, શરણું૦ ॥૪॥ ગ્રહાદીક પીડા નવી કરે, નામ તમારૂ જે અનુસરે ॥ ધર્મસિંહ મુની ભાવ પ્રભાવ, શરણું૦ ॥ ૫ ॥ ઈતી ॥

શ્રી પાંસઠીયા યંત્રનો છંદ.

૨૨	૩	૯	૧૫	૧૬
૧૪	૨૦	૨૧	૨	૮
૧	૭	૧૩	૧૯	૨૫
૧૮	૨૪	૫	૬	૧૨
૧૦	૧૧	૧૭	૨૩	૪

શ્રી નેમીશ્વર સંભવ શામ, સુવીધી ધર્મ શાંતિ અભીરામ ॥ અનંત સુવ્રત નમીનાથ સુજાણ, શ્રી જીનવર મુજ કરો કલ્યાણ ॥ ૧ ॥

અજીતનાથ ચંદ્રપ્રભુ ધીર, આદીશ્વર સુ
પાર્શ્વ ગભીર ।। વીમળનાથ વીમણુ જગ જાા
શ્રી જીનવર૦ ।। ૨ ।। મલ્લીનાથ જીન મગ
રૂપ, પચવીશ ધનુષ સુદર સ્વરૂપ ।। શ્ર
અરનાથ નમુ વર્ધમાન, શ્રી જીનવર૦ ।।૩
સુમતી પદ્મ પ્રભુ અવતસ, વાસુપુજ્ય શ
તળ શ્રેયાસ ।। કુથુ પાર્શ્વ અભીનદન ભા
શ્રી જીનવર૦ ।।૪।। ઈણીપરે જીનવરજી સ
ભારીયે, દુઃખ દારીદ્ર વિઘ્ન નીવારીયે ।। ૧
ચ્ચીશે પાસઠ પરમાણુ, શ્રી જીનવર૦ ।। પ
ઈમ ભણુતા દુ.ખ નાવે કદા, નિજ પાસે
રાખો સદા ।। ધરીયે પચતણુ મન ધ્યાન
શ્રી જીનવર૦ ।।૬।। શ્રી જીનવર નામે વછિ
મળે, મનવછિત સહુ આશા ફળે ।। ધર
સિંહ મુનિ નામ નિંધાન, શ્રી જિનવર૦ ૭

શ્રી નવકારનો છંદ

સુખ કારણ ભવીયણ, સમરો નિત નવકાર ।। જિનશાસન આગમ, ચૌદ પુરવનો સાર ।।૧।। એ મંત્રનો મહિમા, કહેતા ન લહુ પાર ।। સુરતરૂ જેમ ચિંતિત, વંછિત ફળ દાતાર ।।૨।। સુર દાનવ માનવ, સેવા કરે કરજોડ, ભુવિ મંડળ વિચરે, તારે ભવિયણ કોડ ।।૩।। સુરછંદે વિલસે, અતિશય જાસ અનંત ।। પદ પહેલે નમિયે અરિગંજન અરિહંત ।।૪।। જે પનરે ભેદે, સિદ્ધ થયા ભગવંત ।। પંચમી ગતી પહોત્યા, અષ્ટ કરમ કરી અંત ।।૫।। કળ અકળ સરૂપી, પંચાનંતક દેહ ।। જિનવર પાય પ્રણમુ, બીજે પદ વળી એહ ।।૬।। ગચ્છ ભાર ધુર-ધર, સુંદર શશિહર શોભ ।। કરે સારણ વારણ, ગુણ છત્રીશે થોભ ।। ૭ ।। શ્રુત જાણ શીરોમણિ, સાગર જિમ ગંભીર ।। ત્રીજે

પદ નમીયે, આચારજ ગુણ ધીર ॥ ૮ ॥
શ્રતધર ગુણ આગમ, સૂત્ર ભણાવે સાર ॥
તપ વિધિ સયોગે, ભાખે અર્થ વીચાર ॥૯॥
મુનીવર ગુણ જુત્તા, કહિએ તે ઉવઝાય ॥
પદ ચોથે નમીયે, અહોનિશ તેહના પાય
॥૧૦॥ પંચાશ્રવ ટાળે, પાળે પંચાચાર
તપસી ગુણધારી, વારે વિષય વિકાર ॥ ૧૧ ॥
ત્રસ થાવર પીયર, લોકમાંહી જે સાધ ॥
ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણે લાધ
॥૧૨॥ અરિ કરિ હરિ સાયણી, ડાયણિ
ભૂત વૈતાળ ॥ સવિ પાપ પણાસે, વાધે
મંગળ માળ ॥ ૧૩ ॥ ઈણ સમર્યાં સંકટ,
દૂર ટળે તત્કાળ ॥ ઇમ જંપે જિન પ્રભુ,
સુર શિષ્ય રસાળ ॥૧૪॥ ઇતિ ॥

શ્રી વિરજિન છંદ.

શ્રી સીદ્ધારથ કુળદીપક ચંદ, ત્રીશલા દેવી

રાણીનો નંદ ॥ કોમળ કંચન વરણુ શરીર, મનવછીત પુરણુ મહાવીર ॥ ૧ ॥ કૃપાનાથ કરી કરૂણા ઘણી, મુજ સામુ જુઓ શાસન ધણી ॥ ત્રીભુવનનાથ આયો અબ તીર, મન૦ ॥ ૨ ॥ અનંત બળી તપ દુક્કર કીયા, સવી કર્મકુ દાવાનળ દીયા ॥ ખમ દમ સમ ધીમાનને ધીર, મન૦ ॥ ૩ ॥ ચુમ્માલીશે ચેલા કિયા, એકજ દિનમે મહાવ્રત દિયા ॥ ગૌતમ સરિખા હુઆ વજીર, મન૦ ॥ ૪ ॥ સમોશરણમા સુણ્યો અધીકાર, અમૃત વાણી રૂપી દીદાર ॥ દીઠે હરખે હૈડુ હીર, મન૦ ॥ ૫ ॥ એક પળ ધરે જો પ્રભુજીનુ ધ્યાન, પગ પગ પ્રગટે પુણ્ય નીધાન ॥ વચન મીઠા જીમ મીસરી ખીર, મન૦ ॥ ૬ ॥ ચેન પામે ચીતા ચકચુર, દોખી દુશ્મન નાસે દુર ॥ દીન દીન વાધે મ પતી શીર, મન૦ ॥ ૭ ॥ તુમ નામે ભવ સાયર તરે, તુમ નામે સવી

કારજ સરે ॥ રૂદ્ધી વૃદ્ધી પામે હીર ચીર, મન૦ ॥ ૮ ॥ ચીતામણી જીમ જીનવર જાપ, ક્રોડ ભવોના કાપે પાપ ॥ રોગ શોગ નાસે પર પીડ, મન૦ ॥ ૯ ॥ વૈશાખ શુદિ દશમ દિન જાણુ, પ્રભુજી પામ્યા કેવળ નાણુ, સાયર જેસા હોત ગભીર, મન૦ ॥ ૧૦ ॥ સવત અઢાર તેત્રીશમે તામ, મેડત નગર કિયા ગુણગ્રામ ॥ ષટ કાયાના પ્રભુજી પીર, મન૦ ॥ ૧૧ ॥ પ્રભુ પાવાપુરીમા મુક્તી ગયા, રૂષિ રાયચદ કહે કરજ્યો મયા । પહોચાડો મુજ ભવજળ તીર, મન૦ ॥ ૧૨ ॥ ઈતિ ॥

શ્રી પાર્શ્વનાથનો છંદ (ત્રોટક વૃત્તમ.)

પ્રણુમામિ સદા પ્રભુ પાર્શ્વજીન, જિન નાયક દાયક સુખ ધન ॥ ધનચારૂ મનોહર દેહધર, ધરણીપતિ નિત્ય સુસેવ કર ॥ ૧ ॥ કરૂણારસ રજિત ભવ્ય ફણી, ફણી સસ સુ

શોભિત મૌલિમણિ ॥ મણિકચન રૂપ ત્રિકોટ
ઘટ, ઘટિતા સુર કિન્નર પાર્શ્વતટ ॥ ૨ ॥
તટિની પતી ઘોષ ગભીર સ્વર, શરણાગત નિત્ય
વિશ્વ અશેષ નર ॥ નરનારી નમસ્કૃત નિત્ય
મુદા, પદમાવતિ ગાવતી ગીત સદા ॥ ૩ ॥
સતતેદ્રિય ગોપ યથા કમઠ, કમઠાસુર વારૂણ-
મુક્ત હઠં ॥ હઠહેલિત કર્મ કૃતાત બળ,
બળ બળધામ દરદળ પકજળ ॥ ૪ ॥ જળ
જદ્દય પત્ર પ્રભાનયન, નયન દિત ભવ્યતરી
શમન, મનમથ મહી રૂહ વન્હિસમ, સમતા
ગુણ રત્નમય પરમ ॥ ૫ ॥ પરમાર્થ વિચાર
સદા કુશળ, કુશળ કુરૂ મે જિન નાથ
અલ ॥ અલિની નલિનિ નળ નીલ તન,
તનુતા પ્રભુ પાર્શ્વજિન શુધન ॥ ૬ ॥

(કળશ-દ્રુતવિલંબીતમ)

સુધન ધાન્ય કર કરૂણાપર, પરમસિદ્ધિ કર

દદદા ધર ॥ વરતર અશ્વસેન કુળોદભવં, ભતભ્રાતા પ્રભુ પાર્શ્વજિન શિવ ॥૭॥ ઈતિ॥

શ્રી શાંતિનાથનો છંદ.

સદા શાતીજી આશ પુરો હમારી, કરૂ વીનતી અગઉચ્છાહ ધારી, દયાવતનું દુખ દારિદ્ર હારી, કૃપાવત તુ કરત કલોલકારી ॥ ૧ ॥ મહાવીપુલ મતિવત એ જીનરાયા, ષટ કાય રાખે સદા છત્રછાયા, મહામોહ મિથ્યાતના માન મોડી, જીન મુક્ત પોહત્યા કર્મકઠ તોડી ॥ ૨ ॥ ભડભુત વૈતાળ ભય જાય દોડી, જગ માહે તુમ સમ નહી કોઈ જોડી, સદા સિદ્ધ દાતા નમું કુટીલ છોડી, તુમ નામે કલ્યાણ કોડાન કોડી ॥ ૩ ॥ તુમ નામે સુર અસુર ભય દુર નાસે, ધનધાન ધોરી ઘર અધિક વાસે, ગજ કેસરી અનળ દળ ભય ન હોય, અતીસે કરી એહવી રીત જોય

॥ ૪ ॥ ગુણ ગ્યાન કરતા કિમપાર લહીએ, રસના કરી એક લવ લેસ કહીએ, મહા વિમળ નાણ ચારિત્ર દરશી, ભણ્યા સત ગોવિંદા મુની અતિજ સરશી ॥૫॥ ઇતિ ॥

શ્રી મહાવીર છંદ.

ચોવીસમા મહાવીર શુરવીર મહાધીર, વાણી મીઠી દુધ ખીર સીદ્ધાર્થ નંદહે, નાગિણીસિ નારી જાણી, ઘટમા વૈરાગ આણી, યોગ લિયો જગભાણ ટાળ્યા મોહ ફંદહે, ચૌદ હજાર સંત તાર દિયા ભગવંત, કર્મકો કિયો અંત, પામ્યા સુખ કંદહે, કહે કવી ચંદ્રભાણ સુણો હો વિવેકવાન, મહાવીર કીયા ધ્યાન ઉપજે આણંદહે

શ્રી ચિંતામણિનો છંદ.

સુગુરૂ ચિંતામણી દેવ સદા ॥ મુજ સફળ

મનોગ્થ પૂરસુક્ષ ॥ કમળાગર દુર ન હોય કદા ॥ જપતા પ્રભુ પાર્શ્વ નામ યદા ॥ ૧ ॥ જળ અનળ મત ગજ ભય જાવે ॥અરિ ચોર નિકટ પણુ નહીં આવે ॥ સિંહ સર્પ રોગ ન સતાવે ॥ ધન્ય ધન્ય પ્રભુ પાર્શ્વ જીન ધ્યાવે ॥૨॥ મછ કછ મગર જળમાહી ભમૈ ॥ વડવાનળ નીર અથાહ ગમૈ ॥ પ્રહ-વણુ બેઠ નર પાર પમૈ ॥ નિત્ય પ્રભુ પાર્શ્વ જીનદ નમૈ ॥ ૩ ॥ વીકરાળ દાવાનળ વિશ્વ દહે ॥ ગ્રહ વસ્તી ધન ગ્રાસ આકાશ ગ્રહે ॥ તુમ નામ લિયા ઉપશાંતિ લહે ॥ વનનીર સરોવર જેમ વહે ॥ ૪ ॥ ઝરતો મદલોલ કલોલ કરે ॥ ભ્રમરા ગુંજાવર ભર રોસ ભરે ॥ કરિ દુષ્ટ ભયકર દુરિ કરે, શ્રી પાર્શ્વનાથજી કે સમરે ॥ ૫ ॥ છાના છળ છિદ્ર વિનાય છલે ॥ યશ વાશ સુણી મન માંહી જલે ॥ તે પિશુન્ય પડે નિત્પર પાય

તલૈ ॥ જપતાં પ્રભુ વૈરી જાય ડીલૈ ॥ ૬ ॥
ધન દેખી નિશાચર કોઢ ધસૈ ॥ મુજ મંદિર
પૈશક દેન સુખે ॥ અતિ ઉચ્છવ તાસ આવાસ
અપૈં ॥ પરમેશ્વર જાસ પખે ॥ ૭ ॥ અસ-
રાળ વિદારણ હાથ હટૈ, ગલલોલ જીહા
ગજ કુંભ ઘટૈ ॥ મૃગરાજ મહા ભય ભ્રાતિ
મિટૈ ॥ રસના જીન નાયક જેહ રટૈ ॥
ફુરતો ચીહું ઠેર ફુંફાર ફણિ, ધણુ ઈંદ્ર ધસૈ
ધર રીસ ધણી ॥ ભય ત્રાસ ન વ્યાપે તેહ
તણી, ધરતા ચીત પાર્શ્વનાથ ધણી ॥ ૯ ॥
કફ કુષ્ટ જલોદર રોગ ફુસૈ ॥ ગડ ગુંબડ
દેહ અનેક ગુસૈ, વિન વેષજ વ્યાધિ સબ
વનસૈ, વામા સુત પાર્શ્વ જે સ્તવશે ॥ ૧૦ ॥
ધરણિંદ્ર ધરાધિપ સૂર ધ્યાયો, પ્રભુ પાર્શ્વ ર
કરપાયો ॥ છબી રૂપ અનોપમ જુગ છાયો,
જનની ધન્ય વામા સુત જાયો ॥ ૧૧ ॥
કરતા જીન જાપ સંતાપ કટૈ, દુ:ખ દારિદ્ર

દોહગ સોહ ઘટે ॥ હઠ છોડી જીહાં રિપુ જોઇ હઠે ॥ પદ્‌માવતી પાર્શ્વ જીહાં પ્રગટે ॥ ॥ ૧૨ ॥ ૐ નમો પાર્શ્વનાથાય ॥ ધરણીંદ્ર પદ્‌માવતી સહિતાય ॥ વિષહર કુલ્યગ મગ લાય ॥ ૐ હ્રીં શ્રીં ચીતામણી પાર્શ્વનાથ મમ મનોરથ પુરય સ્વાહા ॥ મત્રાક્ષર ગાથ ગુઢ મઢયો ॥ ચીતામણી જાણે હાથ ચઢયો વળી માન મહાતમ તેજ ખઢયો ॥ શ્રી પાર્શ્વજીન સ્તવન જેણે પઢયો ॥ ૧૩ । તિર્થપતી પાર્શ્વનાથ તિલો ॥ ભણુતા જ· વાસ નીવાસ ફળો ॥ મણી મત્ર સકોમ· હોય મિલો ॥ અમચિ પ્રભુ પાર્શ્વ આશ ફળે ॥ ૧૪ ॥ લુકા ગચ્છ નાયક લાભ લીયે હિત ક્ષેમ કરણુ ગુરૂ નામ હૈયે ॥ દિન ગછનાયક સુખ દીયે ॥ કિરતિ પ્રભુ પ્રા॰ મુખ કીયે. ॥ ૧૫ ॥

શ્રી પાર્શ્વનાથનો છંદ

પ્રાણમુ પ્રાર્શ્વ જિણંદ, દરસણ દિઠે આણંદ, નગરી વણારસિ ઠાય, તિહા અશ્વસેન રાય ॥ ૧ ॥ વામા તસ પટરાણી, રૂપે રંભા સમાણિ, તસઘર પાસ ઉપન, લાધ્યા ચઉદ સુપન ॥ ૨ ॥ પોશ વદિ દસમી સાર, જનમ્યા પાર્શ્વકુમાર, છપન કુમારિકા આવે, સ્તુતિ કરી ગુણ ગાવે ॥ ૩ ॥ સોમસુર્યતિ રંગે, લઇ ગીયા મેરૂને સંગે, ઇંદ્ર સર્વે તિહા મીલીયા, જનમ મોચ્છવ કરી વળીયા ॥ ૪ ॥ મુક્યા માતાજીને પાસ, ચીરજીવો ઈમ ભાષ્ય, તાતે મોચ્છવ કીધો, પાર્શ્વ કુમાર નામ દિધો ॥ ૪ ॥ જોબન વય જબ જાણી, જોડે પ્રભાવતિ રાણી, પરણાવ્યા જીનરાય, સેવે સુરનર પાય ॥ ૬ ॥ ભોગતણા ફળ લેહી, દાન સમચ્છરી દેઈ, ત્રણસે નરવર સાથે ॥ સંજમ લીધો જગનાથે ॥ ૭ ॥ તપ સ-

જમ કરમે વામી, જીનવર કેવળ પામી ।। પોત્યા મુક્તિ મોઝાર ।। જપતા જયજયકાર ।। ૮ ।। એકસો વરસનુ આય, નવકર સોભતી કાય ।। વીશમા જીનરાય, નામે નવનિધ થાય ।। ૯ ।। પાસ ઉપસર્ગ ચુરે, મન વછિત સુખ પુરે, સફળ ફળે તસ આસ, નામ જપે જયકાર ।। ૧૦ ।। તવન સદા સુખકારી, ભણુશે જે નરનારી, ભોજ ભણે કરજોડી, પામે કલ્યાણુની કોડી ।। ૧૧ ।।

ચોવીસ તીર્થંકરનું સ્તવન.

શ્રી રીખભ અજીત સભવ સ્વામી, અભિનદજી અતરજામી, રાગ દ્વેષ દો ક્ષય કરણુા, વહુ સોળે જીન સોવન વરણુા ।। ૧ ।। સુમતીજીને સુપાસો, પ્રભુ મુગત ગયા મેટયા ગર્ભાવાસો, દુર કીયા જન્મ મરણુા વહુ૦ ।। ૨ ।। શીતળ શ્રેયાસ જીન હોઇ, પ્રભુ

ચોદે રાજ રહ્યા જોઇ, વિમલ સુમત નિર્મળ કરણા, વદું૦ ॥ ૩ ॥ અનત નાથજી અનત જ્ઞાની, જાસુ મનરી તો વાત નહી છાની, ધર્મજીકો ધ્યાન રૂદે ધરણા, વદું૦ ॥ ૪ ॥ શાતીનાથજી શાતાકારી, કુથુનાથજી રે જાઉ હુ બલહારી, અરનાથ આતમ ઉધરણા, વદું૦ ॥ ૫ ॥ મહિમા ઘણી મલીનાથ તણી, મહાવીરજી હુવા શાસનના ધણી મે ઝાલ્યા જારા ચરણા, વદું૦ ॥ ૬ ॥ પ્રભુરે શરીર સપદા સુદર સોહે, નીરખતા નયન તરત મોહે, ચતુરા રાતો ચીત હરણા, વદું૦ ॥ ૭ ॥ પ્રભુજીની દીપ દીપ રહી દેહી જાને સુરનર નીરખ રહ્યા કેઇ, આખ્યા તે હુઈ જાવે અમી ઝરણા, વદું૦ ॥ ૮ ॥ પ્રભુ જીરો મસ્તક લે પગ નખ તાંહી, જારે શરીર વખાણ્યો સૂત્ર માહી, ચારૂહી સ લેવે શરણા વદું૦ ॥ ૯ ॥ તીન લોકરો રૂ

પ્રભુજી પાચો, બીજો માવડીએ બેટા એસો નહીં જાયો, ચોસઠ ઇંદ્ર ભેટે ચરણા, વંદુ૦ ॥ ૧૦ ॥ એક સમુચે અરજ સુણજો સોળે, રૂષી રાયચંદજી આયો આપરે ઓળે, મારી આવાગમણ દુઃખ દુર કરણા, વંદુ૦ ॥ ૧૧॥ સંવત અઢારસે ત્રીસ ભગશે કીચો, નાગોર ચોમાસો ભાવ સરસે, જારો ભજન કીયા ભવસાગર તરણા, વંદુ સોળે જીન સોવન વરણા ॥ ૧૨ ॥

તીર્થંકરનું સ્તવન.

પ્રહ ઉઠી પ્રભાતે વંદુ, પદમ પ્રભુજીના પાયરે પ્રાણી, વાસુપુજ્યજી મારા મનમા વસીયા, મારે કમી ન રહી કાઇરે પ્રાણી ઉપજે આનંદ આઠે જીન જપતા ॥ ૧ ॥ એ દોએ જીનવર અવલ બિરાજે, હિંગુલ વરણા લાલરે પ્રાણી, તીર્થ થાપીને કર્મને

કાપી, પ્રભુ પાપ કીયા પ્રેમાલરે પ્રાણી, ઉપ૦ ॥ ૨ ॥ શુભ ભાવનાએ મનમારે ભાવ્યે, તો આઠ કર્મ જાયે તુટરે પ્રાણી, સુખ સંપદાને લીલ વિલાસો, ભર્યા ભંડાર અખુટરે પ્રાણી. ॥ ઉપ૦ ॥ ચંદ્ર પ્રભુજી ને સુવિધિ જીનેશ્વર, એ દોયે વર્ણ સફેદરે પ્રાણી, મોતીયા સરખી જારી દેહીજ દીપે, મુજ દેખતા અધિક ઉમેદરે પ્રાણી ॥ ઉપ૦ ॥ ૪ ॥ મુનીસુવૃતજીને નેમ જીણેશ્વર, એ દોએ શામ વર્ણશરીર રે પ્રાણી, ઇંદ્રથકી પણ અધિકા દીપે, દીઠે હરખે હૈડાનો હીરરે પ્રાણી ॥ ઉપ૦ ॥ ૫ ॥ મલ્લીનાથ ને પાર્શ્વ પ્રભુજી, જાણે નીલાતે મોરની પાખરે પ્રાણી, નીરખતા તો નયન ન ધ્રાપે, અમીય ઠરે દોય આખરે પ્રાણી ઉપ૦ ॥ ૬ ॥ રૂપ અનોપમ અવલ બિરાજે, જાણે હીરા જડીયા હેમરે પ્રાણી, સુરજથી જેમ સવાયા દીપે, કેણીમા આવે

કેમરે પ્રાણી. ઉપ૦ ॥ ૭ ॥ શીવનગરીમાહી સાહેબ બેઠા, હું નવી જાણુ દુરરે પ્રાણી, મુજ મનડામા વસીયા વાલેસર, હું સમરૂ ઉગમતે સુરરે પ્રાણી ॥ ઉપ૦ ॥ ૮ ॥ એ આઠે અરહિતને આગે, હું તો અરજ કરૂ કરજોડરે પ્રાણી, રૂષી રાયચદજી કહે મારા મનના, પૂરો સઘળા કોડરે પ્રાણી ॥ ઉપ૦ ॥ ૯ ॥ સવત અઢાર ને વર્ષ છત્રીશે, નાગોર શહેર ચોમાસરે પ્રાણી, પ્રસાદ પુજ્ય જેમલજી કેરે, મારે હૈડે તે હરખ ઉલાસરે પ્રાણી, ઉપજે આનદ આઠે જીન જપતા ॥ ૧૦ ॥

ચોવીસ તીર્થંકરનું સ્તવન.

ઋષભ અજીત સભવ અભિનદન, નીરજન નિગાકાર, સુમતી પદ સુપાર્શ્વ ચંદા, પ્રભુ મેટયા વિષય વિકારો, શ્રી જીન મુજને

પાર ઉતારો, પ્રભુ હુ ચાકર ચરણારો શ્રી-
જીન૦ ॥ સુવિધિ સીતળ શ્રેયાસ, વાસુપુજ્ય
મુક્તિ તણા દાતારો, વીમળ અનત ધર્મ-
નાથ શાતી જીન, શાતાકારી સસારો, શ્રી
જીન૦ ॥ કુથુ અનારથ મલ્લી મુનીસુવ્રત,
પામ્યા ભવજળ પારો, નમી નેમનાથ પાર્શ્વ
મહાવીરજી શાસનના મીરદારો ॥શ્રી જીન૦॥
અગીઆર ગણધર વીસ વીહરમાન, સર્વ સાધુ
અણગારો, અનતી ચોવીશીને નિત્ય ર વદુ,
કર ગયા ખેવો પારો ॥ શ્રી જીન૦ ॥ અધમ
ઉધારણ બીરૂદ સુણી, પ્રભુ સરણ લીયો ચર-
ણારો, અધમ ઉધારણ પરમ પદા પદ, અજર
અમર અવિકારો ॥ શ્રી જીન૦ ॥ રાગ દ્વેષ
કર્મ બીજ જે બળીઆ, બાળી કીધા સરવે
છારો, કેવળ જ્ઞાન ને કેવળ દરશન, નીજ ગુણ
લીનો લારો ॥ શ્રી જીન૦ ॥ દાન શીયળ
તપ ભાવના ભાવો, દયા ધર્મ તત્વ સારો,

ઋષી લાલચ હજી એણીપેર વિનવે, પ્રભુ મારો કરોને નીસ્તારો ॥ શ્રી જીન મુજને પાર ઉતારો

શ્રી દીવાળીનું સ્તવન.

પુરવ દીશે હુઇ પાવાપુરી ॥ ધન ધાન્ય ઋદ્ધિ સમૃદ્ધિ શુ ભરી ॥ હસ્તીપાળ નામે તીહા ભુપાળી ॥ વીર મુગતે બીરાજ્યા દીન દીવાળી ॥ ૧ ॥ ગૌતમે ગુરૂની સેવા કીધી મન-માની ॥ એક રાતમે હુવા કેવળજ્ઞાની ॥ જી કે ચૌદ રાજ્ય રહ્યા ભાળી ॥ વીર૦ ॥ અઢારે રાય હુવા ભગતા ॥ દોય દોય પોસા કીધા લગતા ॥ જીકે વીર સામું રહ્યા ભાળી ॥ વીર૦ ॥ પ્રભુએ દોય દીનરો સથારો કીધો ॥ સોળ પહોર લગે ઉપદેશ દીધો ॥ પ્રભુ મુગતી ગયા કર્મને ગાળી ॥ વીર૦ ॥ પ્રભુએ ત્રીસે વર્ષે સયમ લીધો ॥ નીજ આતમ કારજ સીદ્ધ કીધો

॥ વરસ બેતાળીશ દીક્ષા પાળી ॥ વીર૦ ॥ પ્રભુને સાતસે ચેલા, ચૌદશે ચેલી, જ્યાને મુગતી મહેલમા દીયા મેલી ॥ જેણે કર્મના બીજ દીયા બાળી ॥ વી૦ ॥ પ્રભુને એક રાણી ને હુઇ એક બેટી ॥ જી કે મુગતી ગયા દુખ દીયા મેટી, જમાઈ હુઓ જ્યારો જમાળી ॥ વીર૦ ॥ પ્રભુને એક બહેન ને એક જ ભાઈ॥ જીકે સ્વર્ગે ગયા સમકીત પાઇ ॥ શ્રાવકના વૃત શુદ્ધ પાળી ॥ વી૦ ॥ રૂષભદત્ત ને દેવાનદા માતા ॥ નયણે નીરખતા હુઇ શાતા ॥ દોનુ મુગતી ગયા કર્મને ગાળી ॥ વીર૦॥ સીદ્ધાર્થ રાજા ને ત્રીસલા રાણી ॥ જેણે સથારે કીધો સમતા આણી ॥ અચ્યુય દેવલોકે ટાંકો દીયો ઝાળી ॥ વીર૦ ॥ જેણી રાતે વીરે મુગતી પામી ॥ કેવળ પામ્યા ગોતમ સ્વામી ॥ જ્યારો જાપ જપો નવકારવાળી ॥ વીર૦ ॥ સુધર્મા સ્વામી હુવા પાટ ધ

ણી ॥ જ્યારી કીર્તિ મહીમા જોર ઘણી ॥ દયામારગ દીયો અજવાળી ॥ વીર૦ ॥ જ્યારી પાટે હુવા જબુ વૈરાગી ॥ રાતે પરણ્યા પ્રભાતે આઠે ત્યાગી ॥ સોળ વર્ષામે કાટી કર્મ જાળી ॥ વીર૦ ॥ આઠે ભામની વૈરાગે ભીની ॥ પ્રભાતે પીયુ સાથે દીક્ષા લીની ॥ અવીહડ પ્રીત સઘળી પાળી ॥ વીર૦ ॥ પ્રભવો પણ રાજાનો બેટો ॥ જીકે જબુ કુવર શુ હુવોરે ભેટો, પાંચશે શુ વૈરાગ પામ્યો તતકાળી ॥. વીર૦ ॥ વીસ જીન સમેત શીખર સીધ્યા ॥ અષ્ટાપદ ગીરનાર દોય સીધ્યા ॥ વાસુપુજ્ય સીધ્યા ચપા ચાલી ॥ વીર૦ ॥ મહાવીરે ચોમાસો કીયો પાવાપુરી ॥ કારતક વદી અમાવાશે મુગતી વરી ॥ ભણતા સુણતા મગળ માળી ॥ વીર૦ ॥ દીન દીવાળીનો પાયો ટાણો ॥ તો રાત્રી ભોજન અસનાદિક નહી ખાણો ॥ જ્યારો જાપ જપો શીયળ

પાળી ॥ વીર૦ ગુરૂચેલાની જોડી સુરજ શશી ॥ ઋષી રાયચદ કહે મારે મનડે વશી ॥ મે જુગતી શું જોડ જોડી ટકશાળી ॥ વીર૦ ॥ પુજ્ય જેમલજી રહ્યા પાસો, શહેર નાગો-રમે કીયો ચોમાશો ॥ સવત અઢાર વર્ષ પીસ્તાળી ॥ વીર૦ ॥

ભકતામર સ્તોત્ર–ગુજરાતી.

(વસતતિલકા છદ.)

ભક્તામરો લચીત તાજ મણિ પ્રભાના,
ઉદ્યોતકાર, હર પાપતમો જથાના,
આધારરૂપ ભવસાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદ યુગે નમીને ૧

કીધી સ્તુતિ સકલ શાસ્ત્રજ તત્વ બોધે,
પામેલ બુદ્ધિ પટુથી શુરલોક નાથે,
ત્રિલોક ચિત્તહર ચારૂ ઉદાર સ્તોત્રે,

હુ એ ખરે સ્તવીશ આદિ જીનેદ્રને તે. ૨
બુદ્ધિ વિનાજ સુરપૂજીત પાદ પીઠ?
મે પ્રેરી બુદ્ધિ સ્તુતિમા તજી લાજ શુદ્ધ!
લેવા શીશુ વિણુ જળે સ્થિત ચદ્રબિબ,
ઇચ્છા કરેજ સહસા જન કોણુ અન્ય? ૩
કે, વા ગુણો ગુણુનિધી! તુજ ચદ્રકાન્ત,
છે બુદ્ધિથી સુર ગુરૂસમ કો સમથ?
જ્યા ઉછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણુ તે તરી શકેજ સમુદ્ર હાથે? ૪
તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ!
શક્તિ રહીત પણુ હુ સ્તુતિને કરીશ,
પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે-
ન થાય શુ મૃગી શિશુ નીજ રક્ષવાને? ૫
શાસ્ત્રજ્ઞ અજ્ઞ ગણીને હસતા છતા એ,
ભક્તિ તમારીજ મને બળથી વદાવે!
જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચારે,
તે માત્ર આમ્રતરૂ મોર તણા પ્રભાવે! ૬

બાંધેલ પાપ જનના ભવ સર્વ જેહ,
ત્હારી સ્તુતીથી ક્ષણુમા ક્ષય થાય તેહ,
આલોક વ્યાપ્ત નિશિનુ ભમરા સમાન–
અ ધારૂ, સૂર્ય કિરણેથી હણાય જેમ. ૭
માનીજ તેમ સ્તુતિ નાથ ! તમારી આ મે,
આરભી અલ્પ મતિથી પ્રભુના પ્રભાવે–
તે ચિત્ત સજ્જન હરે જ્યમ બિંદુ પામે–
મોતી તણી કમળ પત્ર વિષે પ્રભાને ! ૮
દૂરે રહો, રહિત દોષ સ્તુતિ તમારી !
ત્હારી કથા પણ અહો ! જન પાપ હારી !
દૂરે રહે રવિ કદી તદપી પ્રભાએ–
ખીલે સરોવર વિષે કમળો ઘણાએ ! ૯
આશ્ચર્યના ભુવન ભુષણ ! ભુતનાથ !
રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર અત્ર–
તે તુલ્ય થાય તુજની, ધનીકો શુ પોતે–
પૈસે સમાન કરતા નથી આશ્રિતો ને ? ૧૦
જો દર્શનીય પ્રભુ એક ટશેથી દેખે !

સંતોષથી નહિ બીજે જન નેત્ર પેખે,
પી ચન્દ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરૂં,
પીશે પછી જળનિધી-જળ કોણ ખારૂ ? ૧૧
જે શાત રાગ રૂચિના પરમાણુ માત્ર,
તે તેટલાજ ભુવિ આપ થએલ ગાત્ર !
એ હેતુથી ત્રિભુવને શણગાર રૂપ !
ત્હારા સમાન નહિ અન્યતણુ સ્વરૂપ ! ૧૨
ત્રૈલોક સર્વ ઉપમાજ જીતનારૂ-
ને નેત્ર, દેવ નર ઉરગ હારી તારૂ-
ક્યા મુખ ? ક્યા વળી કલકિત ચન્દ્રબિંબ ?
જે દિવસે પીળચટુ પડી જાય ખુબ ! ૧૩
સંપૂર્ણ ચન્દ્રતણી કાન્તિ સમાન તારા-
રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા !
ત્રૈલોકનાથ ! તુજ આશ્રિત એક તેને
સ્વેચ્છા થકી વિચરતા કદી કોણ રોકે ? ૧૪
આશ્ચર્ય શું પ્રભુ તણા મનમાં વિકાર-
દેવાંગના કદી લાવી શકી લગાર !

સ હારકાળ પવને ગિરિ સર્વ ડોલે !
મેરૂ ગિરિ શિખર શુ કદી તોય ડોલે ? ૧૫
ધુમે રહીત, નહિ વાટ, ન તેલવાળો !
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો ?
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે ?
તુ નાથ છુ અપર દીપ જગત પ્રકાશે ? ૧૬
ઘેરી શકે કદી ન રાહુ ન અસ્ત થાય !
સાથે પ્રકાશ ત્રણ લોક વીષે કરાય !
તુ હે મુનીદ્ર, નહી મેઘ વડે છવાય !
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય ! ૧૭
મોહાધકાર દળનાર સદા પ્રકાશી !
રાહુ મુખે ગ્રસિત ના નહિ મેઘ રાશી !
શોભે તમારૂ મુખ પદ્મ અપાર રૂપે !
જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે ! ૧૮
શુ રાત્રિમા શશિ થકી દિવસે રવિથી !
અ ધારૂં તુજ ચ દ્ર મુખ હરે પછીથી !
શાલિ સુશોભિત રહી નિપજી ધરામા !

શી મેઘની ગરજ હોયજ આભલામા? ૧૯
શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,
તેવુ નહી હરીહરાદિકના વિષે તે,
રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્વ ભાસે,
તેવુ ન કાચકટકે ઉજળે જણાશે ૨૦
માનું રૂડુ હરિહરાદિકને દીઠા તે!
દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે,
જોવા થકી જગતમા પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઇ નાથ!
સ્ત્રી સેકડો પ્રસવતી કદી પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા!
તારા અનેક ધરતીજ દિશા બધીય,
તેજે સ્ફુરીત રવિને પ્રસવેજ પૂર્વ ૨૨
માને પરપુરૂષ સર્વ મુનિ તમોને,
ને અધકાર સમીપે રવિ શુદ્ધ જાણે!
પામી તને સુરીત મૃત્યુ—જીતે મુનીંદ્ર!
છે ના બીજો કુશળ મોક્ષ તણોજ પથ. ૨૩

તું, આદ્ય, અવ્યય, અચિ ત્ય અસ ખ્ય વિભુ
છે, બ્રહ્મ, ઈશ્વર, અન ત અન ગ કેતુ–
યોગીશ્વર વિદિતયોગ, અનેક એક,–
કે'છે તને વિમળ જ્ઞાન સ્વરૂપ સ ત ૨૪
છો બુદ્ધિ–બોધ થકી હે સુરપુજ્ય બુદ્ધ !
છો લોકને સુખદ–શ કર તેથી શુદ્ધ !
છો મોક્ષ–માર્ગ–વિધિ–ધારણુથીજ ધાતા !
છો સ્પષ્ઠ આપ પુરૂષોત્તમ સ્વામિ ત્રાતા ! ૨૫
ત્રૈલોક–દુ ખ હર નાથ ! તને નમોસ્તુ !
તુ ભૂતળે અમલ ભુષણને નમોસ્તુ !
ત્રૈલોકનાજ પરમેશ્વરને નમોસ્તુ !
હે જીન ! શોષક ભવાબ્ધી તને નમોસ્તુ ! ૨૬
આશ્ચર્ય શુ ગુણુજ સર્વ કદી મુનીશ !
ત્હારોજ આશ્રય કરી વસતા હમેશ !
દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા,
ગર્વાદીકે ન તમને સ્વપને દીઠેલા ! ૨૭
ઉચા અશોક તરૂ અશ્રિત કીર્ણું ઉચ

અત્યંત નિર્મળ દીશે પ્રભુ આપ—રૂપ,
તે જેમ મેઘ–સમીપે રહી સૂર્ય–બિંબ–
શોભે પ્રસારી કિરણો હણીને તીમિર. ૨૮
સીંહાસને મણિતણા કિરણે વિચિત્ર,
શોભે સુવર્ણ–સમ આપ શરીર ગૌર,
તે સૂર્ય-બિંબ ઉદયાચળ શિર ટોચે,
આકાશમાં કિરણ જેમ પ્રસારી શોભે ૨૯
ધોળા ઢળે ચમર કુંદ–સમાન એવું,
શોભે સુવર્ણ–સમ રમ્ય શરીર ત્હારૂં,
ત ઉગતા શશિસમા જળ–ઝર્ણ ધારે,
મેરૂતણા કનકના સિર પેઠ શોભે ! ૩૦
ઢાંકે પ્રકાશ રવિનો શશિતુલ્ય રમ્ય !
મોતી–સમૂહ–રચનાથી દીપાયમાન !
એવા પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,
ત્રૈલોકનું અધીપતિપણું તે જણાવે ! ૩૧
ગંભીર ઉચ્ચ સ્વરથી પુરી છે દિશાઓ,
ત્રૈલોકને સગ્સ–સંપદ આપનારો,

સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો !
વાગે છે દુંદુભિ નભે યશવાદી ત્હારો 32
મંદાર સુંદર નમેરૂ જ પારિજાતે,
સંતાનકાદિ કુલની બહુ વૃષ્ટિ ભારે,
પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે,
શું દિવ્ય વાણી તુજ સ્વર્ગથકી પડે તે ! 33
શોભે વિભો પ્રસરતી તુજ કાંતિ ભારે,
ત્રૈલોકની દ્યુતિ–સમુહની કાંતિ હારે !
તે ઉગતા રવિસમી બહુ છે, છતાએ,
રાત્રિ જીતે શીતલ ચંદ્ર સમાન તેજે !
જે સ્વર્ગ મોક્ષ સમ માર્ગજ શોધી આપે.34
સદ્ધર્મ–તત્વ કથવે પટુ ત્રણ લોકે,
દિવ્યધ્વની તુજ થતો વિશદાર્થ સર્વ—
ભાષા–સ્વભાવ–પરિણામ ગુણેથી યુક્ત 35
ખીલેલ હેમ–કમળો સમ કાંતિવાળા,
ફેલે રહેલ નખ–તેજ થકી રૂપાળા,
એવા જીનેંદ્ર તુમ પાદ ડગો ભરે છે.

ત્યા કલ્પના કમળની વિબુધો કરે છે ! ૩૬
એવી જિનેદ્ર થઇ જે વિભૂતિ તમોને,
ધર્મોપદેશ સમયે નહિ તે બીજાને !
જેવી પ્રભા તિમિર હારિ રવિ તણી છે,
તેવી પ્રકાશિત ગ્રહોની કદી બની છે ? ૩૭
વ્હેતા મદે મલિન ચચળ શિર તેવો,
ગુજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો,
ઐરાવતે તલિત ઉદ્ધત હાથી સામે-
આવેલ જોઈ તુમ આશ્રિત ભય ન પામે ! ૩૮
ભેદી ગજેદ્ર-શિર શ્વેત રૂધિરવાળા-
મોતી સમુહ થકી ભુમિ દીપાવી એવા,
દોડેલ સીહ તણી દોટ વિષે પડે જે,
ના તુજ પાદ ગિરી આશ્રયથી મરે તે ! ૩૯
જે જોરમા પ્રલયના પવને થએલો,
ઓઢા ઉડે બહુજ અગ્નિ દવે ધીકેલો,
સહારસે જગત સન્મુખ તેમ આવે,
તે તુજ કીર્તન રૂપી જળ શાત પાડે. ૪૦

જે રક્ત નેત્ર પિક-કંઠ સમાન કાળો,
ઉંચી ફણે સરપ સન્મુખ આવનારો,
તેને નિશંક જન તેહ ઉલંઘી ચાલે,
त्वं नाम નાગદમની દીલ જેહ ધારે ! ૪૧
નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન !
એવું રણે નૃપતિનુ બળવાન સૈન્ય,
ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી,
છેદાય શિઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી ૪૨
બર્છી થકી હણિત હસ્તિ રૂધિર વ્હે છે,
યોદ્ધા પ્રવાહ થકી આતુર જયા તરે છે,
એવા યુધે અજીત શત્રુ જીતે, જનો તે-
त्वत्पाद પંકજરૂપી વન શર્ણ લે જે ૪૩
જ્યાં ઉછળે મગર મચ્છ તરંગ ઝાઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા,
એવાજ સાગર વિષે સ્થિત નાવ જે છે,
તે નિર્ભયે તુજતણા સ્મરણે તરે છે ૪૪
જે છે નમ્યા ભયદ રોગ જળોદરેથી,

પામ્યા દશા દુ:ખદ આશા ન દેહ તેથી,
ત્વત્પાદ-પદ્મ રજ અમૃત નીજ દેહે-
ચોળે બને મનુજ કામ સમાન રૂપે ! ૪૫
બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણીથી જાગ ઘસાય જેની,
એવા અહોનિશ જપે તુજ નામ મંત્ર,
તો તે જનો તુરત થાય રહીત બંધ ? ૪૬
જે મત્ત હસ્તિ, અહિ, સિંહ, દવાનલાગ્નિ,
સંગ્રામ સાગર જળોદર બંધનોથી-
પેદા થયેલ ભય, તે ઝટ નાશ પામે !
ત્હારૂં કરે સ્તવન આ, મતીમાન પાઠે ! ૪૭
આ સ્તોત્ર માળ તુજના ગુણથી ગુંથી મે,
ભક્તિ થકી વિવિધ વર્ણ રૂપીજ પુષ્પે,
તેને જિનેંદ્ર ! જન જે નિત કંઠ નામે,
તે માન તુંગ અવશા શુભ લક્ષ્મી પામે. ૪૮

॥ श्री कल्याणमंदिर स्तोत्र ॥

(હરિગીત છંદ)

કલ્યાણનુ મંદિર અને ઉદાર ઇચ્છીત આપવે,
દાતા અભય ભયભીતને, સમર્થ દુરિત કાપવે,
સંસાર દરિયે ડુબતાને નાવ રૂપે જે વળી,
નિર્દોષ પ્રભુના પદકમળને પ્રથમ હું પ્રેમે નમી ૧
સાગર સમા જેના મહીમાની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સુરગુરૂ તે, છેક શક્તિહીણુ દીશે,
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે,
તીર્થેશની સ્તુતિ કરીશજ તેમની હું તો ખરે ૨
સામાન્ય રીતે પણ તમારા રૂપને વિસ્તારવા,
જીનરાજ ! શક્તિમાન દુર્લભ મુઢ મુજસમ છે થવા,
દિન અંધ ધીરજવાન બચ્ચુ ઘુડનુ જે તેહથી,
નહિ સૂર્ય કેરા રૂપને વર્ણી શકાશે સ્નેહથી. ૩
અનુભવ કરે તુજ ગુણતણો જન મોહના ટળવા થકી,
નહિ પાર પામે નાથ ! તે પણ આપ ગુણ ગણતા કદી,
જયમ પ્રલયકાળવડે ખસેલા જળ થકી સમુદ્રના,
ખુલ્લા થયેલા રત્ન ઢગલા કોથી માપી શકાય ના. ૪

દેદીપ્યમાન અસખ્ય ગુણુની ખાણુ નાથ તમારી છુ,
આરભતો કરવા સ્તુતિ પણુ મદબુદ્ધિમાન છુ ! !
શુ બાળ પણુ કે, તુ નથી લબાવી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથીજ સમુદ્રના વિસ્તારને ૫
હે ઇશ ! યોગી પણુ તમારા ગુણુ જે ન કહી શકે!
સામર્થ્ય મારૂ ક્યાથી વર્ણુન મુજથી તેનુ થઈ શકે,
વિચાર વિણુનુ કાર્ય આ ગણુાય મારૂ તેહથી,
પણુ પક્ષી શુ પોતાતણી ભાષા કહો વદતા નથી ? ૬
અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની હો જીન રે,
તુજ નામ પણુ સસારથી ત્રૈલોક્નુ રક્ષણુ કરે,
જ્યમ ગ્રીષ્મ કેરા સખત તાપ વડે મુસાફર જે દુખી,
તે થાય કમળ તલાવ કેરા શિતળ વાયુથી સુખી ૭
હે સ્વામી આપ હૃદય વિષે આવો તદા પ્રાણી તણુા,
ક્ષણુ માત્રમા દ્રઢ કર્મબધન જાય તુટી જગ તણુા,
વનના મયુરો મધ્યમા જેવી રીતે આવ્યા થકી,
ચદન તણા તરૂથીજ સર્પો સદ્ય છુટે છે નકી ૮
દર્શન અહો જીનેદ્ર ! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેકડો દુખ ભયભરેલા સ્હેજમા ટળી જાય છે,
ગોવાળ કિંવા સુર્ય તેજસ્વી તણા દીઠા થકી,

પશુઓ મુકાયે સદ્ય જેવા નાસતા ચોરો થકી. ૯
તારક તમે જીનરાજ! કેવી રીતથી સસારીના!
તમને હૃદયમા ધારી ઉલટા તારતા મસારીઆ!!
આશ્ચર્ય છે પણ ચર્મ કેરી મસકથી સાચુ ઠરે,
અદર ભરેલા વાયુના આધારથી જળને તરે!! ૧૦
હરિ, હર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણુ માત્રમા તે રતિપતિને સ્હેજમા આપે હણ્યો,
જે પાણી અગ્નિ અન્યને બુઝાવતુ પળવારમા,
તે પાણીને વડવાનળે પીધુ ન શુ ક્ષણુવારમા? ૧૧
હે સ્વામિ! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો! નીજ હૃદયમા ધાર્યાં થકી,
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સ્હેજમા તરી જાય છે!
અથવા મહાન જનોતણો મહિમા અચિંત્ય ગણાય છે ૧૨
હે પ્રભુ જ્યારે પ્રથમથી આપે હણ્યો તો ક્રોધને,
આશ્ચર્ય ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને?
અથવા નહીં આ અવનીમા શુ દેખવામા આવતુ?
શીતળ પડે જે હીમ તે લીલા વનોને બાળતુ!! ૧૩
હે જીન! યોગી આપને પરમાત્મ રૂપેથી સદા,
નિજ હૃદય કમળે જ્ઞાન રૂપી ચક્ષુથી અવલોકતા,

પુનિત નિર્મળ કાંતિવાળા કમળનું બી સંભવે,
શું કમળ કેરી કર્ણિકાના મધ્યવિણ બીજે સ્થળે ? ૧૪
ક્ષણ માત્રમાં જીનરાજ! ભવિજન આપ કેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી,
જ્યમ તિવ્ર અગ્નિ તાપથી મિશ્રીત ધાતુ હોય તે,
પથ્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે !! ૧૫
હે જીન ! હમેશા ભવ્યજન જે દેહના અંતર વિષે
ધરતા તમારૂં ધ્યાન તેનો નાશ કરતા કેમ તે ?
અથવા સ્વભાવ મહાજન મધ્યસ્તનો એવો સદા,
વિગ્રહ તણો કરી નાશને શાંતિ પ્રસારે ઉભય થા. ૧૬
નહિ ભેદ હે પ્રભુ ! આપને આત્મા વિષે એ બુદ્ધિથી,
ચિંતન કરે પંડિત અહીં તે, આપસમ થાયે નકી,
જે જળ વિષે શ્રદ્ધા થકી અમ્રતતણું ચીંતન કરે,
તે જળ ખરેખર વિષના વિકારને શું ના હરે ? ૧૭
તમને જ અજ્ઞાને રહિત પરધમી પણ નામાંતરે,
વિભુ! હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે,
કમળા તણા રોગેથી જેના નેત્ર પ્રભુ ! પીળા રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી નહી કહે ? ૧૮
ધર્મોપદેશ તણા સમયમાં આપના સહવાસથી,

તરૂ પણ અશોકજ થાય, તો શુ મનુજનુ કેવુ પછી,
જ્યમ સૂર્યના ઉગ્યા થકી ના માત્ર માનવી જાગતા,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સ્હેજમા પ્રફુલિત થના. ૧૯
ચારે દિશાયે દેવ જે પુષ્પો તણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચા મુખવાળા ડીટથી તે ક્યમ પડે !
હે મુનીશ ! અથવા આપનુ સામિપ્ય જવ પમાય છે,
પડીત અને પુષ્પોતણા બ ધન અધો મુખ થાય છે ! ૨૦
જે આપના ગભીર હૃદયના સમુદ્રમાથી ઉપજે,
તે વાણિમા અમૃતપણુ લોકો કહે તે સત્ય છે,
કા કે કરીને પાન પરમાનન્દને ભજતા થકા,
ભાવજન અહો એથી કરીને શીઘ્ર અજરામર થતા ૨૧
દેવો વીઝે જે પવિત્ર ચામ્ર સ્વામિ ! આપ સમીપ તે,
હુ ધારૂ છુ નીચા નમી ઉચા જતા એમજ કહે,
" મુનિ શ્રેષ્ટ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધ ભાવી ઉર્ધ્વ ગતિને પામશે નિશ્ચય થકી "૨૨
સુવર્ણ રત્નોથી બનેલા ઉજ્વળ સિહાસને,
ગભીર વાણી વાનરૂપે શ્યામ સ્વામિ આપને,
ઉત્સુક થઇને ભવ્યજન રૂપી મયુરો નિરખે,
મેરૂ શીરે અતિ ગાજતા નવ મેઘસમ પ્રિતિ વડે॥ ૨૩

ઉચે જતી તુમ શ્યામ ભામડળ તણી કાતિ વડે,
લોપાય રગ અશોક કેરા પાનને। સ્વામિ ખરે,
પ્રાણી સચેતન તો પછી વીતરાગ ! આપ સમાગમે,
રે કોણ આ સસારમા પામે નહીં વૈરાગ્યને ? ૨૪
"રે રે પ્રમાદ તજો, અને આવી ભજો આ નાથને,
જે મોક્ષપુરી પ્રત્યે જતા વ્યાપારી પાર્શ્વનાથને !"
સુર દુદુભીનો શબ્દ જે આકાશમા વ્યાપી રહે,
હું માનુ છુ હે દેવ ! તે ત્રૈલોકને એમજ કહે ૨૫
હે નાથ ! આ ત્રૈલોકમા પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચદ્રમા, તવ હીણ અધિકારી ઠર્યો,
મોતી સમૂહે શોભતા ત્રણ છત્રના મીશે કરી,
(તે)આવ્યો પ્રભુની પાસ તકી રૂપ ત્રણ જાણે ધરી ૨૬
કીર્તિ પ્રતાપજ કાતિ કેરા સમૂહથી ત્રૈલોક આ,
ગોળારૂપે ભગવાન ! જ્યમ આપે પૂરેલા હોયના !
રુપુ સુર્ણ અને વળી માણીક્યથી નિર્મીત ખરે,
ગોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લાવડે.૨૭
પડતી પ્રભુ ! તુમ પાદમા દેવેન્દ્ર નમતા તેમની,
રત્ને રચીત મુગટો તજીને દિવ્ય માળા પુષ્પની,
હુ માનુ છુ મનમા ખરે એ યોગ્ય થાયે સર્વથી,

વિભુ આપનો સગમ થતા શુ મનોબીજે રમતા નથી ૨૮
હે નાથ ! આ સસાર સાગરથી તમે વિમુખ છતે,
નિજ આશ્રિતોને તારતા, વિશ્વવેશ તે તો યોગ્ય છે,
લોકો તરે માટી તણા ઘટ કર્મપાક સહિતથી,
આશ્ચર્ય વિભુ ! પણ આપ છો રહિત કર્મ વિપાકથી.૨૯
વિશ્વવેશ, જનપાલક ! છતા પણ આપ દુર્ગત દીશતા,
હે ઇશ ! અક્ષર છો, તથાપી રહિત લિપિ સર્વથા !
વળી દેવ છે અજ્ઞાનિને પણ તારનાર સદૈવ જે !
વિચિત્ર તે ત્રિલોક બોધક જ્ઞાન આપ વિષે સ્ફુરે॥૩૦
આકાશ આચ્છાદિત કરે એવી અતિષય ધુળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામિ આપને,
છાયા પરતુ નાથ ! તેથી આપની ઢકાઈ નથી !!
ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી!! ૩૧
વિજળી સહિત ઘનઘોર મુશલધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે, છોડિયો પ્રભુ ! ગાજતો,
તેણે અહો જીનરાજ ઉલટુ રૂપ ત્યા રહેજે થયુ,
તિક્ષણ છુરી તલવાર કેરૂ કામ તે સામુ કર્યું!! ૩૨
વિક્રાળ ઉચા કેશ લટકે માળ શબના શિરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નિકળે જેના વળી,

એવો સમૂહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ! પ્રતિભવ દુખકારી તેહને તે તો થયો !! ૩૩
હે ત્રણભુવનના નાથ! જેઓ અન્ય કાર્યો છોડીને,
ત્રિકાળ વિધીવત પૂજતા તુજ ચરણને ચિત જોડીને
વળી ભક્તિના ઉલ્લાસથી રોમાચવાળો દેહ છે,
આ પૃથ્વીમા તે ભવ્યજનને હે પ્રભુજી ધન્ય છે ૩૪
હે મુનીશ! આ સસારરૂપ અપાર સાગરને વિષે,
હુ માનુ છુ તુમ નામ નહિ મુજ શ્રવણમા આવ્યુ હશે,
સુણ્યા છતાય પવિત્ર મત્રરૂપી તમારા નામને,
આપત્તિરૂપી સર્પિણી શુ સમીપમા આવી શકે? ૩૫
હે દેવ જન્માતર વિષે પણ આપના એ ચરણ જે,
બળવાન ઇચ્છત આપવે તે, મે નહી પૂજ્યા હશે,
હે મુનીશ હુ તેથી કરીને જરૂર આ ભવને વિષે,
સ્થળ હૃદય વેધક પરાભવનુ થયેલો જાતે દીશે ૩૬
નીશ્ચય અરે! મોહાધકારે વ્યાપ્ત એવા નેત્રથી,
પૂર્વે કદી મે એક વેળા પણ પ્રભુ જોયા નથી,
કેવી રીતે થઈ હૃદય ભેદક અન્યથા પીડે મને,
બળવાન બધનની ગતિવાળા અનર્થો શરીરને. ૩૭
કદી સાભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નિરખ્યા હશે,

પણ પ્રીતિથી ભક્તિવડે નહિ હૃદયમા ધાર્યા હશે,
જનબધુ ! તેથી દુ ખપાત્ર થએલ છુ ભવને વિષે,
કાંકે ક્રિયા ભાવે રહિત નહિ આપતી ફળ કાઇએ ૩૮
સુખકારી શરણાગત પ્રભુ ! હિતકારીજન દુખિયા તણા,
હે યોગિયોમા શ્રેષ્ઠ ! સ્થળ કરૂણા અને પુણ્યજ તણા,
ભક્તિ થકી નમતો હું તે મહેશ ! મા'રા ઉપરે,
તત્પર થશો દુ ખ અ કુરોને ટાળવા કરૂણા વડે ૩૯
અસખ્ય બળનુ શરણુ ને વળી શરણ કરવા યોગ્ય જે,
અરી નાશથી થઇ કીર્તિ એવા આપના પગ કમળને,
શરણે છતા પણ ભુવન પાવન ! ધ્યાનથી કદી હીણુતો,
છુ પ્રથમથીજ હણાયલો હણવાજ માટે યોગ્ય જો ૪૦
હે અખિલ વસ્તુ જાણુનાર ! વદ્ય ! હે દેવેન્દ્ર ને,
સસારના તારક ! અને ભુવનાધિનાથ ! પ્રભુ ! તમે,
ભયકારી દુ ખદરિયા થકી આજે પવિત્ર કરો અને,
કરૂણાતણા હે સિધુ ! તારો દેવ ! દુખિયાને મને ૪૧
હે નાથ ! આપ ચરણ કમળની નિત્ય સચીત જે કરી,
તે ભક્તિ કેરી સતતિનુ હોય ફળ કદી જો જરી,
તો શરણ કરવા યોગ્ય ! માત્રજ આપને શરણે રહ્યો,
તે અહી અને ભવ અન્યમા પોતેજ મુજ સ્વામી થજો ૪૨

એ રીતથી રૂડે પ્રકારે સ્થિર બુદ્ધિવાન ને,
અતિ હર્ષથી રોમાચી જેના શરીર કેરા અગ તે,
તુજ મુખકમળ નિર્મળ વિષે જીનેંદ્ર ! બાધી દૃષ્ટિને,
જે ભવ્યજન હે પ્રભુ ! રચે છે, આપ કેરી સ્તુતિને.૪૩

પુષ્પિતાગ્રા છંદ

જન નયન કુમદચદ્ર સ્વામી,
ચળકતી સપદ સ્વર્ગનીજ પામી,
નિરમળ મનના થવા થકી એ,
તુરત થશે જન મોક્ષને વિષે તે.

श्री चौवीसजिन आरती.

જય મુક્તિદાતા, પ્રભુ જય મુક્તિદાતા
તુજને વદન કરીએ (૨)
ગુણ તારા ગાતા, જયદેવ જયદેવ— એ ટેક.
આદીનાથ અજીત, સભવ સુખકારી ॥ પ્રભુ સ૦
કષ્ટ હમારા કાપો, હે ભવ ભય હારી ॥જય૦॥૧॥
અભિનદન સુમતી, પદ્મ તુ મુજ પ્યારો ॥ પ્રભુ પ૦॥
સુપાર્શ્વચદ્ર સુબુદ્ધિ, શિતળ ભવ તારો ॥ જય૦॥ ૨॥

શ્રેયાસ વાસુ વિમળ, અનત ગુણુ ભરીયા ॥ પ્રભુ અ૦॥
કષ્ટ ભવોના કાપી, શિવરમણી વરિયા ॥ જય૦॥ ૩ ॥
ધર્મ ધુરંધર નાથ, આપ વસ્યા મુક્તિ ॥પ્રભુ આ૦॥
શાતીનાથ સુણો શ્રવણે, દાસતણી યુક્તિ ॥જય૦॥ ૪ ॥
કુથુનાથ કોડે કાઢય, કુવનમાથી ॥ પ્રભુ કા૦ ॥
અર મલ્લિને પ્રણુમુ, તારો કર સાથી ॥ જય૦॥ પ॥
મુનિસુવ્રત મહારાજ અગણિત મુજ ખામી ॥પ્રભુઅ૦॥
વદુ શિર હુ નામી, તાર અતર જામી ॥જય૦॥૬॥
નેમિનાથ ભગવાન, ભાવ ધરી ભાળો ॥ પ્રભુ ભા૦॥
નિર્મળ નેમ નગીના, દુખ સર્વે ટાળો ॥ જય૦॥ ૭॥
પાર્શ્વ ધર્મ કૃપાળ, જન પાલણુ હારો ॥પ્રભુ જ૦॥
વર્ધમાન જીન વદુ, ભવ જળથી તારો ॥ જય૦॥૮॥
ચોવીશ જીન ભકિત, ભાવ ધરી કરશે ॥પ્રભુ ભા૦॥
જન્મમરણુ દુખ ટાળી, મુક્તિને વરશે ॥ જય૦ ॥૯॥
નમી તુજને કહે નેમ, નાથ તુ છે મહારો ॥ પ્રભુ ના૦॥
જૈન પ્રર્વતકમંડળ, શાસન સહુ તાહરો ॥જય૦॥ ૧૦॥

श्री साधु वंदना प्रारंभः

નમુ અનત ચોવીશી, ઋષભાદિક મહાવીર ॥

આરજ ક્ષેત્રમા, ધાલી ધર્મની શીર ॥ ૧ ॥
મહા અતુલ્ય બળિ નર, શુર વીરને ધીગ ॥
તીરથ પ્રવર્તાવી, પહોત્યા ભવજળ તીર ॥ ૨ ॥
શ્રીમધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીશ ॥
છે અઢી દ્વીપમા, જયવતા જગદીશ ॥ ૩ ॥
એકશો ને શિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગદીશ ॥
ધન્ય મહોટા પ્રભુજી, તેહને નમાવુ શીશ ॥ ૪ ॥
કેવળી હોય કોડી, ઉત્કષ્ટા નવ કોડિ ॥
મુનિ હોય સહસ કોડી, ઉત્કષ્ટા નવસહસ કોડિ ॥૫॥
વિચરે વિદેહે, મહોટા તપસી ઘોર ॥
ભાવે કરિ વદુ, ટાળે ભવની ખોડ ॥ ૬ ॥
ચોવીશે જિનના, સઘળા એ ગણધાર ॥
ચૌદશેને બાવન, તે પ્રણમુ સુખકાર ॥ ૭ ॥
જિનશાસન નાયક, ધન્ય શ્રી વીર જિણદ ॥
ગૌતમાદિક ગણધર, વર્તાવ્યો આણદ ॥ ૮ ॥
શ્રી ઋષભદેવના, ભરતાદિક સો પુત્ર ॥
વૈરાગ્ય મન આણી, સયમ લિયો અદ્ભુત ॥ ૯ ॥
કેવળ ઉપરાજ્યુ, કરી કરણી કરતુત ॥
જિનમત દીપાવી, સઘળા મોક્ષ પહુત ॥ ૧૦ ॥

શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ ॥
આદિત્ય જશાદિક, પહોત્યા શિવપુર વાટ ॥ ૧૧ ॥
શ્રી જિન અતરના, હુવા પાટ અસખ્ય ॥
મુનિ મુકતે પહોત્યા, ટાળિ કર્મના વક ॥ ૧૨ ॥
ધન્ય કપિલ્લ મુનિવર, નમિ નમુ અણુગાર ॥
જેણે તતક્ષણુ ત્યાગ્યો, સહસ રમણિ પરિવાર ॥૧૩॥
મુનિવર હરકેશી, ચિત્ત મુનીસર સાર ॥
શુદ્ધ સયમ પાળી, પામ્યા ભવનો પાર ॥ ૧૪ ॥
વળિ ઇખુકાર રાજા, ઘેર કમળાવતિ નાર ॥
ભગુ ને જશા, તેહના દોય કુમાર ॥ ૧૫ ॥
છયે ઋદ્ધિ છાડિને, લીધો સયમ ભાર ॥
ઇણુ અલ્પકાળમા, પામ્યા મોક્ષ દુવાર ॥ ૧૬ ॥
વળિ સયતિ રાજા, હરણુ આહિડે જાય ॥
મુનિવર ગદભાળી, આણ્યો મારગ ઠાય ॥ ૧૭ ॥
ચારિત્ર લઈને, ભેટયા ગુરૂના પાય ॥
ક્ષત્રિરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય ॥ ૧૮ ॥
વળિ દશે ચક્રવર્તિ, રાજ્ય રમણિ ઋદ્ધિ છોડ ॥
દશે મુગતે પહોત્યા, કુળને શોભા ચોડ ॥ ૧૯ ॥
ઇણુ અવસર્પિણીમા, આઠ રામ ગયા મોક્ષ ॥

બળભદ્ર મુનિશ્વર, ગયા પંચમે દેવલોક ॥ ૨૦ ॥
દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરિ માન ॥
પછે ઇંદ્ર હઠાયો, દિયો છકાય અભેદાન ॥૨૧॥
કરકંડુ પ્રમુખ, ચારે પ્રત્યેક બુદ્ધ ॥
મુનિ મુક્તે પહોત્યા, જીત્યા કર્મ મહા જોદ્ધ ॥૨૨॥
ધન્ય મ્હોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ ॥
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીશ ॥૨૩॥
વળિ સમુદ્રપાળ મુનિ, રાજેમતિ રહનેમ ॥
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ ॥૨૪॥
ધન્ય વિજયઘોષ મુનિ, જયઘોષ વળિ જાણુ ॥
શ્રી ગર્ગાચારજ, પહોત્યા છે નિર્વાણુ ॥ ૨૫ ॥
શ્રી ઉત્તરાધ્યયનમા, જિનવરે કર્યા વખાણુ ॥
શુદ્ધ મને ધ્યાવો, મનમે ધીરજ આણુ ॥૨૬ ॥
વળી ખદક સન્યાસી, રાખ્યો ગૌતમ સ્નેહ ॥
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ ॥ ૨૭ ॥
તપ કઠણુ કરીને, ઝોસી આપણિ દેહ ॥
ગયા અચ્યુત દેવલોકે, ચ્યવિ લેશે ભવ છેહ ॥ ૨૮ ॥
વળી ઋષભદત્ત મુનિ, શેઠ સુદર્શન સાર ॥
શિવરાજ ઋષીશ્વર, ધન્ય ગાગેય અણગાર ॥૨૯॥

શુદ્ધ સયમ પાળી, પામ્યા કેવળ સાર ॥
એ ચારે મુનીવર, પહોત્યા મોક્ષ માઝાર ॥૩૦॥
ભગવતની માતા, ધન ધન સતિ દેવાનદા ॥
વળિ સતી જયતિ, છોડ દિયા ધર ફદા ॥૩૧॥
સતિ મુગતે પહોત્યા, વળિ તે વીરના નદ ॥
મહાસતી સુદર્શના, ધણિ મતિયોના વૃદ ॥૩૨॥
વળી કાર્તિક શેઠે, પડિમા વહિ શુરવીર ॥
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર ॥૩૩॥
પછિ ચારિત્ર લીધુ, મીત્ર એકસહસ આઠ ભીર ॥
મરિ હુવા શક્રેદ્ર, ચ્યવિ લેશે ભવ તીર ॥ ૩૪॥
વળિ રાય ઉદાઇ, દિયો ભાણેજને રાજ ॥
પછિ ચારિત્ર લેઇને, સાર્યા આતમ કાજ ॥૩૫॥
ગગદત્ત મુનિ આણદ, તરણ તારણ જીહાજ ॥
કુશળ મુનિ રહો, દિયો ધણાને માજ ॥ ૩૬ ॥
ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર ॥
આરાધિક હુઇને, ગયા દેવલોક મોઝાર ॥૩૭ ॥
ચ્યવિ મુગતે જાશે, વળિ સીહ મુનીશ્વર સાર ॥
બીજા પણ મુનિવર, ભગવતિમા અધિકાર ॥૩૮॥
વણિકનો બેટો, મહોટો મુનિવર મેઘ ॥

તજી આઠ અંતેઉરિ, અણ્યો મન સંવેગ ॥ ૩૯ ॥
વીરપે વ્રત લેઇને, બાંધી તપની તેગ ॥
ગયા વિજય વિમાને, ચ્યવિ લેશે શિવ વેગ ॥૪૦॥
ધન્ય થાવર્ચા પુત્ર, તજી બત્રીશે નાર ॥
તેની સાથે નીકળ્યા, પુરૂષ એક હજાર ॥ ૪૧ ॥
શુકદેવ સંન્યાશી, એક સહસ શિષ્ય લાર ॥
પંચસયશું શેલક, લીધો સંયમ ભાર ॥ ૪૨ ॥
સર્વ સહસ્ર અઢાઇ, ઘણા જીવોને તાર ॥
પુંડરગિરી ઉપર, કિયો પાદોપગમન સંથાર ॥૪૩॥
આરાધિક હુઇને, કીધો ખેવો પાર ॥
હુવા મહોટા મુનિવર, નામ લિયા નિસ્તાર ॥૪૪॥
ધન્ય જિનપાળ મુનીવર, દોય ધનાવા સાધ ॥
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જાશે આરાધ ॥૪૫॥
મલ્લિનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મુનીરાય ॥
સર્વે મુક્તે સીધાવ્યા, મહોટી પદવી પાય ॥૪૬॥
વળી જિતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન ॥
પોતે ચારિત્ર લેઇને, પામ્યા મોક્ષ નિધાન ॥૪૭॥
ધન્ય તેતળિ મુનિવર, દિયો છકાય અભેદાન ॥
પોટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળજ્ઞાન ॥ ૪૮ ॥

ધન્ય પાચે પાડવ, તજી દ્રોપદી નાર ॥
સ્થિવરની પાસે, લીધો સયમ ભાર ॥ ૪૯ ॥
શ્રી નેમિ વદનનો, એહવો અભિગ્રહ કીધ ॥
માસ માસખમણુ તપ, શેત્રુજય જઇ સિદ્ધ ॥૫૦॥
ધર્મ ઘોષતણા શિષ્ય, ધર્મરૂચિ અણગાર ॥
કીડીયોની કરૂણા, આણી દયા અપાર ॥ ૫૧ ॥
કડવા તુબાનો, કીધો સઘળો આહાર ॥
સર્વાર્થસિદ્ધ પહોત્યા, ચ્યવિ લેશે ભય પાર ॥૫૨॥
વળી પુડરિક રાજા, કુડરિક ડગીયો જાણુ ॥
પોતે ચારિત્ર લેઇને, ન ઘાલી ધર્મમા હાણ ॥૫૩॥
સર્વાર્થસિદ્ધ પહોત્યા, ચવી લેશે નિરવાણુ ॥
શ્રી જ્ઞાતાસૂત્રમા, જિનવરે કર્યા વખાણુ ॥૫૪॥
ગૌતમાદિક કુમર, સગા અઢારે ભ્રાત ॥
સર્વ અધકવિશ્નુ સુત, ધારણિ જ્યારી માત ॥૫૫॥
તજી આઠ અતેઉરી, કાઢિ દીક્ષાની વાત ॥
ચારિત્ર લેઇને, કીધો મુક્તિનો સાથ ॥ ૫૬ ॥
શ્રી અનેક સેનાદિક, છયે સહોદર ભાય ॥
વસુદેવના નદન, દેવકી જ્યારી માય ॥૫૭॥
ભદીલપુર નગરી, નાગ ગહાવઈ જાણુ ॥

સુળસા ધેગ વધિયા, સાભળી નેમિની વાણુ ॥૫૮॥
તજી બત્રીસ (૨) અતેઉરી, નીકળિયા છટકાય ॥
નળ કૂબેર સમાણા, ભેટયા શ્રીનેમિના પાય ॥૫૯॥
કરી છઠ છઠ પારણા, મનમે વૈરાગ્ય લાય ॥
એક માસ મથારે, મુક્તિ બિરાજ્યા જાય ॥૬૦॥
વળિ દારુક સારણ, સુમુખ દુમુખ મુનિરાય ॥
વળિ કુમર અનાદષ્ટિ, ગયા મુક્તિગઢમાય ॥૬૧॥
વસુદેવના નદન, ધન્ય ધન્ય ગજસુકુમાળ ॥
રૂપે અતિ સુદર, કળાવત વય બાળ ॥૬૨॥
શ્રી નેમિ સમીપે, છોડયો મોહ જજાળ ॥
ભિક્ષુની પડિમા, ગયા મસાણ મહાકાળ ॥૬૩॥
દેખી સોમિલ કોપ્યો, મસ્તકે બાધી પાળ ॥
ખેરતણા ખીરા, શિર ઠવિયા અસરાળ ॥૬૪॥
મુનિ નજર ન ખડી, મેટી મનની જાળ ॥
પરીસહ સહિને, મુક્તિ ગયા તતકાળ ॥ ૬૫ ॥
ધન્ય જાળી મયાળી, ઉવયાલ્લાદિક સાધ ॥
સાબ ને પ્રદ્યૂમન, અનિરૂઢ સાધુ અગાધ ॥ ૬૬ ॥
વળી સચ્ચનેમિ દઢનેમિ, કરણી કીધી વાદ ॥
દશે મુક્તે પહોત્યા, જિનવર વચન આરાધ ॥૬૭॥

ધન્ય અર્જુનમાળી, કિયો કદાગ્રહ દૂર ॥
વીરપે વ્રત લેઈને, સત્યવાદિ હુવા શૂર ॥ ૬૮ ॥
કરિ છઠ છઠ પારણા, ક્ષમા કરી ભરપૂર ॥
છ માસની માહી, કર્મ કિયા ચકચૂર ॥ ૬૯ ॥
કુમર અઇમુત્તે, દીઠા ગૌતમસ્વામ ॥
સુણિ વીરની વાણી, કીધો ઉત્તમ કામ ॥૭૦॥
ચારિત્ર લેઇને, પહોત્યા શિવપુર ઠામ ॥
ધુર આદિ મકાઇ, અત અલક્ષ મુનિ નામ ॥૭૧॥
વળી કૃષ્ણરાયની, અગ્રમહિષી આઠ ॥
પુત્ર વહુ દોયે, સચ્યા પુણ્યના ઠાઠ ॥ ૭૨ ॥
જાદવકુળ સતિયા, ટાળ્યો દુ ખ ઉચાટ ॥
પહોત્યા શિવપુરમે, એ છે સુત્રનો પાઠ ॥૭૩॥
શ્રેણિકની રાણી, કાલીઆદિક દશ જાણ ॥
દશે પુત્ર વિયોગે, સાભળી વીરની વાણ ॥ ૭૪ ॥
ચ દનબાળાપે, સયમ લઇ હુવા જાણ ॥
તપ કરી દેહ ઝોશી, પહોત્યા છે નિરવાણ ॥૭૫॥
ન દાદિક તેરે, શ્રેણિક નૃપની નાર ॥
સઘળી ચ દનબાળાપે, લીધો સયમ ભાર ॥૭૬॥
એક માસ સથારે, પહોત્યા મુક્તિ મોઝાર ॥

એ નેવુ જણાનો, અતગડમા અધીકાર ॥૭૭॥
શ્રેણીકના બેટા, જાળિયાદિક તેવીશ ॥
વીરપે વ્રત લેઇને, પાળ્યો વિશ્વાવીશ ॥૭૮॥
તપ કઠણ કરીને, પૂરી મન જગીશ ॥
દેવલોકે પહોત્યા, મોક્ષ જાશે તજી રીસ ॥૭૯॥
કાકદિનો ધન્નો, તજી બત્રીશે નાર ॥
મહાવીર સમીપે, લીધો સયમ ભાર ॥૮૦॥
કરિ છઠ છઠ પારણા, આયબિલ ઉચ્છિત આહાર ॥
શ્રી વીરે વખાણ્યા, ધન ધન્નો અણગાર ॥૮૧॥
રખ્ખેજજ કોહ વિણુએજજ માણુ, માય ન
સેવેજજ પહેજજ લોહ ॥ ૧૨ ॥ જે સખ
યા તુચ્છ પરપ્પવાઇ, તે પેજજ દોસાણુગયા
પરઝા ॥ એ એ-અહમ્મોત્તિ દુગછમાણા, કખે

ગુણે જાવ સરિસ્સ ભેઉ ત્તિએમિ ॥ ૧૩ ॥

ઇતિ ચોથું અધ્યયન સમાપ્તં

श्री भक्तामर स्तोत्र–संस्कृत.

(વસતતિલકાવૃત્તમ)

ભક્તામરપ્રણુતમૌલિ મણિપ્રભાણા મુદ્યોત-કદલિતપાપ તમોવિતાનમ્ ॥ સમ્યક્ પ્રણમ્યજિનપાદયુગ યુગાદા વાલબન ભવજલે પ-તતા જનાનામ્ ॥ ૧ ॥ ય સસ્તુત સકલવા-ઙ્મયતત્વબોધા દુદ્દ્ભુતબુદ્ધિપટુભિ સુરલોકના-થૈ ॥ સ્તોત્રૈર્જગત્રિતયચિત્તહરૈરૂદારૈ સ્તોષ્યે કિલાહમપિત પ્રથમ જિનેદ્રમ ॥ ૨ ॥ બુ-દ્ધ્યા વિનાપિ વિબુધાર્ચિત પાદપીઠ સ્તોતુ સમુદ્યત મતિર્વિગતત્રપોહમ્ ॥ બાલ વિહાય જલસસ્થિતમિંદુ બિંબ મન્ય ક ઇચ્છતિ જન સહસા ગ્રહીતુમ્ ॥ ૩ ॥ વક્તું ગુણાન્ ગુણ-

સમુદ્ર શશાંકકાંતાન કસ્તે ક્ષમ સુરગુરૂપ્રતિ-
મોપિ બુદ્ધયા ॥ કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્ર
કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્ ॥૪॥
સોહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ કર્તું
સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્ત ॥ પ્રીત્યાત્મવી-
ર્યમવિચાર્ય મૃગીમૃગેંદ્રમ્ નાભ્યેતિ કિં
નિજશિશો પરિપાલનાર્થમ્ ॥ ૫ ॥ અલ્પ-
શ્રુત શ્રુતવતા પરિહાસધામ ત્વદ્ભક્તિરેવ મુખ-
રીકુરૂતે બલાન્મામ્ ॥ યત્કોકિલ કિલ મધૌ
મધુર વિરૌતિ તચ્ચારૂચામ્રકલિકાનકરૈકહેતુ ।૬।
ત્વત્સ સ્તવેન ભવસંતતિસન્નિબદ્ધ પાપ ક્ષણા-
ત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્ ॥ આક્રાંતલોકમલિની
લમશેષમાશુ સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ
॥ ૭ ॥ મત્વેતિનાથ તવ સસ્તન મયેદ મારં-
ભ્યતે તનુધિયાપિ તવ પ્રભાવાત્ ॥ ચેતોહરિ-
ષ્યતિ સતા નલિનીદલેષુ મુક્તાફલદ્યુતિમુપૈત
નનૂદબિંદુ ॥ ૮ ॥ આસ્તાં તવ સ્તવનમસ્ત-

નમસ્તદ્દોષ ત્વત્સકથાપિ જગતા દુરિતાની હાત ॥ દૂરે સહસ્ત્રકિરણુ કુરૂતે પ્રભૈવ પદ્મા-કરેષુ જલજાનિ વિકાશભાજિ ॥ ૯ ॥ નાત્ય-દ્ભુત ભુવનભુષણુ ભૂતનાથ ભુતૈર્ગુણૈર્ભુવિ ભન્તમભિષ્ટુવત ॥ તુલ્યા ભવતિ ભવતો નનુ તેન કિં વા, ભુત્યાશ્રિત ય ઈહ ના-ત્મસમ કરોતિ ॥ ૧૦ ॥ દૃષ્ટવા ભવતમનિ-મેષવિલોકનીય નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુ ॥ પીત્વાપય શશિકરદ્યુતિદુગ્ધસિ ધો ક્ષાર જલ જલનિધેરસિતુ ક ઈચ્છેત્ ॥૧૧॥ યૈ શાતરાગરૂચિભિ પરમાણુભિસ્ત્વ નિર્મા-પિતાસ્ત્રભૂવનૈકલલામભૂત ॥ તાવત એવ ખલુ તેપ્યણુવ પૃથિવ્યા યત્તે સમાનમપર ન હિ રૂપમાસ્ત ॥૧૨॥ વકત્ર કવ તે સુરનરોરગને-ત્રહાર નિઃશેષાનર્જિતજગત્ત્રિતયોપમાનમ્ ॥ બિંબ કલકમાલન કવ નિશાકરસ્ય યદ્વાસરે ભવાન પાડુપલાશકલ્પમ્ ॥ ૧૩ ॥ સંપૂર્ણમ-

ડલશશાક કલાકલાપ શુભ્રા ગુણા સ્ત્રિભુવન તવ લઘયન્તિ ॥ યે સશ્રિતાસ્ત્રિજગદીશ્વર નાથમેક કસ્તાન્નિવારયતિ સ ચરતો યથેષ્ટમ્ ॥૧૪॥ ચિત્ર કિમત્ર યદિ તે ત્રિદશાગનાભિ ર્નીત મનાગપિ-મનો ન વિકારમાર્ગમ્ ॥ કલ્પાતકાલમરૂતા ચલિતાચલેન કિ મદરાદ્રિશિખર ચલિત કદાચિત્ ॥ ૧૫ ॥ નિર્ધુમવર્તિરપવર્જિતતૈલ-પૂર કૃત્સન જગત્ત્રયમિદ પ્રકટીકરોષિ ॥ ગમ્યો ન જાતુ મરૂતા ચલિતાચલાના દિપોપરસ્ત્વ મસિ નાથ જગત્પ્રકાશ ॥ ૧૬ ॥ નાસ્ત કદા-ચિદુપયાસિ ન રાહુગમ્ય સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગન્તિ ॥ નાભોધરોદરનિરૂદ્ધમહાપ્ર-ભાવ સૂર્યાતિશાયિ મહિમાસિ મુનીંદ્ર લોકે ॥૧૭॥ નિત્યોદય દલિતમોહમહાધકાર ગમ્ય ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ॥ વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ વિદ્યોતયજ્જગદપૂર્વ શશાકબિબમ્ ॥૧૮॥ કિ શર્વરીષુ શશિનાન્હિ

વિવસ્વતાવા યુષ્મન્મુખે દુદલિતેષુતમસ્સુ નાથ ॥
નિષ્પન્નસાલિ વનશાલિનિ જીવલોકે કાર્યં કિય-
જ્જલધરૈર્જલભારનમ્રૈ ॥ ૧૯ ॥ જ્ઞાન યથા
ત્વયિવિભાતિ કૃતાવકાશ નૈવ તથા હરિહરા
દિષુ નાયકેષુ ॥ તેજ સ્ફુરન્મણિષુ યાતિ યથા
મહત્વ નૈવ તુ કાચશકલે કિરણાકુલેપિ ॥૨૦॥
મન્યે વર હરિહરાદય એવ દૃષ્ટા દૃષ્ટેષુ યેષુ
હૃદય ત્વયિ તોષમેતિ ॥ કિ વીક્ષિતેન ભવતા
ભુવિ યેન નાન્ય કશ્ચિન્મનો હરતિ નાથ ભવાં
તરેપિ ॥ ૨૧ ॥ સ્રીણા શતાનિ શતશો જન-
યન્તિ પુત્રાન્ નાન્યા સુત ત્વદુપમ જનની
પ્રસૂતા ॥ સર્વા દિશો દધાત ભાનિ સહસ્રરશ્મ
પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદશુજાલમ્ ॥૨૨॥
ત્વમામનતિ મુનય પરમ પુમાસ માદિત્ય
વર્ણમમલ તમસ પુરસ્તાત્ ॥ ત્વામેવ
સમ્ય ગુપલભ્ય જયતિ મૃત્યું નાન્ય
શિવ: શિવપરસ્ય મુનીંદ્ર પથા. ॥ ૨૩ ॥

ત્વમવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં બ્રહ્માણ-મીશ્વરં મનંતમનંગકેતુમ્ ॥ યોગીશ્વરં વિદિત યોગમનેકમેકં જ્ઞાનં સ્વરૂપમમલં પ્રવદંતિ સંત ॥ ૨૪ ॥ બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબો-ધાત્ ત્વં શંકરોસિ ભુવનત્રય શંકરત્વાત્ ॥ ધાતાસિ ધીર શિવમાર્ગ વિધેર્વિધાનાત્ વ્યક્ત ત્વમેવ ભગવન્ પુરૂષોત્તમોસિ ॥૨૫॥ તુભ્યં ન-મસ્ત્રિભુવનાર્તિહરાય નાથ, તુભ્યં નમ ક્ષિતિ-તલામલ ભૂષણાય ॥ તુભ્યં નમસ્ત્રિજગત પર-મેશ્વરાય તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય ॥૨૬॥ કો વિસ્મયોત્ર યદિ નામ ગુણૈરશે-ષૈ સ્ત્વં સંશ્રિતો નિરવકાશ તયા મુનીશ ॥ દોષૈ-રુપાત્ત વિવિધાશ્રય જાતગર્વૈ સ્વ નાતરેપિ ન-કદાચિદપીક્ષિતોસિ ॥ ૨૭ ॥ ઉચ્ચૈર શોક તરુ-સંશ્રિતમુન્મયૂખ માભાતિ રૂપમમલં ભવતો નિતાંતમ્ ॥ સ્પષ્ટોલ્લસત્ કિરણમસ્તતમોવિતાનં બિંબં રવેરીવપયોધર પાર્શ્વવર્તિ ॥ ૨૮ ॥

સિંહાસને મણિમયૂખ શિખાવિચિત્રે વિભ્રાજતે તવ વપુ કનકાવદાતમ્ ॥ બિંબ વિયદ્વિલસદંશુલતાવિતાન તુંગોદયાદ્રિશિરસીવસહસ્રરશ્મે ॥૨૯॥ કુંદાવદાત ચલચામર ચારુશોભ વિભ્રાજતે તવ વપુ કલધૌતકાતમ્ ॥ ઉદ્યચ્છશાંક શુચિનિર્ઝર વારિધાર મુચ્ચૈસ્તટ સુરગિરેરિવ શાતકૌંભમ્ ॥૩૦॥ છત્ર ત્રય તવ વિભાતિ શશાંકકાંત મુચ્ચૈ સ્થિત સ્થગિતભાનુકરપ્રતાપમ્ મુક્તાફલ પ્રકરજાલવિવૃદ્ધ શોભ પ્રખ્યાપયત ત્રિજગત પરમેશ્વરત્વમ્ ॥૩૧॥ ગંભીરતારરવપૂરિતદિગ્વિભાગ ત્રૈલોક્યલોકશુભસંગમભુતિ દક્ષ ॥ સદ્ધર્મરાજજયઘોષણઘોષક સન્ ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસ પ્રવાદી ॥૩૨॥ મંદારસુંદર નમેરુસુપારિજાત સંતાનકાદિકુસુમોત્કરવૃષ્ટિરુદ્ધા ॥ ગંધોદબિંદુશુભમંદમરુત્પ્રપાતા દિવ્યા દિવ પતતિ તે વચસા તતિર્વા ॥૩૩॥ શુંભત્પ્રભાવલયભુરિવિભા વિભોસ્તે લોકત્રયદ્યુ-

तिमता द्युतिमाक्षिपन्ती ।। प्रोद्यत्‌दिवाकरनिर-
तरभुरिसंख्या दीप्त्याजयत्यपि निशामपि
सोम्यसौम्याम्‌ ।।३४।। स्वर्गापवर्गगममार्गवि-
मार्गणेष्ट सिद्धर्मतत्वकथनैकपटुस्त्रिलोक्याम्‌ ।।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व भाषास्व-
भावपरिणामगुणै प्रयोज्य ।। ३५ ।। उन्नि-
द्रहेमनवपकजपुजकाती पर्युल्लसन्नखमयूखशि-
खाभिरामौ ।। पादौ पदानि तव यत्र जिनेद्र
धत्त पद्मानि तत्र विबुधा परिकल्पयन्ति ।।
।। ३६ ।। इत्थ यथा तव विभुतिरभुजिजनेद्र
धर्मोपदेश न विधौ न तथा परस्य ।। याद्दृ
प्रभा दिनकृत प्रहताधकारा ताद्दक्‌ कुतो ग्रह-
गणस्य विकासिनोपि ।। ३७ ।। श्च्योतन्मदा
विलविलोलकपोलमुल मत्तभ्रमद्भ्रमरनादविवृद्ध-
कोपम्‌ ।। ऐरावताभमिभमुद्धतमा पतत द-
ष्ट्वा भय भवति नो भवदाश्रितानाम्‌ ।। ३८ ।।
भिन्नेभकुभगलदुज्वलशोणिताक्तमुक्ताफ्लप्रकर

ભુષિત ભુમિભાગ ॥ બદ્ધક્રમ ક્રમગતં હરિ-
ણાધિપોપિ નાક્રામતિ ક્રમયુગાચલ સશ્રિત તે
॥ ૩૯ ॥ કલ્પાતકાલ પવનોદ્ધત વન્હિકલ્પ
દાવાનલ જ્વલિનમુજ્વલમુત્સ્ફુલિગમ્ ॥ વિશ્વ
જિઘત્સુમિવ સમુખમાપતત ત્વન્નામકીર્તન
જલ શમયત્યશેષમ્ ॥ ૪૦ ॥ રક્તેક્ષણુ સમ-
દકોકિલકઠનીલ ક્રોધોદ્ધત ફણિનમુત્ફણુમાપત-
તમ્ ॥ આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશક
સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુસ· ॥૪૧॥
વલ્ગતુરગગજગર્જિત ભીમનાદ માજૌ બલં
બલવતામપિ ભુપતીનામ્ ॥ ઉદ્યદ્દિવાકર મયુખ-
શિખાપવિદ્ધ ત્વત્કીર્તનાત્તામ ઇવાશુ ભિદામુ-
પૈતિ ॥ ૪૨ ॥ કુતાગ્રભિન્ન ગજશોણિત વારિ-
વાહ વેગાવતાર તરણાતુરયોધભીમે ॥ યુદ્ધેજય
વિજિતદુર્જયજેયપક્ષા સ્ત્વત્પાદપકજવનાશ્રયિણો
લભતે ॥૪૩॥ અભો નિધૌ ક્ષુભિત ભીષણન-
ક્રચક્ર પાઠીનપીઠ ભયદોલ્વણુવાડવાગ્નૌ ॥ રગ-

ત્તારગશિખરસ્થિતયાનપાત્રા સ્રાસ વિહાય ભવત: સ્મરણાદ્વ્રજન્તિ ॥ ૪૪ ॥ ઉદ્ભુતભીષણ જ લોદર ભારભુગ્ના શોચ્યાદશામુપગતાશ્ચ્યુત જીવિતાશા ॥ ત્વત્પાદપકજરજોમૃત દિગ્ધદેહા મર્ત્યા ભવતિ મકરધ્વજ તુલ્યરૂપા ॥ ૪૫ ॥ આપાદકઠમુરૂશૃખલવેષ્ટિતાગા ગાઢ બૃહન્નિગડકોટિનિધૃષ્ટ જઘા ॥ત્વન્નામમત્રમનિશ મનુજા સ્મરત સદ્ય સ્વય વિગત બધભયા ભવતિ ॥ ૪૬ ॥ મત્તદ્વિપેદ્રમૃગરાજ દવાનલાહિ સગ્રામ વારિધિ મહોદર બધનોત્થમ ॥ તસ્યાશુ નાશ મુપયાતિ ભય ભિયેવ યસ્તાવક સ્તવમિમ મતિમાનધીતે ॥ ૪૭ ॥ સ્તોત્ર સ્રજ તવ જિનેદ્ર ગુણૈર્નિબદ્ધા ભક્ત્યા મયા રૂચિર વર્ણવિચિત્રપુષ્પામ્ ધત્તો જનો ય ઇહ કઠગતામજસ્ર ત માનતુંગમવશા સમુપૈતિલક્ષ્મી ॥ ૪૮ ॥ ઇતિ શ્રી ભક્તામર સ્તોત્ર સમાપ્ત ॥

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર.

(શાર્દૂલ ૭૬)

કિં કર્પુરમયં સુધારસમયં કિં ચંદ્રરોચિ-
ર્મયં, કિં લાવણ્યમયં મહામણિમયં કારૂણ્ય-
કેલિમયં ॥ વિશ્વાનંદમયં મહોદયમયં શો-
ભામયં ચિન્મયમ્ શુકલધ્યાનમયં વપુર્જિન-
પતેર્ભુયાદ્ભવાલંબનમ્ ॥૧॥ પાતાલંકલયન
ધરાંધવલયન્નાકાશમાપૂરયન્ ॥ દિકચક્રં ક્રમ-
યન્ સુરાસુરનર શ્રેણી ચ વિસ્માપયન્ ॥ બ્ર-
હ્માંડ સુખયન્ જલાનિ જલધે ફેનોત્થલાલો-
લયન, શ્રી ચિંતામણિ પાર્શ્વસંભવરશો હંસ-
શ્ચિરં રાજતે ॥ ૨ ॥ પૂણ્યાના વિપણિસ્તમો-
દિનમણિ કામેભકુંભે શૃણિ મોક્ષે નિસ્સરણી
સૂરેંદ્રકરિણી જ્યોતિ પ્રકાશારણિ ॥ દાને
દેવમણિર્નતોત્તમજનશ્રેણી કૃપાસારણી ॥ વિશ્વા-
નંદ સુધા ધૃણિ ર્ભવભિદે શ્રીપાર્શ્વચિંતામ-
ણિ ॥ ૩ ॥ શ્રી ચિંતામણી પાર્શ્વ વિશ્વજનતા

સજીવનસ્ત્વ મયા, દ્દષ્ટઃ સ્તાત તતં શ્રિય સમભવન્નાશકમા ચક્રિણમ્ મુક્તિ ક્રીડતિ હસ્તયોર્બહુ વિદ્ધ સિદ્ધ મનોવાચ્છિત ॥ દુર્દૈવદુરિત ચ દુર્દિનભય કષ્ટ પ્રનષ્ટ મમ ॥૪॥ યસ્ય પ્રૌઢતમ પ્રતાપ તપન પ્રોદ્દામધામા જગ, જધાલ કલિકાલ કેલિ દલનો મોહાન્ધ વિધ્વસકઃ નિત્યોદ્યોતપદ્દ સમસ્ત કમલા કેલિગ્રહ રાજતે ॥ સ શ્રી પાર્શ્વજિનો જનહિત કૃતશ્ચિતામણી પાતુ મામ્ ॥ ૫ ॥ વિશ્વવ્યાપી તમોહિનસ્તિ તરણિર્બાલોપિ કલ્પાકુરો દારિદ્રાણી ગજાવલીં હરિ શિશુ, કાષ્ઠાની વન્હે કણ પીયુષસ્યલવોપિ રોગનિવહ યદ્દત્તથા તે વિભો મૂર્તિ સ્ફુર્તિમતી સતી ત્રી જગતા કષ્ઠાની હર્તુ ક્ષમા ॥ ૬ ॥ શ્રી ચિતામણિમત્ર મોકૃતિયુત હ્રિંકાર સારાશ્રિત । શ્રી મર્હનમિઉણ પાશ કલિત ત્રૈલોકય વશ્યાવહ ॥ દ્વૈધા ભુત વિષાપહ વિષહરશ્રેય. પ્રભા-

વાશ્રય । સોલ્લાસ વસહાકિત જિન કુલ્લિગા નદન દેહિના ॥૭॥ હ્રીં શ્રીં કારવર નમોક્ષ-રપર ધ્યાયન્તિ યે યોગીનો । હૃત્પદ્મે વિનિ-વેશ્ય પાર્શ્વમધિપચીંતામણિ સજ્ઞક ॥ ભાલે વામભુજેચ નાભિકરયો ભુંયોર્ભુજે દક્ષિણે, પશ્ચા-દષ્ટ દ્લેશુ તે શિવપદ દ્વીત્રૈર્ભવૈર્યાન્ત્યહો ॥૮॥

(સ્ત્રગ્ધરા છંદ)

નોરોગા નૈવશોકા ન કલહ કલના નારિ મારી પ્રચારા । નૈ વ્યાધિર્નાં સમાધિન ચ દર દુરિતે દુષ્ટ દારિદ્રતાનો ॥ નોશાકિન્યોગ્રહા નો નહરિકરિગણાવ્યાલ વૈતાલ જાલા, જાયન્તે પાર્શ્વચિંતામણિ મતિ વમતા પ્રાણિના ભક્તિ ભાજા ॥ ૯ ॥

(શાર્દૂલ છંદ)

ગીર્વાણ દ્રુમધેનુ કુભમણિ યસ્તસ્યાગણે રગીણો । દેવા દાનવ માનવા સવિનય તસ્મૈહિત ધ્યાયિન ॥ લક્ષ્તી સ્તસ્ય વશાવશે

વગુણિના બ્રહ્માડ અસ્થાચિની। શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મનિશ સસ્તૌતિયો ધ્યાયતે ॥૧૦॥

(માલીની છંદ)

ઇતિ જિનપતિ પાર્શ્વ પાર્શ્વ પાર્શ્વાખ્ય યક્ષ । પ્રદલિત દુરિતૌઘ પ્રીણિતપ્રાણિ સાર્થ ॥ ત્રિભુવન જન વાંછા દાન ચિંતામણિક । શિવપદ તરુ બીજ બોધિબીજ દદાતુ ॥ ૧૧ ॥

શ્રી શનિશ્ચરનો છંદ.

(ચોપાઇ)

સરસ્વતી સપત્ત દ્યો મુજ સદા, અલીય વીઘન ના આવે કદા, નગરી ઉજેણી વીક્રમ ગય, સભા પુરીને બેઠો હાય ॥ ૧ ॥ જોતીક પાસ સભા માહે જાણ, નવે ગ્રહના કરે વખાણ, એક કહે શનીશ્ચર છે ક્રુર, દેખાડે અતી પ્રાણી રૂર ॥ ૨ ॥ નીજ દ્રષ્ટે શની

પોતે પાગળો, પીતા સારથી તમે સાભળો, રાજા વીક્રમ બોલ્યો ઈશુ, એણે રાક બાપડે ચાલે કીશું ॥ ૩ ॥ એણે અવસર શનીશ્વર છે જથ, અવધી જ્ઞાને જોવે તથ, જોતા વિક્રમ મુજ અવગણે, વેગે આવી ગાય પ્રત્યે એમ ભણે ॥ ૪ ॥ સાભળ રાજા મારૂ કામ હુ રૂઠયો તુજ ટાળુ ઠામ, બીતા વીક્રમ બોલે વાણ, ખમજો જે બોલ્યુ અજાણ ॥ ૫ ॥ પુજી પ્રણમી શનીશ્વર પાય, સતોષ્યો નીજ થાનક જાય, પણ શકા મનમાહિ પેઠ, કે તે જલે શનીશ્વર બેઠ ॥ ૬ ॥ નીશદીન બીતો જેને નામ તે લાગ્યો મુજ શનીશ્વર શામ, તેડી મત્રીને આપે રાજ, મે જાઉ પરદેશ આજ ॥ ૭ ॥ સોપી રાજ ગયો પરદેશ, ચપા નગરી કરે પરવેશ, શ્રી પતિને હાટે જઇ બેઠ, તવ તસ નયણે અમીમ પેઠ ॥ ૮ ॥ શેઠ હાટે વસ્તુ અનેક, થોડી વેળામા વેચી

છેક; ભાગ્યવત નર જાણ્યો જામ, જમવાને ઘેર લાવો તામ ॥ ૯ ॥ ભોજન ભક્તિ ભલી પેરે સાચવે, સુખ સેજ્યા એવા પાઠવે, પાસે ભીત છોહી તે ઠામ, સાર હંસ, મોર ચિત્રામણ તે ઠામ ॥૧૦॥ જુવે રાજા કૌતુક ધરી, ન્હાય તવ શ્રી પતી કુંવરી, હાર ટોડલે મુકયો જામ, તેણે અવસરે શનીશ્ચર જુવે તામ ॥ ૧૧ ॥ મુજ ઉવેખી વીક્રમરાય, ચંપા નગરી બેઠો ઠાય, સુખ સેજ્યા સુતો સુરંગ ધરી, તો પ્રાક્રમ દેખાડું કરી ॥ ૧૨ ॥ શની સંક્રમ્યો હંસ મોઝાર, ચણી હાર ને બેઠો ઠાર, તે દેખીને બ્હીન્યો રાય, કલંક ભણી તે નાઠો જાય ॥ ૧૩ ॥ ચોગ ભણી તે છેદ્યા હાથ, ચૌટે પડયો તવ નર નાથ, ઘાચી એક દીઠો જીશે, તાણી હાથ ને આ-ણ્યો તીશે ॥ ૧૪ ॥ કાષ્ટતણા દો કર જોડવે, બેઠો વળી ઘાંણી ફેરવે, ખાય ખોળ તેલ

રોટલા, રાગ છત્રીશે કરે અતિ ભલા ॥૧૫॥ દુખ વીસર્યો નીજ ઘરતણો સરળ સાદે ગાવે ઘણો, નરપતિ પુત્રી મદીર પાસ, સુણી સાદ જોવા થઈ આશ ॥ ૧૬ ॥ તવ તીહા તે દાસીને કહે, ઘાચી ઘરે પુરૂષ જે રહે, વેગે તેહને તેડી લાવ, ઘાચી ઘરે તવ જાવે ધાવ ॥ ૧૭ ॥ તવ તે પુરૂષ લાવે શા પાસ, તવ ઉતરે ! શનીશ્ચર તાસ, અદ્દભુત રૂપ દેખી અતિઘણા વચન કહે તે વરવાતણા, ૧૮ ॥ વિક્રમ કહે કર મારે નથી, નવી પરણાયે તેહથી, આગે વર ચડીયે દીયો, સો વર માગીને મે લિયો ॥ ૧૯ ॥ છાનો પરણ્યો વીક્રમરાય, કે તે કાલે જાણે માય, પ્રગટ પરણાવે તવ પુત્રીકા, શ્રી પતીને દષ્ટ પડયો તિહાં થકા ॥ ૨૦ ॥ નરપતીના તિહા પ્રણમી પાય, શ્રીપતી નિજ ઘર લેઇ જાય, અશન પાન કરી રાજા સુવે, શેઠ સહીત નૃપ વીચીત્ર

જુવે ॥ ૨૧ ॥ બોલ્યા વચન તીહાં સાડી
સાત, અવલોકે શનીશ્ચર પતી વાત, શની
હંસ મધ્યે સંક્રમી, હાર ગોડલે મુકયો વમી
॥ ૨૨ ॥ અઢી સવછર મસ્તકે રહે, અઢી
નાભે જોતિષ કહે અઢી સવછર ચરણે
વાસ, હુવા શનીશ્ચર તાજો તાસ ॥ ૨૩ ॥
જનમ થકી દ્વિતિય ચોથો આઠમો, દ્વાદશમો
શનીશ્ચર વમ્યો, એ કથા સાભળશે જેહ, સર્વ
સાસી ફળ પામશે તેહ ॥ ૨૪ ॥ તતક્ષણ
શનીશ્ચર પ્રગટયો ત્યાય, વર માગો તમો
વિક્રમરાય, જો તું મુજને તુઠયો અહી
જેહ કથા કહેશે તારી સહી ॥૨૫॥ તેહને
તુ પીડે નહિ કદા, એ વર આપો શનીશ્ચર
સદા, વર દેઈ શનીશ્ચર થાનકે ગયો, હરખ્યો
ખ્યો રાય ઉજેણી ગયો ॥ ૨૬ ॥ ચાલ્યો
ચતુરંગિણી સૈન્યાએ કરી, આવ્યા જીહા
ઉજેણીપુરી, નીજ ભુવને વિક્રમ આવીયો

અબીલ લોકે વધાવી લીયો ॥ ૨૭ ॥ સિદ્ધસેન ગુરૂ વચને કરી, લહ્યો ધરમ સમકીત આદરી, મહાકાલ તીરથ ઓધરી, પરદુખ ટાલણ દાનેશરી ॥ ૨૮ ॥ સુખે સમાધે પાળે રાજ, લહી સમકીત નર સારે કાજ, નીરીયાવળી ઉપાગે લહ્યો, એકા અવતારી શનીશ્ચર કહ્યો ॥ ૨૯ ॥ એ કથા છે શનીશ્ચર તણી, પીડા ન કરે ચોપાઇ ભણિ, સુખ સંપત્ત મધળી લહે, પંડિત લલીત સાગર એમ કહે ॥ ૩૦ ॥

સ્તુતિ

(રાગ—ધનાશ્રી]

વિનતી ધરજો ધ્યાન, જીનપતિ વિનતી ધરજો ધ્યાન એ—ટેક૦ ॥ ભવ સાયરમા ભુલા ભમીએ, નથી શુદ્ધ કે સાન, જીનપતિ૦ ॥ ૧ ॥ મોહ માયાએ અમપર કીધુ,

દુખકર છેક દબાણુ, જીન૦ ॥ ૨ ॥ હાય હજારો કીધા કુકર્મો, તેથી હાલ હેરાન, જીન૦ ॥ ૩ ॥ શાતપણે નથી કીધુ કદાપી, ભક્તિ રસનું પાન, જીન૦ ॥ ૪ ॥ કર ગ્રહો હવે કૃપા કરીને, ભક્ત વત્સલ ભગવાન, જીન૦ ૫

(લલિત છંદ)

સુમતીનાથજી અર્જ ઊચરૂ, તુમ પસાયથી પાપને હરૂ, શરણુ એક છે નાથ તાહરૂ, જીનપતિ તને વદના કરૂ ॥ ૧ ॥ નરક વેદના મે લહી ઘણી, ભવ અનતમા જીવને હણી, જનમ મરણુની વાત શી કરૂ, જીનપતિ તને વદના કરૂ ॥ ૨ ॥ અન્યપરાધીને દુખ મે દીધા, કંપટ આચરી દ્રવ્યને લીધાં, તુંજ વીના હવે પુત્ર કિહા કરૂ, જીનપતિ તને વદના કરૂ ॥ ૩ ॥ અચળ દેવરે દર્શન આપજો, નીવડ પાપના ઓઘ કાપજો,

કરગરી સદા અર્જ ઉચરૂં, જીનપતિ તને વદના કરૂ ॥ ૪ ॥

આદેશ્વરજીની સ્તવના.

(તુજ ગુણ અપરમપાર પ્રભુજી,
તુજ ગુણ અપરમપાર—એ રાગ.)

પ્રણમુ પરમાનદ જીન સહુ પ્રણમુ પરમાનદ એ ટેક ॥ આદિ જીણેસર આદિ નરેસર, આદિ છે ધર્મ મુણદજી ॥ ૧ ॥ જુગલા ધર્મ નીવારકકારક, ધારક બિરૂદ જીણદજી ॥ ૨ ॥ કુશળ કૌસળપુર નિવાસક, જાચક કીર્તી ગુણદજી ॥ ૩ ॥ ભોગ અંતે દ્વિગમુદ્રા સોહાવત, અચળ ગિરજુ ગુણદજી ॥ ૪ ॥ ઘાવી કરમ અ તે નાણ કેવળ લઇ, કેવળદર્શી આણદજી ॥ ૫ ॥ અંતે અજોગતા લઇ શીવગત, નમે છે ઉમેદચદ્રજી ॥૬॥

(કથ બીના ગહીં અકેલી મોરી જાન–એ ગાહ)

કરમકી કેસે કટે ફાસી—કરમકી૦ ાા કેસે કટે ફાસી, કરમકી કેસે કટે ફાસી ાા કરમકી૦ ટેક ાા સજ્જન શીવ સુખ શેજ તજ કર, દુર્ગત દિલ ભાસી, ધર્મ ઉપર ધાડુ તે પાડ્યુ, જ્ઞાન ગયુ નાશી, કરમકી૦ ાા ૧ ાા હીસા કરી તુંને હાર હિયાકો, દયા કરી દાસી, કામદાર થારે ક્રોધ બન્યો હે, મમતા બણી માશી, કરમકી૦ ાા ૨ ાા કહે જિનદાસ મે પાપ પ્રભાવે, પાયો હુ તનરાશી, નવી ખરચી મે પલે ન બાધી, ખાય ખોઈ વાશી, કરમકી કેસે કટે ફાસી ાા ૩ ાા

આત્મ સ્તવન.

(થાઓ તમે તૈયાર—એ રાહ તાલ–લાવણી)

ચાલ ઉઠ તું ચેતન માળી, જા કામે તારા, અરે હા જા૦ ાા બન્યો બગીચો

રૂડો ભુંડો, આળસમા બગડે, નીદ્રા ત્યાગીરે
નીભાગી, જો પેલા કયારા, અરે હા૦ ॥
૧ ॥ જીવ હીંસાના ઝેરી જંતુ, વેલાને વળ-
ગ્યા, કોમળ એ સદ્દગુણી વેલો, કેમ વધે
ઘેલા, અરે હા૦ ॥ ૨ ॥ કષાય ગોધા
ચારે કેવા, જો પેલા ઘુમે, રે રે ભોળા
ભદ્રિક માળી, લ્હારે તુજ લાગ્યા, અરે
હા૦ ॥ ૩ ॥ દાન દયાનુ ખાતર નાખી,
સમ દમ જળ સીંચી, નીંદી પાપ સ્થાનક
ત્રણને, કરી સ્વચ્છ કયારા, અરે હા૦ ॥
॥ ૪ ॥ અનેક આવરણો ઉતારો, કલમ કરી
સારી, છે જિન વચનામૃત ધારાથી, ફળ
થાવા સારા, અરે હા૦ ॥ ૫ ॥ ચેતન
માળી છુ અધીકારી, નરભવ ઉપવનનો,
નવિન ભક્તિ યુક્તિથી ફળ, મુક્તિ મળનારા,
અરે હા૦ ॥ ૬ ॥

આત્મ સ્તવન.

(રાગ ઉપર પ્રમાણે)

કરમકી એસે કટે ફાસી—કરમકી૦ ॥ એસે કટે ફાંસી કરમકી, એસે કટે ફાસી ॥ કરમકી૦ ટેક ॥ જ્ઞાન ગગા દયા દુવારકા, ક્રિયા કસી કાસી; જૈન જમુના વીચે તું ન્હાયો, પાપ ગયા નાશી, કરમકી૦ ॥ ૧ ॥ ત્યાગ દીની સબ ત્રસના તનકી, જાન્યો જગત રાસી, દુર્ગતકે શીર દવ લગાઈ, મનમે સુકૃત ભાસી, કરમકી૦ ॥ ૨ ॥ જન્મ સુધારણ સાધ સતકી, આત્મ હુઇ પ્યાસી, ઉનકે ચરણ જિનદાસ નમતહે, મત કરો મેરી હાસી, કરમકી૦ ॥ ૩ ॥

પ્રભુ પાસે અરજી.

(શું કહુ કથની મારી ગજ—એ લય)

અરજી એક અમારી, ના . .થ અરજી એક

અમારી ॥ લ્યો અધમપણાથી ઉગારી, ના....થ અરજી૦ ॥ ટેક૦ ॥ દુષ્ટ જનોની મટો દુષ્ટ-તા, શ્રેય સર્વનું થાઓ, અધમ જનોની મટી અધમતા, ધર્મપંથે તે ધાઓ નાથ૦॥ ૧ ॥ સવળા મારગ સુઝે સહુને, અવળાથી અળસાઓ, ડરે કામ દોષિત કરવામા, એ સદ્બુદ્ધિ આવો, નાથ૦ ॥ ૨ ॥ સત શિષ્ય વ્યાધિ સહુ વિરમી, પરમાનંદ પથ-રાઓ, વિષમ મતી બદલીને બહુધા, સમરસ માહે સમાઓ, નાથ૦ ॥ ૩ ॥

મૈત્રી ભાવના.

(રાગ ઉપર પ્રમાણે.)

સદ્ગુણ રસથી સુધારી, ના... થ, તારક લ્યો હવે તારી ॥ મૈત્રીભાવ સદા રહે મનમાં, દુશ્મનતા દૂર થાઓ, નીરખી પરના ગુણ

મુજ અંતર, પ્રસન્નતા પ્રસરાઓ, નાથ તા૦ ॥ ૧ ॥ દોષ નહિ દેખાય દ્રષ્ટિમા, ઉચ્ચ ગુણો ગભરાઓ, ઇર્ષા માત્ર ન ઉપજે એવા, વાદળને વરસાવો, નાથ તા૦ ॥ ૨ ॥ ગમે ન પરની નીંદા કરવી, દુષણુ માત્ર દબાઓ, ભિન્નપણાનો ભાવ મટીને, નિજ રૂપે નીરખાવો, નાથ તા૦ ॥૩॥ સત શિષ્ય વીનવે કરજોડી, એ અરજી અવધારો, પૂર્ણ વીવેકી પ્રભુ બનાવી, વિરોધ કરતા નીવારો, નાથ તા૦ ॥૪॥

તમારૂં શુ જવાનુ છે?

(ગજલ—કવાલી)

પ્રયોજન શું છતે કાને, અધીર જેવા થવાનુ છે, હસી બોલો જરા તેમા, તમારૂં શુ જવાનુ છે, ટેક ॥ અમે નથી યાચતા આવી, કદી ધન આપની પાસે, દીલાસો દ્યો

જરા તેમા, તમારૂ શુ જવાનુ છે, ॥ પ્ર૦ ॥ ૧ ॥ ભલા જાણી અમે ભાઈ, તમારે આપણે આવ્યા, ખબર પૂછો જરા તેમા, તમારૂં શુ જવાનુ છે ॥ પ્ર૦ ॥ ૨ ॥ અમે પણ આપની પેઠે, રહ્યાથી આ દશા પામ્યા, વીચારી લ્યો જરા તેમા, તમારૂ શુ જવાનુ છે ॥ પ્ર૦ ॥ ૩ ॥ પ્રભુ વિણ આપવા લેવા, ન જોઇ શક્તિ કોઇની, નિમિત્ત બનશો જરા તેમા, તમારૂ શુ જવાનુ છે ॥ પ્ર૦ ॥ ૪ ॥ તમારી ચુકથી કેશવ, બીજાની જીંદગી બગ-ડે, કૃપા કરશો જરા તેમા, તમારૂ શુ જવાનુ છે ॥ પ્ર૦ ॥ ૫ ॥

ધનવાન અભિમાની સગાઓને ઠપકો.

(હરિગીત ૭૬)

આવ્યા તમારે આગણે, આવો ભલે કેતા નથી, કરીએ પ્રણામ સલામ પણ, કઇ લ-

ક્ષમાં લેતા નથી ! ॥ ૧ ॥ કહો શેઠ કુશળ-ક્ષેમ છે, તમ બાળ બચ્ચા કેમ છે, આ રકના પર રે'મ છે, ઉત્તર અરે દેતા નથી ? ॥ ૨ ॥ નવ બેસવા આસન કરો, નવ પાન સોપારી ધરો, અવલોકતા અવળા ફરો, સ્હામુ જરા જોતા નથી ! ॥ ૩ ॥ જળપાત્ર નીજ હાથે ભરી, પહેલા તમે સ્હામે ધરી, વીવેકની વૃષ્ટિ કરી, પાતા અગર પીતા નથી ? ॥ ૪ ॥ જળપાન વણ કહેવે કર્યું, અતર અમારૂ હા ! બળ્યુ, ના ધ્યાનમા આપે ધર્યું, નરમાશમા ન્હાતા નથી ! ॥ ૫ ॥ કઇ વાત કરીયે જો તમે, પણ સાભળો ના તે તમે, ના બોલવુ તમને ગમે, કીરતારથી બ્હીતા નથી ! ॥ ૬ ॥ દુખ વાત તમ પાસે કહે, ના રે'મ તમ હ્રદયે રહે, અમ આખ-થી આસુ વહે, એ આસુડા લ્હુતા નથી ? ॥ ૭ ॥ ધનહીણ શુ હલકા અમે, ધનવાન તે

ભારે તમે, તમને સદા ચહીયે અમે, અ-મને તમે ન્હાતા નથી? ॥ ૮ ॥ અધા બનો અભિમાનમા, ના વાત લ્યો કઈ ધ્યાનમા, છેવટ જવુ શ્મશાનમા, પણ ગર્વને તજતા નથી? ॥ ૯ ॥ છે રક રાજા હારમા, કીરતાર-ના દરબારમા, કો ઉચ નીચો ધારમા, જૂઠુ અમે ગાતા નથી ? ॥ ૧૦ ॥

ઝખ મારવા.

(હરિગીત છદ)

જો ઇશને સમરે નહી, જનમ્યો વૃથા ઝખ મારવા, પરમાર્થને પોષ્યો નહિ, જી-વ્યો જગે ઝખ મારવા, જો૦ ॥ ૧ ॥ ખાધુ પીધુ હા ખતથી, જાડા થયા પાડા સમા, પર પીડને ચોષ્યો નહિ, જાડા થયા ઝ-ખ મારવા, જો૦ ॥ ૨ ॥ મોજો હજારો માર-તા, ગાડી અને ઘોડે ચ્હડી, સત્કર્મ કઈ

કીધુ નહિ, મોજો કરે ઝખ મારવા, જો૦ ॥ ॥ ૩ ॥ રાજા થયા કઈ દેશના, પીડા પ્રજાને આપતા, રૈયત સદા રડતી રહે, રાજા થયા ઝખ ; મારવા, જો૦ ॥ ૪ ॥ સુખ મેળવે રૈયત સદા, ના રાજ્યને રહેતી વફા, ટટો બખેડા જો કરે, રહે, રાજ્યમા ઝખ મારવા જો૦ ॥ ૫ ॥ બાવા અને ચોગી બની, માયા મુકી ના વેગળી, ઢોગી થઇ જગ-ધુત્તતા, બાવા બને ઝખ મારવા, જો૦ ॥ ॥ ૬ ॥ વિદ્યા ભણી કઇ કઇ શીખ્યા, પ-ડીત અને જ્ઞાની બન્યા, ના જ્ઞાન આપ્યુ અવરને, જ્ઞાની થયા ઝખ મારવા, જો૦ ॥ ॥ ૭ ॥ નખરા કરે છે નવનવા, નીજ નાથ-ને સતાપતી, સતોષતી ના સ્વામીને, નખરા કરે ઝખ મારવા; જો૦ ॥ ૮ ॥ અતિ કષ્ટથી ઉછેરીને, ડાહ્યા બનાવ્યા દીકરા, મા બાપને માને નહિ, પેટે પડયા ઝખ મા-

રવા, જો૦ ॥ ૯ ॥ જો પૂરતુ આપે નહિ, જાલિમ જુલમથી કામ લે, એ શેઠીયા કે શત્રુ છે, જુલ્મો કરે ઝખ મારવા, જો૦ ॥ ૧૦ ॥ ખાઇ નીમક નીજ શેઠનુ, હલાલ ના હેતે કર્યું, એ ચાકરો કે ચોરટા, ખાતા નીમક ઝખ મારવા, જો૦ ॥ ૧૧ ॥ વાણી ઉચ્ચારી શકરે, સર, નાઇટ ને જે પી થયા, જો દેશ સેવા નહિ કરી, જે પી થયા ઝખ મારવા, જો૦ ॥ ૧૨ ॥

પદમાવતીનો છંદ.

શ્રી પારસ પ્રભુતા સહીતી ગીરીમા મહીતર મહીમા વિસ્તર્ણો, ધરણીધર રાણી તુ જગ જાણી ભવીજન પ્રાણી ભય હરણી, જીન-શાસન જયકારી સમકીત ધારી તુ સાચારી શીયળવતી, સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈન મતી. ॥ ૧ ॥ નાગણુ સમ કાળી

જીત કરવાળી, ઝાક ઝમાળી વેણુવતી, જીન મીનક પોળી સેંથો કુલી અડવ અમોળી શીર ધરતી ।। તિલક નિક ભાળી પીચલ હાળી ભુક્ષણુ માલી ભાગ્યવતી, સંતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી ।। ૨ ।। કરી કર ભુજ ડડીત મડીત ચુડી, ગભીર ઊડી નાભી ભરી ।। ઉર ઊનતી સારા કચુક ધારા વીલસીત હારા ક્રોસ ધરી ।। કડ મેખલ ધરણી હરી કટી હરણી ઝાઝર ચરણી હસવતી, સતો-ષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી, ।। ૩ ।। કચન સમ વરણા સકલ આભરણા શીતલ કરૂણા સોમસુખી, ગલ્લો ભતિ ઉત્પલ કરણે કુડલ જીતરવિ મડલ કમલાક્ષી, ગગના ગણુ ગેણી વિક્ષત નેણી અવીચલ વેણી પ્રીય મુખી ।। સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી ।। ૪ ।। નાસા અણીઆળી અધમ પ્રવાળી જીભર સાળી નીરદોષી, દાડમ

કણુ દતી મધુર લપતી, જીન ગુણુ થુણુતી તારણુતી ॥ જીનકી નરવાદી સુસ્યરણાદી જીન ગુણુ અહેલાદી રાગ્યવતી, સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી ॥ ૫ ॥
પુષ્પા ભર વસ્ત્રે રૂપ વિચિત્રે રાજીત છત્રે રાજમતિ, હસ્તા ચુધમાના કર કટી આના માન સુપાના પુન્ય વતી, જે પેહેરે પટોળી ચરણા ચોળી તીલક લોળી સચરતી, સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી. ॥ ૬ ॥
વસ ઇશ્વર કામા પ્રીર ગમ ગીરીમા ગુરૂ લઘુ આણુમા શક્તિ મતી, ચપક ગર કૃસનાગર ચદન કેસર દીપ મનોહર ભોગવતી, ચિતામણી મત્રે વસ કરી યત્રે, હોમ પવિત્રે ત્રપતિ નથી, સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી ॥ ૭ ॥ જે હુ મતલબવાસી તવ ગુણુ રાચી નગન કુભાસી પુરણુ મતી, તુજવીણુ નવ જાચુ માનો સાચુ દેવર જાચુ

દાન મતી, આવી અવતરજે મેહેરજ કરજે સમરી દીજે સારમતી, સતોષા ભવમે દેવી પરમે માત ગીરીમે જૈનમતી ॥ ૮ ॥ નીજ સેવકને હેજે વછીત દીજે, હેજ કરીજે હેજવતી, સતાન વધારે દુક્રતવારે, ધરમ સમારે ધીયં-વતી, સો જોજન મનરજે, દુરજનન ગજે ભાવઠ ભજે કામ દુગી, સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી ॥ ૯ ॥ જે દીવ સાગર પડીઆ બધન જડીઆ, આગ્રુ કડીઆ ઉધવણી હુસ્તી હરવ્યાઘણી વીખધર સાપણી, સાકણી ડાકણીની ગ્રહણી, દુષ્ટા ભય હરણી ક્ષુદ્ધા વરણી રક્ષા કરણી માન સતી, સતોષ્ટા ભવમે દેવી પદમે માત ગીરીમે જૈનમતી ॥ ૧૦ ॥

સુમતી આત્માને કુમતિના દુર્ગુણો.

(મહોલે પધારો મહારાજ માણીગર—એ રાગ.)

મારા જોબનના શણુગાર,આતમ મારે મ દિર રેજો,
એમ બોલે સુમત ઘરનાર, કુમત ઘેર પાય ન દેજો.
—એ ટેક

રેકતો—કુમતિ કાતિ કર્મની, કાપે સદ્ગુણ આપ,
પાલવ વળગી પાપણી,
ઝુલો—વાલમ કરશે એ સબળ સ તાપ-આ એ કુ ૧
રેકતો—નિજાનદ ઘર કોષથી, ચોરી રત્ન અમુલ,
વિમળને મળ પાસ દઇ,
ઝુલો—વાલમ કરશે એહ રજતુલ—આ. એ કુ ૨
રેકતો-અમે સ્વકુળ ઘર ગોરડી, રમીયે નહિ ઘર-
બાર, ઉત્તમ જનુનિ તાત છે,
ઝુલો—વાલમ નવલ સુરગી હું નાર-આ એ કુ ૩
રેકતો—એતો જગત જન મોહનિ, નિત નિત
નવલા કામ, ચોરાસી લક્ષ ગામમાં,

ઝુલો—વાલમ ભટકી ભટકાવે કુઠામ, આ.એ. કુ ૪
રેકતો-મારે આસા તમથકી, દિનદિન નવનવ રંગ,
સહિજાનંદ સુખ વિલસતા,
ઝુલો—વાલમ રાખજો પ્રિત અભંગ-આ એ કુ ૫
રેકતો-સરખાને સરખા મળ્યા,ટળ્યા દુઃખ મકરંદ,
અવિહડ રેસ્યુ આપણે,
ઝુલો—વાલમ અર્ખે છે ઉમેદચંદ—આ એ. કુ ૬

ક્યમ ચાલશે ?

[હરીગીત ૭૬]

તેડુ થયું કીરતારનું, માન્યા વિના ક્યમ ચાલશે ॥ આંખી થઇ જમ દૂતની, જાવા વિના ક્યમ ચાલશે ॥ જાવુ મજલ મ્હોટી તહી, તૈયારી કૈ કીધી નહી, ભાથુ ભર્યું ના સાથ કૈ, ભાથા વિના ક્યમ ચાલશે ॥ ૧ ॥ શણગાર ધારી અંગમાં, રમતો ત્રીયાસુ રંગમાં, રામા

ન આવે સગમા, રામા વિના ક્યમ ચાલશે ાા મિત્રો મહી તુ મહાલતો, ફક્કડ બની ફરતો હતો, ના એકલો ક્યાઈ જતો, સોબત વિના ક્યમ ચાલશે ાા ૨ ાા સેવક તણા સહવાસમા હુકમો કર્યા હુલ્લાસમા, નોકર મળે ના સાથમા ચાકર વિના ક્યમ ચાલશે ાા સુખ ભોગના સાધન ઘણા, હાજર હતા કાઇ ના મણા, અતે ન કીધા આપણા, તેના વિના ક્યમ ચાલશે ાા ા ૩ ાા માયા અને મીલકત ખરે, મુકી જવું પડશે અરે, નાણા નકામા આખરે, નાણા વિના ક્યમ ચાલશે ાા પરમાર્થને પ્રીતે કરો, ભક્તિ તણુ ભાથુ ભરો, કલ્યાણ આતમનુ કરો, કીધા વિના ક્યમ ચાલશે ? ાા ૪ ાા

તીર્થંકરની સ્તુતિ.

[મહાવિદેહ ક્ષેત્ર સોહામણો—એ દેશી]

જગજીવન જગ વાલહો, મારૂદેવીનો નંદ લાલ રે, મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ આનંદ લાલ રે જગ૦ ॥૧॥ આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલરે, વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે, જગ૦ ॥ ૨ ॥ લક્ષણ અંગે વિરાજતા, અડહિયસહસ ઉદાર લાલરે, રેખા કર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે જગ૦ ॥ ૩ ॥ ઈંદ્ર ચંદ્ર રવી ગિરિતણા, ગુણ લઇ ઘડીયું અંગ લાલરે, ભાગ્ય કિહા થકી આવીયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે જગ૦ ॥ ૪ ॥ ગુણ સઘળા અંગે કર્યા, દુર કર્યા સવિ દોષ લાલરે, વાચક યશ વિજયે થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે જગ૦ ॥ ૫ ॥

પદ.

(શુ કહુ કથની મારી—એ ઢબ)

શી કહું કથની મારી નાથ શી૦ ॥ હવે શરણુ દઈ લ્યો તારી નાથ૦ ॥ દશ દ્રષ્ટાતે દુર્લભ ભવ પણ, પુણ્ય થકી હું પામ્યો, ભવની ભૂલવણીમા ભૂલ્યો, વિષય થકી ન વિરામ્યો, નાથ૦ શી૦ ॥ ૧॥ આર્ય ભૂમિ ને ઉત્તમ કુલમા જન્મ ધર્યો શુભ યોગે, સાધ્ય ન સાધ્યુ મૂઢપણાથી, ભ્રમિત થયો હું ભોગે, નાથ૦ શી૦ ॥ ૨ ॥ તન પટુતા ગુરૂ સગ મળ્યો પણ, દૂર પ્રમાદ ન કીધો, ઇંદ્રિય સુખમા બાલ બનીને, ઉન્મારગ મે લીધો, નાથ૦ શી૦ ॥૩॥ શ્રવણુ યોગ સાધીને દિન દિન, બહુ વાતો નીરધારી, કરણી કરતા કાયા કપે, મૂર્છા મે ન નીવારિ નાથ૦ શી૦ ॥ ૪ ॥ સત્સાધન સપ્રાપ્ત થયા પણ, મધુ બિંદુમા અટકાયો, આજકાલ

ફરી સમય ગુમાયો, લોભે અધર હું લટકયો. નાથ૦ શી૦ ।।પ।। તાત વાત મમ અતરની- એ, કહેતા ગાર ન આવે, અતર બલ આપો અવિનાશી, તો સેવક સુખ પાવે નાથ શી૦।।૬

પદ.

(રાગ દેશ)

કરૂણા સાગર અહીં કરૂણા જળ વરસાવજો રે, વરસાવી કઠણ કલેજા નરમ બનાવજો રે, કરૂણા૦ ટેક ।। નીદ્રા નયનોથી ઉડી જાવે, નિજ નિજ દોષો નજરે આવે, જય જગદિશ્વર જુગતી એહ જમાવજો રે કરૂણા૦ ।।૧।। સ- માજમા પ્રભુ થાય સુધારા, નીકળીને દોષો રહે ન્યારા, અગ્રેસરોમા એ અક્કલ ઉભરાવજો રે, કરૂણા૦ ।। ૨ ।। મન સર્વેના થઈ રહે મોટા, ક્ષુદ્રની પેઠે થાય ન ખોટા, ઘટ ઘટ માહે ઘટના

એહ ઘટાવજો રે, કરૂણા૦ ॥ ૩ ॥ ઝેરી રસ સઘળો ઝરી જાજો, અમૃતમય ઘટ અ તર થાજો એહ ભાવના વિશ્વપતિ વિસ્તારજો રે કરૂણા૦ ॥ ૪ ॥ પરમારથમા ઉપજે પ્રીતી, સમજે સત્ય ધર્મ ને નીતિ, દયા કરી પ્રભુ એવી આપ દ-બાવજોરે કરૂણા૦ ॥ ૫ ॥ સત શિષ્ય સ્વારથને છોડી, પકડે પરમારથને દોડી, એ ઉત્સાહ તણો રસ અધિક વહાવજો રે કરૂણા૦ ॥૬॥

નિત્ય નિયમ ચિંતવના.

ચૌદ નિયમ વિષે ગાથા

સચિત દવ્ય વિગઈ, વાહણ તબોલ વત્થ કુસુમેષુ, વાહણ શયણ વિલેવણ, બભ દિશિ નહાણ ભત્તેસુ ॥ ૧ ॥

સચિત–માટી, પાણી, અગ્નિ, વનસ્પતિ ફળ, ફૂલ, ત્વચા, કાષ્ટ, મૂળ પત્ર, બીજ, અને જે લીલું છેદ્યાને બે ઘડી થઈ ન હોય તે

તથા અગ્નિ પ્રમુખ બીજુ શસ્ત્ર લાગ્યુ ન હોય, ઈત્યાદિક સચિત વસ્તુનુ પરીમાણ કરવુ ॥૧॥ **દવ્વ**–જે વસ્તુ મુખમા જૂદા જૂદા સ્વાદને અર્થે નખાય છે, જેમકે દાતણ, પાણી વિગેરે સચિત્ત તથા અચિત દ્રવ્યની ગણત્રી કરવી ॥ ૨ ॥ **વિગઇ**–દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ તથા જે ચીજ કઢાઇમા તળાય છે, તેનુ માન કરવું ॥ ૩ ॥ **વાહણ**–પગરખા, મોજા વિગેરેની ગણત્રી કરવી ॥ ૪ ॥ **તંબોલ**– મુખવાસ જેમકે પાન, સોપારી, એલાયચી, લવિંગ, ચુર્ણાદિકનુ વજન ધારવુ ॥ ૫ ॥ **વત્થ**–રેશમી સુતરાઉ, શણ તથા ઉન વિગેરેના વસ્ત્રની ગણત્રી કરવી ॥ ૬ ॥ **કુસુમેષુ**–જે વસ્તુ સુઘવામા આવે છે, જેમકે પુષ્પ, છીંકણી વિગેરેનુ પરિમાણ કરવુ ॥ ૭ ॥ **વાહણ**–હાથી, ઘોડા, બળદ, ગાડી, રથ, વહાણ, બોટ, ટ્રામ્વે વિગરે ચરતા, ફરતા અને તરતા વાહ-

નનો નિયમ કરવો ॥ ૮ ॥ **સયણ**–સુવાની શય્યા, પાટ, પાટલા, બિછાના વિગેરેની ગણત્રી કરવી ॥ ૯ ॥ **વિલેવણ**–જે વસ્તુ શરીર ચો-પડવામા આવે છે, જેમકે પટ્ટી, સુખડ, ચદન વિગેરે શરીરે વીલેપન કરવાની વસ્તુના વજ-નનુ માપ કરવુ ॥ ૧૦ ॥ **બંભ**–બ્રહ્મચર્યનો નિયમ કરવો ॥ ૧૧ ॥ **દિશિ**–પૂર્વ, પશ્ચિમ ઉત્તર, દક્ષિણ, ઉચી ને નીચી એ છ દિશાએ જવાના ગાઉનુ માન કરવુ ॥ ૧૨ ॥ નહાણ સર્વાંગે નહાવાની ગણત્રી કરવી ॥ ૧૩ ॥ **ભત્તસુ**–જમતા ભોજન પાણીના વજનનુ પરિમાણ કરવુ ॥ ૧૩ ॥ **પૃથ્વીકાય**–માટી મીઠુ, ખડી, ખારો વિગેરે પૃથ્વીના વજનનુ પરિમાણ કરવું ॥ ૧૫ ॥ **અપકાય**–નહાવામાં તથા વાપરવામાં કાચા તેમજ ઉના પાણીનુ પરિમાણ કરવુ ॥ ૧૬ ॥ **તેઉકાય**–ચુલા, દિવા, સગડી વિગેરેની ગણત્રી તથા તેનાથી

રાંધેલુ જમવાનો નિયમ ધારવો ॥ ૧૭ ॥ **વાઉકાય**–પખાથી તથા લુગડાથી પવન નાખવો, ફુકવુ, હીચવુ વિગેરેનુ પરિમાણુ કરવુ ॥ ૧૮ ॥ **વનસ્પતિકાય**–લીલોત્રી, ફળ, શાક, ભાજી વિગેરેનુ વજન ધારવુ ॥૧૯॥ **ત્રસકાય**–હાલતા, ચાલતા, ઝીણા જતુથી માડીને બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, પચેન્દ્રિય રૂપ કોઈ પણ નિરપરાધી ત્રસ જીવને કુબુદ્ધિથી હણવા નહિ એવો નિયમ કરવો ॥ ૨૦ ॥ **અસી**–તરવાર બદુક, છરી ચપ્પુ, સુડી વિગેરે શસ્ત્રનુ પરિમાણુ કરવુ ॥ ૨૧ ॥ **મસી**–કલમ રૂશનાઇ, ખડિયાદિકનુ પરિમાણુ કરવુ ॥૨૨॥ **કૃષી**–ઘર, ક્ષેત્ર, ટાકુ, ભોયરૂ, તળાવ, વાવ, કુવા વિગેરેની જમીન ખોદવાના રાચનુ તથા તે વાપરવાનુ પરિમાણુ કરવું ॥ ૨૩ ॥ **ઉલ્લણિયાવહિં**–સ્નાન કરીને શરીર લુછવાના કપડાની ગણત્રી કરવી ॥ ૨૪ ॥ **દંતણવિહં**–દાતણની

ગણુત્રી કરવી ॥ ૨૫ ॥ ફૂલવહિ–જે ફૂળ ન્હાવાના કામમા આવે છે તે તથા વૃક્ષાદિકના ફૂળની ગણુત્રી કરવી ॥ ૨૬ ॥ અભ ગણુ વિહ-શરીરે તેલ ચોળવાનુ પરિમાણુ કરવુ ॥ ૨૭ ॥ ઉવટ્ટણુ વિહ–પીઠી વગેરે ચોળવાનુ માન કરવુ ॥ ૨૮ ॥ પુષ્પવહિ–પુષ્પાદિક સુગ ધી પદાર્થનુ વજન ધારવુ ॥ ૨૯ ॥ આભરણુવિહ–દાગિના-દિકનુ માન કરવુ ॥ ૩૦ ॥ ધુપ વિહ–અગર-બત્તિ વિગેરેના ધુપનુ માન કરવુ ॥ ૩૧ ॥ પેજવિહ–ઔષધ, ચાહ, કાફી વિગેરેનો કાવો પીવાનુ માન કરવુ ॥ ૩૨ ॥ ભખ્ખણુવિહ–સુખડી વિગેરે ભોજનવિધિનુ પરિમાણુ કરવુ ॥ ૩૩ ॥ ઉદ્દનવિહ–કાચા અન્નનુ પરિમાણુ કરવુ ॥ ૩૩ ॥ સૂપવહિ–કઠોળનુ પરિમાણુ કરવુ ॥ ૩૬ ॥ શાકવહિ–લીલા શાક, ભાજી વીગેરેનુ પરીમાણુ કરવુ ॥ ૩૬ ॥ માહૂર-વહિ–મેવો, વેલ, મધુરા ફૂળ વિગેરેનુ પરિ-

માણ કરવુ ॥ ૩૭ ॥ જમણવિહ—જમવાનુ ભોજન, સુકકુ શાક વીગેરેનુ પરિમાણ કરવુ ॥ ૩૮ ॥ પાણીવિહ—નહાવાનુ, વાપરવાનુ તથા પીવાના પાણીનુ પરિમાણ કરવુ ॥ ૩૯॥

ઉપરના પચ્ચખાણ હમેશા યથાશક્તિએ અવશ્ય કરવા

શ્રાવકના ત્રણ મનોરથ વિષે—આરભ પરિગ્રહ તજી કરી, કયારે થવુ વ્રતધાર, અત સમય આલોયણા, કરૂ સથારો સાર ॥ ૧ ॥

સાગારી સથારો કરવા વિષે—આહાર શરીર ને ઉપાધ. પચખુ પાપ અઢાર, મરણ હુવે તો વોસીરૂ, જીવુ તો આગાર ॥ ૧ ॥

પચ પરમેષ્ટીને વદણા

(સવૈયા એકત્રીશા)

શ્રી અરહિતદેવને—નમુ શ્રી અરિહત, કસમાકો કીયો અત, હુવાસો કેવળપથ કરૂણા ભડારી હૈ, અતિસે ચોતીસધાર, પેતીસ વાણી

ઉચાર, સમજાવે નરનાર, પર ઉપગારી હૈ, શરીર સુંદર આકાર, સૂરજસો ઝલકાર, ગુણ હૈ અનંતસાર, દોષ પરીહારી હૈ; કૈતહૈ તીલોકરીખ, મન વચ કાય કરી, લળી લળી વારવાર વંદણા હમારી હૈ ॥ ૧ ॥

શ્રી સિદ્ધભગવંતને—સકલ કરમ ટાલ, વશ કર લીયો કાળ, મુક્તિસે રહ્યા માલ, આતમાકા તારી હૈ, દેખત સકલભાવ, હુવા હૈ જગતરાવ, સદાહિ ક્ષાયિક ભાવ, ભયે અવિકારી હૈ, અચલ અટલ રૂપ, આવે નહિ ભવ કૂપ, અનુપ સરૂપ ઉપ, ઐસી રિધ ધારી હૈ, કેતહૈ તીલોકરીખ, બતાવો એ વાસ પ્રભુ, સદાહિ ઉગત સૂર, વંદણા હમારી હૈ ॥ ૨ ॥

શ્રી આચાર્યજીને—ગુણ હૈ છતીશ પુર, ધારત ધરમ ઉર, મારત કરમ ક્રૂર, સુમતિ વિચારી હૈ, શુદ્ધસો આચારવંત, સુંદર હૈ રૂપકંત, ભણિયા સબી સિદ્ધાંત, વાચણીસુ પ્યારી

હૈ, અધિક મધુર વેણ, કોઇ નહિ લોપે કેણ, સકલ જીવોકા સેણ, કીરત અપારી હૈ, કેતહૈ તીલોકરીખ, હીતકારી દેત શીખ, ઐસે આચારજ તાકુ, વંદણા હમારી હૈ ॥ ૩ ॥

શ્રી ઉપાધ્યાયજીને–પઢત અગીઆરે અંગ, કર્માસુ કરે જંગ, પાખંડીકો માન ભંગ, કરણ હુશીઆરી હૈ, ચઉદે પૂર્વધર, જાણુત આગમ સાર, ભવિયોકે સુખકાર, ભ્રમણા નિવારી હૈ, પઢાવે ભવિકજણ, થીરકર દેત મન, તપકરી તાવે તન, મમતા નિવારી હૈ, કેતહૈ તીલોકરીખ, જ્ઞાનભાનુ પરતીખ, ઐસે ઉપાધ્યાય તાકુ, વંદણા હમારી હૈ ॥ ૪ ॥

શ્રી સાધુજીને–આદરી સંજમ ભાર, કરણી કરે અપાર, સુમતિ ગુપતિ ધાર, વિકથા નિવારી હૈ; જયણા કરે છકાય, સાવદ્ય ન બોલે વાય, બુઝાઈ કષાય લાય, કિરિયા ભંડારી હૈ, જ્ઞાન ભણે આઠે જામ, લેવે ભગવંત નામ, ધ-

રમકો કરે કામ, મમતા કે મારી હૈ, કેતહૈ તીલોકરીખ, કર્માકો ટાળે વીખ, એસા મુનિરાજ તાકુ, વંદણા હમારી હૈ ॥ ૫ ॥

શ્રી મહાવીર જયંતીના શુભ પ્રસંગે ગાવાના ગાયનો

(કવ્વાલી ગઝલ)

અમે મહાવીરના પુત્રો, અમારો પંથ ન્યારો છે, સાધવા સત્યના સુત્રો, ધર્મ એવો અમારો છે ॥૧॥ બજાવી સંઘની સેવા, અમે બનશું હવે એવા, જીવન અર્પી બધુ દેવા, ધર્મ એવો અમારો છે ॥ ૨ ॥ દીધા જેવુ સદા દેવુ, લીધા જેવુ સદા લેવુ, પીધા જેવુ સદા પીવુ, ધર્મ એવો અમારો છે ॥ ૩ ॥ અહર્નિશ ન્યાયમા વહેવું, કપટ છળથી નહિ કહેવું; સદા આનંદમાં રહેવુ, ધર્મ એવો અમારો છે ॥ ૪ ॥ જીવન વિજયી સરવ દોષો સમાવાનો, ફરજ સાચી બજાવાનો, ધર્મ એવો

અમારો છે ॥ ૫ ॥ દુખીના દુખને હરવા, વિજયના ઘોષને કરવા, દુખોથી લેશ નહિ ડરવા, ધર્મ એવા અમારો છે ॥ ૬ ॥ સર્વથી મિત્રતા કરવી, લાગણી પ્રેમની ધરવી, હરકતો સઘની હરવી, ધર્મ એવો અમારો છે ॥ ૭ ॥ અમારા આત્મ ભોગેથી, અમારા આત્મ યોગેથી, અપર પરના ભલા કરવા, ધર્મ એવો અમારો છે ॥ ૮ ॥ નથી જ્યા જન્મવુ મરવુ, નથી જ્યા કાર્યને કરવુ, સનાતન ધર્મવાળાનો, અમર એવો ઉતારો છે ॥ ૯ ॥ વિચરવુ ધર્મની વાટે, જીવન પણ ધર્મના માટે, સદા એ સત શિષ્યો-નો, પરમ એ ધર્મ પ્યારો છે ॥૧૦॥

કહોને જાગશો ક્યારે !

જગતના પ્રાણીઓ જાગ્યા, બધા નિજ કાર્યમા લાગ્યા, વાગવા જેટલા વાગ્યા, કહોને જાગશો ક્યારે ? ॥ ૧ ॥ જમાનો જાગવાનો છે, ક્રિયામા લાગવાનો છે; તિમિરતા ત્યાગવાનો છે,

કહોને જાગશો ક્યારે ? ॥ ૨ ॥ ખરાને ખોળના રાઓ, નીતિને તોળનારાઓ, દયામા ઠોલનારાઓ, કહોને જાગશો ક્યારે ? ॥ ૩ ॥ સુશાંતિ શોધનારાઓ, અવરને બોધનારાઓ ધર્મને હુંઢનારાઓ, કહોને જાગશો ક્યારે ?॥૪॥ મહાવીર માનનારાઓ, પ્રભુને પીછાણનારાઓ, વ્રતો લઇ પાળનારાઓ, કહોને જાગશો ક્યારે ?॥૫॥ મહાવીરના વચન માથે, ઉપાડો સ્નેહથી સાથે, જગાડયા નેહથી નાથે, કહોને જાગશો ક્યારે?॥૬॥ પૂર્વના જે મહાધીરો, ઝુકાવ્યા સત્યમા શિરો, થવા એહ મહાવીરો, કહોને જાગશો ક્યારે? ॥૭॥ હતા પૂર્વે મહાશૂરા, પરાક્રમમા મહાપૂરા, કર્મ કરી નાખતા ચુરા, કહોને જાગશો ક્યારે ? ॥ ૮ ॥ વખત નિદ્રા તણો વીત્યો, સુવાની આ નથી રીત્યો, ગવાશે આપના ગીતો, કહોને જાગશો ક્યારે ? ॥ ૯ ॥ ગમે આ શુ પડયા રહેવુ, સર્વદા દુ.ખને સહેવુ, જણાયે આ અજબ

જેવુ, કહોને જાગશો ક્યારે ? ॥ ૧૦ ॥ ઉઠો આલસ્યને છોડો, પરસ્પર પ્રેમને જોડો, ખચી-તથી કાઢવા ખોડો, કહોને જાગશો ક્યારે ? ॥ ૧૧ ॥ સ્વપરના શ્રેય કરવાને, વિજય લક્ષ્મીને વરવાને, કહ્યુ આ સતના શિષ્યે, કહોને જાગશો ક્યારે ? ॥ ૧૨ ॥

(રાગ–ધનાશ્રી)

આનદાનદ ઉભરાય, અતરમા આનદા-નદ ઉભરાય ટેક મહાવીર પુત્રો ઐક્ય સ્વ-રૂપે, નયનોથી નિરખાય અતરમા૦ ૧ પરમા-નદના અખુટ અશનો, આજે અનુભવ થાય અતરમા૦ ૨ ભેદભાવ ત્રુટી ઘટ ઘટમા, વ્યા-પેલ જ્યોતિ જણાય અતરમા૦ ૩ શાસનપ-તિના સર્વ બાળમા, દિવ્ય પ્રેમ દેખાય, અ-તરમા૦ ૪ સતતણા શિષ્યો મળી આજે, ગુણ મહાવીરના ગાય અતરમા૦ ૫

માલીની છંદ.

તન મન ધન અર્પો, જૈન જ્યોતિ જમાવા,
કપટ છળ તજીને, સર્વ દોષો સમાવા
ચરમ જિન જયતિ, ઐક્યતાથી ઉજાવા,
અતિ ઉર ઉભરાયે, વીરના ગુણ ગાવા ૧

ચરમ જિનવરાના ગુણ ગાવા ગમે છે,
વિષહર વિભુ મારા હૃદય માહે રમે છે,
સુર નરવર સ્નેહે, ભવ્ય થવા ભજે છે,
ભજો ભજો ભજો એને, ત્રાપ ત્રિવિધા તજે છે ૨

જિનવર ભજવાથી, મોહ માયા મટે છે,
જિનવર ભજવાથી, વિષ વ્યાધી ઘટે છે,
જિનવર ભજવાથી કર્મ ઓઘો કટે છે,
જયકાર જીનવરને, હૃદયમા જે રટે છે. ૩

સામાજીક વાત્સલ્ય.

(વસતતિલકા છંદ)

વાત્સલ્ય તે નવિન જાગ્રતિઓ જમાવે,
વાત્સલ્ય તે દુખદ દુષ્ટપણુ દબાવે, વાત્સલ્ય

તે વિષમતા હઠતા હઠાવે, વાત્સલ્ય ત ઉન્ય ધર્મતણો બતાવે, ॥ ૧ ॥ વાત્સલ્ય તે ધર્મને સમજી તમારો, વાત્સલ્યના સ્વરૂપને ઘટમા ઉતારો, વાત્સલ્યને કરી સ્વજનો સુધારો, ડુબી જતા દુખીત આર્યનરો ઉગારો ॥૨॥

મહાવીરના અનુયાયીઓને આમત્રણ.

(રાગ—આશા)

આ સ્થળ આવો, આ સ્થળ આવો, વીરજયતિને ઉજવાવો એ ટેક આમ તેમ જઇ શીદ અથડાઓ, જ્ઞાનનુ મદિર ખુબ ગજાવો આ૦ ૧ અવર તજી પ્રભુના ગુણ ગાઓ સમય મલ્યો છે હ્યો શુભ લ્હાવો આ૦ ૨ સત્ય બીનામા શુ શરમાઓ, મહાવીર નામની ધુન મચાવો.આ૦ ૩ ભ્રમિત થઈ શાને ભટકાઓ, આનદ આનદ આવી ઉડાવો આ૦ ૪ નેહ નયન ભરીને વરસાવો, લાગણી અન્યો અન્ય બતાવો આ૦ ૫ પ્રેમ પરસ્પર મળી પ્રગટાવો,

જ્ઞાન જળે સહુને નવરાવો આ૦ ૬ જય કરવાનો ખેલ જમાવો, સત શિષ્ય થઇ શોક સમાવો આ૦ ૭

સાધુ પુરૂષને સત્કાર આપવા વિષે.

(રાગ—નોકરી મત જાના સીરદાર)

પધારો માનવંત મહારાજ, ખુશાલી અમને અદકી આજ, આપના દર્શનથી શીરતાજ ? અમારા સિદ્ધ થયા સૌ કાજ ટેક મોર તણુ મન હર્ષિત થાએ, જેમ જોઈ જળધાર, તેમ તમારા દર્શન કરતા, અમને હર્ષ અપાર પધારો૦ ॥ ૧ ॥ અંધકાર સૌ ઉડી જાએ, થાતા સુર્ય પ્રકાશ, તેમ આપના પ્રૌઢ પ્રતાપે, થાય પાપનો નાશ પધારો૦ ॥ ૨ ॥ પાર્શ્વ મણિની પાસે રહેતા, લોહ કનક બની જાય, તેમ આપના સમાગમેથી, મૂરખ પંડિત થાય પધારો૦ ॥ ૩ ॥ ઘણા દિવસથી જોઇ વાટને,

પામ્યા દર્શન દાન; પોપટ કહે છે આજ અમારા, ભાગ્ય થયા બળવાન પધારો૦ ૪

પ્રભુ પ્રાર્થના.

(રાગ દેશ)

મારી નાડ તમારે હાથે, હરિ સભાળજોરે પ્યારા પોતાના જાણીને, પ્રભુપદ પાળજોરે ટેક પથ્યાપથ્ય નથી સમજાતુ, દુખ સદૈવ રહે ઉભરાતું, મને હશે શુ થાતું, નાથ નિહાળજોરે. મારી૦ ॥ ૧ ॥ અનાદિ વૈદ્ય આપ છો સાચ્યા, કોઈ ઉપાય વિષે નહિ કાચ્યા, દિવસ રહ્યા છે ટાચ્યા, વેળા વાળજોરે મારી૦ ॥ ૨ ॥ વિશ્વેશ્વર શુ હજી વિસારો, બાજી હાથ છતા કા હારો ! મહા મુઝારો મારો નટવર ટાળજોરે મારી૦ ॥ ૩ ॥ કેશવ હરિ મારૂ શુ થાશે ! ઘાણ વાળ્યો શું ગઢ ઘેરાશે, લાજ તમારી જાશે, ભુધર ભાળજોરે. મારી૦ ॥ ૪ ॥

શુ કરૂં ?

મારા હાથ પડ્યા છે હેઠા, હરિ હું શુ કરૂ રે ! શરણે આવ્યો છુ કરૂણાકર કરશો તે ખરૂરે ટેક. ક્યા સતાયા કુશળ કરાણી, તરણી નટ-વર જાય તણાણી, ભાઠે હાય ભરાણી, કઇ રીતે તરૂરે મારા૦ ॥ ૨ ॥ થતુ હશે શુ સમજણ ન પડે, ગોતુ પણ માર્ગ મને ન જડે, ભવસાગરના દુખવડે હૃદય ભરૂરે મારા૦ ॥ ૨ ॥ ધરણીધર શુ ધાર્યુ મારૂ, રટન કરૂ છુ નિત્ય તમારૂ, આવડુ શું અધારૂ મરણ વિના મરૂરે, મારા૦ ॥ ૩ ॥ સાધન સર્વ ગયા છે ખુટી, કપટી કાળે માર્યો કૂટી બગડયાની નહિ બૂટી, ઠાકર ક્યાં ઠરૂરે મારા૦ ॥ ૪ ॥ અતિ તાપેથી તપી ગ્યો છુ, પાપ કટથી અધ થયો છુ, ભૂલી ભાન ગયો છુ. ધીરજ શુ ધરૂંરે ? મારા૦ ॥ ૫ ॥ અદ્ભૂત માયા નાથ તમારી, મન–વાણી નહિ પ્હોચે મારી, કેશવ હરિ, હારી, ફટકેલ થઈ ફરૂરે. મારા૦

શુ પરવા ?

(ગજલ–કવાલી)

નહિ અપમાનની પરવા, પછી શુ માનની પરવા, નહિ જો જાનની પરવા, પછી શુ ખાનની પરવા ટેક ન આશા હોય અંતરમા, કદી કોડી કમાવાની, હૃદયમા રાખવી શાને, પછી ધનવાનની પરવા નહિ ૧ મરીને પિંડ લેવાની, ન હોયે વાસના નિશ્ચે પછી શિદ રાખવી શાણા, સુખદ સંતાનની પરવા નહિ ॥ ૨ ॥ ભજ્યું મન બ્રહ્મમા ભાવે, તજી 'મમ' આપની મેળે, બન્યા પોથા બધા થોથા, પછી શુ જ્ઞાનની પરવા નહિ૦ ॥ ૩ ॥ ન લીધો ભાગ સુખ દુખમા, સબંધી કે સગાઓમાં, શ્મશાને જઇ ન રોયાતો, પછી શુ સ્નાનની પરવા નહિ૦ ॥ ૪ ॥ વડા વિદ્વાનને તાબે, દબાયા ના દબાવાના, પછી શિદ રાખીએ કેશવ, નિપટ નાદાનની પરવા નહિ૦

ઐકય ભાવના.

(ઢબ-શાંતિ પમાડે તેને સંત કહીએ)

ભાઇ નામ સમજીને એમી રહીએ, આત્મા ચિન્હી મનમા મગન થઈ રહીએ ભાઇ૦ ટેક ગમ રહીમાન તમે, એક કરી જાણજો, કૃષ્ણ કરીમ એક કહીયે, વિષ્ણુ બીસમીલામા ભેદ નથી ભાઇ અમે અલ્લા અલખ એક કહીએ ભાઇ૦ ॥ ૧ ॥ ગફુર ગાવિંદ તમે એક કરી જાણજો, મૌલા માધવ ગુણ ગાઈએ, હરિ હકતાલાનો ભેદ મે જાણ્યો, હવે ચૌરાશી માર નવ સહીએ. ભાઈ૦ ॥ ૨ ॥ પરવરદિગાર પરમેશ્વર એક છે. નબી નાગાયણ ચોટયા હઇયે, ચોખા ચાવલને ડાંગર એક છે, એવુ સમજે તેના ચેલા થઇને રહીયે ભાઇ૦ ॥૩॥ બાપુ સાહેબ એક પાક બીજુ નાપાક, એવુ તે કયા જઇ કહીયે, સમજણ વિના પડે સાધનમા સાંસા, અમે બ્રહ્મ જળમા નિત્ય નાહીયે ભાઇ૦ ॥ ૪ ॥

પછી શું ?

(ગઝલ)

સદા એક પેટને માટે, ઘણા સંકટ સહ્યાથી શું ? વધે વેરો અને ઝેરો, કડુ એવુ કહ્યાથી શું, કીધા વખતે નહિ કીધુ, પછી ઘણુએ કહ્યાથી શું, દીધા વખતે નહિ દીધુ, પછી ભાણા ભર્યાથી શું ? ન શાંતિ લેશ પણ સેવી, ફકત રેડી રળ્યાથી શુ ? ન પૈસા જીવતા પામ્યો, મુવા પાછળ મળ્યાથી શુ ? સમય આવ્યે નહિ સમજ્યો પછી સમજી જવાથી શુ ? કહે સંત શિષ્ય સમય ગયો, દર્દ માટે દવાથી શુ ?

પછી શુ ?

(ગજલ)

વધારીને પ્રથમ વેરો, પછી ખાલી ખમાવ્યે શું, બગાડીને બધુ પરનુ, પછી મસ્તક

નમાવ્યે શુ ? જરૂર વખતે નહિ જાગ્યો પછી જાગી જવાથી શુ ? કરી કીર્તિ કલકિત ને પછી ભાગી જવાથી શુ ? અણી વખતે નહિ આપ્યુ, પછી જુઠી દયાથી શુ ? ઝરાવીને ગજબ ઝેરો પછી તીર્થે ગયાથી શુ ? ન લ્હાવો જીવતા લીધો, મુવા વખતે મુઝાયે શુ ? ભજન ટાણે પ્રભુ ભૂલ્યો, પછી ગરીબી ગવાયે શુ ?

॥ श्रीवीतरागदेवाय नमः ॥

श्री सामायिक व्रत.

મુળ પાઠ ૧ લો. नमोकारमंत्र

નમો અરિહંતાણ, નમો સિદ્ધાણ, નમો આયરિયાણ, નમો ઉવજ્ઝાયાણ, નમો લોએ સવ્વ સાહૂણ.

શબ્દાર્થ પાઠ ૧ લો. નમોક્કાર

નમો અરિહંતાણં —(કર્મરૂપી) દુશ્મનોને હણનારા ભગવાનોને નમસ્કાર

નમો સિદ્ધાણં - [સર્વ કર્મોને હણી સિદ્ધગતિમા બિરાજે છે તે) સિદ્ધભગવાનોને નમસ્કાર.

નમો આયરિયાણં - આચાર્ય મહારાજોને નમસ્કાર

નમો ઉવજ્ઝાયાણં -ઉપાધ્યાય મહારાજોને નમસ્કાર

નમો— નમસ્કાર,

લોએ— લોકને વિષે (અઢીદ્વીપમા)

સવ્વ સાહુણં — સર્વ, બધા સાધુઓને નમસ્કાર

મુળ પાઠ ૨ જો. तिक्खुत्तो.

તિક્ખુત્તો, આયાહિણ-પયાહિણ, વંદામિ નમંસામિ, સક્કારેમિ, સમ્માણેમિ, કલ્લાણં, મંગળં, દેવયં, ચેઈઅં પજ્જુવાસામિ

શબ્દાર્થ પાઠ ૨ જો. તિક્ખુત્તો.

તિક્ખુત્તો—	ત્રણવાર
આયાહિણ-પયાહિણ	[જમણા કાનથી ડાબા કાન સુધી) આવર્તનથી પ્રદક્ષિણા કરીને
વંદામિ	વાંદું છું (સ્તુતિ કરૂં છું)
નમંસામિ	(કાયા નમાવી) નમસ્કાર કરૂં છું
સક્કારેમિ	સત્કાર કરૂં છું (વિનય-ભક્તિથી)
સમ્માણેમિ	સન્માન દઉં છું (ગુણ-ગાન કરી)
કલ્લાણં	કલ્યાણકારી

મંગળ	મંગળકારી
દેવય	ધર્મદેવ, દૈવતરૂપ
ચેઇઅ	જ્ઞાનવંત (છો તેથી)
પજ્જુવાસામિ	પર્યુપાસના કરૂં છું—એવા કરૂં છું

મુળ પાઠ ૩ જો. ઇરિયાવહિયા.

ઇચ્છામિ પડિક્કમિઉં, ઈરિયાવહિયાએ વિરાહણાએ, ગમણાગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરીયક્કમણે, ઓસાઉત્તિંગ—પણગ—દગ—મટ્ટી—મક્કડા સંતાણા—સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા જીવિયાઓ વવરોવિયા, તસ્સમિચ્છામિ દુક્કડં.

શબ્દાર્થ પાઠ ૩ જો ઇરિયાવહિયા.

ઇચ્છામિ—	ઇચ્છુ છુ
પડિક્કમિઉ	પાપ કર્મથી છુટવાને
ઇરિયાવહિયાએ	માર્ગમા ચાલતા (જીવ-જતુની થતી)
વિરાહણાએ	વિરાધનાથી
ગમણાગમણે	જતા આવતા
પાણક્કમણે	પ્રાણોને દબાવ્યા હોય
બીયક્કમણે	બીજ કચર્યા હોય
હરિયક્કમણે	લીલી વનસ્પતિ કચરી હોય
ઓસા	ઝાકળ
ઉત્તિગ—	કીડીયારૂ
પણગ દગ	લીલફૂલ, કાચુ પાણી,
મટ્ટી	સચિત્ત માટી
મક્કડા સતાણા	કરોળીયાની જાળ
સકમણે	(એ સર્વ) કચર્યા હોય

જે મે જીવા	જે મે જીવોને
વિરાહિયા	પીડા કરી હોય
એગિંદિયા	એક ઇંદ્રિયવાળા
બેઇંદિયા	બે ઇંદ્રિયવાળા
તેઇંદિયા	ત્રણ ઇંદ્રિયવાળા
ચઉરિંદિયા	ચાર ઇંદ્રિયવાળા
પંચિંદિયા	પાંચ ઇંદ્રિયવાળા
અભિહયા	સામા આવતા હણ્યા હો
વત્તિયા	ધુળઆદિથી ઢાંક્યા હોય
લેસિયા	મસળ્યા હોય
સંઘાઇયા	એકઠા કર્યા હોય
સંઘટ્ટિયા	છુંદ્યા હોય, દુહવ્યા હોય
પરિઆવિયા	પરિતાપ-કષ્ટ આપ્યા હોય
કિલામિયા	કિલામના ઉપજાવી હોય
ઉદ્દવિયા	ઉદ્વેગ ઉપજાવ્યો હોય
ઠાણાઓ ઠાણં	એક સ્થાનકથી બીજે

સ કામિયા	મુકયા હોય.
જીવિયાઓ	જીવિતથકી
વવરોવિયા	જુદા પાડયા હોય
તસ્સ	તેના
મિચ્છા મિ દુક્કડ	નિષ્ફળ હો માગ પાપ

મુળ પાઠ ૪ થો. તસ્સઉતરી.

તસ ઉત્તરી કરણેણ, પાયચ્છિત્ત કરણેણ, વિસોહી કારણેણ, વિસલિકરણેણ પાવાણ, કમ્માણ, નિગ્ધાયણઠ્ઠાએ ઠામિ કાઉસગ્ગ, અન્નત્થ ઉસસિએણ નીસસિએણ, ખાસિએણ, છીએણ, જભાઇએણ, ઉડુએણ, વાયનિસગ્ગેણ ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિ અગસ ચાલેહિ, સુહુમેહિ ખેલસ ચાલેહિ, સુહુમે હિ દિઠ્ઠિસ ચાલેહિ, એવમાઇએહિ આગારેહિ, અભગ્ગો, અવિરાહિઓ, હૂજજ મે, કાઉસ્સગ્ગો, જાવ

અરિહંતાણું, ભગવંતાણું, નમોક્કારેણં, નપારેમિ, તાવ કાય ઠાણેણું મોણેણું ઝાણેણું, અપ્પાણું વોસિરામિ

શબ્દાર્થ પાઠ ૪ થો. તસ્સ ઉત્તરી.

તસ્સ ઉત્તરીકરણેણું	તેને ઉત્કૃષ્ટ કરવાને
પાયચ્છિત્તકરણેણું	પ્રાયાશ્ચત–આલોચના કરવાને
વિસોહીકરણેણું	વિશેષ શુદ્ધિ કરવાને
વિસલ્લીકરણેણું	શલ્યનો ત્યાગ કરવાને
પાવાણું કમ્માણું	પાપ, કર્મને
નિગ્ઘાયણટ્ઠાએ	નાશ કરવા અર્થે
ઠામિ કાઉસ્સગ્ગ	કરૂ છુ, કાયોત્સર્ગ
અન્નત્થ	અન્ય (ક્રિયાઓ દ્વારા)
ઉસસિએણું	ઉશ્વાસથી
નીસસિએણું	નિ શ્વાસથી
ખાસિએણું	ખાસીથી
છીએણું	છીકથી

જ ભાએણ	બગાસાંથી
ઉડુએણ	ઓડકારથી
વાયનિસગ્ગેણ	પુ ઠે વાયુના સરવાથી
ભમલીએ	ચક્કર ફેરથી
પિત્ત-મુચ્છાએ	પિત્ત વિકારની મૂર્ચ્છાથી
સુહુમેહિ	સૂક્ષ્મ
અ ગસ ચાલેહિ	અ ગસ ચારથી
સુહુમેહિ ખેલ સ ચાલેહિ	સૂક્ષ્મ કફ-સંચારથી
સુહુમેહિ દિઠ્ઠિ-સ ચાલેહિ	સૂક્ષ્મ દષ્ઠિ-સ ચારથો
એવમાઇએહિ	ઇત્યાદિ
આગારેહિ	આગારોથી
અભગ્ગો	અભ ગ
અવિરાહિઓ	અવિરાધિત
હુજ્જ મે કાઉ સ્સગ્ગોજાવ	હજો મારો કાયોત્સર્ગ જ્યાં સુધી

અરિહંતાણં	અરિહંત
ભગવંતાણં	ભગવાનોને
નમોક્કારેણં	નમસ્કાર કરી (કાયોત્સર્ગ)
ન પારેમિ તાવ	ન પારૂં ત્યાં સુધી
કાય	શરીરને, કાયાને
ઠાણેણં	સ્થિર કરીને
મોણેણં	મૌન રહીને
ઝાણેણં	ધ્યાન ધરીને
અપ્પાણં	પોતાના આત્માને
વોસિરામિ	(અશુભ વ્યાપારોથી)
	અલગ કરૂં છું

મૂળ પાઠ ૫ મો લોગસ્સ.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મ તિત્થયરે જિણે, અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિનંદણં ચ સુમઇંચ, ॥ ૨ ॥ પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદ-

ૈપહ વદે સુવિહિ ચ પુ ફદંત, સીઅલસિજજં-સવાસુપુજજ ચ, વિમલમણ ત ચ જિણ, ધમ્મ સતિચ વદામિ ॥ ૩ ॥ કુથુ અરચ મલ્લિ, વદે મુણિસુવ્વય નમિજિણચ, વદામિ રિઠુ-નેમિ, પાસતહ વદ્ધમાણુચ ॥ ૪ ॥ એવ-મએ અભિત્થુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા, ચઉવીસપિ જિણવરા, તિત્થયરા મે પસીયતુ ॥ ૫ ॥ કિત્તિય વદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરૂગ્ગ બોહિ-લાભ, સમાહિવરમુત્તમ દિતુ ॥ ૬ ॥ ચદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિય પયાસયરા, સાગરવરગભીરા, સિદ્ધા સિદ્ધિ મમ દિસતુ ॥ ૭ ॥

શબ્દાર્થ પાઠ ૫ મો લોગસ્સ

લોગસ્સ ઉજ્જોઅગરે=લોકના પ્રકાશના કરનાર
ધમ્મ તિત્થયરે જિણે=ધર્મરૂપ તીર્થની સ્થાપના કરનાર—રાગ દ્વેષના જીતનાર

અરિહંતે	તીર્થંકરોની
કિત્તઈસ્સં-	સ્તુતિ કરીશ
ચઉવીસં અપિ	ચોવીશે તીર્થંકરો અને
કેવલી	સામાન્ય કેવલી, કેવળજ્ઞાની
ઉસભ	ઋષભદેવને
મજિઅં ચ	અજિતનાથને અને
વંદે	વાંદુ છુ
સંભવ	સંભવનાથને
મભિનંદણું ચ	અભિનંદનને અને
સુમઇ ચ	સુમતિનાથને અને
પઉમપ્પહં	પદ્મપ્રભુને
સુપાસં	સુપાર્શ્વનાથને
જિણું ચ	જિનને અને
ચંદપ્પહં વંદે	ચંદ્રપ્રભુને નમું છું
સુવિહિં ચ પુપ્ફદંતં	સુવિધિનાથ-પુષ્પદન્તને
સીઅલ	શીતલનાથને
સિજ્જંસ	શ્રેયાંસનાથને

વાસુપુજ્જ ચ	વાસુપૂજ્યને અને
વિમલ	વિમલનાથને
મણુત ચ	અન તનાથને અને
જિણુ ધમ્મ	જિનેશ્વરને ધર્મનાથને
સ ત ચ	શાન્તિનાથને અને
વ દામિ	વન્દન કરૂં છુ
કુંથુ અર ચ	કુંથુનાથને અરનાથને અને
મલ્લિ વ દે	મલ્લિનાથને વાંદુ છુ
મુણિસુવ્વય	મુનિસુવ્રતને
નમિજિણુ ચ	નમિનાથ જિનેશ્વરને અને
વ દામિ	વ દન કરૂ છુ
રિટ્ઠનેમિ	અરિષ્ટનેમિ–નેમિનાથને
પાસ તહ	પાર્શ્વનાથને તથા
વદ્ધમાણુ ચ	વર્દ્ધમાન–મહાવીર ભગવાનને
એવ મએ	એ પ્રમાણે મે
અભિત્થુઆ	સ્તવન કર્યું

વિહુય રય મલા	ટાળ્યા છે કર્મરૂપી રજ-મેલ
પહીણ જર મરણા	ખપાવ્યા છે વૃદ્ધાવસ્થા, મરણ
ચઉવી સ પિ	ચોવીશે અને
જિણવરા	સામાન્ય જિનેશ્વરો
તિત્થયરા	તીર્થના પ્રવર્ત્તકો
મે પસિયતું	મારા ઉપર પ્રસન્ન હો
કિત્તિય	(વચનથી) કીર્ત્તન કરાયેલા
વદિય	(કાયા યોગથી) વદાયેલા
મહિયા	(મન યોગથી) પૂજાયેલા
જે એ લોગસ્સ	જે આ લોકમા
ઉત્તમા સિદ્ધા	ઉત્તમ, પ્રધાન સિદ્ધ છે
આરૂગ્ગ બોહિલાભ	આરોગ્ય અને ધર્મનો લાભ
સમાહિ વર	સમાધિ શ્રેષ્ઠ, પ્રધાન
મુત્તમ	(જ્ઞાન, દર્શન, ચારિત્ર વિષે એકતા)
દિંતુ	આપો

ચંદેસુ નિમ્મલયરા	ચંદ્રોથી વિશેષ નિર્મળ
આઇચ્ચેસુ અહિય	સૂર્યોથી અધિક
પયાસયરા	પ્રકાશ કરનાર
સાગર-વર-ગંભીરા	સમુદ્ર જેવા ગંભીર
સિદ્ધા સિદ્ધિં	સિદ્ધ ભગવાન સિદ્ધિ—મોક્ષ
મમ દિસંતુ	મને આપો

મૂળપાઠ ૬ ઠો. करेमिभंते.

+ કરેમિ ભંતે ! સમાઇયં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ દુવિહં તિવિહેણં ન કરેમિ ન કારવેમિ મણસા વયસા કાયસા તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

+ દ્રવ્ય થકી સાવદ્ય જોગના પચ્ચખાણ, ક્ષેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી બે ઘડી સુધી, ભાવ થકી ૭ કોટીએ પચ્ચખાણ

શબ્દાર્થ પાઠ ૬ ઠો કરેમિ ભતે

કરેમિ ભતે	કરૂ છુ હે પૂજ્ય !
સામાઇય	સામાયિકવ્રત
સાવજ્જ જોગ	પાપસહિત વ્યાપારને
પચ્ચખ્ખામિ	ત્યાગ કરૂ છુ
જાવ નિયમ	જ્યાસુધી નિયમને
પજ્જુવાસામિ	પર્યુપાસના કરૂ છુ સેવુ છુ
દુવિહિં	બે પ્રકારના (કરણથી)
તિવિહેણ	ત્રણ પ્રકારના (યોગથી)
ન કરેમિ	નહિ કરૂ,
ન કારવેમિ	નહિ કરાવુ
મણુસા	મનથી
વયસા	વચનથી
કાયસા	કાયાથી
તસ્સ	તેનાથી [પ્રથમના પાપોથી]
ભંતે	હે સ્વામિન્ !
પડિક્કમામિ	નિવૃત્ત થાઉ છુ

નિંદામિ	નિંદા કરૂં છું
ગરિહામિ	ગરહું છુ
અ પાણુ	આત્માને [આ પાપ વ્યા-
વોસિરામિ	પારથી) દુર રાખું છુ

મૂળ પાઠ ૭ મો. નમોત્થુણં.

નમોત્થુણ અરિહંતાણુ ભગવંતાણુ આઇગરાણુ તિત્થયગાણુ સયં-સંબુદ્ધાણં પુરિસુત્તમાણુ પુરિસ સિંહાણુ પુરિસવર પુંડરિઆણુ પુરિસ-વરગંધ-હત્થીણુ, લોગુત્ત-માણુ લોગનાહાણુ-લોગ-હિઆણુ લોગ પઈવાણુ લોગ-પજ્જોઅ-ગરાણુ અભય-દયાણુ ચખુ દયાણુ મગ્ગ-દયાણુ સરણુ-દયાણુ જીવ દયાણ બોહિદયાણ, ધમ્મદયાણુ ધમ્મ-દેસયાણુ ધમ્મ નાયગાણુ ધમ્મસારહિણુ ધમ્મ-વર-ચાઉરંત-ચક્ક-વટ્ટીણુ દીવો તાણુ સરણુ ગઇ પઈટ્ઠા, અપ્પડિહય-વર-નાણું-દંસણુ

ધરાણુ, વિઅટ્ટછઉમાણુ જિણાણુ, જાવયાણં તિન્નાણુ તારયાણુ બુદ્ધાણુ બોહયાણુ, મુત્તાણુ મોઅગાણુ સવ્વન્નૂણુ સવ્વદરિસીણુ, સિવ મયલ મરૂય મણુત મખય મવ્વાબાહ મપુણ ગવત્તિ સિદ્ધિ ગઇ-નામધેય ઠાણુ સપત્તાણુ નમો જિણાણુ, જિઅભયાણુ

શબ્દાર્થ પાઠ ૭ મો. નમોત્થુણ

નમોત્થુણ	નમસ્કાર હો
અરિહતાણુ	અરિહત
ભગવતાણુ	ભગવાનને (તે કેવા છે તે કહે છે)
આઇગરાણુ	ધર્મની શરૂઆત કરનારા
તિત્થયરાણુ	ચાર તીર્થની સ્થાપના કરનારા
સય-સબુદ્ધાણુ	સ્વયમેવ બોધ પામેલા
પુરિસુત્તમાણુ	પુરૂષોમા શ્રેષ્ઠ
પુરિસ-સિહાણુ	પુરૂષોમા સિહ સમાન

પુરિસ-વર-પુંડરી-આણં	પુરૂષોમાં શ્રેષ્ટ કમલસમાન
પુરીસ-વર-ગંધ-હત્થીણં	પુરૂષોમાં ઉત્તમ ગંધ હસ્તિ સમાન
લોગુત્તમાણં	લોકમાં ઉત્તમ
લોગ-નાહાણં	લોકના નાથ
લોગ-હિઆણં	લોકનું હિત કરનારા
લોગ-પઈવાણં	લોકના દીપક સમાન
લોગ-પજ્જોઅ-ગરાણં	લોકમાં ઉદ્યોત કરનારા
અભય-દયાણં	અભય દેનારા
ચખુ-દયાણં	(જ્ઞાન) ચક્ષુ દેનારા
મગ્ગ-દયાણં	(મોક્ષ) માર્ગના દાતા
સરણ-દયાણં	શરણ દેનારા
જીવ-દયાણં	સંયમ-જીવતરના દેનારા
બોહિ-દયાણં	બોધિ-સમ્યકત્વના દેનારા
ધમ્મ-દયાણં	ધર્મના દાતા
ધમ્મ-દેસયાણં	ધર્મના ઉપદેશક
ધમ્મ-નાયગાણં	ધર્મના નાયક

ધમ્મ-સારહીણં	ધર્મના સારથિ
ધમ્મ-વર-ચાઉરંત	ધર્મમાં પ્રધાન, ચાર ગતિનો અંત કરનારા
ચક્ક-વટ્ટીણં	ચક્રવર્તી સમાન
દીવો	દ્વીપ સમાન આધાર રૂપ
તાણં	કર્મશત્રુથી બચાવનાર
સરણં	શરણરૂપ
ગઇ	આધાર, દુઃખી જીવોને
પઇટ્ઠા	પ્રતિષ્ટા(પડતાને ટેકારૂપ)
અપ્પડિહય-વર નાણ-	અપ્રતિત તથા શ્રેષ્ઠ એવા
દંસણ-ધરાણં	જ્ઞાન-દર્શનના ધારણ કરનાર
વિઅટ્ટછઉમાણં	છદ્મસ્થ અર્થાત્ ઘાતિકર્મ રહિત
જિણાણં જાવયાણં	(રાગદ્વેષને) પોતે જીતનારા અને બીજાને જીતાડનારા

તિન્નાણુ તારયાણુ	(સંસારથી) પોતે તર્યા અને અન્યોને તારનારા
બુદ્ધાણુ બોહયાણુ	પોતે બોધ પામેલા અને બીજાઓને પમાડનારા
મુત્તાણુ મોઅગાણુ	(બન્ધનથી) પોતે છુટેલા અને બીજાઓને છોડાવનારા
સવ્વન્નૂણુ	સર્વજ્ઞ
સવ્વદરિસીણુ	સર્વદર્શી (તથા)
સિવ	નિરૂપદ્રવ
મચલ મરૂયં અણંતં	સ્થિર–રોગ–અન્ત–રહિત
અક્ખય	અક્ષય
અવ્વાબાહં	બાધા–રહિત
અપુણરાવિત્તિ	પુનરાગમન રહિત (એવું)
સિદ્ધિ ગઈ	સિદ્ધિ ગતિ
નામધેય ઠાણં	નામના સ્થાનને
સંપત્તાણં	પ્રાપ્ત કરનારા

નમો જિણાણં	નમસ્કાર હો જિનભગવાનને
જિઅભયાણં	ભયના જીતનાર

અરિહંત પ્રભુને ઉદ્દેશીને બોલતા પાઠના છેલ્લા શબ્દો —

નામધેય ઠાણં	નામના સ્થાનને
સંપાવિઉં કામાણં	પ્રાપ્ત કરવાના ઈચ્છકને

મૂળ પાઠ ૮ મો
સામાયિક પાળવાનો વિધિ

એવા નવમા સામાયિક વ્રતના પંચ અઈયારા જાણિયવ્વા ન સમાયરિયવ્વા, તં જહા તે આલોઉં મણદુપ્પણિહાણે વયદુપ્પણિહાણે, કાયદુપ્પણિહાણે, સામાઇયસ્સ—સઇઅકરણયાએ, સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સકરણયાએ, તસ્સ મિચ્છા મિ દુક્કડં

સામાઇયં સમ્મં કાએણં, ફાસિયં, પાલિયં, તિરિયં કિટ્ટિયં, સોહિયં, આરાહિયં,

આણાએ, અણુપાલિત્તા, ન ભવઇ, તસ્સ મિચ્છા મિ દુક્કડ

સામાયિકમા દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીશ દોષ માહેલો, કાઇ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડ

સામાયિકમા આહાર સન્ના, ભય સન્ના, મૈથુન સન્ના, પરિગ્રહ સન્ના, એ ચાર સન્ના માહેલી કોઇ સન્ના કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડ

સામાયિકમા સ્રી કથા, ભત્તકથા, દેશ કથા, રાજ કથા એ ચાર કથા માહેલી કોઇ કથા કરી હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડ

સામાયિકમા અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અણાચાર, જાણતા, અજાણતા, મન વચન, કાયાએ કરી લાગ્યા હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડ

સામાયિક વ્રત વિધિએ લીધું, વિધિએ પાળ્યું છતાં અવિધિએ થયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં

સામાયિકમાં કાનો, માત્ર, મીંડી પદ, અક્ષર, શબ્દ, ગાથા, સૂત્ર, ઓછું, અધિક, વિપરીત ભણાયું હોય તો તસ્સ મિચ્છા મિ દુક્કડં

પાઠ ૮ મો. સામાયિક પાળવાનો વિધિ.

એવા નવમા સામાયક વ્રતના, પાંચ અતિચારો જાણવા યોગ્ય (પણ) નહિ આચરવા યોગ્ય તે આ પ્રમાણે—

મણદુપ્પાણુહાણે	મનની દુષ્ટ પ્રવૃત્તિ કરી હોય
વયદુપ્પણિહાણે	વચનની દુષ્ટ પ્રવૃત્તિ કરીહોય
કાયદુપ્પણિહાણે	કાયાની દુષ્ટ પ્રવૃત્તિ કરી હોય
સામાઇયસ્સસઇ	સામાયકની સ્મૃત્તિ ન રાખી હોય
અકરણયાએ	

સામાઇયસ્સ અણુ-	વખત પુરો થયા વિના
વઠ્ઠિયસ્સકરણયાએ	પાળ્યું હોય
તસ્સ મિચ્છા મિ	તે મારૂ પાપ નિષ્ફળ
દુક્કડ	હજો

ઇતિ સામાયિક સંપૂર્ણ.

સામાયિક કરવાનો વિધિ.

પ્રથમ ભૂમિ પુજવી, પછી પથરણું પુજીને પાથરવુ, મુહપત્તિને પડિલેહણુ કરીને બાધવી, ગુચ્છો અથવા રજોહરણ પાસે રાખવો. પથરણા ઉપર ઉભા રહી પર્વ અથવા ઉત્તર દિશા તરફ મુખ રાખી નીચે લખી વિધિ પ્રમાણે સામાયિક કરવું

૧ નમોક્કાર, ૨ તિકખુત્તો, ૩ ઇરિયાવહિયા, ૪ તસ્સ ઉત્તરીના પાઠ અનુક્રમે બો-

લવા, ત્યારબાદ ઇરિયાવહિયાના અને નમો-ક્કારના પાઠનો કાઉસ્સગ્ગ કરવો

કાઉસ્સગ્ગ પૂર્ણ થયે 'નમો અરિહંતાણં' શબ્દ (ખુલ્લી રીતે) બોલી કાઉસ્સગ્ગ પા-ળવો, પછી લોગસ્સનો પાઠ બોલી સ્તુતિ કરવી

ત્યાર પછી ગુરૂજીને સવિનય વંદન કરી સામાયિક કરવાની આજ્ઞા માગવી અને કરેમિ ભંતેનો ૬ઠો પાઠ બોલવો.

ત્યાર બાદ જમણો ઢીંચણ જમીન ઉપર સ્થાપી, ડાબો ઢીંચણ ઉભો રાખી, બે હાથ જોડી, અંજળી મસ્તકે અડકાડી નમોત્થુણંનો પાઠ બે વખત કહેવો, બીજી વખત બોલતી વખતે " સિદ્ધિ ગઈ નામધેય " સુધી બો-લ્યા પછી " ઠાણં સંપાવિઉં કામાણં " શબ્દ બોલવા અને ' નમોત્થુણં મમ ધમ્મગુરૂસ્સ

ધમ્માયરિયસ્સ શબ્દો બોલી ગુરૂનુ ગુણ કી-
ર્ત્તન કરવુ

સામાયિક પાળવાનો વિધિ.

સામાયિકનો કાળ પૂર્ણ થયે પ્રથમની માફક પહેલા પાઠથી ચોથા પાઠ સુધી બોલવુ, પછી ઇરિયાવહિયા તથા નમોક્કારના પાઠનો કાઉસ્સગ્ગ કરવો, ત્યાર પછી લોગસ્સના પાઠથી સ્તુતિ કરવી, ત્યારબાદ આઠમો ગામાયિક પાળવાનો વિધિનો પાઠ બોલવો પછી પ્રથમની માફક આસને બેસી નમોત્થુણ નમ ધમ્મગુરૂસ્સ ધમ્માયરિયસ્સ શબ્દો બોલવા. છેવટે નમોકકાર પાઠનો ત્રણ વખત કાઉસ્સગ્ગ કરવો, અને "નમો અરિહંતાણુ" શબ્દ પ્રકટરીતે બોલી કાઉસ્સગ્ગ પાળવો આ ક્રિયા પછી સામાયિકવ્રતથી છુટા થવાય છે.

શ્રી પ્રતિક્રમણ સૂત્ર.

पाठ १ लो इच्छामिणं भंतेनो.

ઇચ્છામિણુ ભંતે, તુભેહિં, અભણુ નાય-સમાણે, દેવસિ પડિક્કમણું ઠાએમિ દેવસિ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અતિચાર ચિંત વનાર્થે કરેમિ કાઉસગ્ગ ૧

(અહીં " નમોક્કાર " નો પાઠ અને " કરેમિ ભતે સમાઇય " થી માંડી " વોસિરામિ " સુધીનો પાઠ બોલવો)

पाठ २ जो इच्छामि ठामि काउसग्गंनो.

ઇચ્છામિ ઠામિ કાઉસગ્ગ જો મે દેવસીઓ અઇયારો કઓ કાઇઓ વાઇઓ માણુસીએ ઉસુત્તો ઉમગ્ગો અકપ્પો અકરણિજ્જો દુજ્ઝાઓ દુવિચિંતિઓ અણાયારો અણિછિયવ્વો

અસાવગ પાઉગ્ગો નાણે તહ દસણે ચરિતા-ચરિતેય સુએસામાઇએ તિન્હ ગુત્તિણ ચઉન્હ-કસાયાણ પચન્હ મણુવયાણ તિન્હ ગુણુવયાણ ચઉન્હ સિખાવયાણ બારસ્સ વિહસ્સ સાવગધમ્મસ્સ જંખડિય જ વિરાહિય તસ્સ મિચ્છા ામ દુક્કડ

(અહી " તસ્સ ઉત્તરીકરણેણ " નો પાઠ બોલવો અને નવાણુ અતિચારનો કાઉસગ્ગ કરવો)

ઇતિ પ્રથમ આવશ્યક સમાપ્ત ૧

(પછી પૂર્વની પેઠે ઉભા થઇ બીજા આ-વશ્યકની આજ્ઞા માગી) " લોગસ્સ ' નો પાઠ ઉભા ઉભા બોલવો

ઇતિ બીજો આવશ્યક સમાપ્ત. ૨.

[પછી ઉભા થઈ ત્રીજા આવશ્યકની આજ્ઞા માગવી, ને નીચેનો પાઠ બે વખત બોલવો.]

पाठ ३ जो इच्छामि खमासमणानो.

ઇચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિ-જ્જાએ નિસીહિયાએ અણુજાણહ મે મિ ઉ-ગ્ગહ નિસીહિ અહો કાય કાયસફ્રાસ ખમ-ણિજ્જોભે કિલામો અપ્પ કિલતાણ બહુસુભેણ ભે દિવસો વઇકંતો જત્તાભે જવણિ જંચ ભે ખામેમિ ખમાસમણો, દેવસિય, વઇક્કમ આવસિયાએ પડિક્કમામિ, ખમાસમણાણ દેવસીઆએ આસાયણાએ તિતિસ નયરાએ જ કિંચિમિચ્છાએ મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ કોહાએ માણાએ માયાએ લોહાએ સવ્વ કાલિયાએ સવ્વ મિચ્છોવયાગાએ સવ્વ ધમ્માઇક્રમણાએ આસાયણાએ જોમે દેવ-સીઓ અઇયારોકઓ તસ્સ ખમાસમણો પ-ડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણ વો-સિરામિ ૩

ઇતિ ત્રીજો આવશ્યક સમાપ્તઃ ૩.

(અહીંઆ ઉભા થઇ પુર્વની પેઠે ચોથા આવશ્યકની આજ્ઞા માગવી.)

पाठ ४ थो ज्ञानना अतिचारनो.

દિવસ સબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આળોઉ, આગમે તિવિહે પન્નત્તે તજહા સુત્તાગમે અત્થાગમે તદુભયાગમે એહવા શ્રી-જ્ઞાનને વિષે જે અતિચાર લાગ્યા હોય તે આળોઉ જવાઇધિ, વચ્ચામેલીય, હીણખર, અચ્ચખર, પયહીણ, વિણયહીણ, જોગહીણ, ઘોસહીણ, સુઠુદિન્ન, દુઠુપડિછિય, અકાલેક-ઓસઝ્ઝાઓ, કાલેનકઓસઝ્ઝાઓ, અસજ્ઝાઇએ સજ્ઝાઇય, સજ્ઝાઇએ નસજ્ઝાઇયં, તસ્સ મિચ્છા મિ દુક્કડ ૪

पाठ ५ मो. समकितनो.

દસણ સમકિત પરમત્થ સત્થવો વા

હવે જ્યારે તેઓ મધ્ય સમુદ્રે પહોચ્યા, તેવામા અકાળે મેઘ (વરસાદ) નો અધકાર થયા આકાશમા મેઘ ગર્જના કરવા લાગ્યો વીજળીયોના ચમકારા થવા લાગ્યા અને મ્હોટો પવનનો જુસ્સો પ્રગટ થયો તથી દૈવયોગે તઓનુ વહાણ ભાગ્યુ ! વહાણમા બેઠેલા મનુષ્યો બુડી ગયા ! પરતુ તે બન્ને ભાઇઓને ભાગ્યના યોગ એક પાટીયુ હાથ આવ્યુ, જેના યોગથી તઓ ત્રીજે દિવસે રત્નદ્વીપના તીર ઉપર નીકળ્યા ત્યા બન્ને ભાઇઓ નાળિએરના ફળ ખાઇને રહે છે

એવામા એક દિવસ નિષ્ઠુર, નિર્દય અને હાથમા ખડ્ગ ધારણ કરનારી રત્નદ્વીપની અધિષ્ઠાતા રત્નાદેવી ત્યા આવી તેઓને કહેવા લાગી કે, “ જો તમે મ્હારી સાથે વિષય સુખ ભોગવશો, તો કુશળે રહેશો, નહિ તો આ

ખડગ વડે તમારા મસ્તક છેદીશ. ” તે સાંભ-
ળી તેઓ બોલ્યા “ હે દેવી ! અમારૂ વહાણું
ભાગી જવાથી અમે આહી આવ્યા છીએ.
માટે જેમ તુ કહીશ તેમ અમે વર્ત્તિશું ”
પછી પ્રસન્ન થઇ દેવી બન્નેને પોતાના
આવાસમા લઇ ગઇ, ત્યા તેઓના શરીરથી
અશુભ પુદ્ગળોનો નાશ કરી તેમની સાથે
સ્વેચ્છાયે વિષયસુખ ભોગવવા લાગી દરરોજ
તે દેવી તેઓને અમૃતના ફળોનો આહાર
આપે છે એમ કેટલાએક દિવસ ગમાવ્યા

એક દિવસે તે દેવી બોલી “લવણસમુદ્રના
અધિષ્ઠાયક સુસ્થિત નામે દેવ મને આજ્ઞા
કરી છે કે, ત્હારે એકવીસ વખત સમુદ્રની અદર
તૃણ કાષ્ટ અને કાઇ અશુચી હોય તે શોધી
કાઢી તને એકાત સ્થાનકે નાખવી, તે માટે
મ્હારે ત્યા જવુ છે તેથી તમે ઇહા સુખેથી
રહેજયો આ રૂડા ફળોથી પ્રાણવૃત્તિ કરજયો.

કદાચિત્ અહિં એકલા રહેતા તમને અરતિ પ્રાપ્ત થાય, તો ક્રિડા કરવા માટે પૂર્વ, ઉત્તર અને પશ્ચિમ દિશા તરફના વનખડમાં જવુ ત્યા સર્વ ઋતુ સબધી વિનોદ તમને પ્રાપ્ત થશે, પરતુ દક્ષિણ દિશાના ઉદ્યાનમા તમારે સર્વથા ન જવુ કારણ કે, તે વનમા કૃષ્ણ (કાળા) વર્ણવાળો દ્રષ્ટિવિષ નામે સર્પ રહે છે " એમ કહી તે દેવી ત્યાથી ગઈ

પછી તે બન્ને ભાઇઓ પૂર્વોક્ત વનમા સ્વેચ્છાયે ફરી સુખ ભોગવવા લાગ્યા એક દિવસ તેઓના મનમા વિચાર આવ્યો કે, દક્ષિણ દિશાના વન તરફ જવાની તેણીએ વારવાર મનાઈ કરી છે, તેનુ શુ કારણ હશે ! એમ શકા લાવીને તે તરફ જવાને તૈયાર થયા આગળ ચાલતા દુર્ગંધ આવવા લાગી, તેથી તેઓ નાસિકના દ્વાર ઉત્તરિય વસ્ત્રવડે ઢાકીને આગળ ચાલ્યા, તેવામા ઘણા મનુ

ઘ્યોના મડદા (કળેવર) જોવામા આવ્યા, તેથી ભયભ્રાત થઇ તે વનમા આગળ ચાલ્યા, તે-વામા શૂળી ઉપર રહેલા જીવતા પુરુષને વિ-લાપ કરતો જોયો, તેથી તેની સમીપે જઈ " હે ભદ્રે ! તમારી આવી દશા કેમ થઇ ? અને આ સર્વ કલેવરો ઇહા પડયા છે એ શુ ! " એમ પૂછયુ ત્યારે શૂળી ઉપર રહેલો પુરૂષ બોલ્યો કે, " હુ કાકદીપુરીનો રહેનારો વાણિયો છુ વ્યાપાર કરવાને અર્થે જળમાર્ગે જતા મ્હારૂ વહાણ ભાગ્યુ, દૈવયોગે એક પાટીયુ હાથ આવવાથી આ રત્નદ્વીપે આવ્યો. આ રત્નદ્વીપની અધિષ્ઠાતા દેવીએ વિષય લાલસાથી મ્હારૂ રક્ષણ કર્યું, એક દિવસ થોડા અપરાધ પ્રાપ્ત થવાથી તેણીએ મને શૂળી ઉપર ચઢાવ્યો. આ સર્વે કલેવરો જે પડયા છે, તેઓનો એ દુષ્ટ દેવીએ, એ જ પ્ર-માણે વધ કર્યો છે !!! હે ભાઇઓ ! ક્યાંથી આવીને તમે એ દુષ્ટાના સંકટને વિષે પડયા ?"

એમ સાભળી તે બન્ને ભાઇઓએ પોતાનો સર્વ વૃત્તાત જણાવ્યો અને ભયભ્રાત થઇ પૂછવા લાગ્યા કે, " હવે અમારે જીવવાનો કોઇ ઉપાય છે ? " તે પુરૂષે કહ્યુ ' પૂર્વ દિશાના વનમા શેલક નામે યક્ષ રહે છે. તે પર્વ દિવસે ઘોડાનુ રૂપ કરીને એમ બોલે છે કે, કિયા પુરુષનુ રક્ષણ કરૂ ? અને કોને વિપત્તિથી ઉગારૂ ? માટે તમે ત્યા જઇ તે યક્ષની આરાધના કરો અને જે વખતે તે ઉપર પ્રમાણે બોલે, તે સમયે તમારે બોલવુ કે, ભો યક્ષરાજ ! અમારૂ રક્ષણ કરો અને અમને વિપત્તિથી ઉગારો " એવી રીતે શિખામણ દેઈ તે શૂળી ઉપર રહેલો પુરુષ મરણ પામ્યો !

ત્યાર પછી તે બન્ને ભાઈયો વનમા જઈ સુદર પુષ્પો વડે તે યક્ષની પુજા કરી ભક્તિ કરવા લાગ્યા. એમ કરતા જયારે પર્વ દિવસ

આવ્યો, ત્યારે તે યક્ષે એ પ્રમાણે ગર્જના કરી, તે સમયે તેઓએ દીન મુખે વિનતી કરી કે, 'હે સ્વામિન! અમને કષ્ટ સમુદ્રથી પાર ઉતારો" યક્ષે કહ્યુ "હુ તમને સમુદ્રપાર લેઈ જઇશ, પરતુ મ્હારૂ એક વચન તમારે અગીકાર કરવુ પડશે તે દેવી પાછળ મીઠા વચનો બોલશે જો તમા નિરપેક્ષ થઈ તમે નિરાગીપણુ બતાવશો, તો ક્ષેમકુશળે તમને ચપાપુરીયે પહોચાડીશ વધારે શુ કહુ, દૃષ્ટિથી પણ તમારે તેની સન્મુખ ન જોવુ. વળી તેના ભય ભરેલા વચનો સાભળી તમારે જરા પણ ભય પ્રાપ્ત ન થવુ એ પ્રમાણે નિર્વાહ કરવાની જો તમારી શકિત હોય, તો મ્હારી પીઠ ઉપર બેસી જાઓ," તેમ સાભળી તેઓ તે વચન અગીકાર કરી તેની પીઠ ઉપર બેસી ગયા, પછી તે યક્ષ સમુદ્રમા આકાશમાર્ગે ચાલ્યો

ઈહા તે દેવી પોતાના આવાસ પ્ર
આવી ત્યાં બન્નેને દીઠા નહી, પછી ર
વનખડમા તપાસ કરી જ્ઞાન ઉપયે
દેઈ ખરૂ સ્વરૂપ જાણી ખડ્ગ લઇ
છળ આવી અને બોલવા લાગી કે, " ;
મુકીને તમે ક્યા ચાલ્યા ? જો જીવિત
વાછા હોય તો પાછા વળો, નહિ તો
ખડ્ગ વડે તમારા મસ્તક છેદીશ ! " યક્ષે
બન્નેને કહ્યુ, " મ્હારી પીઠ ઉપર બેઠા દ
તમારે જરા પણ ભય ન રાખવો " ર
ધીરજના વચન સાભળી તઓ વિશેષ પ્ર
સ્થિર ચિત્તવાળા થયા પછી અનેક પ્રકા
પ્રીતિ ભરેલા ગમતાં વચનો બોલવા લા
છેવટે એક જિનરક્ષિતને ઉદ્દેશીને કહેવા લ
કે, " હે પ્રાણ વલ્લભ ! તું મને વિશેષે [
હતો ત્હારા ઉપર મ્હારો નિશ્ચળ સ્નેહ વ
તો હતો. હવે હુ કોની સાથે વિષય સુખ

ગવીશ! ત્હારા વિયોગે નિશ્ચે હું પ્રાણુ ત્યાગ કરીશ," એ પ્રમાણે માયાના વચનોથી તે ક્ષોભ પામી (છળાઈ) તની સન્મુખ જોવા લાગ્યો, એટલે શેલક યક્ષે તેને નીચે નાખી દીધો! સમુદ્ર મધ્યે પડતા તેણીએ તે જિન-રક્ષિતને ત્રિશુળથી વીધ્યો અને બોલી કે, "હે પાપિષ્ઠ! મને ઠગવાનું ફળ ભોગવ" એમ કહી ખડ્ગ વડે તેના કટકે કટકા કરી સમુદ્રમા ફેંકી દીધા!!! જિનપાલિત નિ-શ્ચળ રહ્યો, તેથી યક્ષે તેને ચપાપુરીએ પહોચાડયો,

પછી જિનપાલિત ઘેર જઇ પોતાના પરિવારને મળ્યો અને શોક સહિત સર્વ વૃત્તાત જણાવ્યો માતા પિતાયે પણ અત્યત શોક કર્યો પછી એક દિવસ તે નગરીમા શ્રી મહાવીર સ્વામી સમોસર્યા તેમની પાસે પિતા પુત્રે દિક્ષા ગ્રહણ કરી, દુષ્કર તપ કરી બન્ને પોતાના કાર્યના સાધક થયા. ઇતિ.

जं अइतिरवं दुरवं,
जं च सुहं उत्तमं तिलोअंमि ॥
तं जाणसु विसयाणं,
वुड्ढि रवय हेउअं सव्वं ॥ ३१ ॥

હે જીવ! નરકમા જે અતિ તીક્ષ્ણ દુઃખ અને ત્રણ લોકમા ઉત્તમ જે મોક્ષનુ સુખ છે, તે સર્વ (અનુક્રમે) વિષયોની વૃદ્ધિ અને ક્ષયના હેતુ છે એમ તુ જાણ અર્થાત નરકના અતિ તીક્ષ્ણ દુઃખ વિષયની વૃદ્ધિના ફળ છે અને ત્રણ લોકમા ઉત્તમ જે મોક્ષનુ સુખ, તે વિષયને ક્ષય કરવાનુ ફળ છે એમ જાણીને વિષયને ઘટાડવાનો ઉદ્યમ કર ॥૩૧॥

इंदिय विसय पसत्ता
पडंति संसारसायरे जीवा ॥
परिवसव्व छिन्न पंखा,
सुसील गुण पेहुण विहूणा ॥ ३२ ॥

પચેદ્રિયના વિષયમા આસકત થયેલા જીવો, ઉત્તમ આચાર અને શીળગુણ રૂપ પાખો વિના, છેદાણી છે પાખો જેની એવા પક્ષીની પેઠે સસાર સમુદ્રમા પડે છે ॥૩૨॥

न लहइ जहा लिहंतो,
मुहल्लियं अट्ठिअं जहा सुणओ ॥
सोसइ तालुअ रसिअं,
विलिहंतो मन्नए सुक्खं ॥ ३३ ॥
महिलाण कायसेवी,
न लहइ किंचिवि सुहं तहा पुरिसो ॥
सो मन्नए वराओ,
सयकाय परिस्समं सुक्खं ॥३४॥(युग्मम्)

જેમ કુતરો મ્હોટા ,હાડકાને ચાટતો સતો એમ નથી જાણતો કે, હુ મ્હારા પોતાના જ તાળુઆની રસીને સોસવુ છુ ! તેથી જ તે હાડકાને વિશેષે ચાટતો સતો જેમ સુખ

માને છે, તેમ સ્ત્રીની કાયાનો સેવનાર, એટલે વિષય સેવનારો પુરુષ તેથી જરા પણ સુખ નથી પામતો, તથાપિ તે રાંક–પુરુષ પોતાની કાયાના પરિશ્રમને સુખ માને છે ! ! ! ॥૩૩॥ ॥૩૪॥

सुठुवि मग्गिज्जंतो,
कत्थवि कयलीइ नत्थि जह सारो ॥
इंदिय विसएसु तहा,
नत्थि सुहं सुठुवि गविठ्ठं ॥ ३५ ॥

સારી રીતે તપાસતા જેમ કેળમા કાઇ પણ સાર નથી, તેમ ઇંદ્રિયોના વિષયમા પણ સારી રીતે તપાસતા સુખ નથી

सिंगार तरंगाए
विलास वेलाइ जुव्वण जलाए ॥
के के जयंमि पुरिसा,
नारी नइए न बुड्डंति ॥ ३६ ॥

જેમા શૃંગાર રૂપ કલ્લોલો છે, વિલાસ

રૂપ વેલો છે અને જોવન રૂપ જળ છે એવી સ્રી રૂપ નદીમાં નથી બુડયા, એવા જગત્માં કોણુ કોણુ પુરુષો છે? ॥ ૩૬ ॥

सोअ सरी दुरिअ दरी,
कवडकुडी महिलिया किलेसकरी ॥
वइर विरोयण अरणी,
दुक्खाणी सुक्ख पडिवक्खा ॥ ३७ ॥

શોકની નદી, પાપની ગુફા, કપટની કૂડી, કલેશની કરનારી અને વેર રૂપ અગ્નિને પ્રગટ કરવા માટે અરણીના કાષ્ટ સમાન એવી સ્રી દુખની ખાણુ છે અને સુખની પ્રતિપક્ષી–શત્રુ છે ॥ ૩૭ ॥

अमुणिअ मण परिकम्मो,
सम्मं को नाम नासिउं तरई ॥
वम्महसर पसरोहे,
दिट्ठच्छोहे मयच्छीणं ॥ ३८ ॥

નથી કરી મનની સારી શુદ્ધિ જેણે એવો કયો પુરૂષ મૃગાક્ષી સ્રીના કામબાણ વરસાવનાર નજરના સપાટામાથી બરોબર રીતે બચી શકે ? ॥ ૩૮ ॥

परिहरसु तओ तासिं,
दिट्ठि दिट्ठिविसस्सव अहिस्स ॥
जं रमणि नयणबाणा,
चरित्त पाणे विणासंति ॥ ३९ ॥

તે કારણ માટે હે જીવ ! દૃષ્ટિવિષ સર્પના જેવી છે દૃષ્ટિ જેની એવી અને જે સ્રીના નયન રૂપી બાણો ચારિત્ર રૂપ પ્રાણનો વિનાશ કરે છે તવી સ્રીનો તુ ત્યાગ કર ॥ ૩૯ ॥

सिद्धंत जलहि पारं-
गओवि विजिइंदिओवि सुरोवि ॥
दढचित्तोवि छलिज्जइ,
जुवइ पिसाइं हि खुड्डाहिं ॥ ४० ॥

સિદ્ધાંત રૂપ સમુદ્રને પાર પામેલો, વિ-
શેષે કરી જીતી છે ઇંદ્રિયો જેણે, શૂરો, દૃઢ
ચિત્તવાળો એવો પુરૂષ પણ યુવતિ રૂપ ક્ષુદ્ર
પિસાચણીથી છળાય છે ॥૪૦॥

मणय नवणीय विलओ,

जह जायइ जलण संनिहाणंमि ॥

तह रमणि संनिहाणे,

विहवइ मणो मुणीणंपि ॥ ४१ ॥

જેમ અગ્નિની પાસે રહેલુ ભીણુ અને
માખણુ ઓગળી જાય છે, તેમ સ્રીની પાસે
રહેલા મુનિનુ મન પણ ઓગળી જાય છે
અર્થાત્ વિકારવંત થાય છે ॥૪૧॥

नीअंगमाहि सुपओ-

हराहि उप्पिच्छ मंथरगईहिं ॥

महिलाहि निमग्गा इव,

गिरिवर गुरुआवि भिज्जंति ॥ ४२ ॥

નીચ સાથે ગમન કરતી, સારા પયોધર (સ્તન) વાળી અને દેખવા લાયક મંદ ગતિ વાળી સ્ત્રી (કે જે જાણે નદી સમાન છે) તેમા બુડેલા (પુરૂષો) પર્વત જેવા મ્હોટા હોય તો પણ ભેદાય છે ॥ ૪૨॥

विसयजलं मोहकलं,
विलासविब्बोअ जलयराइन्नं ॥
मय मयरं उत्तिन्ना,
तारुण महन्नवं धीरा ॥ ४३ ॥

વિષય રૂપ જળવાળા, મોહ રૂપ કાદવ વાળા, વિલાસ અને હાવભાવ રૂપ જળ જંતુઓથી ભરેલા અને મદરૂપ મગરવાળા જોવન રૂપ મહાસમુદ્રને ધીર પુરુષો તરેલા છે ૪૩

जइवि परिचत्त संगो,
तव तणुअंगो तहावि परिवडई ॥

महिला संसग्गीए,
कोसा भवणुसि य मुणिव ॥ ४४ ॥

જો કે, કુટુંબાદિકનો સંગ જેણે ત્યાગ કર્યો હોય અને તપથી શરીર દૂબળું કર્યું હોય, તો પણ તે સ્ત્રીના સંસર્ગથી કોશ્યા વેશ્યાને ઘેર રહેલા (સિંહગુફાવાસી) મુનિની પેઠે ચારિત્રથી પડે છે ॥ ૪૪ ॥

સિંહગુફાવાસી મુનિની કથા.

શ્રી સંભૂતિવિજય આચાર્ય પાસે સ્થૂળભદ્ર વિગેરે મુનિયોએ દીક્ષા લીધી. પછી સ્થૂળભદ્રજી ગુરુની સમીપે રહી ચારિત્ર પાળતા શ્રુતસમુદ્રના પારગામી થયા એકદા ચોમાસુ આવ્યું ત્યારે એક મુનિયે ગુરુને નમસ્કાર કરી એવો અભિગ્રહ લીધો કે “ હું સિંહગુફાને બારણે ચાર મહિના સૂધી ઉપ-

વાસ કરીને કાઇસ્સગ્ગે રહીશ' બીજા સાધુ બોલ્યા કે "હુ દૃષ્ટિવિષ સર્પના બિલ ઉપર દર ઉપર ચાર મહિના સૂધી ઉપવાસ કરીને કાઉસ્સગ્ગે રહીશ" અને ત્રીજા સાધુ બોલ્યા કે "હું પણ કૂવાના ભાટીઆ ઉપર ચાર મહિના સૂધી ઉપવાસ કરીને કાઉસ્સગ્ગે રહીશ." એમ સાભળી ગુરુએ તેઓને યોગ્ય જાણી તેમ કરવાની રજા આપી

તેટલામા સ્થૂળભદ્રજી પણ ઉભા થઈ ગુરુને વદના કરીને બોલ્યા કે. "હુ કોશ્યા નામની વેશ્યાને ઘેર ચિત્રશાળીની યાચના કરીને તેમા ચોમાસુ રહીશ, પરતુ જરા પણ તપસ્યા કરીશ નહી ' ષટ્રસ ભોજનનો આહાર કરતો ચાર મહિના સૂધી અભિગ્રહ લેઈને રહીશ " ત્યારે ગુરુયે ઉપયોગ દેઈ યોગ્ય જાણી તેને પણ રજા આપી

એમ તે ચારે મુનિયો ગુરુની રજા લેઇને

પોત પોતાના સ્થાનકે ગયા તે મુનિને ઘણાજ શીતળ તમજ તીવ્ર તપસ્યાવત દેખીને તે વનમા રહેલા સર્પ, સિહ અને અરહટ્ટના બેડુ પ્રમુખ સર્વ જીવો શાત થયા સ્થૂળભદ્રજી પણ કોશ્યાને ઘેર આવ્યા તેમને આવતા જોઇ કોશ્યા પણ હાથ જોડી સામી આવીને ઉભી રહી, મનમા વિચારવા લાગી કે, એમણે વ્રત તો લીધુ, પરતુ નિર્વાહ ન થયો માટે ઈહા આવ્યા છે એમ ચિતવીને કહેવા લાગી કે, "હે સ્વામિન્! આજ્ઞા કરો, હુકમ ફરમાવો તે હુ કરૂ ? આ શરીર, ધન, અને પરિવાર એ સર્વ તમારૂ છે' સ્થૂળભદ્રજી બોલ્યા "મને ચોમાસુ રહેવા માટે તમારી ચિત્રશાળા આપો" વેશ્યા બોલી "સ્વામી, સુખે રહો" એમ કહી વેસ્યાયે ચિત્રશાળા તૈયાર કરી, એટલે સ્થૂળભદ્રજી પણ જેમ કામના ઘરમા બળિયો થઇને ઘર્મ પેસે, તેમ ચિત્રશાળામા પેઠા

હવે તે વેશ્યા ષટરસ ભોજન મુનિને વહોરાવે, ત્યાર પછી સોળ શણુગાર સજી મુનિને ડગાવવા આવે, પૂર્વના કામભોગ સભારીને નવનવા કામ વિલાસ જે પ્રમાણે કામશાસ્ત્રમા કહ્યા છે, તે પ્રમાણે કરે, તથાપિ તે મુનિરાજ જરા પણ ક્ષોભાયમાન થાય નહી ! એમ નિરતર ક્ષોભાવતા મુનિને તો ઉલટી ધ્યાનની ધારા વધતી ગઇ ! એવુ મુનિનુ નિર્વિકારીપણુ દેખીને વેશ્યા પગે લાગી એટલુ જ નહિ પણ સ્થૂળભદ્રજીની દૃઢતા દેખીને વેશ્યાયે શ્રાવિકાપણુ અગીકાર કર્યુ અને એવો અભિગ્રહ લીધો કે, કદાચિત્ રાજા કોઇની ઉપર સતુષ્ટ થઈને મહારે ઘેર મોકલે, તો તે પુરુષ મોકળો, પરતુ બીજો પુરુષ મ્હારે ન કલ્પે

હવે ચોમાસુ ઉતરે તે ત્રણે મુનિયો ગુરુ પાસે આવ્યા તેમા પ્રથમ સિહગુફાવાસી મુ-

નિને ગુરુયે કહ્યુ " અહો ! દુષ્કરકારક" તમેં સુખેથી આવ્યા ? એમ કહી કાંઈક આસન ઊંચુ કર્યુ તેમ બીજા બે સાધુઓને પણ ગુરુયે પૂર્વની પેઠે કહ્યુ પછી જ્યારે સ્થૂળભદ્ર મુનિ આવ્યા, ત્યારે ગુરૂ ઉભા થઇને બોલ્યા કે, " અહો ! દુષ્કરકાર ! ! દુષ્કરકાર ! ! ! તમે સુખશાતાયે આવ્યા ? એવુ સાભળી પૂર્વના ત્રણે મુનિયો વિચારવા લાગ્યા કે, અહો ! એ મંત્રિ પુત્ર છે, માટે ગુરુ એનુ કેટલુ બહુમાન કરે છે ? જે માટે ષટરસ ભોજન કરી લષ્ટ પુષ્ટ થકો આવ્યો, તને ગુરુ એટલા વાના કરે છે ? તથાપિ કાંઈ ફિકર નહી, એ સર્વ આ-વતે ચોમાસે જાણીશુ એમ ધારી અમર્ષ ધરતા આઠ માસ કાઢયા.

વળી ફરી ચોમાસુ આવ્યુ ત્યારે સિંહગુફા-વાસી મુનિ ગુરુની પાસે આવી પ્રતિજ્ઞા કરવા લાગ્યા કે, " હે ભગવન્ ! હુ કોશ્યા નામની

વેષ્યાને ઘેર ષટરસ ભોજનનો આહાર કરીને ચોમાસુ રહીશ" ત્યારે ગુરુએ જ્ઞાન ઉપયોગે વિચાર્યુ કે, એ સ્થૂલભદ્ર ઉપર ઇર્ષ્યા લાવીને બોલે છે, પણ એનાથી નિર્વાહ નહિ થાય ! એમ ચિંતવી ગુરુ બોલ્યા, "હે વત્સ ! એ અભિગ્રહ દુક્કર દુક્કર છે માટે ન કરો સ્થૂલભદ્રજી મેરુની પેઠે એ અભિગ્રહ પાળવાને સ્થિરતાવત હતા" ત્યારે તે મુનિ બોલ્યા કે, "મ્હારે દુક્કર દુક્કર કેમ કહો છો ? માટે એ તો હુ અવશ્ય કરીશ" ગુરુ બોલ્યા, "જો કરશો તો પૂર્વના તપનો ભગ થશે, જે માટે શક્તિ વિના ઘણો ભાર ઉપાડીએ, તો શરીર ભાગી પડે" તો પણ તે ગુરુના વચનનુ અપમાન કરી વેશ્યાને ઘેર ગયા

મુનિને આવતા જોઇ વેશ્યાએ વિચાર્યું કે, શ્રી સ્થૂળભદ્રજીની વાદોવાદે એ મહાત્મા આવ્યો છે, પણ એન મ આરમા:પડતો ગખુ.

એમ વિચારી ઉઠીને પ્રણામ કર્યો. મુનિ
રહેવા માટે ચિત્રશાળા માગી. વેશ્યાએ પ
તે જગ્યા આપી મુનિ ત્યા રહ્યા. ષટર
આહાર ભોજન સામગ્રી વેશ્યાએ તૈયાર ક
તે ભોજન સાધુએ કર્યુ

હવે મધ્યાન સમયે તેની પરિક્ષા કર
સારૂ વેશ્યા સોળ શણગાર સજીને આવ
મુનિ તો દેખતા માત્રમાં જ ક્ષોભાયમાન થ
ગયા ! તેવી સ્ત્રી અને તેવું ભોજન, તે કો
વિકાર ન કરે ? તે સાધુ કામે વ્યાકૂળ થયે
થકો વેશ્યાને ભોગની પ્રાર્થના કરવા લાગ્યે
વેશ્યા બોલી “ અમે તો ધન હોય તો વ
થઇએ. ” મુનિ બોલ્યા “ અમારી પા
દ્રવ્ય કયાથી ? ” વેશ્યા બોલી “નેપાળ દેશન
ગજા મુનિને રત્નકબળ આપે છે, તે લાવો.
મુનિ પણ રત્નકબળને લેવા માટે નેપા
દેશમા ગયા ચોમાસાનો કાળ છે, માર્ગ

ઞ્રશ પાણી ઘણુ છે, તો પણ તે સાધુ જેમ
તરથી પોતાના વ્રતમા ખળાયા, તેમ બા-
થી પણ પગલે પગલે ખળાતા ચાલ્યા. એમ
'તા ત્યા રત્નકબળ પામ્યા. તેને વાસની
ાકડીમાં ગોપવી વાટે પાછા આવતાં ચોગ્ની
ત્રીમા એક સૂડો હતો તે બોલ્યો "લક્ષમા-
તિ" એટલે લક્ષ દ્રવ્ય આવે છે ત્યારે પ-
ાપતીએ કોઈ ચાડખો પુરુષ ઝાડ ઉપર
ઠો હતો તેને પૂછ્યુ કે, શુ આવે છે? તે
રુષ બોલ્યો, "એક ભિક્ષુક આવે છે"
ાવામા સાધુ ત્યા આવ્યો, તેને પહ્લીપતીએ
પાસી જોયો પણ કાઇ દીઠુ નહીં, ત્યારે
નિને મૂકી દીધો તે જોઈ વળી પખી બોલ્યો
લાખ જાય છે" તે સાભળી ફરીથી તે
હ્લીપતીએ સાધુને પકડીને પૂછ્યું કે, સાચુ
ોલ, અમારો પખી જૂઠુ બોલે નહી સા-
એ પણ જેવુ હતુ તેવું કહ્યુ. પહ્લીપતીએ
યા લાવી તેને જવા દીધો

અનુક્રમે ત્યા આવી વાસમાથી રત્નકબળ કાઢી વેશ્યાને આપી વેશ્યાયે લેઈ ખાળમા નાંખી દીધી મુનિ બોલ્યા "રે ભૂંડી ! ઘણા ક્લેશ ખમી હુ બહુ મૂલ્યની રત્નકબળ લાવ્યો, તેને તું અપવિત્ર કચરામા શું નાખી દે છે ?" વેશ્યા બોલી, ."રે મૂઢ ! તું રત્ન-કબળની સોચના કરે છે, પરતુ ગુણ રૂપ રત્નમય જે પોતાનો આત્મા, તે નરક રૂપ કચરામા પડે છે, તેને કેમ નથી સોચતો ?" તે સાભળી મુનિને સવેગ આવ્યો ત્યારે કહેવા લાગ્યો કે, "હે કોશ્યા ! સસાર સમુદ્રમા પડતા તે મને રાખ્યો. હવે અતિચાર રૂપ કચરો શોધવા માટે હુ ગુરુ પાસે જઈશ હે નિ-ષ્પાપ ! તને ધર્મલાભ થાઓ " કોશ્યા પણ કહેવા લાગી કે, "મે બ્રહ્મચારી થકા પણ ત-મને ખેદ પમાડયો, તે મને મિ`છામિદુક્કડ થાઓ. મે તમને પ્રતિબોધવા માટે એટલા

વાનાં કરયા, તે હે ઋષીશ્વર ! તમે ખમજ્યો હુવે ઉતાવળા ગુરુ પાસે જાઓ અને ગુરુનુ વચન અગીકાર કરો" મુનિ પણ તે વચન પ્રમાણુ કરી શ્રી સભૂતિવિજય ગુરુ પાસે ગયા ત્યા પ્રાયાશ્ચત લેઇ તપ કરવા લાગ્યા ઇતિ ॥

सव्वगंथ विमुक्को,
सीईभूओ पसंतचित्तो अ ॥
जं पावइ मुत्ति सुह,
न चक्कवट्टीवि त लहई ॥ ४९ ॥

એમ સર્વ પ્રકારના ગ્રથથી વિશેષે મૂકાએલો, શીતળીભૂત થયો છે આત્મા જેનો અને પ્રશાત ચિત્તવાળો એવો પ્રાણી જે મુક્તિના સુખ પામે, તે સુખ ચક્રવાર્ત પણ ન પામે

सेलंमि पडिअ–मप्पं,
जह न तरइ मच्छिआवि मोएऊ ॥

तह विसयखेल पडिअं,
न तरइ अप्पंपि कामंधो ॥ ४६ ॥

જેમ બળખામા પડેલી માખી (તેમાંથી) પોતાને મૂકાવા સમર્થ થતી નથી, એટલે તેમાથી નીકળી શકતી નથી, તેમ વિષય રૂપ ખેળમા પડેલો કામાધ જીવ પણ તેમાથી નીકળવા સમર્થ થતો નથી ॥૪૬॥

जं लहइ वीयराओ,
सुक्खं तं मुणइ सुच्चिअ न अन्नो ॥
नवि गत्ता सूअरओ.
जाणइ सुरलोइअं सुक्खं ॥ ४७ ॥

જેમ ખાડામા રહેલો સૂઅર દેવલોકના સુખને ન જાણે, તેમ જે સુખને વીતરાગ પામે, તે સુખને વીતરાગજ જાણે, પણ બીજો કોઇ (સંસારી જીવ) ન જાણે ॥ ૪૭ ॥

जं अज्जवि जीवाणं,
विसएसु दुहावहेसु पडिबंधो ॥
तं नज्जइ गुरुआणवि,
अलंघणिज्जो महामोहो ॥ ४८ ॥

જે કારણુ માટે હજી સૂધી પણુ જીવોને દુઃખને ઉત્પન્ન કરનારા વિષયોમા પ્રતિબંધ છે તે માટે એમ જણાય છે કે, મ્હોટાને પણુ મહામોહ અલંઘનીય છે ॥ ૪૮ ॥

जे कामंधा जीवा,
रमंति विसएसु ते विगयसंका ॥
जे पुण जिणवयण रया,
ते भीरु तेसु विरमंति ॥ ४९ ॥

જે કામભોગથી આંધળા થએલા જીવો છે, તે શંકા રહિત થઇને વિષય સુખમા રમે છે અને જે જિનવચનમા રક્ત છે, તે

સંસારથી કંઈક પામીને વિષયથી વિરામ પામે છે ॥૪૯॥

(काव्यम्)

असुइ मुत्त मल पवाहरूवयं,
वंत पित्त वस मज्ज फोफसं ॥
मेअ मंस बहु हड्ड करंडयं,
चम्ममित्तं पच्छाइय जुवइ अंगयं ॥५०॥

અશુચી, મૂત્ર, વિષ્ટાના પ્રવાહ રૂપ, વમન, પિત્ત, વસા, નસો, ચરબી મજ્જા–હાડકામાનો ભૂકો, ફેફસા, મેદ, માસ તથા ઘણા હાડકાનો કરંડીઓ અને માત્ર ચામડાથી જ ઢાંકેલુ એવુ સ્ત્રીનુ શરીર છે ॥૫૦॥

मंसं इमं मुत्त पुरीस मीसं,
सिंघाण खेलाइ अ निजझरं तं ॥
एयं अणिच्चं किमिआण वासं,
पासं नराणं मइ बाहिराणं ॥ ५१ ॥

માસ, મૂત્ર અને વિષ્ટાથી મિશ્રિત, સિધાણુ-લીંટ અને બળખાથી ઝરતું, અનિત્ય, તમજ કૃમીયાઓનુ ઘર એવુ આ સ્રીનુ શરીર, તે અલ્પ બુદ્ધિવાળા પુરુષોને પાસ સમાન છે ॥ ૫૧ ॥

(आर्यावृत्तम्)

पासेण पंजरेण य,
बज्झंति चउप्पया य पक्खीई ॥
इय जुवइ पंजरेणं,
बद्धा पुरिसा किल्लिसंति ॥ ५२ ॥

જેમ પાસલે અને પાજરે કરીને બધાએલા જનાવરો તથા પક્ષીઓ કલેશ પામે છે, તેમ આ સ્રી રૂપી પાજરે કરીને બધાએલા પુરુષો પણ કલેશ પામે છે–દુખ પામે છે

(अनुष्टुबवृत्तम्.)

अहो मोहो महामल्लो, जेण अम्मारिसावि हु ॥
जाणंतावि अणिच्चत्तं, विरमंति न खणंपि हु॥५३

અહો ! મોહ રૂપ મલ્લ બહુજ મ્હોટો છે જેણે કરીને અમારા સરખા જીવો પણ (કામ-ભોગને) અનિત્ય જાણુતા છતા તેથી ક્ષણ માત્ર પણ વિરામ પામતા નથી ! ॥ ૫૩ ॥

(आर्यावृत्तम्)

जुवइहिं सह कुणंतो,
संसग्गि कुणइ सयल दुक्खेहिं ॥
नहि मुसगाणं संगो,
होइ सुहो सह बिलाडेहिं ॥ ५४ ॥

જેમ બિલાડીની સાથે સંસર્ગ કરતો સતો ઉંદર સુખી થતો નથી, તેમ સ્ત્રીની સાથે સંસર્ગ કરતો સતો પુરુષ પણ સર્વ દુ:ખના સંસર્ગને કરે છે અર્થાત્ અનેક દુ:ખને પામે છે

हरि हर चउराणण चं-द
सूर खंदाइणोवि जे देवा ॥

नारीण किंकरत्तं,

कुणंति धिद्धी विसय तिन्हा ॥ ५५ ॥

વિષ્નુ, ઈશ્વર, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામી વિગેરે જે કોઇ દેવો, તે સર્વે (માત્ર વિષયને માટે) સ્ત્રીનુ કિંકરપણુ કરે છે! માટે ધિક્કાર છે, ધિક્કાર છે વિષયની તૃષ્ણાને!!! ॥ ૫૫ ॥

(काव्यम्)

सीअं च उन्हं च सहंति मूढा,

इत्थिसु सत्ता अविवेअवंता ॥

इलाइपुत्तांव चयंति जाइं,

जीअं च नासंति अ रावणुव ॥ ५६ ॥

વિવેક વિનાના અને સ્ત્રીમા આસક્ત થએલા મૂર્ખ પુરુષો, ઇલાચી પુત્રની પેઠે પોતાની ઉત્તમ જાતિનો ત્યાગ કરીને ટાઢ અને તાપને સહન કરે છે. તેમ જ રાવણની પેઠે જીવિતવ્યને પણ નાશ પમાડે છે. ॥ ૫૬ ॥

ઇલાચીની કથા.

આ જમ્બુદ્વીપના ભરત ક્ષેત્રમા એલાવર્ધન નામે નગર હતુ તે નગરનો ધનદત્ત નામે વ્યવહારિયો હતો, તેની ધારણી નામની સ્ત્રીની કુખથી ઉત્પન્ન થએલો ઇલાચી નામે પુત્ર હતો તે પુત્ર સસાર સબધી સર્વ કળા ભણીને જોવન અવસ્થા પામ્યો

એકદા તે નગરમા કોઇ નાટકીઆ આવ્યા નાટકીઆઓએ નગરના લોકોને પોતાની કળા દેખાડવા માટે નાટક કરવુ શરૂ કર્યુ તેમા હજારો લોકો જોવાને મળ્યા ઈલાચી કુમર પણ તે વાતની ખબર પડવાથી નાટક જોવા ગયો નાટક કરવા આવેલા નાટકીઆની પુત્રી એવી તો સ્વરૂપવાન હતી કે, જાણે તે દેવાગના હશે ? કે રભા હશે ? કે સાક્ષા તૃઈદ્રાણી હશે ? કે અપ્સરા હશે ?

એવી તે પુત્રીને દેખી ઇલાચી કુમરને તેના ઉપર કામરાગ ઉત્પન્ન થયો તેથી મનમા વિચારવા લાગ્યો કે, "જો આ સ્ત્રી મળે તો જ મનુષ્ય જન્મ સફળ થાય ! નહિ તો જીવ્યુ તે નજીવ્યા જેવુ છે " તે સ્ત્રીનુ રૂપ, લાવણ્ય અને કળા દેખીને ઇલાચી કુમરના ચક્ષુ તૃપ્તિ પામ્યા નહી જ્ઞાની પુરુષો કહે છે કે, 'અહો ! સ્નેહ રાગ તેજ જીવને મ્હોટુ બધન છે ' નાટક પૂર્ણ થએ જો કે ઇલાચીને ઘેર જવાની બિલકુલ મરજી નહોતી, તાથાપિ લોકલાજથી મિત્રને તેડી ઇલાચી પોતાને ઘેર ગયો, પરતુ જીવ ત્યાને ત્યા છે

હવે ઘેર આવી આમણુ દૂમણો થઇ ઘોડા બાધવાની શાળામા તૂટેલી ખાટમા સૂતો જમવા વખત પિતાએ બોલાવ્યો તો પણ બોલ્યો નહી છેવટ રીસાવાનુ કારણ પૂછતા ઇલાચીએ લાજ મૂકી ને જવાબ

આપ્યો કે "હે પિતા ! જો એ નાટકીઆની પુત્રી પરણાવશો તોજ હુ તમારા ઘરમાં રહિને અન્ન પાણી લઇશ, નહિ તો અન્ન પાણી લેવાના નિયમ છે" પિતાયે કહ્યુ "ઇલાચી, આવી અ ઘટિત વાત આપણાથી ન થાય, છતા જો ત્હારે પરણુવાનીજ મરજી હોય, તો ત્હારા સરખી અને ઘણી રૂપવાળી એવી એક તો નહિ પણ સાત સ્રીઓ પરણાવું. પરતુ કુળમયાદા મૂકી આ નીચ ભિક્ષુકની પુત્રી પરણાય નહી અને એ અઘટિત વાત મ્હારાથી કહિ બને પણ નહિ"

તે સાભળી ઇલાચીએ ફરી તે વાત પિતાને ન કહેતા નાટકીઆને છાના તેડાવીને કહ્યુ "હે નાયક ! જો તમે તમારી પુત્રી મને પરણાવો, તો તમે માગો તેટલુ દ્રવ્ય આપુ" નાયકે કહ્યુ "હે શેઠ ! એ પુત્રી અમે વેચવા માટે લાવ્યા નથી. એ પુત્રી તો

અમારે અક્ષય નિધાન તુલ્ય છે-અને એને લીધે જ અમને આખા જગતમા લક્ષ્મી અને માન મળે છે છતા જો તમારા જેવા ગરિબ રાક-વાણીઆ સાથે અમારી પુત્રી પરણાવીએ, તો અમારૂ કૂળ લજવાય અને અમારી પુત્રી તમારા સગે વટલાય માટે સાહસિક અને કાયર, ભાત અને કુભાત એ કેમ ભેગા થાય ? તે કારણ માટે એ પુત્રી તો અમે અમારી નાતમાજ પરણાવીશુ "

નાટકીઆના મુખથી એવી વાત સાભળી ઈલાચી વિચારમા પડયો કે, હવે આ સ્ત્રી કિયે પ્રકારે મળે ? તો પણ નાટકીઆને પૂછુ તો ખરો ! એમ વિચારી નાટકીઆને પૂછ્યુ કે, "આ તમારી પુત્રી મને કોઇ પણ રીતે પરણાવશો ?" નાટકીઆએ કહ્યુ, "જો અમારી પુત્રીને પરણવાની જ ઇચ્છા હોય, તો અમારી સાથે રહી નાટક સબધી સર્વ

કળા શીખી કોઇ મ્હોટા રાજાને રીઝવી ઘણુ ધન લાવીને અમારી નાતને જમાડો, તો અમારી પુત્રી તમને પરણાવીએ પછી તે પુત્રી સાથે તમે સસારિક સુખ ભોગવી અવતાર સફળ કરો ”

‘ જ્ઞાની મહારાજ કહે છે કે, અહો ! અજ્ઞાની જીવને કર્મને વશે બુદ્ધિ પણ તેવી જ આવે છે ! ’ ‘અહો એક વિષયને માટે જ શેઠનો પુત્ર એવો આ ઈલાચી કુમર, તે નાટકીઆના વચન સાભળી માતા, પિતા, ઘર, બાર, કુટુબ પરિવાર અને કુળની પણ લજ્જા મૂકી છાનોમાનો રાત્રીએ નાટકીઆના ટોળામા ગયો ! ઉત્તમ કુળનો ત્યાગ કરી નીચ કુળ અગીકાર કર્યું ! ઉત્તમ વસ્રો અને આભૂષણો કાઢી નાખી અર્ધી જાંઘ ઢકાય એવો કાચ (કચ્છ) પહેર્યો ! માથે વાસના ટોપલામા કૂકડા લીધા, એક હાથમા

બકરાં ગ્રહણ કર્યા, પૂઠે ટોપલી બાધી, આગળ વશ બાધ્યો અને બીજા હાથમા કાવડ લઇ ભીખ માગવા લાગ્યો ! ! ! એમ કરતા ઉદ્યમે કરી નાટક કરવાની સર્વ કળા શીખ્યો

હવે નાટકીઆએ ઇલાચીને કહ્યુ "તમે આ પુત્રીને સાથે લઇ બેનાતટ નગરે જાઓ અને ત્યાના રાજાને નાટકની કળા દેખાડી વશ્ય કરો, જેથી તે ઘણુ ધન આપશે તે ધન લઇને તમે વ્હેલા અહિ આવો પછી તે ધનથી અમારા કુટુબ પરિવારને જમાડી તમને અમારી પુત્ર પરણાવીશુ" ઇલાચી તે વાત કબુલ કરી તે પુત્રીને સાથે લેઇ બેનાતટ નગરમા જઇ રાજાને મળ્યો રાજાએ ઘણો આદર સત્કાર દીધો અને કહ્યુ કે, "હે નાયક ! મે તમારૂ નામ ઘણા દિવસથી સાભળ્યું છે માટે આજ એવુ નાટક કરો કે, કોઇ વખત મે તેવુ નાટક ન દીઠુ હોય.

જો સરસ નાટક કરી મ્હારૂ મન રીઝવશો, તો હુ તમને ઘણુ જ દ્રવ્ય આપીશ.” તે સાભળી ઇલાચીએ નાટક કરવુ શરૂ કર્યું નાટક જોવા માટે નગરના હજારો સ્ત્રી પુરુષો, રાજા અને સઘળુ અતેઉર પણ આવ્યુ ઉલાચીએ પણ ઘણી જ ચતુરાઇથી નાટક કરવા માડ્યુ નીચે સોળ શણગાર સજી નાટકીઆની પુત્રી ઉભી રહી ઢોલ વગાડે છે અને મનમાં વિચારે છે કે, ક્યારે આ મ્હારો પ્રીતમ નાટક કરીને હેઠો ઉતરે ?

વળી પણ નાટકણી મનમા વિચાર કરે છે કે, હે પ્રભો ! ફક્ત એ મ્હારે જ માટે મનોહર મહેલ મૂકી વશ ઉપર ચઢયો ! માતા પિતા પણ એણે મ્હારે જ માટે તજ્યાં ! જે દરરોજ અગણિત દાન દેતો હતો, તે આજ લાંબો હાથ કરીને ભિક્ષા માગે છે ! જે બહુ મૂલાં વસ્ત્ર પહેરતો

હતો, તે આજ કાચ પહેરીને નાચે છે ! જે હર રોજ નવનવી રસવતી જમતો હતો, તે આજ ઘરેઘર ભીખ માગે છે ! આ સર્વ એ ફક્ત મ્હારે જ માટે કરે છે. તે કારણ માટે હે પ્રભો ! એ નાટક કરીને ઉતરશે અને રાજા ઘણુ દાન આપશે, તો જ મ્હારા પિતા મને એની સાથે પરણાવશે માટે હે વિભો ! એની આશા સફળ થાઓ

હવે એવા સમયમા નાટકણીને જોઈ રાજા મનમા વિચાર કરે છે કે, અહો ! આ નાટકણીને તો વિધાતાયે પોતાને હાથે જ ઘડી જણાય છે ! શુ એનુ રૂપ, શુ એની લાવણ્યતા અને શુ તેની ચાલ ! વધારે શુ કહુ, આના જેવી બીજી સ્ત્રી જગતમા ભાગ્યે જ હશે ! માટે જો એ સ્ત્રી મ્હારે હાથ આવે, તો બીજી સર્વે રાણીયોનો ત્યાગ કરી એને જ પટરાણી કરૂ ! હે વિભો ! આ સ્ત્રી વિના

જે એક ઘડી જાય છે, તે મ્હારે વર્ષ જેવી છે ! આ સ્ત્રી મળવા માટે હુ કુળદેવીની પૂજા કરૂ કે, જેથી તે ઝટ મેળવી આપે અથવા જો એ નાટકીયો વશ ઉપરથી પડીને મરણ પામે, તો હાલ તગ્ત જ એને મ્હારી પ્રાણપ્યારી પટરાણી કરૂ એવામા ઇલાચી પણ રમતો અને હસતો દોર ઉપરથી ઉતરી રાજા પાસે આવીને નમસ્કાર કરી ઉભો રહ્યો રાજા વિના સર્વ લોકો નાટક જોઈ ઘણા જ ખુશી થયા, એટલુ જ નહિ પણ તેઓ વિચાર કરવા લાગ્યા કે આવુ નાટક એ ક્યા શીખ્યો હશે ? એમ આશ્ચર્ય પામ્યા દાન લેવા માટે પાસે ઉભેલા નાટકીયાને રાજાએ કહ્યુ કે, “હે નાયક ! તમે નાટક તો ઘણુ સરસ કર્યુ હશે, પણ હુ રાજ્ય સબધી વિચાર-મા હતો તેથી નાટક જોઈ શકયો નહી, માટે ફરી નાટક કરો કે જેથી તમને વછીત દાન

આપુ " ઇલાચી પણ લોભને વશ બીજી વાર નાટક કરવા ચઢયો, પછી ઘણુ જ સરસ નાટક કરી રાજા પાસે આવી ઉભો રહ્યો અને પ્રણામ કરી દાન માગવા લાગ્યો રાજાએ મનમા વિચાર્યું કે, આ નાટકિયો તો ક્ષેમ કુશળે આવીને ઉભો રહ્યો અને મ્હારૂ ચિતિત કામ તો થયુ નહી ! માટે એ નાટકણી હવે મ્હારે હાથ કિયે પ્રકારે આવે ? એમ વિચારી વળી રાજા બોલ્યો. " હે નાયક તમે નાટક કર્યું પણ હુ કોઇ કામ સબંધી વિચારમા હતો, તેથી નાટક જોઈ શક્યો નહી, માટે હવે ત્રીજીવાર નાટક કરો " રાજાના મુખથી એવી વાણી સાભળી લોકો મનમા દુ:ખ ધરવા લાગ્યા કે, અહો ! રાજા નાટકણીને દેખી કામાતુર થયો છે અને તેથી જ એણે વાર-વાર નાટક કરાવવાનો પ્રપચ ઉઠાવ્યો છે ! ધિક્કાર છે કામાતુર પુરૂષને ! કે, જે ઘણા

મનુષ્યો વચ્ચે પણ લાજ આબરૂ અને કાર્ય અકાર્યને ગણુતા નથી.

રાજાની વાણી સાભળી નાટકિયાની પુત્રિ ઇલાચીને કહેવા લાગી કે, "હે પ્રાણાધાર ! હે જીવન ! હે વાલમ ! શુ હારીને બેઠા છો? થાઓ તૈયાર અને કરો નાટક આ ત્રીજી ફેરા ઘણુ જ સરસ નાટક કરી રાજાનુ મન રીઝવો અને તેમની પાસેથી દાન લ્યો જો દાન આપશે તો જ મ્હારી તમારી બન્નેની આશા પૂર્ણ થશે

ઇલાચી પણ નાટકણીના મોહથી હર્ષ સહિત ત્રીજી વાર નાટક કરવા વશ ઉપર ચઢયો, ચઢીને ઉત્તમ નાટક કરી હેઠો ઉતરી રાજાને નમ્યો રાજાએ કહ્યુ. "હે નાયક ! આ નાટક પણ હુ બરોબર જોઇ શકયો નથી માટે ચોથી વાર નાટક કરો. એ વાતા સાંભળી રાણીને ક્રોધ ચઢયો કે, જરૂર આ રાજા નાટ-

કણીથી મોહ પામ્યો છે તેથી આટલા વાનાં કરે છે ધિક્કાર ! ધિક્કાર ! ! એ રાજાને ! ઇલાચી ચોથી વાર નાટક કરવા ચઢયો નાટક કરી હેઠો ઉતરી રાજા પાસે આવીને ઉભો રહ્યો તો પણ રાજાએ દાન ન આપ્યુ અને કહ્યુ કે, " હવે પાચમી વાર નાટક કરો આ વખતે હૂ તમને જરૂર દાન આપીશ " તે વાર્ત્તા સાભળી નાટકણીએ ઇલાચીને કહ્યુ " હે પ્રાણેશ ! શુ જોઇ રહ્યા છો ? ચઢો પાચમી વાર ને રાજાનુ મન રીઝવી દાન લ્યો ઇલાચી પણ પાચમી વાર ચઢયો, ત્યા વચ્ચોવચ વશ ઉપર જેવામા નિરાબાધપણે બેઠો છે, તેવામા તે જ નગરીમા ગૌચરી માટે ફરતા એવા એક મુનિને ધનપતિ શેઠના ઘરમા આવતા દીઠા. શેઠ તો બહાર ગયા છે, પણ તેની રૂપસુદરી નામે સ્ત્રી તે જાણે સાક્ષાત્ રભા જ હોય નહિ. ' એવી અદ્ભૂત રૂપવાન

તેમ જ જોવન અવસ્થાવાળી સોળ શણુગાર સજીને બારણે બેઠી છે, તેણીએ મુનિને આવતા જોઈ નમસ્કાર કર્યો અને થાળ ભરી મોદક વહોરવાની પ્રાર્થના કરી જો કે આ મુનિરાજ અને સ્ત્રી, એ બેઉ ચઢતે જોવને છે અને વળી તે બાઇ મુનિને અશનાદિક વહોરવાની વારંવાર વિનતિ કરે છે, તથાપિ તે મુનિ નીચી નજરે રહી તે આહાર ગ્રહણ કરે છે

આવા મુનિ અને આવી સ્ત્રીને જોઈ ઇલાચી વંશ ઉપર વિચારવા લાગ્યો કે, અહો ! ધન્ય છે આ મુનિને કે, જે ઇદ્રાણી સરખી સ્ત્રી સામુ જરા પણ વિકારદૃષ્ટિથી જોતા નથી ! ધન્ય એમની સમતાને, ધન્ય એમના નિર્લોભીપણાને, ધન્ય એમના સાધુપણાના માર્ગને કે, કુળવતી અને સુવર્ણના જેવી કાયાવાળી એવી સ્ત્રીને જોઈ જરા પણ ડગતા નથી ! ! ! અહો ! આ જગત્મા એક એની

માયે એને જણ્યો અને મ્હારી માયે મને જણ્યો ? ક્યા શશશવ અને ક્યા મેરૂ ? ક્યા હુ અને ક્યા એ મુનિ ? અહો ! હું ઘણો જ ભારેકર્મી, કે ફક્ત આ નીચ નાટકણીને માટે મે કુળાચારનો તેમ ઉત્તમ વ્યવહારનો પણ ત્યાગ કર્યો ! એટલું જ નહિ પણ એ સ્ત્રીના સગથી હુ આ વશ ઉપર ચઢયો ! જો કદાપિ આ સ્ત્રીના ધ્યાનમા ને ધ્યાનમા હુ આ વખત મરણ પામું, તો નિશ્ચે મ્હારી નરક શિવાય બીજી ગતિ નથી અહો ! જુઓ તો ખરા ! આ રાજા પાસે દાન લેવાને માટે હુ અનેક ઉપાયો કરૂ છુ, તો પણ તે મોહને વશ પડવાથી દાન આપતો નથી, ને આ સ્ત્રી મુનિને મોદક વહોરવા માટે વારવાર વિનંતી કરે છે, તથાપિ તે મુનિ લતા નથી ! માટે એ મુનિને સાબાશ છે. હે વિભો ! હું પણ આ મોહની જાળનો

ત્યાગ કરી એ મુનિ સરખો ક્યારે થઈશ ? ધન્ય તે વેળાને, ધન્ય તે ઘડીને અને ધન્ય તે દિવસને કે, જ્યારે હું એ મુનિ સરખો નિર્લોભી થઈશ ! અહો ! મેં મોહને વશ થઈ વારંવાર નાટક કર્યાં ! ! ! માટે ધિક્કાર છે મ્હારા આત્માને ! ધિક્કાર છે વિષય વિકારને ! ! નિશ્ચે આ સંસારની માયા, કાયા અને પરિવાર એ સર્વ જૂઠો છે અહો ! મેં કૂડી રચનાયે કરી ઘણા જ કર્મ બાધ્યાં, તે હું કિયે પ્રકારે છોડીશ ? માટે હે આત્મન્ ! હવે તો તે ખોટી માયા છોડી દઇ એક શ્રી જિનપ્રણીત ધર્મનું જ આરાધન કર એવી રીતે અનિત્યભાવના ભાવતા ઇલાચીને વંશ ઉપર જ કેવળજ્ઞાન ઉપન્યું ! ત્યા દેવતાયે વંશ ઉપર સિંઘાસણ બનાવ્યું તેના ઉપર લોકાલોકના ભાવ જાણતો થકો બેઠો છે.

હવે આવી રીતનુ ઇલાચીનું સ્વરૂપ દે

ખીને રાજા મનમા વિચારવા લાગ્યો કે, ધન્ય છે આ ઇલાચીકુમરને ! કે, જે કેવળજ્ઞાન રૂપ ઉત્કૃષ્ટ નિધાન પામ્યા. અહો ! નાટકણીના માઠા ધ્યાનથી મે બ્હોળા પાપ બાંધ્યા અહો ! મે કુડો વ્યાપાર ચિંતવ્યો, કૃષ્ણ-લેશ્યાયે કરી રૌદ્રધ્યાન ધ્યાયુ, અપકીર્ત્તિને પણ હિસાબમા ન ગણી, કુળની લાજ પણ ન ગણી, ફક્ત એક કામરાગને માટે જ મે આવા કર્મ બાંધ્યા ? વળી નરકની ખાણ, કપટની કોથળી અને મળ મૂત્રની ભંડાર એવી સ્ત્રી ઉપર હુ શું મોહ પામ્યો ? માટે ધિક્કાર છે વિષયવિકારને ! હા ! હા ! ! મેં નરકના દળ મેળવ્યા, તે કિયે પ્રકારે છુટીશ ? એમ ચિંતવતા રાજાને પણ કેવળજ્ઞાન ઉપન્યુ

હવે પટરાણી વિચારવા લાગી કે, જુઓ તો ખરા ! આ રાજાને મ્હારા સરખી પટ-રાણી હતી, તો પણ વિષયના વિકારથી નીચ

એવી નાટકણીથી મોહ પામ્યો ! અહો ! એ રાજા ફક્ત વિકારના ધ્યાનથી આ ભવ અને પરભવ હારી જાય છે ! પરંતુ હે આત્મન્ ! એ રાજાનો શો વાંક ? મોહકર્મના ઉદયથી હજારો પુરુષો સ્ત્રીથી છેતરાણા છે માટે માયાનો ફંદ મ્હોટો છે આજ્ઞાની જીવ મ્હારૂ મ્હારૂ કરે છે, પણ વિચારી જોતા કોઇ કોઇનુ નથી કોનો રાજા ? ને કોની રાણી ? કોઇ કોઈનુ નથી ધિક્કાર છે આ વિષય, મોહ અને સંસારને ! જે પુરુષો તેનાથી વિરક્ત થયા, તે જ સુખીયા થયા. માટે હવે તો જો સયમ લઇએ તો જ કાર્યની સિદ્ધિ થાય એમ ધ્યાન ધ્યાતાં ગણીને પણ કેવળ જ્ઞાન ઉપન્યુ

હવે નાટકણી પણ વિચારવા લાગી કે ધિક્કાર છે વિષયના વિકારને કે, જેણે મ્હારા જ માટે માતા પિતાનો ત્યાગ કર્યો ! વળી

ધિક્કાર છે મ્હારી કાયાના રૂપને કે, જેથી રાજા પણ મોહ પામ્યો. માટે જે આ રૂપ છે તે જ મહા અનર્થનું કરનારૂ છે ધન્ય છે તેવા પુરૂષોને કે, જે માયા મમતા મુકી દીક્ષા ગ્રહણ કરે છે, અહો ! મ્હારા રૂપથી ઇલાચી અને રાજા મોહ પામ્યા ! એ પાતકથી હું કેમ છુટીશ ? એમ ઉભી ઉભી પશ્ચાતાપ કરતી પોતાના આત્માની નિંદા કરે છે, તેવામાં નાટકણીને પણ કેવળજ્ઞાન ઉપન્યું.

આ સર્વેને શાસન દેવતાયે આવી વેષ આપ્યો અને કેવળ મહોત્સવ કર્યો અંતે એ ચારે જીવો (ઇલાચી, રાજા, પટરાણી અને નાટકણી) કર્મ ખપાવી મોક્ષને વિષે ગયા

जलकव तरलं जीयं,
अथिरा लच्छीवि भंगुरो देहो ॥
तुच्छा य कामभोगा
निबंधणं दुरवव लरवाणं ॥ ५८ ।

જીવિતવ્ય જળના પરપોટા જેવું છે, લક્ષ્મી અસ્થિર છે, દેહ ક્ષણભંગુર છે તેમ જ કામભોગ તુચ્છ અને લાખોગમે દુઃખના કારણ છે.

(काव्यम्)

नागो जहां पंक जलावसन्नो,
दट्ठु थलं नाभिसमेइ तीरं ॥
एवं जिआ कामगुणेसु गिद्धा,
सुधम्म मग्गे न रया हवंति ॥ ५८ ॥

જેમ હાથી કાદવવાળા જળમા બુડયો સતો જો કે, સ્થળને દેખે છે, તથાપિ ત્યાથી કાઠે આવી શકતો નથી, તેમ કામગુણમાં ગૃદ્ધ થએલા જીવો પણ સુધર્મના માર્ગમા રક્ત થતા નથી ॥ ૫૮ ॥

(आर्यावृत्तम्)

जह विट्ठपुंज खुत्तो,
कीमि सुहं मन्नए सयाकालं ॥

तह विसयासुइ रत्तो,

जीवोवि मुणइ सुहं मूढो ॥ ५९ ॥

જેમ વિષ્ટાના ઢગલામા ખૂતેલો કરમીયો (જો કે તેમા સદા કાળ દુ ખ છે, તથાપિ) તેમા સદાકાળ સુખ માને છે, તેમ વિષય રૂપ અશુચીમા રક્ત થએલો મુઢ જીવ પણ (વિ-ષયમા) સુખ માને છે ॥ ૫૯ ॥

मयरहरोव जलेहि,

तहवि हु दुप्पुरओ इमे आया ॥

विसयामिसंमि गिद्धो,

भवे भवे वच्चइ न तत्तिं ॥ ६० ॥

જેમ પાણીએ કરી સમુદ્ર પૂરાવો દુષ્કર છે, તેમ વિષય રૂપ આમિષ (માસ) મા ગૃદ્ધ થએલો આ આત્મા પણ વિષયથી પૂ-રાવો દુષ્કર છે અને તેને લીધે જ તે ભવ ભવમા તૃપ્તિ પામતો નથી ॥ ૬૦ ॥

विसय विसट्टा जीवा,
उप्भड रूवाइएसु विविहेसु ॥
भव सयसहस्स दुलहं,
न मुणंति गयंपि निअ जम्मं ॥ ६१ ॥

વિષય રૂપ વિષથી પીડાએલા જીવો ઉદ્ભટ રૂપ આદિ દેઈ વિવિધ પ્રકારના રૂપથી પોતાનો ભવ ગમાવે છે, પરતુ તેઓ લાખ ભવે પણ દુર્લભ એવો પોતાનો મનુષ્ય જન્મ વ્યર્થ જાય છે એમ નથી જાણતા ॥ ૬૧ ॥

चिठ्ठंति विसय विवसा,
मुत्तं लज्जंपि केवि गयसंका ॥
न गणंति केवि मरणं,
विसयंकुस सल्लिया जीवा ॥ ६२ ॥

વિષય રૂપ અકુશે સાલ્યા એવા જીવો વિષયને વશ્ય થકા રહે છે, તથા મુકી છે લાજ જેમણે અને ગએલી છે શકા જેમને એવા

કેટલાએક જીવો (વિષયને માટે) મરણને પણ નથી ગણતા ॥ ૬૨ ॥

विसय विसेणं जीवा,
जिणधम्मं हारिऊण हा नरयं ॥
वच्चंति छहा चित्त य,
निवारिओ बंभदत्त निवो ॥ ६३ ॥

વિષય રૂપ વિષે કરીને જીવો જિનધર્મને હારીને હા ઇતિ ખેદે ! નરકમા જાય છે જેમ ચિત્ત મુનિયે પોતાના પૂર્વ ભવના ભાઇ બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિને વિષયથી નિવર્તવાને ઘણાએ વાર્યો, તથાપિ તેણે માન્યુ નહી તથી તે મનુષ્ય ભવ હારીને સાતમી નરકે ગયો ॥ ૬૩ ॥

धिद्धी नाण नराणं,
जे जिणवयणामयंपि मूत्तूणं ॥
चउगइ विडंबण करं,
पियंति विसयासवं घोरं ॥ ६४ ॥

ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ ! તેવા પુરુષોને કે, જે જિન વચન રૂપ અમૃતને મુકીને ચારે ગતિની વિટબના કરાવનાર વિષય રૂપ ઘોર મદિરાને પીએ છે !!! ॥ ૬૪ ॥

मरणेवि दीण वयणं,
माणधरा जे नरा न जंपंति ॥
तेवि हु कुणंति लल्लिं,
बालाणं नेह गह गहिला ॥ ६५ ॥

માનને ધારણ કરનારા જે પુરૂષો મરણ આવે સતે પણ દીન વચન નહોતા બોલતા તે જ પુરૂષો સ્ત્રીયોના સ્નેહ રૂપ ગ્રહથી ઘેલા થઈને દીન વચનો બોલે છે ॥ ૬૫ ॥

सक्कोवि नेव खंडइ,
माहप्प मड्डुप्फुरं जए जेसिं ॥
तेवि नरा नारीहिं,
कराविआ निय य दासत्तं ॥ ६६ ॥

આ જગતમા જે પુરુષાના મહાત્મ્ય અને મહિમાને શકેદ્ર પણ ન ખડન કરી શકે, તેવા પુરૂષોની પાસે પણ સ્ત્રીઓએ પોતાનુ દાસપણુ કરાવ્યુ ॥ ૬૬ ॥

जउ नंदणो महप्पा,
जिणभाया वयधरो चरम देहो ॥
रहनेमी राइमइ,
रायमइ कासि ही विसया ॥ ६७ ॥

ધિક્કાર થાઓ વિષયોને ! કે, યાદવના પુત્ર મ્હોટો છે આત્મા જનો, નેમિનાથ જિનરાજના ભાઇ, ચાર મહાવ્રત ધારક અને ચરમ શરીરી એવા રથનેમીએ પણ રાજીમતી સાથે રાગમતી કરી ॥ ૬૭ ॥

मयण पवणेण जइता-
रिसावि सुरसेल निच्चला चलिया ॥

ता पक्कपत्त सत्ता-ण
इयर सत्ताण का वत्ता ॥ ६८ ॥

જો કે મદન રૂપ પવનથી મેરૂપર્વત સરખા નિશ્ચળ મુનિયો ચળી ગયા, તો પાકા પાન જેવા સત્વવાળા બીજા જીવોની શી વાત? ॥ ૬૮ ॥

जिप्पंति सुहेणं चिय,
हरि करि सप्पाइणो महाकूरा ॥
इक्कच्चिय दुज्जेयो,
कामो कय सिवसुह विरामो ॥ ६९ ॥

સિંહ, હાથી અને સર્પાદીક મહા ક્રૂર જીવોને પણ સુખેથી જીતાય, પરંતુ કર્યો છે મોક્ષના સુખથી વિરામ જેણે એવો એક કામ જીતવો દુર્જય છે ॥ ૬૯ ॥

विसमा विसय पिवासा,
अणाइ भव भावणाइ जीवाणं ॥

अइ दुज्जेयाणी इन्दियाणि
तह चंचलं चित्तं ॥ ७० ॥

જીવોને વિષમ એવા વિષયની તૃષા અનાદિની સંસારની ભાવના છે ઇંદ્રિયો અતિ દુર્જય છે તેમ ચિત્ત પણ ચંચળ છે ॥ ૭૦ ॥

कलिमल अरइ अ भुक्खी,
वाही दाहाइ विविह असुहाइं ॥
मरणंपि य विरहाइसु,
संपज्जइ कामतवियाणं ॥ ७१ ॥

કામથી તપેલા જીવોને કલિમલ, અશાત, ભૂખ, દાહાદિક વ્યાધિ, વિવિધ પ્રકારના દુઃખ, પ્રિયજનનો વિયોગ અને મરણ પણ થાય છે

(काव्यम्)

पंचिंदिय विसय पसंगरेसि,
मण वयण काय नवि संवरेसि ॥

तं वाहिसि कत्तिय गलपएसि,

झं अट्ठकम्मं नवि निज्जरेसि ॥ ७२ ॥

જે પ્રાણી પંચેન્દ્રિયના વિષય પ્રસંગને માટે મન, વચન અને કાયાને નથી સંવરતો, તથા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોને નથી નિર્જરતો, તે પ્રાણી પોતાના ગળ પ્રદેશમાં—ગળાની જગ્યાએ કાતર વાહે છે ॥ ૭૨ ॥

किं तुमंधोसि किवासि धत्तूरिओ,

अहव कि सन्निवाएण आऊरिओ ॥

अमय सम धम्म जं विसव अवमन्नसे,

विसय विस विसम अमियंव बहु मन्नसे॥७३॥

હે ! જીવ શું તું આંધળો છે ? શું તેં ધતુરો ખાધો છે ? અથવા શું તું સન્નિપાત રોગે વીંટાએલો છું ? કે, જે કારણ માટે અમૃત સમાન જિનધર્મને વિષની પેઠે અવગણે છે ? અને વિષમ એવા વિષયરૂપ વિષને અમૃતની પેઠે બહુ માને છે. ॥ ૭૩ ॥

तुज्ज तुह नाणा विन्नाण गुणडंबरो,
जलण जालासु निवडंतु जिअ निप्भरो ॥
पयइ वामेसु कामेसु जं रज्जसे,
जेहि पुण पुणवि निरयानले पच्चसे ॥७४॥

હે જીવ ! ત્હારૂ જ્ઞાન, વિજ્ઞાન અને ગુણનો આડંબર, તે સર્વે નિરંતર અગ્નિની જ્વાળામા પડો, જે કારણ માટે પ્રકૃતિયે વાંકા એવા કામભોગમા રાચે છે, જેથી તુ ફરી ફરીને નરકમા રહેલી આગ્નની જ્વાળામા પચીસ ॥ ૭૪ ॥

दहइ गोसीस सिरिखंड छारकए,
छगल गहणट्ठ-मेरावणं विक्कए ॥
कप्पतरु तोडि एरंड सो वावए,
जुज्जि विसएहि मणुअत्तणं हारए ॥ ७५ ॥

જે પ્રાણી અલ્પ એવા વિષયસુખને માટે મનુષ્યપણાને હારે છે તે પ્રાણી રાખને માટે

ગોશીર્ષચંદન અને સુખડને બાળે છે બોકરો ગ્રહણ કરવા માટે ઐરાવતના હસ્તિને વેચે છે અને કલ્પવૃક્ષને ઉખેડી નાખી એરંડાને વાવે છે । ॥ ૭૫ ॥

अधुवं जीवियं नच्चा,
सिद्धिमग्गं वियाणिया ॥
विणिअट्टिज्ज भोगेसु,
आऊ परिमिअ-मप्पणो ॥ ७६ ॥

જીવિતવ્યને અશાશ્વત જાણીને, મોક્ષ માર્ગના સુખને શાશ્વત જાણીને અને આઉખું અપરિમિત-પ્રમાણ વિનાનું જાણીને ભોગથી વિશેષ નિવર્ત્તવું. ॥ ૭૬ ॥

(आर्यावृत्तम)

सिवमग्ग संठिआणवि,
जह दुज्जेया जियाण पण विसया ॥
तह अन्नं किंपि जए,
दुज्जेयं नत्थि सयलेवि ॥ ७८ ॥

જેમ મોક્ષમાર્ગમા રહેલા જીવોને પણ પાંચ વિષયો દુર્જય છે, તેમ સર્વ જગત્મા બીજું કોઈ પણ દુર્જય નથી, ॥ ૭૭ ॥

सविडंकुप्भड रूवा,
दिठ्ठा मोहेइ जा मणं इत्थी ॥
आय हियं चिंतंता,
दूरयरेणं परिहरंति ॥ ७८ ॥

વિકાર સહિત મનોહર રૂપવાળી એવી જે સ્રી, તે દીઠી સતી મનને મોહિત કરે છે તે કારણ માટે પોતાના આત્માનુ હિત ચિંતવનાર પુરુષ તેવી સ્રીને દૂરથી જ ત્યાગ કરે છે, ॥ ૭૮ ॥

सच्चं सुअंपि सीलं,
विन्नाणं तह तवंपि वेरग्गं ॥
वच्चइ खणेण सव्वं,
विसय विसेणं जईणंपि ॥ ७९ ॥

સત્ય, શ્રુત, શીળ, વિજ્ઞાન, તપ તેમ જ વૈરાગ્ય, એ સર્વ મુનિના પણ વિષય રૂપ વિષથી ક્ષણમાત્રમા જતા રહે છે ॥ ૭૯ ॥

रे जीव समइविगप्पिय,
निमेस सुह लालसो कहं मूढ ॥
सासय सुह मसमतमं,
हारिसि ससि सोअरंच जसं ॥ ८० ॥

રે જીવ ! પોતાની મતિયે કલ્પેલા અને નિમેષ માત્ર—આખ મીંચીને ઉઘાડીએ એટલી વાર સુખને આપનારા એવા વિષય સુખની લાલચમા પડીને હે મૂઢ ! ચદ્રમા સમાન ઉજ્વળ જશવાળા અને જેના સમાન જગતમાં બીજુ સુખ નથી એવા શાશ્વત સુખને તું કેમ હારી જાય છે ? ॥ ૮૦ ॥

पज्जलिओ विसय अग्गी,
चरित्त सारं डहिज्ज कसिणंपि ॥

सम्मत्तंपि विराहिय,
अणंतसंसारियं कुज्जा ॥ ८१ ॥

વિષય રૂપ અગ્ની પ્રજળ્યો સતો સમસ્ત ચારિત્રના સારને બાળે છે અને સમક્તિને વિરાધીને અનંતસંસારીપણાને કરે છે- ॥ ૮૧ ॥

भीसण भव कंतारे,
विसमा जीवाण विसय तिण्हाओ ॥
जाए नडिया चउद-
सपुव्विवि रुलंति हु निगोए ॥ ८२ ॥

બિહામણી ભવ અટવીમા જીવોને વિ-ષયની તૃષ્ણા વિષમ—દુઃખ દાઈ છે જે તૃષ્ણાએ નડાએલા ચૌદપૂર્વિઓ પણ નિગોદમા રૂળે છે।

हा विसमा हा विसमा,
विसया जीवाण जेहिं पडिबंधा ॥
हिंडंति भवसमुद्दे,
अणंतदुक्खाइ पावंता ॥ ८३ ॥

હા ! હા ! વિષમ ! વિષમ એવા વિષ-યોથી જે જીવો પ્રતિબંધ થએલા છે, તેઓ અનંત દુખને પામતા થકા ભવ સમુદ્રમા હીડે છે ॥ ૮૩ ॥

मा इदजाल चवला,
विसया जीवाण विज्जुतेअ समा ॥
खणदिठ्ठा खणनठ्ठा,
ता तेसिं को हु पडिबंधो ॥ ८४ ॥

માયાવી ઇંદ્રજાળ જેવા, ચપળ અને વી-જળીના તેજ—ઝબકારા સમાન એવા વિષયો જીવોને ક્ષણમા દેખાય છે અને ક્ષણમા નાશ પામે છે, તો તેવા વિષયોમા શો પ્રતિબંધ કરવો ? ॥ ૮૪ ॥

सत्तु विसं पिसाओ,
वेआलो दुअवहोवि पज्जलिओ ॥

तं न कुणइ जं कुविया,
कुणंति रागाइणो देहो ॥ ८५ ॥

શત્રુ, વિષ, પિસાચ, વેતાલ અને પ્રજ્વલિત થએલો અગ્નિ, તે સર્વે કોપ્યા થકા જે દુ.ખ નથી કરતા, તે દુ.ખ દેહને વિષે રાગાદિક કરે છે. ॥ ૮૫ ॥

जो रागाइण वसे,
वसंमि सो सयल दुक्खलक्खाणं ॥
जस्स वसे रागाइ,
तस्स वसे सयल सुक्खाइं ॥ ८६ ॥

જે જીવો રાગાદિકને વશ્ય છે, તે સર્વ પ્રકારના લાખો દુ ખને વશ્ય છે અને જેના વશગમા રાગાદિક છે અર્થાત્ જેણે રાગાદિકને પોતાને વશ્ય કર્યા છે, તેના વશ્યમા સર્વ પ્રકારના સુખ છે, ॥ ૮૬ ॥

केवल दुहनिम्मविए,
पडियो संसारसायरे जीवो ॥
जं अणुहवइ किलेसो,
तं आसव हेउअं सव्वं ॥ ८७ ॥

આ જીવ કેવળ દુ ખે નિપજાવેલા સસાર સમુદ્રમા પડયો છે અને ત્યા જે કલેશને–દુઃખને અનુભવે છે, તે સર્વ આશ્રવના કારણ છે. ૮૭

ही संसारे विहिणा,
महिला रूवेण मंडिअं जालं ॥
बज्झंति जत्थ मूढा,
मणुआ तिरिआ सुरा असुरा ॥ ८८ ॥

હી ઇતિ ખેદે ! આ સસારમા સ્રીના રૂપે કરી વિધાતાએ જાળ માડી છે, જે જાળમા મૂઢ એવા મનુષ્યો, તિર્યંચો, સુરો અને અસુરો બધાય છે ! ॥ ૮૮ ॥

विसमा विसय भुअंगा,
जोहिं डसिआ जिआ भववणंमि ॥
कीसंती दुहग्गीहिं,
चुलसीई जोणि लक्खेसु ॥ ८९ ॥

ભવ રૂપી વનમા અર્થાત્ સસાર રૂપી વનમાં રખડતા એવા જે જીવોને વિષમ એવા વિષય રૂપ સર્પો ડશા, તે જીવો દુખ રૂપ અગ્નિયે દુખ પામતા થકા ચોરાશીલાખ જીવાજોનિમા ક્લેશ પામે છે. ॥ ૮૯ ॥

संसार चार गिम्हे,
विसय कुवाएण लुक्किया जीवा ॥
हिय-महियं अ मुणंता,
अणुहवइ अणंतदुक्खाई ॥ ९० ॥

સસારના માર્ગરૂપ ગ્રિષ્મકાળમા વિષય રૂપ નઠારા વાયરે કરી સૂકાએલા જીવો હિત

અહિતને ન જાણુતા થકા અનત દુઃખોને અનુભવે છે. ॥ ૯૦ ॥

हा हा दुरंत दुट्ठा,
विसय तुरंगा कुसिक्खिया लोए ॥
भीसण भवाडवीए,
पाडंति जिआण मुद्धाणं ॥ ९१ ॥

હા ! હા ! આ સસાર રૂપ લોકમા દુખે કરી અત છે જેનો, દુષ્ટ અને વિપરીત શીખવેલા એવા વિષય રૂપ ઘોડાઓ મુગ્ધ જીવોને ભયકર એવી ભવ રૂપ અટવીમા પાડે છે.

विसय पिवासा तसा,
रत्ता नारीसु पंफिल सरंमि ॥
दुहिया दीणा खीणा,
रुलंति जीवा भववणंमि ॥ ९२ ॥

વિષય રૂપ તૃષાથી તપેલા અને સ્રીમાં રક્ત થયેલા જીવો ભવરૂપી વનમા સ્રી રૂપ

કાદવવાળા સરોવરમા દુખીયા, દીન અને ક્ષીણ થયા સતા રુળે છે ॥ ૯૨ ॥

गुणकारियाइ धणियं,
धिइ रज्जु निअंतिआइ तुह जीवा ॥
निययाइ इंदियाई,
वल्लि निअत्ता तुरंगुव्व ॥ ९३ ॥

હે જીવ! ધિરજ રૂપ દોરડાથી વશ્ય રાખેલી પોતાની ઇંદ્રિયો લગામમા વશ્ય રાખેલા ઘોડાની પેઠે અતિશે ફાયદાકારક છે

मण वयण काय जोगा,
सुनिअत्ता तेवि गुणकराहुंति ॥
अनिअत्ता पुण भंजति,
मत्त करिणुव्व शीलवणं ॥ ९४ ॥

મન, વચન અને કાયાના જોગ વશ્ય કરયા સતા તે પણ ગુણકારી થાય છે અને નહિ વશ્ય કર્યા સતા મદોન્મત્ત હસ્તિની પેઠે શીળ રૂપ વનને ભાગે છે. ॥ ૯૪ ॥

जह जह दोसा विरमइ,

जह जह विसएहि होइ वेरग्गं ॥

तह तह विन्नयव्वं,

आसन्नं से य परमपयं ॥ ९८ ॥

જેમ જેમ દોષો વિરામ પામે છે અને જેમ જેમ વિષયથી વૈરાગ્ય થાય છે, તેમ તેમ જાણવું કે, તેને પરમપદ–મોક્ષ–ढुंकडु थाय छे

दुक्कर–मेएहि कयं,

जेहि समत्थेहि जुव्वणत्थेहि ॥

भग्गं इंदिय सिन्नं,

धिइ पायारं विलग्गेहि ॥ ९६ ॥

જે પુરૂષ પોતાના સામર્થ્યપણાથી જોવન અવસ્થામા ઇદ્રિય રૂપ સૈન્યને ભાગીને ધિરજ રૂપ પ્રકાર–ગઢને વળગ્યા, તે પુરુષે દુષ્કર કામ કર્યું એમ જાણવુ. ॥ ૯૬ ॥

ते धन्ना ताण नमो,

दासोऽहं ताण संजमधराणं मे

अद्धच्छि पच्छिराओ,

जाण न हियए खडकंति ॥ ९७ ॥

તેજ પુરુષોને ધન્ય છે, તેમને જ અમે નમસ્કાર કરીએ છીએ અને તે જ સયમ ધારીના અમે દાસ છીએ કે, જે પુરૂષોના હૃદયમા અર્ધિ આખે જોનારી અર્થાત્ કટાક્ષ નેત્રે જોનારી સ્ત્રી ખટકતી નથી ॥ ૯૭ ॥

किं बहुणा जइ वंछसि,

जीव तुमं सासयं सुहं अरुहं ॥

ता पियसु विसव त्रिमुहो,

संवेग रसायणं निच्चं ॥ ९८ ॥

વધારે કહેવાથી શુ ! હે જીવ ! જો તું નિરોગ એવા શાશ્વત સુખને વાછતો હોય તો વિષયથી વિમુખ થા અને નિરતર સવેગ રસાયણને પી

॥ इति श्री इंद्रियपराजयशतक समाप्तम् ॥

શ્રી ઠાણાંગ સૂત્રના ચોથા અધ્યયનમાં સાતસેં ચોભંગીઓમાંથી નમૂનો.

ચાર પ્રકારના દોષ જોનાર.

૧ એક પોતાનો દોષ દેખે છે, પણ પારકો દોષ દેખતો નથી, કેમકે તે પોતાના દોષનો પશ્ચાત્તાપ કરવાના કામમા રોકાએલ છે

૨ એક પારકો દોષ દેખે છે, પણ પોતાનો દોષ નથી દેખતો તે અભીમાની

૩ એક પોતાનો દોષ દેખે છે, અને પારકો પણ દોષ દેખે છે, તે પાપના પસ્તાવા વિનાનો માણસ

૪ એક પોતાનો દોષ પણ નથી દેખતો અને પારકો દોષ પણ નથી દેખતો તે મૂઢ–અજ્ઞાની

વિનય માટે ચાર પ્રકારના સાધુ.

૧ એક સાધુ મોટા સાધુને આવતા

દેખીને ઉઠી ઉભો થાય, પણ બીજા સાધુને ઉઠી ઉભા થવાનુ કહે નહિ, કેમકે સૌથી ન્હાનો છે માટે

૨ એક સાધુ પોતે ઉઠી ઉભા ન થાય પણ બીજાને ઉઠી ઉભા થવાની આજ્ઞા કરે, તે સૌથી મોટા આચાર્ય છે માટે

૩ એક પોતે ઉઠી ઉભા થાય અને બીજાને ઉઠી ઉભા થવાની આજ્ઞા કરે, તે દીક્ષાએ સરખા છે માટે

૪ એક પોતે ઉઠી ઉભા ન થાય અને બીજાને ઉઠી ઉભા થવાની આજ્ઞા પણ આપે નહિ તે જિનકલ્પી અથવા મૂઢ અવનિત

સ્ત્રીઓનો ચાર પ્રકારનો આચાર.

૧ એક સ્ત્રીએ ઇંદ્રિઓના વિષય-વિકારને ગોપવ્યા છે અને વસ્ત્ર પણ મર્યાદાથી પહેર્યા છે તે સતી અથવા પતિવ્રતા.

૨ એક સ્ત્રીએ વિષય-વિકાર મોકળા

રાખ્યા છે, પણ વસ્ત્રે કરી સહિત છે તે રખડેલ અથવા વ્યાભિચારિણી.

૩ એક સ્ત્રીએ ઇદ્રિયોના વિષય-વિકાર જીત્યા છે પણ વસ્ત્ર કરીને ગહિત (નગ્ન) છે, તે ગુફામા રાજેમતીની પેરે

૪ એક સ્ત્રીના ઇદ્રિઓના વિષય-વિકાર મોકળા છે અને શરીર ઉપર વસ્ત્ર પણ નથી તે વેષ્યા, નગ્નપણે છબી પડાવનારી

દુઃખ ભોગવવાના ચાર પ્રકાર

૧ આ ભવના કરેલા પાપ, તેનુ દુ ખ આ ભવે ભોગવે, તે ચોરી કરનાર જેમ કેદમા દુ ખ ભોગવે તેમ

૨ આ ભવે પાપ કરી પરભવે દુ.ખ ભોગવે તે કાળસુરીઆ કસાઈની પેરે.

૩ પરભવનુ કરેલું પાપ, તેનુ ફળ આ ભવે ભોગવે તે મૃગાલોઢીઆની પેરે

૪. પરભવનું કરેલુ પાપ, પરભવે ભો-

ગવે તે જેમકે પરભવે પાપ કર્યું છે તેના ઉદયથી આ ભવે હીસક જીવ–બીલાડી, વાઘ પ્રમુખ, હીસા કરી નરકમા દુઃખ ભોગવવા જાય તે અથવા તદુલ મચ્છ જેમકે કોઈ જીવ એકેક નારકીમા બબે વખત જવાનુ પાપ કરી સાતમી નરકે ગયો, ત્યાથી નીકળી તદુલ મચ્છનો ભવ કરી સાતમી નરકે જાય તે પરભવનુ કરેલુ પરભવે ભોગવે છે

પુણ્ય ભોગવવાના ચાર પ્રકાર

૧ આ ભવે પુણ્ય કરે અને આ ભવે ભોગવે જેમ તીર્થંકરને દાન આપવાથી સાડા-બાર ક્રોડ સોનૈયાની પ્રાપ્ત થાય તેમ

૨ આ ભવે પુણ્ય કરી પરભવે ભોગવે તે શુદ્ધ સાધુ જેમ આ ભવે તપ, સચમ પાળી પરભવે દેવલોક તથા મોક્ષના સુખ ભોગવે તેમ

૩ પરભવે પુણ્ય કરી આ ભવે ભોગવે

તે સુમુખ ગાથાપતિ જેમ સુદત્ત અણગારને દાન દઇ સુબાહુકુમાર થયા તેમ અથવા સસલાની દયા પાળી મેઘકુમાર થયા તેમ

૪ પરભવનુ કરેલું પુણ્ય પરભવે ભોગવે તે જેમ મનુષ્યભવે વીસ સ્થાનક સેવી તીર્થંકરપણું ઉપરાજી, દેવલોકમાં જઇ, મનુષ્યપણું પામી તીર્થંકરની પદવી ભોગવે તે પરભવનુ કરેલુ પુણ્ય પરભવે ભોગવ્યું

ચાર પ્રકારના તારનાર સાધુ

૧ એક પોતાના ભવનો અત કરે છે પણ બીજાના ભવનો અત કરાવતા નથી તે પડીમાધારી જિનકલ્પી ઉપદેશ કરતા નથી માટે

૨ એક સાધુ બીજાના ભવનો અત કરાવે, એટલે મોક્ષનો રસ્તો દેખાડવે કરી, પણ પોતાના ભવનો અત કરે નહિ તે અચરમ શરીરી માટે આ ભવે મોક્ષ નથી જવું

૩ એક પોતાના ભવનો અંત કરે છે ને બીજાના ભવનો અંત કરાવે તે તીર્થંકરની પેરે

૪ એક પોતાના ભવનો અંત કરતા નથી ને બીજાના ભવનો પણ અંત કરાવતા નથી તે પાંચમા આરાના આચાર્ય પ્રમુખ તેમને ફક્ત બે ચારિત્ર લાભે છે જથાખ્યાત ચારિત્ર વિના મોક્ષ નથી માટે

દાન, પરોપકાર કરવા માટે ચાર પ્રકારના મેઘરૂપ પુરૂષ.

૧ એક મેઘ ગાજે છે પણ વરસતો નથી, તેમ એક પુરૂષ દાન, પરોપકાર કરવાનુ કહે છે પણ કરતો નથી તે લબાડ જેવો.

૨ એક મેઘ વરસે છે પણ ગાજતો નથી, તેમ એક પુરૂષદાન પરોપકાર કરે છે પણ કહેતો નથી તે પરોપકારી

૩ એક મેઘ વરસે છે અને ગાજે છે,

તેમ એક પુરૂષ દાનાદિ કરે છે અને કહી દેખાડે છે તે અભિમાની

૪ એક મેઘ વરસતો નથી ને ગાજતો પણ નથી, તેમ એક પુરુષ દાનાદિ દેતો નથી અને કહેતો પણ નથી તે લોભીઓ

(૨) ચાર પ્રકારના મેઘરૂપ પુરૂષ.

૧. એક મેઘ ચોમાસાની ઋતુએ વરસે પણ બીજી ઋતુએ ન વરસે તેમ એક પુરૂષ દુકાળ જેવા વખતે દાન કરે છે, પણ સુકાળ વખતે દાન કરતો નથી

૨ એક મેઘ બીજી ઋતુએ વરસે પણ ચોમાસામા ન વરસે, તેમ એક પુરૂષ સુકાળમા દાન કરે છે પણ દુકાળમા કરતો નથી

૩ એક મેઘ સર્વ ઋતુમા વરસે, તેમ એક પુરૂષ સુકાળ દુકાળ બન્ને વખતમા દાન કરે છે તે સાચો દાતાર

૪ એક મેઘ કોઇ પણ ઋતુમા વરસે

નહિ, તે દુષ્કાળ તેમ એક પુરૂષ પોતાના પેટ સિવાય કોઇને દાન દેતો નથી તે કૃપણ

(૩) ચાર પ્રકારના મેઘરૂપ પુરૂષ

૧, એક મેઘ ખેતરમા વરસે છે પણ ઉખર ખરાબ જમીનમા વરસતો નથી, તેમ એક પુરૂષ પાત્રને દાન દે છે પણ કુપાત્રને દાન દેતો નથી તે મોઢુ જોઇને ચાલ્લો કરનાર

૨ એક મેઘ ઉખર જમીનમા વરસે છે પણ ખેતરમા વરસતો નથી, તેમ એક પુરૂષ કુપાત્રને દાન દે છે પણ સુપાત્રને દેતો નથી તે મિથ્યાત્વી

૩ એક મેઘ ખેતરમા પણ વરસે છે ને ઉખર જમીનમા પણ વરસે છે તે સાચો મેઘ તેમ એક પુરૂષ સુપાત્ર અને કુપાત્ર બન્નેને દાન દે છે તે સાચો દાતાર જેમ તીર્થંકર વરસીદાન દે છે તેમ

૪ એક ખેતરમા કે ઉખર જમીનમા

ક્યાઈ પણ વરસતો નથી તે ઠાલાં વાદળાં તેમ એક પુરૂષ કોઈને પણ દાન દેતો નથી તે અંતરાય કર્મવાળો લોભીષ્ટ

ચાર પ્રકારના કરંડીયા (વસ્તુ મુકવાનો પટારો.)

૧ ચંડાળનો કરંડીયો જેમા ચામડા કાપવાની રાપી, છરપલો વિગેરે અસાર હથીયાર રહે

૨ વેશ્યાનો કરંડીયો જેમા લાખે ભરેલા આભરણ અથવા ઢોળ ચઢાવેલા શોભા આપનાર, માત્ર દેખાવ રૂપ દાગીના રહે.

૩ શાહુકારનો કરંડીયો જેમા નક્કર સોનાના દાગીના રહે

૪ રાજાનો કરંડીયો જેમા હીરા, માણેક રત્નાદિકના આભરણ રહે

કરંડીયાં રૂપ ચાર પ્રકારના આચાર્ય.

૧ ચંડાળના કરંડીયા સમાન આચાર્ય

તે ક્રિયા રહીત અથવા અન્યતીર્થિ તે અત્યંત અસાર.

૨ વેશ્યાના કરંડીયા સમાન આચાર્ય તે થોડુ ભણેલો પણ વચન આડંબરથી લોકોને રંજીત કરે, અંદરખાને ક્રિયા ભ્રષ્ટ, ગુણ રહિત પાસત્થો

૩ શાહુકારના કરંડીયા સમાન આચાર્ય તે સ્વસમય તથા પરસમયના જાણકાર અને ક્રિયા, ગુણ સહિત

૪ રાજાના કરંડીયા સમાન આચાર્ય તે અત્યંત સાર તીર્થંકર ભગવાનની પેરે

ચ્યાર પ્રકારના ગોળા સમાન પુરૂષ.

૧ એક મીણનો ગોળો જેમ જરાક તાપ લાગતા ઓગળી જાય તેમ એક પુરૂષને ધર્મ કરતાં જરા પરિસ્સહ એટલે ઉપાશ્રયમા ભીડના કારણથી બેસવાની જગ્યા ન

મળે તેને અપમાન સમજી ધર્મ છોડી દે તે મીણના ગોળા સમાન

એક લાખનો ગોળો જેમ અગ્નિની આચ લાગે તેથી ઓગળી જાય તેમ એક પુરૂષને ધર્મ કરતા કોઈ વચનથી અપમાન કરે તેથી ધર્મ છોડી દે તે લાખના ગોળા સમાન

૩ એક લાકડાનો ગોળો જેમ અગ્નિમા નાખે તોજ બળે તેમ એક પુરૂષને ધર્મ કરતા લાત, મુક્કીનો માર પડવાથી ધર્મ છોડી દે તે લાકડાના ગોળા સમાન

૪ એક માટીનો ગોળો જેમ અગ્નિમા નાખે તેમ વધારે કઠણ થાય તેમ એક પુરૂષ ધર્મ કરતા મરણાતિક સકટ આવે તેને સહન કરે, પણ ધર્મથી ડગે નહિ ને વધારે કઠણ થાય તે માટીના ગોળા સમાન.

વસ્તુ છેદવા આશ્રી ચાર પ્રકારના શસ્ત્ર માફક પુરૂષ

૧ એક શસ્ત્ર જેમ તલવારના એક ઘાથી

બે કટકા થાય તેમ સજતી રાજા, ગજ-સુકુમાળ, એકજ વખત મહાત્માનું વ્યાખ્યાન સાંભળી સંસારનો ત્યાગ કરી સાધુ થયા તે તલવાર સમાન એક ઘાએ બે કટકા

૨. એક શસ્ત્ર જેમ કરવત ઘણી વખત જા આવ કરે ત્યારે બે કટકા થાય તેમ એક પુરૂષ ઘણી વખત વ્યાખ્યાન સાભળી છેવટે દીક્ષા લે તે કરવત સમાન

૩ એક શસ્ત્ર છરપલો, ખરપડી, અસ્ત-રો જેમ ઘાસ, કેશાદિક સાફ કરે પણ મૂળ કાઢી શકે નહિ તમ એક પુરૂષ સર્વથા સંસા-રનો ત્યાગ કરી શકે નહિ પરંતુ છેવટે દેશ-વર્તિ શ્રાવક થાય તે છરપલા સમાન

૪ એક શસ્ત્ર નરેણી જેમ નખ, કાંટો દૂર કરી શકે તેમ એક પુરૂષ મિથ્યાત્વરૂપી કાટો કાઢી અવ્રતી સમદૃષ્ટિ થાય તે નરેણી સમાન

આશ્રમમાંથી નીકળવા આશ્રી ચાર પ્રકારનાં પખી માફક સાધુ.

૧. એક પખી જેમ માળામાંથી બહાર નીકળી શકે પણ ઉડી શકે નહિ તે બાળક અથવા કાચી પાખનું માટે, તેમ એક સાધુ ગૌચરી માટે ઉપાશ્રયમાથી નીકળી શકે, પરતુ ગૌચરી આદિકે ફરી શકે નહિ, તે રોગી, આળસુ અને લજ્જાળુ માટે

૨ એક પખી જેમ ઉડવાને શકિતમાન છે પણ માળામાથી બીકણુપણાને લઈ નીકળી શકતું નથી, તેમ એક સાધુ ગૌચરીએ ફરવા શકિતમાન્ છે પણ નીકળી શકતો નથી, તે સૂત્ર વાંચવાના કામમા રોકાયો છે માટે

૩ એક પખી માળામાંથી સાહસીકતાને લઇ નીકળે છે ને ઉડે છે તેમ એક સાધુ ગૌચરીએ નીકળી શકે છે ને ફરી પણ શકે છે, તે વૈયાવચ્ચ કરનાર સાધુ.

૪. એક પખી જેમ માળામાથી નીકળતુંય નથી ને ઉડતુંય નથી તે રોગી અથવા આળસુ માટે, તેમ એક સાધુ ગોચરીએ નીકળી શકતોય નથી અને ફરી શકતોય નથી તે રોગી અથવા સથારાવાળો સાધુ.

હૃદય, વચન આશ્રી ચાર પ્રકારનાં ઘડારૂપ પુરૂષ.

૧ એક ગોળનો ઘડો ને અફીણનુ ઢાકણુ તેમ એક પુરૂષનુ હૃદય પવિત્ર, દયાળુ પણ વચન કડવુ તે માબાપ, ગુરૂ અને વૈદ્ય તેનું હૃદય ઘણું સારૂ, વચન આકરૂ હોય જો સહન કરે તો સુખી થાય

૨ એક અફીણનો ઘડો અને ગોળનુ ઢાંકણું, તેમ એક પુરૂષનુ હૃદય ઘણુ દુષ્ટ, નિર્દય પણ વચન મીઠા તે દુશ્મન, દગાખોર અને સ્વાર્થ સાધનાર

૩. એક ગોળનો ઘડો ને ગોળનુ ઢાકણુ

તેમ એક પુરૂષનુ હૃદય બહુ દયાળુ ને પવિત્ર અને વચન પણ શાતાકારી તે તીર્થંકરની પેરે.

૪ એક અગ્નીણુનો ઘડો અને અગ્નીણુનુ ઢાકણુ, તેમ એક પુરૂષનુ હૃદય પણ ખોટૂ ને વચન પણ ખોટુ તે હલકી જાતનો માણુસ

ચાર પ્રકારનાં અજીરણ.

૧ ખાધાનુ અજીરણ, વધુ ખાવું તે

૨ તપનું અજીરણ, ક્રોધ કરવો તે

૩ જ્ઞાનનુ અજીરણ, અહંકાર કરવો તે

૪. પવિત્ર ક્રિયાનુ અજીરણ, પારકી નિંદા કરવી તે

ચાર પ્રકારના શ્રાવક.

૧. એક દ્રઢધર્મિ છે, પણ પ્રિયધર્મિ નથી, એટલે ચોથા ગુણઠાણાનો ધણી ધર્મ ઉપર પૂર્ણ આસ્તા છે પણ અંતરાયના ઉદયથી જાતે બની શકતું નથી, પરંતુ ધર્મને માટે માથુ આપવા તૈયાર થાય

૨. એક પ્રિયધર્મિ છે પણ દ્દઢધર્મિ નથી, એટલે હમેશા ધર્મધ્યાન સારી રીતે કરે, પરંતુ ધર્મને નામે ખરચ કરવુ પડે કે દુખ વેઠવાનુ આવે તે વખતે મુઠીઓ વાળી ભાગી જાય

૩ એક દ્દઢધર્મિ છે અને પ્રિયધર્મિ પણ છે, એટલે ધર્મની આસ્તા પણ પૂર્ણ અને ધર્મ કરવાપણુ પણ સારૂ છે

૪ એક દ્દઢધર્મિ નથી અને પ્રિયધર્મિ પણ નથી તે પજુસણીયા શ્રાવક, એટલે લાડુ, પતાસા ખાનારા

ચાર પ્રકારનું રાત્રિ ભોજન.

૧ એક રાત્રે રાધે ને દિવસે જમે તે અભક્ષ.

૨ એક દિવસે રાધે ને રાત્રે જમે તે અભક્ષ.

૩. એક રાત્રે રાધે ને રાત્રે જમે તે પણ અભક્ષ

૪ એક દિવસે રાધે ને દિવસે જતના સહિત જમે તે ભક્ષ.

ચાર પ્રકારનું વૈદું (ઔષધ)

૧. એક વૈદ્ય વિદ્વાન અને અનુભવી હોવો જોઇએ

૨. એક વૈદ્ય પાસે જોઇતું દવાનું સાધન જોઇયે

૩. એક દરદી દવા ખાવાને અર્થિ અને વૈદ્ય ઉપર પૂર્ણ ભરોસો રાખનાર જોઇએ.

૪ એક દરદીની માવજત એટલે સાર સભાળ કરનાર માણુસો વિદ્વાન હોવા જોઇએ.

ચાર પ્રકારના પુત્ર.

૧ એક પીતાથી રિદ્ધિમા અધિક, તે ભરત રાજા. (ઋષભદેવના પુત્ર).

૨. એક પીતાની તુલ્ય—બરાબર તે—ભરત-નો દીકરો આદિત્ય. તેણે પોતાના દીકરાને રાજ્ય સોપ્યું.

૩. એક પીતાથી ન્યૂન તે આદિત્ય (ભરતનો પુત્ર)

૪ એક પીતાના વશમા અગારા, કોલસા સરીખો તે ઉત્તમ કુળમા ઉત્પન્ન થઇ નીચ કામ કરી પીતાના વશને કલક લગાડનાર

ચાર પ્રકારે ઉગવું-આથમવું તે.

૧ એક પુરૂષ ઉગીને ઉગ્યા તે ભરત ચક્રવર્તિ છ ખડની સાહ્યબી પામ્યા અને મરણ પામી મોક્ષે પધાર્યા તે ઉગીને ઉગ્યા.

૨. એક ઉગીને આથમ્યા તે બ્રહ્મદત્ત ચક્રવર્તિ છ ખંડની સાહ્યબી પામ્યા, પાપ કરીને સાતમી નરકે ગયા

૩ એક આથમીને ઉગ્યા તે હરકેશી અણગાર, નીચ ચડાળના કુળમા જનમ્યા અને દીક્ષા લઇ કર્મ ખપાવી મોક્ષ પધાર્યા

૪ એક આથમીને આથમ્યા તે કષાયના ધધા કરનાર. અહિ દુ:ખી ને મરીને પણ નરકે ગયા

ચાર પ્રકારનાં ફળ.

૧ એક ફળ ઉપરથી કઠણ પણ અંદરથી પોચું તે કોઠ પ્રમુખ

૨ એક ફળ અંદરથી કઠણ પણ ઉપરથી પોચુ તે બોર પ્રમુખ

૩ એક ફળ ઉપરથી પોચુ ને અંદરથી પોચુ તે દ્રાક્ષ પ્રમુખ

૪ એક ફળ ઉપરથી કઠણ ને અંદરથી કઠણ તે સોપારી પ્રમુખ

એમ ચાર પ્રકારના પુરુષ.

૧ એક માણસ ઉપરથી કઠણ પણ હૃદય બહુજ પોચુ

૨ એક માણસના વચન મીઠા પણ હૃદય દુષ્ટ તે મીઠા બોલો, મોઢે ખાટુ લગાડે નહિ તે

૩ એક માણસનું હૃદય પોચુ ને વચન પણ પોચા તે ભાગ્યવાન જીવ

૪ એક માણસનુ હૃદય પણ દુષ્ટ ને વચન પણ દુષ્ટ તે પાપી માણસ

શ્રી છકાયના બોલ.

અથ છકાયના બોલ લખ્યા છે. પ્રથમ છકાયના નામ કહે છે. પહેલે બોલે ઇંદી થાવર કાય ૧, બભી થાવરકાય ૨, સપિ થાવર કાય ૩, સુમતિ થાવર કાય ૪, પયાવચ થાવર કાય ૫, જગમ કાય ૬, એ છકાયના નામ કહ્યા હવે ગોત્ર કહે છે. પૃથ્વીકાય ૧. અપ-કાય ૨, તેઉકાય ૩, વાઉકાય ૪, વનસ્પતિકાય ૫, ત્રસકાય ૬ એ છ ગોત્ર કહ્યા

હવે પૃથ્વીકાયના બે ભેદ છે. સૂક્ષ્મ ને બાદર, સૂક્ષ્મ તે આખા લોકમા ભર્યા છે તે આપણી નજરે ન આવે કેવલજ્ઞાની જાણે દેખે ૧ હવે બાદર પૃથ્વીકાયના નામ કહે છે. પહેલે બોલે માટી ને મીઠાની જાત ૧, બીજે ખડી ને ખારાની જાત ૨, ત્રિજે કાળમિઢ મરડીયા

પહાણા ને સિલ્લાની જાત ૩, ચોથે હીંગલો ને હડતાળની જાત ૪ પાચમે ગેરૂ ને ગોપીચ-દનની જાત ૫, છઠે રત્ન પરવાળાની જાત ૬, સાતમે બોલે સોનું, રૂપુ, સીસુ, ત્રાંબુ, લોહુ વગેરે ધાતુની જાત તથા સોળ જાતના રત્ન, આદે તેતાલીસ જાતની પૃથ્વીકાય છે. તેમા સુંવાળી અને ખરખરી (કઠણ) એવા બે ભેદ છે, તેમા સુવાળીના સાત ભેદ ને ખરીખરીના છત્રીસ ભેદ, એ તેતાલીસ જાતની પૃથ્વીકાય છે તેના એક એક કકડામાં અસખ્યતા જીવ શ્રી ભગવતે કહ્યા છે. તેમાંથી જુવાર તથા પીલુ જેટલી પૃથ્વીકાય લઇએ, તેમાંથી એક એક જીવ નીકળી પારેવા જેવડી કાયા કરે તો એક લાખ જોજનના જબૂદ્વીપમાં સમાય નહિ એમ જાવત અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ભરાય એટલા જીવ છે. તેના કુળ બારલાખ કરોડ છે. તેનું આઉખુ જઘન્ય અતર મુહૂર્તનું છે. ઉત્કૃષ્ટ

જુદુ જુદુ, તે નીચે મુજબ—સુકુમાળ માટીનું એક હજાર વરસનુ, શુદ્ધ માટીનુ બારહજાર વરસનુ વેળુ (રેતી) નું ચૌદ હજાર વરસનુ, મણુસીલનુ સોળ હજાર વરસનુ, કાકરાનુ અઢાર હજાર વરસનુ, ખર તે કઠણ પૃથ્વી, વજ્ર, હીરા વગેરે તેનુ બાવીશ હજાર વરસનુ આયુષ્ય છે, તેની દયા પાળીએ તો અનતા મોક્ષના સુખ પામીએ

હવે અપકાય તે પાણી, તેના બે ભેદ છે સૂક્ષ્મ ને બાદર, સુક્ષ્મ તે આખા લોકમા ભર્યા છે તે આપણી નજરે ન આવે, ફકત કેવળી દેખે હવે બાદર પાણીના નામ કહે છે પેહલે બોલે વરસાદ ને કગના પાણી ૧, બીજે બોલે ઝાકળ ને ધુમરના પાણી ૨, ત્રીજે કુવા, તળાવ ને નદીના પાણી ૩, ચોથે દરીઆ ને ઝરણાના પાણી ૪ ખારા ખાટા પાણી ૫, મોળા મીઠા પાણી ૬. જુદા જુદા રસના સાત

સમુદ્ર છે તેના પાણી, લવણ સમુદ્રનુ પાણી ખારૂં છે, કાળોદધી સમુદ્રનુ પાણી મીઠુ, કાળુ ને ભારે છે, એક સમુદ્રનુ ઘીના રસ સરીખુ છે, એક સમુદ્રનુ દુધના રસ સરીખુ છે, પુષ્કર અને સયભુરમણ એ બે સમુદ્રનુ મીઠુ, આછુ, હલકુ ને પથ્ય છે, ને એક સમુદ્રનુ પાણી મદીરાના રસ સરખુ છે ૭ બાકી અસખ્યાતા સમુદ્રના પાણી શેરડીના રસ જેવા છે, એ આદે ઘણી જાતનાં પાણી છે, તેના એક બીંદુમાં અસ-ખ્યાતા જીવ શ્રી ભગવતે કહ્યા છે તેમાથી એક એક જીવ નીકળીને સરસવના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનના જ બુદ્વાપમાં સમાય નહિ. "પુર્વની પેરે." તેના કૂળ સાત-લાખ કરોડ છે તેનુ આયુષ્ય જઘન્ય અ તર મુહૂર્ત્તનુ, ઉત્કૃષ્ટું સાત હજાર વરસનું છે તેની દયા પાળીએ તો અન તા મોક્ષના સુખ પામીએ

હવે તેઉકાય તે અગ્નિ. તેના બે ભેદ, સૂક્ષ્મ

તે આખા લોકમાં ભર્યા છે તે આપણી નજરે ન આવે, કેવળજ્ઞાની જાણે દેખે ૧. હવે બાદર અગ્નિના નામ કહે છે પેહેલે બોલે ચુલા ને ભઠ્ઠીની અગ્નિ ૧, ધુમાડા ને તાપણીની અગ્નિ ૨, ચકમક ને વીજળીની અગ્નિ ૩, દીવા ને ઉમાહાની અગ્નિ ૪, ધગધગતા, લોઢા ને અરણીની અગ્નિ ૫ એ આદે દઇને ઘણી જાતની અગ્નિ છે, તેના એક તણખામા અસં-ખ્યાતા જીવ ભગવતે કહ્યા છે તેમાથી એક એક જીવ નીકળીને ખસખસના દાણા જેવડી કાયા કરે તો એક લાખ જોજનના જબુદ્વી-પમાં સમાય નહિ. તેના કૂળ ત્રણ લાખ કરોડ છે તેનુ આયુષ્ય જઘન્ય અતર મુહૂર્ત્તનુ, ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રીનુ છે. તેની દયા પાળીએ તો અનતા મોક્ષના સુખ પામીએ.

હવે વાઉકાય તે વાયરો, તેના બે ભેદ છે સૂક્ષ્મ ને બાદર. સૂક્ષ્મ તે આખા લોકમા ભર્યા

છે તે આપણી નજરે ન આવે જ્ઞાની જાણે દેખે ૧ હવે બાદર વાયરાના નામ કહે છે ઉગમણો ને આથમણો વા ૧, ઉત્તર ને દક્ષિણનો વા ૨, ઉંચો, નીચો ને ત્રીછો વા ૩, ૧ ટોળીઓ ને મંડળીઓ વા ૪, ગુંજવા ને સુધવા ૫ એ આદે દઇને ઘણી જાતનો વાયરો છે તે કેમ કરી હણાય છે? તે કહે છે ઉઘાડે મોઢે બોલ્યે, ઝાપટ નાંખવે, સુપડે સોવે, ઝાટકવે, કાંતવે, પીંજવે, ટાબોટા વગાડવે, વીઝણે વીંઝવે એટલે હલાવે, હીંચોળે હીંચકવે એ આદે દઇને ઘણી જાતના શસ્ત્રે કરી હણાય છે તેમા એક વાર ઉઘાડે મોઢે બોલ્યે અસંખ્યાતા જીવ હણાય છે તેમાંથી એક એક જીવ નીકળીને વડના બીજ જેવડી કાયા કરે તો લાખ જોજનના જંબુદ્વીપમા સમાય નહિ તેના કૂળ સાતલાખ કરોડ છે તેનુ આયુષ્ય જઘન્ય અંતર મુહૂર્ત્તનુ, ઉત્કૃષ્ઠ ત્રણહજાર વરસનું છે,

તેની દયા પાળીએ તો અનતા મોક્ષના સુખ પામીએ. ૪

હવે પાચમે બોલે વનસ્પતિ કાય તેના બે ભેદ–સૂક્ષ્મ ને બાદર સૂક્ષ્મ તે આખા લોકમા ભર્યા છે તે આપણી નજરે ન આવે જ્ઞાની જાણે દેખે હવે બાદર વનસ્પતિ કાય તેના બે ભેદ–પ્રત્યેક ને સાધારણ પ્રત્યેક તે કોને કહીએ? એક શરીરે એક એક જીવ હોય તેને પ્રત્યેક કહીએ ૧, એક શરીરે અનતા જીવ હોય તેને સાધારણ કહીએ ૨ હવે પ્રત્યેક વનસ્પતિ કાયના નામ કહે છે પેહેલે બોલે વૃક્ષ ને વેલાની જાત ૧, બીજે રીગણી, તુલસી ને ગુલમની જાત ૨, ત્રીજે એરડા, આકડા ને ધતુરાની જાત ૩, દાડમ, શેગડી ને કેળાની જાત ૪, ઘ્રો, કેવડો, ડાભડો ને તરણાની જાત ૫, ફુલ, કમળ ને નાગરવેલની જાત ૬, બોરડી, કેરડો, ને કસેલાની જાત ૭, જુવાર, બાજરો,

મઠ, મકઈની જાત ૮, સુવા, મોઘરી, તાજળજો, વાલોળ ફળીની જાત ૯ એ આદિ દઈને ઘણી જાતની પ્રત્યેક વનસ્પતિ છે તેમા ભગવંતે ત્રણ પ્રકારના જીવો કહ્યા છે, સંખ્યાતા ૧, અસંખ્યાતા ૨, અને અનંતા ૩ તેનુ આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્ત્તનુ, ઉત્કૃષ્ટ દસહજાર વરસનુ છે તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ ૫

હવે સાધારણ વનસ્પતિ કાયના નામ કહે છે પેહેલે લીલફુલ ને સેવાળની જાત ૧, બીજે ગાજર મુળાની જાત ૨, ત્રીજે ડુંગળી લસણની જાત ૩, ચોથે આદુ ને ગરમરની જાત ૪, પાચમે ઠંટાળો થોર, ખુરસાણી, કુંવાર, સેલરાની જાત ૫, છઠે મોથ ને લુણીની જાત ૬, ઉગતા અંકુર ને કુણી કાકડીની જાત ૭ એ આદે ઘણી જાતની સાધારણ વનસ્પતિ છે તેમા ભગવંતે ત્રણ પ્રકારના જીવ કહ્યા છે સંખ્યાતા ૧, અસંખ્યાતા ૨,

અનતા ૩, તેમા એક કદમુળના કકડામાં અસંખ્યાતા શરીર છે ને એક એક શરીરે અનતા જીવ છે તે સમયે સમયે એક એક જીવ કાઢતા અનતે કાળે પણ એક શરીર ખાલી ન થાય પણ ઘણે અનતે કાળે ખાલી થાય. તેનુ આયુષ્ય જઘન્ય ને ઉત્કૃષ્ઠ અત-ર્મુહૂર્ત્તનુ છે તે બેના કૂળ અઠાવીશ લાખ ક્રોડ છે તેની દયા પાળીએ તો અનતા મોક્ષના સુખ પામીએ ૫

હવે ત્રસ કાય તેના ચાર ભેદ—બેઇંદ્રિય ૧, તેઇદ્રિય ૨, ચઉરિદ્રિય ૩, પચેદ્રિય ૪, હવે બે ઈદ્રિયના બે ભેદ—અપ્રજાપ્તા ને પ્રજાપ્તા બેઇંદ્રિય કોને કહીએ? જેને કાયા ને જીભ્યા. કાયા તે સ્પર્શેંદ્રિય ને જીભ્યા તે રસેદ્રિય એ બે ઈદ્રિય હોય તેને બેઇદ્રિય કહીએ, તેના નામ જળો ને પોરાની જાત ૧, કીડા, કરમીઆ, સરમીયાની જાત ૨. મામણમુડા

ને અળસીયાની જાત ૩, લટલાળની જાત ૪, શંખ, છીપ ને કોડાની જાત ૫, એ આદે દઇને ઘણી જાતના બેઈંદ્રિય જીવ છે તેના કૂળ સાતલાખ કરોડ છે તેનુ આયુષ્ય જઘન્ય અંતરમુહૂર્તનુ, ઉત્કૃષ્ટુ બાર વરસનુ છે. તેની દયા પાળીએ તો અનંતા મોક્ષનાં સુખ પામીએ ૬

હવે તે ઈંદ્રિયના બે ભેદ અપ્રજાપ્તા ને પ્રજાપ્તા તેઇંદ્રિય કોને કહીએ? કાયા તે સ્પર્શેંદ્રિ, મુખ તે રસેંદ્રિ ને નાશીકા તે ઘ્રાણેંદ્રિય એ ત્રણ ઇંદ્રિય હોય તેને તેઇંદ્રિય કહીએ તેના નામ—જુ લીખની જાત ૧, ચાચડ માકણુની જાત ૨, કીડી કંથવાની જાત ૩, માટલા ને ધનેડાની જાત ૪, જુવા, ઈતડી, ગીગોડાની જાત, ૫, ધીમેલ, ઉધઇ ને ગધૈયાની જાત ૬, કાનખજુરા ને મંકોડાની જાત ૭ એ આદે ઘણી જાતના તેઈંદ્રિય જીવ

છે તેના કુળ આઠ લાખ ક્રોડ છે તેનું આ-
યુષ્ય જ૦ અંતર્મુહૂર્તનુ ઉ૦ ઓગણપચાસ
દિવસનુ તેની દયા પાળીએ તો અનતા
મોક્ષના સુખ પામીએ ૨

હવે ચઉરિદ્રિયના બે ભેદ અપ્રજાપ્તા ને
પ્રજાપ્તા ચઉરિદ્રિય તે કોને કહીએ? કાયા,
મુખ, નાશીકા ને આખ, કાયા તે સ્પર્શે-
દ્રિય, મુખ તે રસેદ્રિય, નાશીકા તે ઘ્રાણેદ્રિય
આખ તે ચક્ષુ ઇદ્રિય એ ચાર ઇંદ્રિય તેને
ચઉરિદ્રિય કહીએ માખી ને મશલાની
જાત ૧, ડાસ ન મચ્છરની જાત ૨, ભમરા,
તીડ, પતગની જાત ૩, કરોળીઆ, કસારીની
જાત ૪, વીછી, બડમાકડીની જાત ૫, બગા
ધુડીયા ને કુદાની જાત ૬ એ આદે ઘણી
જાતના ચઉરેદ્રિય જીવ છે તેના કુળ નવ
લાખ ક્રોડ છે તેનુ આયુષ્ય જ૦ અતર્મુહૂ-
ર્તનુ, ઉ૦ છ માસનુ છે તેથી દયા પાળીએ
તો અનતા મોક્ષના સુખ પામીએ ૩

હવે પચેદ્રિય તે કોને કહીએ ? કાયા, મુખ, નાશીકા, આખ ને કાન (શ્રોતેદ્રિય) એ પાચ ઇદ્રિ હોય તેને પચેદ્રિય કહીએ તેની ચાર જાત—નારકી, તિર્યંચ, મનુષ્ય ને દેવતા તેમા નારકીમા સાત નરક તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એમ ચોદ ભેદ નારકીના તેની કુળ કોડી ૨૫ લાખ ક્રોડ છે તિર્યંચના પાચ ભેદ—જળચર, થળચર, ઉરપર, ભુજપર ને ખેચર એ પાચ સમુચ્છિમ ને પાચ ગર્ભજ એમ પાચ દુ દસ તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ દસ દુ વીશ ભેદ તિર્યંચ પચેદ્રિયના જાણવા

હવે તિર્યંચ પચેદ્રિયની કુળ કોડી જુદી જુદી કહે છે. જળચરની સાડાબાર લાખ ક્રોડ, થળચરની દસલાખ ક્રોડ, ઉરપરની દસલાખ ક્રોડ, ભુજપરની નવ લાખ ક્રોડ, ખેચરની બાર લાખ ક્રોડ એમ તિર્યંચની કુળ કોડી જાણવી.

હવે મનુષ્યના ચાર ભેદ તે કહે છે પદર કર્મભૂમિના, ત્રીસ અકર્મભૂમિના, છપન અતરદ્વીપાના મનુષ્ય એ ત્રણે એકશો ને એક ક્ષેત્રના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ એકસો એક દુ બસે બે ભેદ થયા હવે ચોથા ભેદમા ચૌદ સ્થાનકના સમુર્છિમ મનુષ્ય તે પણ એકસો એક ક્ષેત્રમા ઉપજે છે તે અપ્રજાપ્તા છે માટે એકસો એક ભેદ તેના એમ સર્વ મળીને ત્રણંસે ને ત્રણ ભેદ મનુષ્યના છે, તેના કુળ બાર લાખ ક્રોડ છે

હવે દેવતાના ચાર ભેદ છે ભવનપાત ૧, વાણવ્યતર ૨, જ્યોતષી ૩, વૈમાનીક ૪, ચારે જાતના નવાણુ ભેદ થાય, તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એમ એકશો અઠાણું ભેદ દેવતાના જાણવા. તેના કુળ છત્રીસ લાખ ક્રોડ છે હવે નારકીનુ આઉખુ જઘન્ય દસ હજાર વરસનુ, ઉત્કૃષ્ટુ તેત્રીસ સાગરોપમનુ,

તિર્યંચનુ આઉખુ જ૦ અ ઉ૦ ત્રણ પલ્યનુ મનુષ્યનું આઉખુ જ૦ અંતર્મુહૂર્તનુ, ઉ૦ ત્રણ પલ્યનુ દેવતાનુ આઉખુ જ૦ દસહજાર વરસનું, ઉ૦ તેત્રીસ સાગરોપમનુ એમ આઉખુ જાણવુ સર્વ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય ને પંચેંદ્રિય એ સર્વના મળીને પાંચસે ને ત્રેસઠ ભેદ જીવના જાણવા તેનો વિસ્તાર નવતત્વથી જાણવો. તેની દયા પાળીએ તો અનંતા મોક્ષના સુખ પામીએ

ઇતિ શ્રી છકાયના બોલ સંપૂર્ણ.

અથ શ્રી નવતત્વ.

હવે વિવેકી સમકીતદૃષ્ટિ જીવને નવ પદાર્થ જેવા છે તેવા તથારૂપ બુદ્ધિ પ્રમાણે ગુરૂ આમનાથી ધારવા જોઇએ માટે તે નવ પદા-

ર્થના નામ કહે છે જીવતત્ત્વ, અજીવતત્ત્વ, પુણ્ય તત્ત્વ, પાપ તત્ત્વ, આશ્રવ તત્ત્વ, સવગ તત્ત્વ, નિર્જરા તત્ત્વ, બ ધ તત્ત્વ અને નવમો મોક્ષ તત્ત્વ

હવે પેહેલો જીવતત્ત્વ કોને કહીએ ? ચૈતન્ય લક્ષણ, સદા સઉપયોગી, અસખ્યાત પ્રદેશી, સુખ દુ ખનો જાણ, સુખદુ ખનો વેદક અને પર્યાયવ ત ને પ્રાણનો ધારણ કરનાર તેને જીવ તત્ત્વ કહીએ ૧ અજીવતત્ત્વ તે કોને કહીએ ? જડ, લક્ષણ, ચૈતન્યરહીત તેને અજીવતત્ત્વ કહીએ ૨ પુણ્ય તે શુભ કમાણીએ કરી, શુભ કર્મના ઉદયે કરી જેના ફળ ભોગવતા આત્માને મીઠા લાગે તેને પુણ્ય તત્ત્વ કહીએ ૩ પાપ તત્ત્વ તે કોને કહીએ ? અશુભ કમાણીયે કરીને અશુભ કર્મના ઉદયે કરી જેના ફળ આત્માને ભોગવતા કડવા લાગે (દુ ખ થાય) તેને પાપ તત્ત્વ કહીએ ૪ આશ્રવ તે અવ્રત ને અપચ્ચખાણે કરી, વિષય કષાયને સેવવે કરી આત્મારૂપ

તલાવને વિષે ઇંદ્રિઆદિક ઘડનાળે (છીદ્રે) કરી કર્મ પાપરૂપ જળનો પ્રવાહ આવે તેને આશ્રવ તત્ત્વ કહીએ ૫ સવર તે જીવરૂપ તળાવને વિષે કર્મરૂપ જળને વ્રત પચ્ચખાણાદિક દ્વાર દઇ રોકીએ તેને સવર તત્ત્વ કહીએ ૬ નિર્જરા તે આત્માના પ્રદેશથી બારે ભેદે તપશ્ચર્યાયે કરી, દેશ થકી કર્મનુ નિર્જરવું (દુર થવું) તેને નિર્જરા તત્ત્વ કહીએ ૭ બધ તે આત્માના પ્રદેશને કર્મ પુદ્દગળના દળ ખીર નીરનીપરે, લોહપીંડ અગ્નિની પરે લોલીભુત થઇ જીવ અને કર્મ માંહોમાહે એકઠા થઇ બંધાય તેને બધ તત્ત્વ કહીએ ૮ સકળ આત્માના પ્રદેશથી સકળ કર્મનુ છુટવુ, સકળ બધનુ મુકાવવુ, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષ તત્ત્વ કહીએ એ નવ પદાર્થમા જીવ ને અજીવ એ બે જાણવા જોગ છે. પુણ્ય, સવર, નિર્જરા અને મોક્ષ એ

ચારે આદરવા જોગ છે પાપ, આશ્રવ અને બધ એ ત્રણ છોડવા જોગ છે હવે જીવનો એક ભેદ, સકલ જીવોનુ ચૈતન્ય લક્ષણ એક છે માટે સગ્રહનયે કરી એક ભેદે જીવ કહીએ તથા બે પ્રકારે પણ જીવ કહીએ ત્રસ ને થાવર બેઇદ્રિય, તેઈદ્રિય, ચઉરિદ્રય, પચેદ્રિય, તેને ત્રસ કહીએ ૧ થાવર એટલે સ્થિર રહે તેને થાવર કહીએ તે પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વતસ્પનિ ૨ બે પ્રકારે જીવ સિદ્ધ અને સસારી તથા ત્રણ ભેદે જીવ સ્ત્રી વેદ, પુરૂષવેદ નપુસકવેદ વળી ત્રણ પ્રકારે જીવ ભવસિદ્ધિયા, અભવસિદ્ધિયા નોભવસિદ્ધિયાનો અભવસિદ્ધિયા, તથા ચાર ભેદે જીવ નારકી, તીર્યચ મનુષ્ય ને દેવતા વળી ચાર પ્રકારે જીવ ચક્ષુદર્શની ૧, અચક્ષુદર્શની ૨, અવધિદર્શની ૩, કેવળદર્શની ૪ તથા પાચ પ્રકારે જીવ એકેદ્રિય, બેઇદ્રિય, તેઇદ્રિય, ચઉરિદ્રિય, પચેદ્રિય વળી પાચ

પ્રકારે જીવ સજોગી મનજોગી વચનજોગી કાય-
જોગી અજોગી તથા છ પ્રકારે જીવ પૃથ્વીકાય
અપકાય તેઉકાય વાઉકાય વનસ્પતિકાય ત્રસ-
કાય વળી છ પ્રકારે જીવ સકષાયી કોહકષાયી
માનકષાયી માયાકષાયી લોભકષાયી અકષાયી
તથા સાત પ્રકારે જીવ નારકી, તિર્યંચ તિર્યં-
ચણી, મનુષ્ય મનુષ્યણી, દેવતા દેવી તથા
આઠ પ્રકારે જીવ સલેશી કૃષ્ણલેશી નીલલેશી
કાપુતલેશી તેજુલેશી પદ્મલેશી શુક્લલેશી
અલેશી તથા નવ પ્રકારે જીવ પૃથ્વી અપ તેઉ
વાઉ વનસ્પતિ બેઇંદ્રિય તેઇંદ્રિય ચઉરિંદ્રિય
પચેંદ્રિય તથા દસ ભેદ જીવ પાચ સ્થાવર,
ચાર ત્રસ ને સિદ્ધ તથા અગિઆર ભેદે જીવ
એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય, પચે-
દ્રિય, એ પાચના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ
દસ ને અનેદ્રિય તે ઇંદ્રિય રહિત એવ
અગ્યાર તથા બાર ભેદે જીવ પૃથ્વીકાય, અપ-

કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઇ-
દ્રિય, તેઇદ્રિય, ચઉરિદ્રિય, નારકી, તિર્યંચ
પચેદ્રિય મનુષ્ય ને દેવતા એવ બાર હવે
તેર પ્રકારે જીવ કૃષ્ણલેશી, નીલલેશી, કાપુતલેશી,
તેજુલેશી, પદ્મલેશી, ને શુકલલેશી, એ છના
અજાસા ને પ્રજાસા, એવ છ દુ બાર, ને
અલેશી એ મળીને તેર ભેદ થયા હવે ચઉદ
પ્રકારે જીવ સૂક્ષ્મ એકેદ્રિયનો અપ્રજાપ્તો
ને પ્રજાપ્તો, બાદર એકેદ્રિયનો અપ્રજાપ્તો
ને પ્રજાપ્તો, બેઇદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજા-
પ્તો, તેઇદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો,
ચઉરિદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, અસજ્ઞી
પચેદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, સજ્ઞી
પચેદ્રિયનો અપ્રજાપ્તો ને પ્રજાપ્તો, એ ચઉદ
પ્રકારે જીવ હવે વ્યવહાર વિસ્તારનયે કરી
સર્વ સસારી જીવના ૫૬૩ ભેદ કહે છે

હવે પ્રથમ નારકીના ચોદ ભેદ કહે છે

સાત નરક તેના નામ કહે છે ઘમા ૧, વશા ૨, શિલા ૩, અજણા ૪, રિઠા ૫, મઘા ૬, માઘવઇ ૭, હવે તેના ગોત્ર કહે છે રત્નપ્રભા ૧, સકરપ્રભા ૨ વાલૂપ્રભા ૩, પંકપ્રભા ૪, ધુમપ્રભા ૫, તમપ્રભા, ૬, તમતમાપ્રભા ૭ એ સાત નરકના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ સાત દુ ચૌદ ભેદ નારકીના જાણવા હવે તિર્યંચના અડતાળીશ ભેદ કહે છે પૃથ્વી પાણી તેઉ વાઉ એ ચાર સૂક્ષ્મ ને બાદર એવ આઠ એ આઠના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ આઠ દુ સોલ ને વનસ્પતિના ત્રણ ભેદ સૂક્ષ્મ, પ્રત્યેક, સાધારણ એ ત્રણના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ ત્રણ દુ છ ને આગલા સોલ મળી બાવીશ ભેદ એકેદ્રિયના થયા ત્રણ વિગલેદ્રિય તે બેઇદ્રિય તેઇદ્રિય ચઉરિદ્રિય એ ત્રણના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવં છ ને આગલા બાવીશ કુલ અઠાવીશ થયા. હવે

જળચર થળચર ઉરપર ભુજપર ખેચર એ પાચ સમુર્છિમ ને ગર્ભજ એવ દશ, તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ વીશ કુલ અઠાવીશ ને વીશ અડતાલીશ ભેદ તિર્યંચના કહ્યા. હવે ત્રણુસે ત્રણુ ભેદ મનુષ્યના કહે છે પદર કર્મભૂમિના, ત્રીસ અકર્મભૂમિના, છપન અતરદ્વીપાના એવ એકસો એક ક્ષેત્રના ગર્ભજ મનુષ્ય તેના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા એવ બસેબે ને એકસો એક ક્ષેત્રના સમુચ્છિમ મનુષ્ય તે અપ્રજાપ્તા એવ ત્રણુસે ને ત્રણુ ભેદ થયા, હવે એકસો એક ક્ષેત્રનો વિસ્તાર કહે છે કર્મભૂમિ તે કોને કહીએ? અસી એટલે તરવાર પ્રમુખ હથિયારનુ બાધવુ, મસી એટલે લખવુ, કૃષી એટલે ખેડ કરવી એ ત્રણુ પ્રકારના વ્યાપારે કરી આજીવિકા ચલાવે તેને કર્મભૂમિના મનુષ્ય કહીએ તે કર્મભૂમિના પદર ક્ષેત્ર છે તે કહે છે. પાચ ભરત, પાચ

ઇરવત, પાચ મહાવિદેહ એ પદર ક્ષેત્ર ક્યાં છે ? તે કહે છે એક લાખ જોજનનો જબુદ્વીપ છે તેમા એક ભરત, એક ઇરવત ને એક મહાવિદેહ એ ત્રણ છે જબુદ્વીપને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે, તેને ફરતો ચાર લાખ જોજનનો ધાતકીખડ દ્વીપ છે, તેમા બે ભરત, બે ઇરવત ને બે મહાવિદેહ એમ છ ક્ષેત્ર છે ધાતકીખડને ફરતો આઠ લાખ જોજનનો કાળોદધી સમુદ્ર છે, તેને ફરતો આઠ લાખ જોજનનો અર્ધપુષ્કર દ્વીપ છે તેમા બે ભરત, બે ઇરવત, બે મહાવિદેહ એમ છ ક્ષેત્ર છે એ પદર ક્ષેત્ર કર્મભૂમિના કહ્યા હવે ત્રીશ અકર્મભૂમિના મનુષ્ય કહે છે અકર્મભૂમિ તે કોને કહીએ ? અસી, મસી ને કૃષી એ ત્રણ પ્રકારના વ્યાપાર રહિત ને દસ પ્રકારના કલ્પવૃક્ષે કરીને જીવે તેને અકર્મભૂમિના મનુષ્ય કહીએ તે ક્યા ?

પાંચ હેમવય, પાચ ઇરણુવય, પાચ હરિવાસ, પાંચ રમકવાસ, પાચ દેવકુરૂ, પાચ ઉત્તર કુરૂ એવ ત્રીસ તે કયા છે? એક હેમવય, એક ઇરણુવય, એક હરિવાસ, એક રમકવાસ, એક દેવકુરૂ, એક ઉત્તરકુરૂ, એ છ ક્ષેત્ર જબુ-દ્વીપમા છે હેમવય પ્રમુખ બબે ક્ષેત્ર ધાતકી-ખડ દ્વીપમા છે એવ અઢાર ને હેમવય પ્રમુખ બબે ક્ષેત્ર અર્ધપુષ્કર દ્વીપમા છે એ કુલ ત્રીસ ક્ષેત્ર અકર્મભૂમિના મનુષ્યના કહ્યા હવે છપન અતરદ્વીપના મનુષ્યના કહે છે જબુદ્વીપના ભરત ક્ષેત્રની મર્યાદાનો કરણુહાર ચુલ હેમવત નામે પર્વત છે, તે પીલો સોનાનો છે, સો જોજનનો ઊંચો છે, સો ગાઉનો ઊંડો છે, ઉત્તર દક્ષિણ એક હજાર બાવન જોજન ને બાર કળાનો પહોળો છે પૂર્વ પશ્ચિમ ચોવીસ હજાર નવસે બત્રીશ જોજનનો લાબો છે તેને પૂર્વ પશ્ચિમને છેડે

બબે ડાઢા નીકળી છે એમ પ્રથમા અધિકાર છે એક એક ડાઢા ચોરાસીસે ચોરાસીસે જોજનની ઝાઝેરી લાબી છે તે એક એક ડાઢા ઉપર સાત સાત અતર દ્વીપા છે તે ચાર ડાઢા ઉપર સાત ચોક અઠાવીસ્ર અતર દ્વીપા છે તેમજ ઇરવત ક્ષેત્રની; મર્યાદાનો કરણહાર શિખરી પર્વત છે તે પણ ચુલ હેમવત સરિખો જાણવો. તેને પણ પૂર્વ પશ્ચિમે બએ ડાઢા નીકળેલી છે, તે એક એક ડાઢા ઉપર સાત સાત અતર દ્વીપા છે એવ અઠાવીસ હુ છપન અતર દ્વીપા જાણવા તે એક સો એક ક્ષેત્રના સમુર્ચ્છિમ મનુષ્ય ચોદ સ્થાનકમા ઉપજે છે, તે કહે છે ઉચ્ચારેસુ વા–તે વડી નીતમા ઉપજે ૧, પાસવણેસુ વા–તે લઘુ નીતમાં ઉપજે ૨, ખેળેસુ વા–તે બળખામા ઉપજે ૩, સઘાણેસુ વા–તે નાકની લીટમા ઉપજે ૪, વતેસુ વા–તે

વમનમાં ઉપજે ૫, પીતેસુ વા–તે લીલા પીળા પીતમા ઉપજે ૬, પુએસુ વા–તે પરૂમા ઉપજે ૭, સોણીએસુ વા–તે લોહીમાં ઉપજે ૮, સુક્કેસુ વા–તે વીર્યમા ઉપજે ૯, સુક્ક પોગલ પરિસાડીએસુ વા–તે વીર્યાદિકના પુદ્ગલ સુકાણા, તે ફરીથી ભીના થાય તેમા ઉપજે ૧૦, વિગયજીવકલેવરેસુ વા–તે મનુષ્યના કલેવરમા ઉપજે ૧૧, ઇત્થીપુરિસસ જોગેસુ વા–તે સ્ત્રી પુરૂષના સંજોગમા ઉપજે ૧૨, નગગનિધમણેસુ વા–તે નગરની ખાળ પ્રમુખ ગટરમા ઉપજે ૧૩, સવ્વેસુ ચેવ અસુઇઠાણેસુ વા–તે સર્વ અશૂચિના સ્થાનકોમા ઉપજે ૧૪ એવં સર્વ મળીને ત્રણસે ત્રણ ભેદ મનુષ્યના કહ્યા હવે દેવતાના એકસો અઠાણુ ભેદ કહે છે તેમા દસ ભવનપતિ તેના નામ અસુરકુમાર, નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર અગ્નિકુમાર, દ્વીપકુમાર, ઉદધિકુમાર, દિશાકુમાર,

પવનકુમાર, સ્તનિતકુમાર, ૧૦, હવે ૫ ંદર પરમાધામીના નામ કહે છે અબ, અબરિસ, સામ, સબળ, રૂદ્ર, વૈરૂદ્ર, કાળ, મહાકાળ, અસિપુત્ર, ધનુષ્ય, કુભ, વાળુ, વેતરણી, ખર-સ્વર, મહાઘોષ ૧૫ હવે સોળ વાણવ્યંતરના નામ કહે છે પિશાચ, ભુત, જક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ, મહોરગ, ગાધર્વ, આણુપન્ની પાણુપન્ની, ઇસિવાઇ, ભૂઇવાઇ, કદીય, મહા-કદીય, કોહડ, પચગદેવ એ ૧૬ હવે દસ જભકાના નામ કહે છે આણુજભકા, પાણુ-જભકા, લયણુજભકા, સયણુજભકા, વત્થ-જભકા, પુષ્પજભકા, ફળજભકા, બીયજ-ભકા, વિજ્જુજભકા, અવિયતજંભકા ૧૦. હવે દસ જ્યોતિષીના નામ ચદ્રમા, સૂર્ય, ગૃહ, નક્ષત્ર,તારા એ પાચ ચર તે અઢી દ્વી-પમા છે, ને પાચ સ્થિર તે અઢી દ્વીપ બહાર છે એવ ૧૦. હવે ત્રણ કિલ્વિષીના નામ કહે

છે ત્રણ પલીયા, ત્રણ સાગરીયા, તેગ સાગ-
રીયા, હવે નવ લોકાંતિકના નામ સારસ્વત,
આદિત્ય, વનહિ, વરૂણ, ગર્દતોયા, તોશિયા,
અવ્યાબાધ, અગિચ્ચા, રિઠ્ઠા એવ ૯ હવે
બાર દેવલોકના નામ સુધર્મા, ઇશાન, સનત-
કુમાર, માહેંદ્ર, બ્રહ્મલોક, લતક, મહાશુક્ર,
સહસાર, આણુત, પ્રાણુત, આરણુ, અચ્યુત,
એવ ૧૨ હવે નવ ગ્રૈવેયકના નામ કહે છે
ભદ્દે, સુભદ્દે, સુજાએ, સુમાણસે, પ્રીયદસણે,
સુદસણે, આમોહે, સુપડિબદ્ધે, જસોધરે એવ
૯ હવે પાચ અનુત્તર વિમાનના નામ વિજય,
વિજયત, જયત, અપરાજીત, સર્વાર્થસિદ્ધ,
એ ૫ એવ સર્વ મળીને નવાણું જાતના
દેવતા તેના અપ્રજાતા ને પ્રજાપ્તા, એવ નવાણું
દુ એકસો અઠાણુ ભેદ દેવતાના જાણવા, ચારે
ગતિના સર્વ મળીને ત્રણસે ત્રેસઠ ભેદ જીવના
જાણવા ઈતિ જીવ તત્વ સમાપ્ત ૧

બીજો અજીવતત્વ કહે છે હવે પ્રથમ અજીવતત્વના ચૌદ ભેદ કહે છે. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યના એક એક દ્રવ્યના ત્રણ ત્રણ ભેદ થાય છે, તે કહે છે ધર્માસ્તિકાગનો સ્કધ ૧ દેશ ૨ પ્રદેશ ૩, અધર્માસ્તિકાયનો સ્કધ ૪ દેશ ૫ પ્રદેશ ૬, આકાશાસ્તિકાયનો સ્કધ ૭ દેશ ૮ પ્રદેશ ૯ ને અદ્ધા સમયકાળ ૧૦ એ દશ ભેદ રૂપી અજીવના કહ્યા હવે પુદ્ગલાસ્તિ-કાયના ચાર ભેદ, પુદ્ગલાસ્તિકાયનો સ્કંધ ૧ દેશ ૨ પ્રદેશ ૩ પરમાણુ પુદ્ગલ ૪ એ ચાર ભેદ રૂપી અજીવના કહ્યાં એવ કુલ ચૌદ ભેદ જાણવા હવે વ્યવહાર વિસ્તાર-નયે કરી ૫૬૦ ભેદ અજીવતત્વના કહે છે તેમા પ્રથમ ત્રીશ ભેદ અરૂપિ અજીવના કહે છે ધર્માસ્તકાય દ્રવ્ય થકી એક, ક્ષેત્ર થકી લોક પ્રમાણે, કાળ થકી અનાદિ અનંત

ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ૪ ગુણ થકી ચલણ સહાય ૫ અધર્માસ્તિકાય દ્રવ્યથકી એક ૬ ક્ષેત્રથકી લોક પ્રમાણે ૭ કાળથકી આદિ અંત રહિત ૮ ભાવ થકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ૯ ગુણથકી સ્થીર સ્હાય ૧૦. આકાશાસ્તિકાય દ્રવ્ય થકી એક ૧૧, ક્ષેત્રથકી લોકાલોક પ્રમાણે ૧૨, કાળથકી અનાદિ અનંત ૧૩, ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ૧૪, ગુણથકી અવગાહનાદાન તે વસ્તુનો સમાવવો ૧૫ હવે કાળ દ્રવ્યથકી અનેક ૧૬ ક્ષેત્ર થકી અઢીદ્વીપ પ્રમાણે ૧૭, કાળથકી અનાદિ અનંત ૧૮, ભાવથકી અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અમૂર્તિ ૧૯, ગુણ થકી વર્તના લક્ષણ તે જીવઅજીવ ઉપર વર્તે છે ૨૦ આ વીશ ને પૂર્વે દસ કહ્યા તે મળી ત્રીસ ભેદ અરૂપિ અજીવના જાણવા હવે

૫૩૦ ભેદ રૂપી અજીવના કહે છે તેમાં પ્રથમ વર્ણ પાંચ–કાળો ૧, લીલો ૨, રાતો ૩, પીળો ૪, ધોળો ૫ એક એક વર્ણમાંહે વીશ વીસ ભેદ લાભે તે કહે છે બે ગંધ પાચ રસ, પાચ સંઠાણ, આઠ ફરસ એવં વીસ તે પાચેના વીશ પચાને સો થયા હવે ગંધ બે સુરભિગંધ ને દુર્ભિગંધ. એક ગંધ-માહે ત્રેવીસ ત્રેવીસ ભેદ લાભે તે કહે છે પાચ વર્ણ, પાચ રસ, પાચ સઠાણ આઠ ફરસ એવ તેવીસ દુ છેતાલીશ ભેદ, બે ગંધના જાણવા હવે પાચ રસ–તીખો કડવો કષાયલો ખાટો મીઠો ૫ એક એક રસમા વીસ વીશ ભેદ લાભે તે કહે છે પાચ વર્ણ, બે ગંધ પાચ સઠાણ, આઠ ફરસ એવં વીસ તે પાંચના વીશ પચા સો ભેદ રસના જાણવા. હવે પાચ સંઠાણ કહે છે. પરિમંડળ સઠાણ ૧, વટ સંઠાણ ૨, ત્રંશસઠાણ ૩ ચઉરંશ સઠાણ

૪, આયત સઠાણુ ૫ એક એક સંઠાણમાં વીશ વીશ ભેદ લાભે તે કહે છે. પાચ વર્ણ, બે ગધ, પાચ રસ, આઠ ફરસ એવ વીશ-પચા સો ભેદ સઠાણના જાણવા

હવે આઠ ફરસ કહે છે ખરખરો ૧, સુવાળો (લીસો) ૨, ભારે ૩, હળવો ૪, ટાઢો ૫, ઉનો ૬, ચોપડચો ૭, લુખો ૮ એક એક ફરસમા તેવીશ તેવીશ ભેદ લાભે તે કહે છે પાચ વર્ણ બે ગધ પાચ રસ પાચ સઠાણ ૭ ફરશ એવ તેવીસ ભેદ લાભે, ખરખરામા ખરખરો ને સુવાળો બે વર્જવા, સુવાળામા સુવાળો ને ખરખરો બે વર્જવા, ભારેમા હલકો ને ભારે વર્જવો, હલકામા ભારે ને હલકો વર્જવો, ટાઢામા ટાઢો ને ઉનો વર્જવો, ઉનામા પણ એ બે વર્જવા, લુખામા લુખો ને ચોપડચો એ બે વર્જવા તેમા ચોપડચામા પણ એ બે વર્જવા એમ બબ્બે ફરસ વર્જવા

એમ એક ફરસના તેવીસ ભેદ પ્રમાણે આઠ ફરસના એકસો ચોરાશી ભેદ જાણવા પુર્વે કહ્યા તે ત્રીસ ભેદ અરૂપી અજીવના, સો પાચ વર્ણના. છેતાળીશ બે ગધના, સો પાચ રસના, સો પાચ સઠાણના, એકસો ચોરાશી આઠ ફરસના કુલ મળીને ૫૬૦ ભેદ અજીવ તત્વના જાણવા ઈતિ અજીવતત્વ સમાપ્ત ૨

હવે ત્રીજો પુણ્યતત્વ કહે છે હવે તેમા નવ પ્રકારે પુણ્ય ઉપરાજે તે કહે છે અન્ન પુન્ને-તે અન આપવાથી ૧, પાણપુન્ને-તે પાણી વીગેરે આપવાથી ૨, લયણ પુન્ને-તે સાધુ મુનિરાજ આદિને જગ્યા દેવાથી ૩, સયણપુન્ને-તે શય્યા પાટ પ્રમુખ દેવાથી ૪, વત્થ પુન્ને-તે વસ્ત્ર આપવાથી ૫, મનપુન્ને ૬ વચનપુન્ને ૭ કાયપુન્ને ૮ નમસ્કારપુન્ને ૯ તેના શુભ ફળ બેતાળીસ ભેદે ભોગવે તે કહે છે શાતા વેદનીય તે જેને ઉદયે જીવ

શાતા પામે ૧, ઉંચ ગોત્ર તે ઉંચા કુળમા ઉપજે ૨, મનુષ્યગતિ ૩, મનુષ્યાનુપૂર્વિ ૪, દેવગતિ ૫, દેવાનુપૂર્વિ ૬, પચેદ્રિય જાતિ કે જેના ઉદયે પચોદ્રયપણુ પામે ૭, પાચ શરીર તે કહે છે ઉદારિક શરીર ૮, વૈક્રેય શરીર ૯, આહારકના શરીર ૧૦, તેજસ શરીર ૧૧, કાર્મણુ શરીર ૧૨, ઉદારિકના અગ ઉપાગ ૧૩, વૈક્રેયના અગ ઉપાગ ૧૪, આહાકારના અંગ ઉપાગ ૧૫, તેજસ, કાર્મ-ણુને અગ ઉપાગ નથી વજાૠષભનારાચ સ ઘયણુ તેનો અર્થ કહે છે વજા તે ખીલી, ૠષભ તે પાટો, નારાચ તે એ પાસાના મર્ક-ટબ ધ, પ્રથમ મર્કટબ ધ, તે ઉપર પાટો, તે ઉપર ખીલી એવો હાડનો સમુદાય હોય તેને વજાૠષભનારાચસ ઘયણુ કહીએ ૧૬ સમ ચઉરશ્ર સ ઠાણુ ૧૭ શુભ વર્ણ તે ધોળો, પીળો, પ્રમુખ ૧૮ શુભ ગ ધ તે સુરભિ ગ ધ

૧૯ શુભ રસ ૨૦ શુભ સ્પર્શ ૨૧ અગુરૂ લઘુ નામ તે આકડાના કપાસની માફક શરીર હળવું નહિ તેમ લોઢાના ગોળાની માફક ભારે પણ નહિ ૨૨ પરાઘાત નામ તે જેના ઉદયથી બળીયાને જીતે ૨૩ ઉશ્વાસ નામ તે શ્વાસોશ્વાસ સુખે લે ને મુકે તે ૨૪ આ-તાપ નામ તે સૂર્યની માફક તેજ લાગે તે ૨૫ ઉદ્યોત નામ તે ચદ્રમાની માફક પ્રકાશવત થવુ તે ૨૬ શુભ ચાલવાની ગતિ ૨૭ નિર્માણ નામ તે અગના અવ-યવને ઠેકાણે બેસાડવું તે ૨૮ ત્રાસ નામ ૨૯ બાદર નામ ૩૦ પ્રજાપ્તા નામ ૩૧ પ્રત્યેક નામ ૩૨ સ્થિર નામ ૩૩ શુભ નામ ૩૪ સૌભાગ્ય નામ ૩૫ સુસ્વર નામ ૩૬ આદેય નામ ૩૭ જસોકીર્તિ નામ ૩૮ દેવતાનુ આઉખુ ૩૯ મનુષ્યનુ આઉખુ ૪૦ તિર્યંચનુ આઉખુ જુગલવત્ ૪૧ તીર્થંકર નામ કર્મ

૪૨ એવ બેતાળીશ ભેદ પુણ્ય તત્વના જાણવા. પુણ્ય તે આત્માને પવિત્ર કરે, ધર્મની સહાય દે, ચૌદમા ગુણઠાણા સુધી પુણ્ય છે તે વેળાવા રૂપ જાણવો પુણ્યથી મળેલ શુભ ભોગ તથા પાચ ઇંદ્રિયોના વિષય, તેમા તલ્લા-લીન થઇ રાચવુ નહિ, પણ તે ભોગ છાડવા યોગ્ય છે ઈતિ પુણ્યતત્વ

હવે ચોથો પાપતત્વ કહે છે અઢાર પ્રકારે પાપ ઉપરાજે પ્રાણાતિપાત—જીવની હિસા કરવાથી ૧, મૃષાવાદ—જુઠુ બોલવુ તે ૨, અદત્તાદાન—ચોરી કરવી તે ૩, મૈથુન—સ્ત્રી સેવવી તે ૪, પરિગ્રહ—તે પૈસા વગેરે એકઠો કરી રાખવા તે ૫, ક્રોધ ૬, માન ૭, માયા—કપટ કરવુ તે ૮, લોભ ૯, રાગ ૧૦, દ્વેષ ૧૧, કલહ ૧૨, અભ્યાખ્યાન—આળ ચડાવવુ તે ૧૩, પૈશૂન્ય—ચાડી ખાવી તે ૧૪, પરપરિવાદ-અવરણ્ણવાદ બોલવા તે ૧૫, અરઇરઇ—ધર્મ-

મા અરતિ ને પાપમા રતિ તે ૧૬, માયામોસો-કપટ સહિત જુઠું બોલવું તે ૧૭, મિચ્છા-દ સણુસલ્લ—ખોટું દેખવુ, સરધવુ તે શલ્ય ૧૮, એ અઢાર સ્થાનકે પાપ ઉપરાજે તેના અશુભ ફળ બ્યાસી પ્રકારે ભોગવે તે કહે છે મતિ જ્ઞાનાવરણીય ૧, શ્રુત જ્ઞાનાવરણિય ૨, અવધિ જ્ઞાનાવરણિય ૩, મન પર્યંવ જ્ઞાનાવરણીય, ૪ કેવળ જ્ઞાનાવરણીય ૫ એ પાચને ઢાકનાર તે જ્ઞાનાવગ્ણી કહેવાય દાનાંતરાય ૬ લાભાતરાય ભોગાતરાય ૮ ઉપભોગાતરાય ૯ વીર્યાતરાય ૧૦ નિદ્રા ૧૧ નિદ્રા નિદ્રા ૧૨ પ્રચલા ૧૩ પ્રચલા પ્રચલા ૧૪ થિણદ્ધી નિદ્રા ૧૫ ચક્ષુ દર્શનાવરણીય ૧૬ અચક્ષુ દર્શનાવરણીય, ૧૭, અવધિ દર્શનાવરણીય ૧૮ કેવળ દર્શનાવરણીય ૧૯ નીચ ગોત્ર ૨૦ અસાતાવેદનીય ૨૧ મિથ્યા-ત્વમોહનીય ૨૨ સ્થાવરપણુ ૨૩ સૂક્ષ્મપણુ ૨૪ અપ્રજાપ્તાપણુ ૨૫ સાધારણપણુ ૨૬

અસ્થિર નામ ૨૭ અશુભ નામ ૨૮ દુર્ભાગ્ય નામ ૨૯ દુસ્વર નામ ૩૦ અનાદેય નામ ૩૧ અજશો કીર્ત્તિ નામ ૩૨ નરકની ગતિ ૩૩ નરકનુ આઉખુ ૩૪ નરકાનુપૂરવી ૩૫ અનતાનુબંધિ (જેના બધનો છેડો ન આવે તે) ક્રોધ ૩૬ માન ૩૭ માયા ૩૮ લોભ ૩૯ અપ્રત્યાખ્યાની ક્રોધ ૪૦ માન ૪૧ માયા ૪૨ લોભ ૪૩ પચ્ચખાણાવરણીય ક્રોધ ૪૪ માન ૪૫ માયા ૪૬ લોભ ૪૭ સજવલનો ક્રોધ ૪૮ માન ૪૯ માયા ૫૦ લોભ ૫૧ હાસ્ય ૫૨ રતિ ૫૩ અરતિ ૫૪ ભય ૫૫ શોક ૫૬ દુગચ્છા ૫૭ સ્રીવેદ ૫૮ પુરૂષવેદ ૫૯ નપુસકવેદ ૬૦ તિર્યંચની ગતિ ૬૧ તિર્યંચાનુપૂરવી ૬૨ એકેન્દ્રિયપણુ ૬૩ બેઇંદ્રિયપણુ ૬૪ તેઇંદ્રિયપણુ ૬૫ ચઉરિંદ્રિયપણુ ૬૬ અશુભ ચાલવાની ગતિ ૬૭ ઉપઘાત નામ ૬૮ અશુભ વર્ણ ૬૯ અશુભ ગધ ૭૦ અશુભ

રસ ૭૧ અશુભ સ્પર્શ ૭૨ વજ્રઋભનારાચસં-
ઘયણ—તે બે પાસે મર્કટબંધ હોય ૭૩ નારાચ
—તે મર્કટબંધ એકલો હોય ૭૪ અર્ધ
નારાચ—તે એક પાસે મર્કટબંધ ૭૫ કીલકૂ
સંઘયણ—તે હાડ માંહોમાહે એક ખીલીનો
બંધ ૭૬ છેવટ્ઠુ સંઘયણ—તે ખીલી રહિત
હોય ૭૭ નિગ્રોહપરિમંડળ સંઠાણ ૭૮ સાદિ
સંઠાણ ૭૯ વામન સંઠાણ ૮૦ કુબ્જ સંઠાણ
૮૧ હુંડ સંઠાણ ૮૨ એ બ્યાસી ભેદ પાપ-
તત્વના જાણવા. પાપે કરી આત્મા મેલો થાય
તેથી ઘણા અશુભ કર્મ બંધાય, ઘણાજ
દુ:ખ ભોગવતો ચાર ગતિમા ગોથા ખાય
ઇતિ પાપતત્વ સમાપ્ત ૪

હવે પાંચમો આશ્રવતત્વ કહે છે—તેના
સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે મિથ્યાત્વ
તે આશ્રવ ૧ અવ્રત તે આશ્રવ ૨ પ્રમાદ
તે આશ્રવ ૩ કષાય તે આશ્રવ ૪ અશુભ જોગ

તે આશ્રવ ૫ પ્રાણાતિપાત તે આશ્રવ ૬ મૃષાવાદ તે આશ્રવ ૭, અદત્તાદાન તે આશ્ર૦ ૮, મૈથુન તે આશ્રવ ૯, પરિગ્રહ તે આશ્ર૦ ૧૦ શ્રોતેદ્રિય અસવરે તે આશ્રવ ૧૪ સ્પર્શે દ્રિય અસવરે તે આશ્રવ ૧૫ મન અસવરે તે આશ્રવ ૧૬ વચન અસવરે તે આશ્ર૦ ૧૭, કાયા અસવરે તે આશ્રવ ૧૮, ભડ ઉપગરણ અજનતાએ લે મુકે તે આશ્ર૦ ૧૯ શુચિ કુસગ કરે તે આશ્રવ સુચી એટલે સોય ને કુસગ એટલે ડાભડાની અણી તે હાસી નિમિત્તે દ્વેષે કરીને બીજાને અડાડે તે આશ્રવ. એ વીશ ભેદ આશ્રવના સામાન્ય પ્રકારે કહ્યા હવે વિશેષે બેતાલીસ ભેદ કહે છે પાચ આશ્રવ પાચ ઈદ્રિય ચાર કષાય ત્રણ અશુભ જોગ એવ સત્તર હવે પચીસ ક્રિયા કહે છે કાઇયાએ તે કાયાને અજનતાએ પ્રવર્તાવતા જે ક્રિયા લાગે તે ૧ અહિ-

ગરણિયા—ખડ્ગાદિક અધિકરણે જીવ હણાય તે ૨, પાઉસિઆ—જીવ અજીવ ઉપર દ્વેષની ચિતવના કરવી તે ૩, પારિતાવણિયા—પોતાને તથા પરને પરિતાપ ઉપજાવવો તે ૪, પાણા-ઇવાય—એકેદ્રિય આદિ જીવને હણવુ, હણાવવું ત ૫, આગાભયા—કૃષિ પ્રમુખ આરભ કરતા લાગે તે ૬, પરિગહિયા—ધન, ધાન્યાદિક નવ-વિધ પરિગ્રહ મેળવતા તથા તેના ઉપર મુર્ચ્છા ધરતા લાગે તે ૭, માયાવત્તીયા—મા-યાએ પરને ઠગતા લાગે તે ૮, અપચ્ચખાણ વત્તિયા—પચ્ચખાણ કીધા વગર, અવ્રતિ રહ્યા થકા સર્વ વસ્તુની ક્રિયા લાગે તે ૯, મિચ્છા-દંસણવત્તિયા—જીનવચનં અણસદ્દહતો વિપરિત પરૂપણા કરતા લાગે તે ૧૦, દિઠ્ઠિયા—કૌતુક વસે હર કોઇ જોણુ જોતા લાગે તે દૃષ્ટિની ક્રિયા ૧૧, પુઠિયા—પુરૂષ, સ્ત્રી, ગાય, બળદ વસ્ત્ર પ્રમુખ સુકુમાળ વસ્તુનો સ્પર્શ કરતા લાગે તે ૧૨ પાડુચ્ચિયા—બીજાને ઘેર હાથી

ઘોડા આભરણ વસ્ત્ર પ્રમુખ દેખી દ્વેષ ધરે જે એ વસ્તુ એની પાસે કેમ એમ ચિંતવતા લાગે તે ૧૩ સામ તોવણીયા–પોતાને ઘેર ઘોડા મુખ જોવા લોક આવે તે વખાણે ત્યારે ખુશી થાય અથવા દહીં, દુધ, ઘી, તલ પ્રમુખના ઠામ ઉઘાડા રાખે તેમા જીવ મરતા લાગે ત ૧૪ નેસત્થિયા–રાજાનો આધકારી થકો વાવ, કુવા ખોદાવતા ને હથીઆર ઘડાવતા લાગે તે ૧૫ સાહથિયા–પોતાને હાથે જીવ વિણાસે તથા ચિત્રા કુતરા પાસે જીવ હણાવતા લાગે તે ૧૬ આણ-વણિયા–આજ્ઞા દીધે ક્રિયા લાગે તે ૧૭ વિદારણિયા–જીવ–અજીવ વિદારણ કરતા લાગે તે ૧૮ અણાભોગી કામવગર વસ્તુને લેતા મુકતા તથા હિંડતા, બેસતા લાગે તે ૧૯ અણવકખવતિયા–આ લોક તથા પરલોક વિરૂદ્ધ કામ આચરતા લાગે તે ૨૦ અનાપઉગી આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન ચિંતવે કર્મ બાંધે તે

૨૧ સામુદાણી—ઘણા મળી એવુ મોટુ પાપ કરે કે જેથી આઠ કર્મનો બધ એકઠો બાધે ૧ ૨૨ પેજવતિયા—પ્રેમના વચન એવા બોલે ક જેથી અધિકો રાગ વધે તે ૨૩ દોસવતિયા અહકારી થઇ ગર્વના વચન બોલે જેથી આગલાને દ્વેષ ઉપજે તે ૨૪ ઇરિયાવહિયાક્રિયા—કષાય રહિત કેવળ કાયજોગ પ્રવર્તાવતા લાગે તે ઈરિયાવહિયા કહેતા પથની-ક્રિયા તે અપ્રમત સાધુ ને કેવળીને પણ હોય એ પચીસ ૨૫, એવ પચીસ ને સત્તર પૂર્વે કહ્યા તે કુલ બેતાલીસ ભેદ જાણવા આશ્રવ તે જીવને કર્મ ચાલ્યા આવે તે કેવી રીતે? જેમ ફુટેલ નાવામા પાણી આવે ને પાણીરૂપ પ્રવાહ ભરાઈને ભારે થાય તેમ કર્મરૂપ પ્રવાહથી જીવ ભારેકર્મી થઇ ચારે ગતિમા રખડે

હવે છઠા સવર તત્વના સામાન્ય પ્રકારે વીશ ભેદ કહે છે સમકિત તે સવર ૧, વ્રત પચ્ચખાણ—તે સવર ૨, અપ્રમાદ તે સવર

૩, અકષાય તે સવર ૪, શુભ જોગ તે સવર ૫, જીવ દયા પાળવી તે સવર ૬, સત્યવચન બોલવુ તે સવર ૭, દત્તવ્રત ગ્રહણ કરવુ તે સવર ૮, શીયળ પાળવુ ત સવર ૯, અપરિ ગ્રહ તે સવર ૧૦, ઇંદ્રિય પાચ ને જોગ ત્રણ એ આઠનુ સવરવુ તે સવર, એવ અઢાર ભડ ઉપગરણ જતનાએ લે મુકે તે સવર ૧૯ શુચિકુસગ્ગ ન કરે તે સવર ૨૦, એ વીશ

હવે વિશેષે સત્તાવન ભેદે સવર કહે છે ઇરિયા સમિતિ તે ઉપયોગ સહિત જનતાએ ચાલવું ૧, ભાષાસમિતિ-તે નિર્દોષ ભાષ બોલવી ૨, એષણા સમિતિ તે નિર્દોષ આહાર પાણી, વસ્ત્ર, પાત્રની ગવેષણા કરવી તે ૩ આયાણભડમત્ત નિખેવણાસમિતિ-ત જતનાએ પુજી વસ્તુ લેવી મુકવી તે ૪ ઉચ્ચાર પાસ વણ ખેલજલ સઘાણ પારિઠાવણીયા સમિત તે વડિનીતી, લઘુનીતી, બળખો, મેલ પ્રમુખ જત નાએ પુજીને પરઠવવા તે ૫, એ પાચ સમિતિ માઠે ધ્યાને કરી ઉપજેલ કલ્પનાજાળને ટાળવી

ધર્મધ્યાને કરી મધ્યસ્થ પરિણામ કરવા સર્વથા મનને રોકવો, તેરમા ગુણઠાણાને અંતે લાવવો, એ ત્રણ પ્રકારે મન ગોપવવું ત મનગુપ્તિ ૧, હાથ પ્રમુખની સન્ના ન કરે એવો મૌનપણો, યાચના પ્રમુખકાર્યે પણ મુખે જતના રાખી બોલે તથા સર્વથા વચનરોધ જતનાએ બોલવું તે વચનગુપ્તિ ૨, પરિસ્સહ ઉપજે તો પણ કાયા સ્થિર રાખવી અથવા યોગ નિરૂદ્ધાવસ્થાએ સર્વથા શરીર ચેષ્ઠા તજવી, આસન, શયન પ્રમુખને વિષે સૂત્રોક્ત વિધિએ ચેષ્ટાનો નિયમ તે કાયગુપ્ત એ ત્રણ ગુપ્તિ ને પાંચ સમિતિ એ આઠ પ્રવચન આદરવા જોગ છે

હવે બાવીસ પરીસ્સહ કહે છે ભુખ લાગે તે ખમે ને આહારની ઇચ્છા ન કરે તે ક્ષુધા પરિસ્સહ ૧, તરશ ખમે તે તૃષાનો પરિસ્સહ ૨, ટાઢ સહન કરે તે ટાઢનો પરિસ્સહ ૩, તાપ ખમે તે તાપનો પરિસ્સહ ૪,

ડાસ મચ્છર જુ પ્રમુખ ચટકા ભરે ને ખમે તે ડસ પરિસ્સહ ૪, વસ્ત્રને અભાવે મેલા ફાટયા વસ્ત્ર ધરતે છતે દીનપણુ ન કરે અથવા વસ્ત્રનુ પ્રમાણ તે અચેલનો પરિસ્સહ ૬, સજમને વિષે ખેદ તે અરતિનો પરિસ્સહ ૭, રૂપવત સ્ત્રી દેખીને ક્ષોભ પામે નહિ તે સ્ત્રીનો પરિસ્સહ ૮, વિહાર કરતા ખેદ પામે નહિ તે ચરિઆનો પરિસ્સહ ૯, શ્મશાનમા તથા જૂના ઘરમા રહેતા ખેદ ન પામે તે બેસવાનો પરિસ્સહ ૧૦, સુવાની જગ્યા ખરાબ હોય તો પણ ખેદ પામે નહિ તે સેજ્જા પરિસ્સહ ૧૧, કોઇ તિરસ્કારના વચન કહે તો પણ રીસ ન કરે તે આક્રોશ વચનનો પરિસ્સહ ૧૨, કોઈ પ્રહાર કરે તેના ઉપર દ્વેષ ન કરે તે વધનો પરિસ્સહ ૧૩, કોઇ ગૃહસ્થ પાસે યાચના કરતા ન આપે અથવા આપતા સકોચ કરે તો પણ પોતે ગૃહસ્થપણુ ન વાચ્છે

ને યાચનાનો પરિસ્સહ ૧૪, ગોચરી ગયાથકા શુદ્ધ આહાર વસ્ત્રાદિક ન પામે તે અલાભનો પરિસ્સહ ૧૫, રોગાદિક વેદનાએ પીડાતા દીનપણુ ન કરે ને ચિકિત્સા પણ ન કરે તે રોગનો પરિસ્સહ ૧૬, સંથારામા ડાભ પ્રમુખના તરણા લાગતા અસમાધિ ન કરે તે તૃણ સ્પર્શનો પરિસ્સહ ૧૭, મેલ ઉપજે ને સ્નાનાદિક ન વાંછે તે મેલનો પરિસ્સહ ૧૮, કોઇ વાંદે પૂજે તો અહંકાર ન આણે ને કોઇ ન વાંદે તો દીલગીર ન થાય તે સત્કાર પુરસ્કારનો પરિસ્સહ ૧૯, ઘણી બુદ્ધિ છતા ગર્વ ન કરે, વિનય ન ચુકે તે પ્રજ્ઞાનો પરિસ્સહ ૨૦, ભણતર ન આવડે તોય ભણવુ ન મૂકે ને ઘણુ આવડે તો છળ છળિઓ ન થાય તે અજ્ઞાનનો પરિસ્સહ ૨૧, જીનમતના સૂક્ષ્મ વિચાર સાભળી સંદેહ આણે અને પરદર્શનિની ઉન્નતિ તથા કષ્ટાદિક ક્રિયા દેખી મૂઢ દૃષ્ટિ ન થાય તે દર્શણનો પરિસ્સહ ૨૨, એ

બાવીસ પરીસ્સહ ને પૂર્વે આઠ કહ્યા તે એવ ત્રીશ દસ પ્રકારે યતિ ધર્મ તે કહે છે ખતિ–ક્ષમાધર્મ તે ક્રોધનો અભાવ ૧, મુત્તિ –મુક્તિધર્મ તે નિર્લોભતા ૨, અજ્જવે–આર્ય ધર્મ તે માયાનો ત્યાગ ૩, મદ્દવે–માર્દવધર્મ ત માનનો ત્યાગ ૪, લાઘવે–હળવાપણુ તે અલ્પ ઉપગર ૫, સચ્ચે–સત્યધર્મ તે સાચુ બોલવુ ૬, સજમે–સજમ ધર્મ તે સત્તરે ભેદે સજમ પાળવો ૭, તવે–તપધર્મ તે ઇચ્છાનિરોધ ૮, ચિયાએ–ચોરીનો ત્યાગ કરવો તે ૯, બભચેરવાસે–બ્રહ્મચર્ય ધર્મ તે મૈથુન-નો ત્યાગ ૧૦, એ દસ પ્રકારે યતિધર્મ આરા-ધવો એ દસ ને આગળ ત્રીશ મળી કુલ ચાલીસ ભેદ થયા બાર ભાવના ભાવવી તે કહે છે લક્ષ્મી, કુટુબ પરિવાર, યોવન, આ ઉખુ એ અનિત્ય છે એમ ભાવવુ તે અનિત્ય ભાવના ૧, ધન કુટુબાદિક મરણ આવે કોઇને શરણભુત નથી એમ ભાવવુ તે અશરણ

ભાવના ૨, સંસારના સર્વ ભાવ આ જી
અનુભવ્યા એમ ભાવવુ તે સંસાર ભાવ
૩, જીવ એકલો આવ્યો, એકલો જાશે, સુ
દુ ખ એકલો ભોગવશે પણ કોઇ સખાઇ થ
નહિ એમ ભાવવુ તે એકત્વ ભાવના ૪, આત્
જ્ઞાન સ્વરૂપી અને શરીરાદિક જડરૂપ છે મા
આત્મા શરીરથી જુદો છે એમ ભાવવુ
અન્યત્વ ભાવના ૫, કાયા જે લોહી, રસ
માસ પ્રમુખ અશુચિથી ભરેલી છે ને તેમ
નવ દ્વાર વહેતા રહેલા છે, ત કાયા કદી પા
પવિત્ર છે નહી એમ ભાવવુ તે અશુચિ
ભાવના ૬, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય
એણે કરી અશુભ કર્મ બધાય છે એમ
ભાવવુ તે આશ્રવ ભાવના ૭, મિથ્યાત્વાદિ
આશ્રવનું સવરવુ તે સવર ભાવના ૮, બાર
ભેદે તપશ્ચર્યાએ કરી કર્મનું ઝરવુ તે નિર્જર
ભાવના ૯, લોકનુ સ્વરૂપ ચિતવવુ તથા તમા
આપણો જીવ સર્વ ઠેકાણે અનતિવાર ઉપન્યો

એમ ભાવવુ તે લોક ભાવના ૧૦, સમકિત
પામવુ દુર્લભ છે એમ ભાવવુ તે બોધ ભા-
વના ૧૧, ધર્મ પમાડનાર અને સંસારથી
છોડાવનાર અરિહંત તથા સાધુ છે એમ
ભાવવુ તે ધર્મ ભાવના ૧૨, એમ બાર ને
પૂર્વે ચાળીસ કહ્યા તે કુલ બાવન ભેદ થયા
હવે પાચ ચારિત્ર કહે છે આત્માને સમભાવે
ગણવો જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ તે
સામાયિક ચારિત્ર ૧, ફરીને ઉપસ્થાન કરવુ,
ફરી બીજી દીક્ષા દેવી તે છેદોપસ્થાપનિય
ચારિત્ર ૨, ગચ્છથી બહાર નવ જણા નિક-
ળીને તપ કરે તે પારિહારવિશુદ્ધ ચારિત્ર
તેની વિધિ સૂત્રથી જાણવી ૩, થોડુક કષાય
રહેલ એવુ ચારિત્ર તે સૂક્ષ્મસંપરાય ચારિત્ર
૪, જેવુ સૂત્રમા કહ્યુ છે તેવુ પાળવુ તે જથા-
ખ્યાત ચારિત્ર ૫, એ પાચ ને પૂર્વે કહ્યા તે
બાવન એમ કુલ સત્તાવન ભેદ જાણવા

હવે સાતમો નિર્જરા તત્ત્વ કહે છે હવે

નિર્જરા તત્વના ૭ બાહ્ય ને ૭ અભ્યતર એવા બાર ભેદ છે ૭ બાહ્ય કહે છે **અણુસણ** તે આહારનો ત્યાગ તેના બે ભેદ છે એક નોકારસીથી માંડી છમાસી તપ સુધી ને બીજો જાવજીવ લગણ તેના ઘણા પ્રકાર છે ૧, **ઉણોદરી** તપ તે ઉણો પેટ રાખવો તેના બે ભેદ છે દ્રવ્ય ઉણોદરી ત પાણી તથા ઉપગરણ અલ્પ ગખવા ને બીજો ભાવ ઉણોદરી ત ક્રોધાદિક ઓછા કરવા ૨, વૃત્તિસક્ષેપ તપ તે ચાર ભેદે અભિગ્રહ ધારવા દ્રવ્યથી ૧, ક્ષેત્રથી ૨, કાળથી ૩, ભાવથી ૪ ॥ ૩ ॥ રસ પરિત્યાગ તે નીવી, આયબીલ કરવો તથા વિગયમાથી હરકોઇ વિગયનો ત્યાગ કરવો તે ૪, કાયક્લેશ તપ તે લોચ કરાવવો આતાપના લેવી, કાઉસગ્ગ કરવો વિગેરે ૫, પડિસાલનતા તપ તે ચારે ભદે ઇદ્રિય, કષાય, યોગ એ ત્રણનુ રોધવુ ને ચોથુ એકાત વસ્તિએ રહેવુ તે ૬, હવે અભ્યતર તપના ૭ ભેદ કહે છે

પ્રાયશ્ચિત્ત ૧, વિનય ૨, વૈયાવચ્ચ ૩, સજઝાય ૪, ધ્યાન ૫, કાયોત્સર્ગ તપ તે એક ધ્યાને કાઉસગ્ગ કરવો ઈત્યાદિ ૬, એ છ ભેદ અભ્યતરના કુલ બાર ભેદ થયા એ બાર ભેદે તપશ્ચર્યા કરતા નિર્જરા થાય

હવે આઠમો બધતત્વ કહે છે બધતત્વના ચાર ભેદ પ્રકૃતિબધ ૧, સ્થિતીબધ ૨, અનુભાગબધ ૩, પ્રદેશબધ ૪, હવે પ્રકૃતિબધ ત કર્મનો સ્વભાવ તથા પરિણામ તે આઠ પ્રકારે કહે છે જ્ઞાનાવરણીય કર્મ તેણે અનતો જ્ઞાનગુણ રોકયો છે ૧, દર્શનાવરણીય કર્મ તેણે અનતો દર્શન ગુણ રોકયો છે ૨, વેદનીય કર્મ તેણે અનતો આત્મિક સુખ ગુણ રોકયો છે ૩, મોહનીય કર્મ તેણે ક્ષાયિક સમકિત તથા જથાખ્યાત ચારિત્ર ગુણ રોકયો છે ૪, આયુષ્ય કર્મ તેણે અક્ષયસ્થિતિ ગુણ રોકયો છે ૫, નામકર્મ તેણે અમુર્ત્તિ ગુણ રોકયો છે ૬, ગોત્રકર્મ તેણે અગુરૂ લઘુ ગુણ રોકયો છે ૭, અતરાય કર્મ તેણે અનત

આત્મિક શક્તિ ગુણ રોકયો છે ૮, એ આઠ કર્મનો જુદો જુદો સ્વભાવ છે હવે સ્થિતિબંધ તે આઠ કર્મની જેટલી સ્થિતિ છે તેટલી બાંધે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય એ ચાર કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટિ ત્રીશ ક્રોડાક્રોડ સાગરોપમની મોહનીય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટિ સીતેર ક્રોડાક્રોડ સાગરોપમની આયુષ્ય કર્મની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટિ તેત્રીસ સાગરોપમની નામ ને ગોત્ર કર્મની સ્થિતિ જઘન્ય આઠ મુહૂર્ત્તની ઉત્કૃષ્ટિ વીશ ક્રોડાક્રોડ સાગરોપમની એ સ્થિતિબંધ જાણવો અનુભાગ બંધ તે રસ, તીવ્ર મંદ રસાદિકર્મનો તે સુખ દુઃખ વિગેરે પ્રગટપણે ભોગવવું અથવા અનુભવવું પ્રદેશબંધ તે કર્મ પુદ્દગળના દળ તે આત્મા સંઘાતે પ્રદેશ બંધાણા છે, તે ભોગ-

વીને આત્માના પ્રદેશથી દૂર થાય તે એ ચાર બંધનો સ્વરૂપ મોદકના દષ્ટાંતે કહે છે જેમ કોઇ મોદક ઘણા પ્રકારના દ્રવ્યને સંજોગે નીપનો, વાયુ, પીત્ત, કફને જેણે સ્વરૂપે કરી હણે તેને સ્વભાવ કહીએ ૧ તેજ મોદક પક્ષ, માસ, બે માસ સુધી તેજ સ્વરૂપે રહે તે સ્થિતિબંધ ૨, તેજ મોદક તીખો, કડવો, કસાયલો, ખાટો, મીઠો હોય તેને રસ કહીએ ૩, તેજ મોદક અલ્પ દળનો નીપનો તે નાનો હોય ઘણા દળનો નીપનો એટલે મોટો હોય તેને પ્રદેશબંધ કહીએ ૪, એણી રીતે કર્મનો બંધ જાણવો ઇતિ બંધ તત્વ સમાપ્ત ૮

હવે **મોક્ષ** તત્વ કહે છે મોક્ષ તત્વના પંદર ભેદે સિદ્ધ થાય છે તે કહે છે તીર્થસિદ્ધા ૧, અતીર્થસિદ્ધા ૨, તીર્થંકરસિદ્ધા ૩, અતીર્થંકર સિદ્ધા ૪, સ્વલીંગસિદ્ધા ૫, અન્યલીંગસિદ્ધા ૬, ગૃહસ્થલીંગસિદ્ધા ૭, સ્ત્રીલીંગસિદ્ધા ૮, પુરૂષ-લીંગસિદ્ધા ૯, નપુંસકલીંગસિદ્ધા ૧૦, સ્વયંબુદ્ધ

સિદ્ધા ૧૧, પ્રત્યેકબુદ્ધસિદ્ધા ૧૨, બુદ્ધબોહિ-સિદ્ધા ૧૩, એકસિદ્ધા ૧૪, અનેકસિદ્ધા ૧૫, એ ૫ દરે ભેદે સિદ્ધ થાય તથા ચાર પ્રકારે જીવ મોક્ષ જાય. જ્ઞાને કરી, દર્શને કરી, ચારિત્રે કરી, તપે કરી

મોક્ષના નવ દ્વાર તે સદ્ પદ્ પરૂપણા તે મોક્ષ હાલ છે, પુર્વે હતી, આગમી કાળે હશે આકાશના ફૂલની પેરે નાસ્તિ નથી ઇત્યાદિક

॥ શ્રી નવ તત્વ સમાપ્ત. ॥

અથ શ્રી ગૌતમ પુચ્છા.

શ્રી મહાવીર સ્વામીને વદના નમસ્કાર કરી શ્રી ગૌતમ સ્વામી પ્રશ્ન પુછે છે કે, હે ભગવાન ! સાધુ મહતના દર્શન કરવાથી જીવને શુ લાભ થાય ?

ઉત્તર–હે ગૌતમ ! સાભળો સાધુના દર્શન કરી થોડીવાર નમ્રતાથી સાધુ સન્મુખ બેસવુ તેથી મહાત્માના મુખની વાણી સાભળવાનો લાભ થાય તેથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય [ડહાપણ આવે], તેથી પચ્ચખાણ કરે, પચ્ચખાણુથી તપ,

સજમ નીપજે, તપ સજમથી નવા કર્મ ગવાય નહિ અને જૂના કર્મ તૂટે, અતે કમ રહિત થઈ માક્ષ પદ પામે

૨ **પ્રશ્ન**—હે ભગવાન ! કયા કર્મના ઉદયથી જીવ નારકીના દુ ખ ભોગવે ?

કયા કર્મના ઉદયથી જીવ તીર્ય ચ (જનાવર) મા ઉપજે ?

કયા કર્મના ઉદયથી જીવ મનુષ્ય ગતિ પામે ?
કયા કર્મના ઉદયથી જીવ દેવગતિ પામે ?

ઉ૦—હે ગૌતમ ! માણસ દારૂ પીએ, માસ ખાય, પંચેન્દ્રિ જીવની ઘાત કરે, પૈસા માટે અનતુ પાપ કરે, તે જીવ નારકીમા નરકના દુ ખ ભોગવ

જે જીવ માયા કપટ કરે, ખોટી સાક્ષી પુરે, પેટમા કપટ, મોઢે મીઠૂ બોલે, સારી વસ્તુ બતાવી નબળી આપે, ખોટા લેખ લખે, તે જીવ મરીને તિર્ય ચ ગતિમા જાય

જે જીવ સ્વભાવે ભદ્રિક હોય, વિનયવત હોય, અહકાર રહિત હોય, દુ ખી જીવનુ દુ ખ દૂર કરનાર હોય, એવો જે જીવ હોય તે માણસ મરીને ફરી મનુષ્ય ગતિ પામે.

જે જીવ વીતરાગ દશા રહિત ચારિત્ર પાળે ગૃહસ્થીના અણુવ્રત પાળે, અજ્ઞાન દશાથી તપ કરે, મન વિના પરવશપણે ભૂખ, તૃષાના દુ ખ સહન કરે તે જીવ મરીને દેવગતી પામે

૩ પ્રશ્ન—હે ભગવાન ! જીવને કયા કર્મના ઉદયથી સાભળેલુ યાદ રહે નહી, ભણાવે તો આવડે નહિ મહેનત કરતા છતા અજ્ઞાન દૂર થાય નહિ ?

ઉત્તર—હે ગૌતમ ! તે જીવે પરભવે જ્ઞાનાવરણી કર્મ નીચેના કર્ત્તવ્યથી બાધ્યા છે તે જ્ઞાનીના ગુણ ઓળવ્યા હશે જ્ઞાનીના દુશ્મન થઇ તેની ભાવ ઘાત કરી હશે, જ્ઞાન ભણનારને અતરાય કરી હશે, જ્ઞાની સાથે ખોટા વીખવાદ, ઝગડા કર્યા હશે, જ્ઞાનીને દુ ખ દીધુ હશે, જ્ઞાનીના ઉપર દ્વેષ ભાવ કર્યો હશે, તે કર્મને ઉદયે આ ભવમા જીવ અજ્ઞાનપણે મૂઢ દશા ભોગવે છે

૪ પ્રશ્ન—હે ભગવાન ! કયા કર્મને ઉદયે સ્ત્રી મૃતવધ્યા થાય [મૂવેલા બાળક જન્મે અથવા જીવે નહિ તે] વળી કયા કર્મને ઉદયે સ્ત્રી વધ્યાનો અવતાર પુરો કરે ?

ઉત્તર—હે ગૌતમ ! જીવે પરભવ ગર્ભ ગળાવ્યા હશે, અથવા ગર્ભપાત કર્યા હશે, તેને ઉદયે જીવ

મૃત વધ્યા થાય, વળી તે જીવે પરભવે શૉકયના બા-
ળકો ઉપર દ્વેષ ભાવ કર્યો હશે અથવા તે બાળકોને
ઝેરથી, શસ્ત્રથી માગ્વે કરી તેવા કર્મોથી વાઝણીનો
અવતાર ભોગવ

૫ પ્રશ્ન–હે ભગવાન ! કયા કર્મને ઉદયે સ્ત્રી
બાળ રડાપો પામે અથવા કયા કર્મથી મા-બાપને
જુવાન દીકરાનો વિયાગ થાય ?

ઉત્તર–હે ગૌતમ ! તે સ્ત્રીએ પરભવે બ્રહ્મચય
વ્રત લઇને તુરત ભાગ્યુ હશે અને તેનુ પ્રાયશ્ચિત લીધા
વિના મરણ પામી જેથી બીજે ભવે બાળરડાપો
ભાગવે, વળી જેણે ખોટી દાનતથી પારકી થાપણો
ઓળવી હોય તેણે કરી તેને દીકરાનો વિયોગ થાય

૬ પ્રશ્ન–હે ભગવાન ! કયા કર્મને ઉદયે જીવ
અધ થાય, બરો થાય, અને મગો થાય

ઉત્તર–હે ગૌતમ ! પરસ્ત્રીને વિષય બુદ્ધથી
વારવાર નીરખે, તેણે કરી પરભવે અધાપો પામ,
પારકી નીંદા ઘણી સાભળવાની હોશ હોય તે જીવ
પરભવે બેરો થાય અને પારકા અવગુણ બોલનાર
મુગો થાય

૭ પ્રશ્ન–હે ભગવાન ! કયા કર્મને ઉદયે જીવ
ધન પામીને એકદમ નિધન થઇ જાય ?

ઉત્તર–હે ગૌતમ ! જે જીવના પરભવે ધર્મમા મન, વચન, કાયાના જોગ જોડાયલા રહે ત્યાસુધીજ પરભવે તે ધનવાન રહે અને ધર્મમાથી બદલાઇ અ-ધર્મમા જોડાય ત્યાસુધી નીર્ધન રહે

૮ પ્રશ્ન–હે ભગવાન ! કયા કર્મને ઉદયે જીવ સુપાત્ર દાન દઇ શકતો નથી લાભ મેળવી શકતો નથી ?

ઉત્તર–હે ગૌતમ ! જે દાન દેતો હોય તેને ખોટી સલાહ આપી દાન દેતા અટકાવે તે જીવ પરભવે સુપાત્ર દાન આપી શકે નહિં ઘરમા રીદ્ધિ છતા વાપરી શકે નહિ, ભોગવી શકે નહિં

૯ પ્રશ્ન–હે ભગવાન ! કયા કર્મને ઉદયે મનુ-ષ્યના શ્વાસોશ્વાસ દુર્ગંધી અને પરસેવો પણ દુર-ગધી તેમજ તેનુ આખુ શરીર કોઇને દીઠુ ગમે નહિં તેવુ હોય ?

ઉત્તર–હે ગૌતમ ! તે જીવે પૂર્વે પોતાના શરીર તથા રૂપનો અહકાર કર્યો હશે તેમજ સાધુ મહાન પુરૂષોને દેખીને દુગચ્છા કરી હશે તેઓની અવજ્ઞા નીંદા કરી હશે ને કર્મના ઉદયથી ઉપર પ્રમાણે શરીર પામે.

૧૦ પ્રશ્ન–હે ભગવાન ! કોઈ માણસનુ રૂપ ઘણુ સારૂ, જોનારને જોતા સતોષ ના વળે તેમજ તેના વચન પણ બહુ પ્રીય લાગે સુબાહુકુમારની પેઠે એવુ પ્રીય શા કારણથી લાગે છે ?

ઉત્તર–હે ગૌતમ ! તે જીવે પુર્વે પ્રેમપુર્વક સુ-પાત્ર દાન દીધુ હશે સૌ જીવને જાત મહેનતથી સુખ દીધુ હશે સુમુખ નામે ગાથાપતીની પેરે તેથી આ ભવમા સૌ જીવને પ્રીય લાગે છે

૧૧ પ્રશ્ન–હે ભગવાન ! આ આત્મા પૂર્વે અનત મનુષ્યના ભવ કરી ચુકયો ધર્મ પણ કર્યો હશે ધમ કર્યા વિના બાર દેવલોક તથા નવ ગ્રીવેક સુધી કેમ જાય તો કરવાનુ જીવને શુ બાકી રહ્યુ કે જેથી જન્મ મરણનો ફેરો ના મટયો ?

ઉત્તર–હે ગૌતમ ! તે જીવે પૂર્વે મનુષ્ય ભવમા ધર્મ કર્યો હશે પણ દેખાદેખી, કોઇના કહેવાથી, લાજ શરમથી, કુળ આચાર પ્રમાણે કર્યો હશે, પણ સમ-જણ પૂર્વક હ્રદયની હાઝથી કર્યો નહિ હોય જેથી ચોરાસીમા ભટકે છે

૧૨ પ્રશ્ન–હે ભગવાન ! જીવ જાગતા ભલા કે ઉંઘતા ભલા ?

ઉત્તર—હે ગૌતમ ! ધાર્મીક પરોપકારી જીવ જાગતા ભલા કેમકે તેના તરફથી ઘણા જીવોને શાતા સુખ મળે છે માટે જાગતા ભલા, અને પાપી જીવ ઉંઘતા ભલા કેમકે તે પાપી જીવ જ્યાસુધી જાગે ત્યાસુધી તેને હાથે હિંસા અધર્મ અનીતિ થાય માત્ર ઉંઘે એટલોજ વખત તેના તરફથી શાતા માટે પાપી જીવ ઉંઘતા ભલા

૧૩ પ્રશ્ન—હે ભગવાન ! જીવ ધનવાન ભલા કે નીર્ધન ભલા ?

ઉત્તર—હે ગૌતમ ! ધર્મી જીવ ધનવાન ભલા કેમકે તેને હાથે દાન, દયા, પરોપકારમા ધન ખરચી દુખીઆના દુખ દુર થાય તેથી ધર્મી જીવ ધનવાન ભલા અને જો પાપી જીવ ધનવાન હોય તો તેના તરફથી અનેક જીવોને દુખ ઉત્પન્ન કરે અને પાપના કામમા ધન ખરચતા પાછો હઠે નહિ તેથી પાપી જીવ નીર્ધન ભલા

૧૪ પ્રશ્ન—હે ભગવાન ! મરણ વખતે જીવ શરીરમાથી કયા થઇને નીકળતો હશે ?

ઉત્તર—હે ગૌતમ ! પાચ ઠેકાણેથી જીવ શરીર-

માથી નીકળે છે તે પગને તળીએથી, જાગેથી, છા-
તીએથી, મસ્તકેથી અને સર્વાગેથી એટલે રૂવાડે
રૂવાડેથી

વિશેષમા તે સ્થાનનુ ફળ કહે છે

પગને તળીએથી નીકળે તે નરકમા જાય, જન-
ગેથી નીકળે તે તીર્યચમા જાય, છાતીએથી નીકળે
તે મનુષ્યમા જાય, મસ્તકેથી નીકળે તે દેવલોકમા
જાય, અને રૂવાડે રૂવાડેથી નીકળે તે મોક્ષમા જાય

૧૫ પ્રશ્ન–હે ભગવાન ! સુપચ્ચખાણ કેવી રીતે
થાય ?

ઉત્તર–હે ગૌતમ ! પાચ પ્રકારે સુપચ્ચખાણ
થાય તે શ્રદ્ધા શુદ્ધ ૧, વિનય શુદ્ધ, ૨, અણુભા-
સણા શુદ્ધ ૩ અણુપાલણા શુદ્ધ ૪, અને ભાવ
શુદ્ધ ૫, અર્થાત્ પચ્ચખાણ કરે તે પચ્ચખાણુના
ઉપર પૂર્ણ ભરોસો રાખે કે અપચ્ચખાણથીજ
મારા કર્મ તુટશે તે શ્રદ્ધા શુદ્ધ ૧, વીનય શુદ્ધ,
તે ગુરૂવાદિકને ત્રણવાર ઉઠી, બેસી વંદણા નમસ્કાર
કરીને પચ્ચખાણ લેવા તે વીનય શુદ્ધ ૨, અણુભા-
સણા શુદ્ધ તે ગુરૂ પચ્ચખાણના પાઠનો છેલ્લો અ-

ક્ષર અપાણુ વોસીરે બોલે કે તેની સાથે અપાણું વોસીરામી પચખાણુ લેનાર બોલે તે અણુભાસણા શુદ્ધ ૩, અણુપાલણા શુદ્ધ તે પચખાણુનો ટાઈમ પૂરો થએ ઉપયોગસહિત પચખાણુ પાળે તે અણુપાલણા શુદ્ધ ૪, ભાવ શુદ્ધ તે રાગ, દ્વેષ રહિત જેવા વૈરાગેથી પચખાણુ લીધું હોય તેવોજ વૈરાગ પચખાણુનો કાળ પૂરો થતા સુધી રહેવો જોઇએ તે ભાવ શુદ્ધ ૫, "તેથી વીપરીત દુપચ્ચખાણુ જાણુવા"

૧૬ પ્રશ્ન—હે ભગવાન ! પુન્ય કેટલે પ્રકારે થાય ?

ઉત્તર—હે ગૌતમ ! નવ પ્રકારે પુન્ય નીપજે તે નીચે પ્રમાણે

ભુખ્યાને અન્ન દેવુ તે પુન્ય
તરસ્યાને પાણી આપે તે પુન્ય
રહેવાની જગ્યા આપે તે પુન્ય
બેસવા, સુવાના આસન આપે તે પુન્ય
વસ્ત્ર આપવાથી પુન્ય,
સૌના ઉપર ભલુ મન રાખે તે પુન્ય.
સારા વચનથી બોલાવે તે પુન્ય
કાયાથી સેવાભક્તિ કરે તે પુન્ય,

વડીલ તથા ગુણીજનોને નમસ્કાર કરવો તે પુન્ય

૧૭ પ્રશ્ન—હે ભગવાન ! સુખ કેટલા પ્રકારનુ ?

ઉત્તર—હે ગૌતમ ! દશ પ્રકારનુ સુખ તે નીચે પ્રમાણે

૧ શરીરે નીરોગીપણુ તે પહેલુ સુખ

૨ લાંબુ આયુષ્ય ભોગવે તે બીજુ સુખ

૩ ધન ઘણુ તેમજ દુનીયામા આબરૂ પુજા સારી તે ત્રીજુ સુખ

૪ સુપાત્ર સ્ત્રી સુખની દેનારી તે ચોથુ સુખ

૫ પાચે ઇંદ્રિઓના પ્રતિપૂર્ણ સુખ તે પાચમુ સુખ

૬ સતોષ ઘણો અને તૃષ્ણા રહિતપણુ તે છઠ્ઠુ સુખ

૭ જે ચીજ જે વખતે જોઇએ તે વખતે ગમે ત્યાથી મળી આવે ચક્રવર્તિની પેઠે તે સાતમુ સુખ

૮ અનીદનીક સુખ દેવનુ તે આઠમુ સુખ

૯ ઉત્તમ ગુણવત સાધુપણુ તે નવમુ સુખ

૧૦ જન્મ, જરા, મરણ રહિત મોક્ષ તે દશમુ સુખ

૧૮ પ્રશ્ન—હે ભગવાન્ ! પજુસણની સ્થાપના ક્યારે થઇ, કોણે કરી, અને તે કેટલા દીવસના ?

ઉત્તર—હે ગૌતમ ! પજુસણની સ્થાપના કોઇએ કરી નથી, અનાદિકાળના છે, અને તે એક દીવસ ભાદરવા શુદ પાચમ પવીત્ર હૃદય પર્યાય શુદ્ધ કરવા તે પજુસણ

૧૯ પ્રશ્ન—હે ભગવાન્ ! કોઈ શેઠે મુનીમનો ભરોસો રાખી ધનનુ રક્ષણ કરવા રાખ્યો છે અને તે મુનીમ વીશ્વાસઘાત કરી ધન ઉચાપત કરે અને શેઠને નીર્ધન ભીખ માગતો કરે તો તે જીવ કેવા કર્મ બાધે ?

ઉત્તર—હે ગૌતમ ! તે જીવ સીત્તેર કોડાકોડ સાગરોપમનુ મહામોહની કર્મ બાધે ત્યા સુધી દુ:ખ, દારીદ્રતા, અને મુઢપણુ ભોગવે

૨૦ પ્રશ્ન—હે ભગવાન્ ! કોઈ મનુષ્ય બાળબ્રહ્મચારી નથી અને જગતમા માન, પુજા વધારવાને માટે બાળબ્રહ્મચારી નામ ધરાવે તો કેવા કર્મ બાધે ?

ઉત્તર—હે ગૌતમ ! ઉપર પ્રમાણે સીત્તેર કોડાકોડી સાગરોપમનુ મહામાહની કર્મ બાધે

॥ ઇતિ ગૌતમપુચ્છા સમાપ્ત ॥

અથ શ્રી ગ્રહશાંન્તિ કરવાનો જાપ.

જે ગ્રહનો જાપ કરવા હોય તે નીચે બતાવેલા રંગની માળા તથા તેજ રંગનુ કપડુ અને તેજ રંગનુ અનાજ, ચોવીસ કલાકનુ બ્રહ્મચર્ય, ભોજન એક વખત નીચે બતાવ્યા પ્રમાણે જાપ કરવા

સૂર્યનો જાપ

રંગની માળા, લાલ વસ્ત્ર, લાલ અનાજ, બ્રહ્મચર્ય સહિત એકાસણુ, માળા અને લુગડા જમતી વખતે અંગઉપર રાખવા એમ દરેકને સમજવુ

ૐ હ્રીં પદ્મપ્રભુ નમસ્તુભ્ય મમ શાન્તિ શાન્તિ

ચંદ્રનો જાપ

ધોળી માળા, ધોળુ વસ્ત્ર, ધોળુ અન્ન

ૐ હ્રીં ચંદ્રપ્રભુ નમસ્તુભ્ય મમ શાન્તિ શાન્તિ

મંગળનો જાપ

રાતી માળા, રાતુ વસ્ત્ર, રાતુ અનાજ

ૐ હ્રીં વાસુપુજ્યપ્રભુ નમસ્તુભ્ય મમ શાન્તિ શાન્તિ

બુધનો જાપ.

પીળા વસ્ત્ર, પીળી માળા, પીળુ અન્ન

ૐ હ્રીં શાન્તિનાથ પ્રભુનમસ્તુભ્ય મમ શાન્તિ શાન્તિ

ગુરૂનો જાપ

ઉપર પ્રમાણે વસ્ત્ર, માળા અને અન્ન.

ૐ હ્રીં ઋષભદેવપ્રભુ નમસ્તુભ્ય મમ શાન્તિ શાન્તિઃ

શુક્રનો જાપ

ધોળા વસ્ત્ર, ધોળી માળા, ધોળુ અન્ન

ૐ હ્રીં સુવિધિનાથપ્રભુ નમસ્તુભ્ય મમ શા-ન્ત શાન્તિ

શનીનો જાપ.

ધોળા વસ્ત્ર, કાળી માળા, કાળુ અન્ન

ૐ હ્રીં મુનિસુવ્રત પ્રભુ નમસ્તુભ્ય મમ શા-ન્ત શાન્તિ

રાહૂનો જાપ.

પીળા વસ્ત્ર, પીળી માળા, પીળુ અન્ન

ૐ હ્રીં નેમીનાથ પ્રભુ નમસ્તુભ્ય મમ શા-ન્તિ શાન્તિ રાહુ માટે પ્રમાણ જાણવી

કેતુનો જાપ.

લીલા વસ્ત્ર, લીલી માળા, લીલુ અન્ન

ૐ હ્રીં પાર્શ્વનાથ પ્રભુ નમસ્તુભ્ય મમ શાન્તિ શાન્તિ

વર્ષના ચાર સ્થભ

ચૈત્ર શુદ ૧ ના દિવસે રેવતી નક્ષત્ર હોયતો વર્ષાદનો સારો સ્થભ

વૈશાખ શુદ ૧ ના દિવસ ભરણી નક્ષત્ર હોય તો તાપ અનુકૂળ પડે

જેઠ શુદ ૧ ના દિવસે મૃગશર નક્ષત્ર હોયતો પવન અનુકૂળ સારો રહે

અશાડ શુદ ૧ ના દિવસે પુનર્વસુ નક્ષત્ર હોય તો અનાજનો સારો સ્થભ જાણવા

નીચેના દશ નક્ષત્ર જ્ઞાનમા વૃદ્ધિ કરનાર છે એટલે તે નક્ષત્રને દિવસે જ્ઞાનનો અભ્યાસ કરે તો તેમા થતા વિઘ્નનો નાશ થાય –

નક્ષત્રનાં નામ

મૃગશર, આદ્રા, પુષ્ય, પૂર્વાફાલ્ગુનિ, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, મૂળ, અશ્લેષા, હસ્ત, ચિત્રા

સમાપ્ત.